[illegible]

[illegible] તેમણે વિચાર કર્યો. પરન્તુ શેઠ [illegible] શ્રી. [illegible] દાસ, શ્રી. સુનીલાલ વ. શાહ, શ્રી. [illegible] વગેરેએ મુનિઓને એવી ઉતાવળ ન કરવા સૂચવ્યું, અને શ્રી. [illegible] વ્યવસ્થા કરવાનું માન્ય રાખવાથી પુસ્તકાલયને [illegible] ઉપાશ્રયમાંથી સોંપણી માટે [illegible] આવ્યું, તે અત્યારે સારી રીતે ચાલી રહ્યું છે. પુસ્તકાલય માટે જાહેર રસ્તા પર મકાન ભાડે લેવામાં આવ્યું છે અને ત્યાંથી બધા પુસ્તકો જિજ્ઞાસુઓને સુગમ વાંચવા મળતા હોવાથી તેનો સારી પેઠે લાભ લેવામાં આવે છે. આજે પુસ્તકાલયમાં ૨૬૫૦ પુસ્તકો છે. નવા પુસ્તકો ખરીદવામાં આવે છે અને જૂનાની મરામત કરવામાં આવે છે. તે ઉપરાંત મકાનભાડાનું પણ ખર્ચ કરવામાં આવે છે. આ બધા ખર્ચને પહોંચી વળવા માટે કોઈ જાતની કાયમી આવક નથી, એટલે પુસ્તકાલય તરફથી પ્રસિદ્ધ કરવામાં આવતાં પુસ્તકોની આવકમાંથી એ ખર્ચ કરવામાં આવે છે. અ[illegible] રકમ કાંઈક વધુ સંપન્ન સ્થિતિમાં આવે તો મોટાં પુસ્તકોની પ્રસિદ્ધિ અને પ્રચાર કરવાનું કાર્ય પણ ઉપાડી લેવાનો તેનો અભિલાષ પરિપૂર્ણ થાય. જનતાની ઉદારતા અને સહાયકો ઉપર તેનો આધાર છે.

પૂજ્ય શ્રી લાધાજીસ્વામી પુસ્તકાલય, લીંબડી.

ઉપોદ્ઘાત

(૧)

' શ્રી રાયપસેણઇય સુત્ત ' જૈન સમાજમાંના શ્વેતામ્બર જૈન વિભાગમાં સન્માન્ય છે; બીજો દિગંબર જૈન વિભાગ જૈન સૂત્રોને માન્ય રાખતો નથી. શ્વેતામ્બર જૈન વિભાગ મૂળ સૂત્રોને શ્રી તીર્થંકરદેવકથિત માને છે, દિગમ્બર જૈન વિભાગ તેમ માનવાની ના કહે છે. શ્વેતામ્બર જૈન વિભાગમાંનો મૂર્તિપૂજક વિભાગ જે ૪૫ આગમોને માને છે, અને અમૂર્તિપૂજક – સ્થાનકવાસી જૈન વિભાગ જે ૩૨ સૂત્રોને માને છે, તેમાં રાયપસેણઇય સૂત્રનું મહત્ત્વનું સ્થાન છે. તેમાં પ્રદેશી રાજા અને પાર્શ્વપ્રભુના સંતાનીય શ્રી કેશી કુમારશ્રમણનો પ્રસંગ છે. કેશી કુમારના ઉપદેશથી પ્રદેશી રાજાની જીવનચર્યા સુષ્ઠુ માર્ગે પરિવર્તન પામે છે અને તે અત્યંત તપસ્વી જીવનશેષ જીવી, ક્ષમા ધારણ કરી, મૃત્યુ પામી, સૂર્યાભ વિમાનમાં સૂર્યાભદેવ તરીકે ઉત્પન્ન થઈ મહાઋદ્ધિનો ઉપભોગ કરે છે; એવું દેવત્વ પામનાર પ્રદેશી રાજાની જીવનચર્યા એજ આ આખા સૂત્રનું એકલ તેજસ્વી કિરણ છે, એમ આપણે સંક્ષેપમાં કહી શકીએ.

મૂર્તિપૂજક વર્ગ અને સ્થાનકવાસી વર્ગ આ સૂત્રને એક બીજી દૃષ્ટિથી વિવાદનું કેન્દ્ર બનાવે છે. સૂર્યાભદેવ જિનપ્રતિમાનું પૂજન કરે છે, એને મૂર્તિપૂજક વર્ગ અત્યંત મહત્ત્વ આપીને એમ સિદ્ધ કરે છે કે જિનપ્રતિમા સૂત્રમાં કહી છે, એટલે કે મૂર્તિપૂજા કેવળીભાષિત છે, અતિપ્રાચીન છે અને દેવલોકમાં તેમજ મનુષ્યલોકમાં મૂર્તિપૂજાને મહત્ત્વનું સ્થાન છે. સ્થાનકવાસી વર્ગ કહે છે કે મૂર્તિપૂજા એ તો દેવોનો કુળાચાર છે, પરન્તુ સૂર્યાભદેવે જે જિનપ્રતિમાનું પૂજન કર્યું હતું એમ સૂત્રમાં કહ્યું છે તે કયા જિનની – કયા તીર્થંકરની પ્રતિમા હતી, એ સૂત્રમાં કહ્યું નથી; વળી દેવલોકમાં જિન-

પ્રતિમા હોય તો તે શાશ્વતી હોય, મનુષ્ય લોકમાંની પ્રતિમા પેઠે અશાશ્વતી ન હોય; જિનનો અર્થ કોઈ એક 'તીર્થંકર ભગવાન' એવોજ થતો નથી, છતા જો તે કોઈ તીર્થંકરની પ્રતિમા હોય તો તેને આદિ હોય, અને જેને આદિ હોય તેનો અંત પણ હોય; એટલે મનુષ્ય-લોકમાની અશાશ્વતી પ્રતિમાની પૂજા શાસ્ત્રસિદ્ધ થતી નથી. આવા તો બીજા અનેક વિવાદના મુદ્દાઓ છે, પરન્તુ જે મુદ્દાઓ માટે આ સૂત્ર યોજાયુ છે તે મુદ્દાઓ ઉપર થોડાઓજ પોતાના લક્ષને કેન્દ્રીભૂત કરે છે. રાયપસેણુઇય સૂત્ર ભગવાને કહ્યું, તે સૂર્યાભદેવની પેઠે મનુષ્યોએ પ્રતિમાપૂજન કરવું એમ ઉપદેશવાને કહ્યું નથી, કે પ્રતિકૂળ પતિને પત્નીએ ઝેર દઈને મારી નાખવો એમ સૂચવવા માટે પણ કહ્યું નથી, પરન્તુ પ્રદેશી રાજાને કેશી કુમારશ્રમણ પાસેથી જે આત્માવિષયક તત્ત્વજ્ઞાન સાંપડ્યું હતું, તેથી તેનો જે અદ્ભુત જીવન-પલટો થયો હતો, અને તેથી કરીને તે જે ઉચ્ચ પ્રકારના દેવત્વને પામ્યો હતો તે પ્રબોધવાને આ સૂત્ર યોજાયું હતું, અને તેટલા પૂરતો નિષ્કર્ષજ તેમાંથી કાઢવો જોઈએ. આ તત્ત્વ આ સૂત્રમાં સર્વાંગ રીતે ઓતપ્રોત થઇ રહ્યું છે.

સાધ્ય એક જ હોવા છતાં સાધન જૂદાં જૂદાં હોઇ શકે છે. ધર્મ આચરતા પ્રત્યેક મુમુક્ષુનું સાધ્ય મોક્ષ હોય છે એ વિષે વિવાદ નથી, વિવાદ માત્ર સાધન સંબંધે છે. પણ જ્યારે એ સાધન જ સાધ્ય બની જાય છે, ત્યારે વિવાદનું સ્થાન વિતંડા અને કલહ લે છે. વર્તમાન કાળની એ એક વિરમના છે. હું સ્થાનકવાસી વર્ગનો એક સાધુ છું અને લીંબડી સંપ્રદાયમા દીક્ષા પામ્યો છું. મારી લીંબડી-સામ્પ્રદાયિકતા એમ બોલે કે મારા સંપ્રદાયમા રહી ધર્મ આચરનાર જ મોક્ષનો અધિકારી બની શકે, મારી સ્થાનકવાસી વર્ગીયતા એમ ઉચ્ચરે કે મારા વર્ગની માન્યતા પ્રમાણે ધર્મનું પાલન કરે તો જ આત્મા મુક્ત દશાને પામે, મારું જૈનત્વ એમ કહે છે કે જૈનેતરોએ કદાપિ મુક્તિની આશાજ રાખવી નહિ અને મારું આર્યત્વ એમ પોકાર્યા કરે

કે આર્યાવર્તમાં જન્મ પામ્યા સિવાય આ પક્ષાંતરો એક પણ જીવ મોક્ષમાર્ગી થવાનો નથી, તો મારા સંપ્રદાય, વર્ગ, ધર્મ કે કુળવાળાઓ ભલે ગર્વથી ફુલાય, પરંતુ હું તો એમ જ માનું કે મને એકાંત સાધનમોહ ઉપજ્યો છે-સાધ્ય પ્રતિની મારી દૃષ્ટિ સ્ખલિત થઈ ગઈ છે. આવી જ રીતે જ્યારે જ્યારે હું જૈનો અને જૈનેતરોના પરિચયમાં આવું છું, ત્યારે ત્યારે હું તેઓની નરી સાધનપ્રિયતા જોઈને નિઃશ્વાસ નાંખું છું અને સાધ્યસાધનાની વાતો પૂછું છું ત્યારે કોઈ કોઈ તરફથી જ કાંઈક સંતોષકારક જવાબ મેળવી શકું છું. તાત્પર્ય એ છે કે સાધન સંબંધીની આપણી વિતંડા આજકાલ એટલી બધી વધી ગઈ છે કે સાધ્ય તરફ આપણી દૃષ્ટિ સ્થિર રહી શકતી નથી, અને પરિણામ એ આવે છે કે આપણે કેવળીકથિત સૂત્રોના તત્ત્વને પચાવવાનો વિચાર પણ કર્યા વિના એ સૂત્રોમાંના ઇતર અંશોને ઝટ પકડી લઈ તેને વાગોળવા મંડી જઈએ છીએ. આજ દૃષ્ટિપૂર્વક સૂત્રોને માન્ય રાખનારા જૈન ભાઈઓને અને સાધુઓને હું એક વિનતિ કરવા ઈચ્છું છું. મૂર્તિપૂજક કે અમૂર્તિપૂજક જૈનોનાં જે ગચ્છો, સમ્પ્રદાયો કે સમુદાયો હોય, તેમણે એ સૂત્રનવનીતને પચાવતાં કેવળ સાધ્ય તરફ લક્ષ રાખવું જોઈએ છે. નવનીતને છૂટું પાડનારી છાશ જાડી-પાતળી કે ખાટી-મોળી ભલે હોય, પરન્તુ એ છાશ માટેના વિવાદ-વિતંડાને જ્યાંસુધી છોડવામાં નહિ આવે, ત્યાંસુધી પેલા નવનીત તરફ આપણી નજર જવાની નથી, આપણે તે આરોગવાના નથી, તેને પચાવી શકવાના નથી, અને તો પછી આખું જીવન સાધન વાગોળવામાં વીતાડી સાધ્યથી તો દૂર ને દૂરજ રહેવાના. અને સાધન વાગોળવામાંય આપણે પોતે મોજ માનતા હોઈએ ત્યાંસુધી ઠીક છે, પરન્તુ આપણો પડોશી પણ એજ સાધન વાગોળે તોજ તે આપણો બંધુ, નહિતો આપણો શત્રુ, એવી માન્યતા અને તેનો પ્રચાર તો અહિંસાધર્મને તિલાંજલિ દેવા બરાબર છે. મૂર્તિપૂજક-અમૂર્તિપૂજક જૈન સમુદાયો આ સાધનભેદને કારણે કેવી

વિનંશ અને રમવને જોતી રમા છે, તેનો તેઓ વિચાર કરી જુએ
એટલુંજ બસ છે.

(૨)

'રાયપસેણિયં'નો પએસી રાજા અને બૌદ્ધ 'દીઘનિકાય'નો પાયાસી રાજા એ બેઉ એકજ વ્યક્તિ હોય એમ માનવાના કારણો પં. બેચરદાસજીએ ટિપ્પણમા દર્શાવ્યા છે, તે જોતા એને એક ઐતિહાસિક વ્યક્તિ માની શકાય તેમ છે. મહાવીર ભગવાનના કાળે આર્યાવર્તમા આત્મતત્ત્વજ્ઞાનના જે મત-મતાંતર પ્રવર્તતા હતા તે જોતા આત્મા અને દેહને એકજ માનનાર ચાર્વાકવાદી કોઈ રાજા હોય એ શક્ય છે, અને એવા રાજાને કેશી કુમારશ્રમણે આત્માની નિત્યતા, પુનર્જન્મ અને ઈહલોક તથા દેવલોકને માર્ગનારી જીવન ચર્યા વિષે ઉપદેશ આપી તેની શંકાઓનું નિવારણ કરી, તેનો જીવન પલટો નીપજાવ્યો હોય એ પણ શક્ય છે. તત્કાલીન જે જે માન્યતાઓએ જનતાને ચાર્વાકવાદ તરફ ધમરી હોય, તે તે માન્યતાઓનું નિરસન એક રાજા સમીપે કરવામા આવ્યું હોય, અને પરિચય તે આખા પ્રકરણને મહાવીર ભગવાને સૂર્યાભદેવના ગૌતમાદિને કહી સંભળાવ્યું હોય, એ સંભવિત છે.

પૂર્વજન્મ હતો, વર્તમાન જન્મ છે અને પુનર્જન્મ થશે— અર્થાત્ આત્માનું નિત્યત્વ એ વર્તમાનકાળે બધા આર્ય ધર્મોનો પાયો મનાય છે. ભારતમા ધર્મમંથનના કાળમા વિવિધ દર્શનો એ પાયા સંબંધેજ વિવાદે ચડયા હતા, પરન્તુ છેવટે આત્માની નિત્યતા માન્ય રાખનારા ધર્મોજ વિજયી નીવડી પ્રચાર પામ્યા હતા. જૈન ધર્મ એ ધર્મોમાનો એક છે. પરદેશી પ્રજાના આગમન સાથે પશ્ચિમના જડ-વાદની અસર ભારત પર થઈ અને પૂર્વજન્મ-પુનર્જન્મ વિષેની માન્યતા ડગમગવા લાગી, ત્યારે પશ્ચિમમાથીજ આવેલી થીઓસોફી એ માન્યતાને સુદૃઢ કરવામા દેશના બીજા ધર્મોની સાથે રહી અને તેણે પણ કાંઈક કાર્ય કરી બતાવ્યું. સ્વ. ડૉ. બેસંટ પુનર્જન્મ

વિષે લખ્યું: "પૂર્વે મન-વચન-કર્મથી કરેલ પ્રત્યેક પાપને માટે ભોગવવાનું છે. જેવું વાવ્યું હશે તેવું લણવાનું છે. સંસ્કારોપીન સંબંધીઓ આવી મળે છે. પૂર્વજન્મમાં જે જે જીવો દુઃખ પામ્યા હશે તે તે આવી પડશે. પોતે દુઃખ દીધું હશે અથવા દેવરાવ્યું હશે, અથવા જેમાં પોતે અજાણતાં પણ કાંઇ ભાગ લીધો હશે તે સર્વ પાછાં એકઠાં થવાનાં. આ નવીન જન્મ ધારણ કરનારના સંબંધમાં પ્રારબ્ધાનુસાર એવા માણસો આવે છે. પૂર્વજન્મનું તેને વિસ્મરણ થઇ ગયું હોય છે, એટલે એ સર્વ વાતનું ગ્નાન હોતું નથી. નવાં વસ્ત્ર ધારણ કરી જૂનાં દૂર કરેલાં છે, પણ તે રંગરૂપમા આગળના જેવાંજ છે. શરીર વસ્ત્ર સમાન છે. જીર્ણ વસ્ત્ર પહેરી કરેલા પાપો કાંઇ તેને ઉતારી નવાં પહેરવાથી જતા રહેતાં નથી. પહેરનાર તો તેનો તેજ છે. પાપનો ખરો કરનાર તે છે, એટલે તે કર્મ ભોગવવાં જોઇએ તે સ્પષ્ટ છે." પરન્તુ જૈન અને બીજા આર્ય ધર્મોએ તથા થીઓસોફીએ જે કાંઇ કાર્ય કર્યું હતું, તે પાછું વર્તમાનકાળે ભુંસાવા લાગ્યું છે. યુરોપમાં જડ-વિજ્ઞાનના વિકાસની સાથે જડ-વાદ પહેલાં કરતાં વધારે જોરથી વિસ્તરવા લાગ્યો છે. તેની અસર ભારત પર થવા લાગી છે, અને આત્માની નિત્યતા વિષેની શ્રદ્ધા નવ-તર કેળવણીથી રંગાએલાઓમાં ડગમગી રહી છે. કહેવાની જરૂર નથી કે આત્માની નિત્યતા ઉપરથી શ્રદ્ધા ઉઠી જતા મનુષ્ય એવો જડવાદી બને છે કે તે ઇતર મનુષ્યો તથા પ્રાણીઓ પ્રત્યેનો પોતાનો માનવધર્મ વિસરી જાય છે; ઇહલોકને જ માનનાર શ્રદ્ધાવાળો તે ઇહલોકમાંજ સુખી થવાના એક સાધ્ય ઉપર દૃષ્ટિ ઠેરવીને જીવે છે અને તેથી તેનું પોતાનું શાશ્વત કલ્યાણ તો થતું નથીજ, પરન્તુ તે ઇતર પ્રાણીઓને પણ અનેક રીતે ઉપદ્રવકારક બને છે. પ્રદેશી રાજા એનું એક પ્રાચીન દૃષ્ટાન્ત છે. જીવનમાથી આધ્યાત્મિક દૃષ્ટિનો જ્યારે લોપ થાય છે, ત્યારે તેનાં કેવાં ફળ આવે છે તે જડવાદમાં સપડાતા જતા અને માંહોમાહે ધુરકી રહેલા પશ્ચિમના દેશો વર્ત-

[illegible]

(૩)

અંધશ્રદ્ધાનો આ યુગ નથી. ભલે કે જનતાની શ્રદ્ધા [illegible]
આજના આપ્તવાક્યો ના જેવા તેને અંધશ્રદ્ધાને માર્ગે [illegible]
છે; એ અંધશ્રદ્ધાની કેળવણીનો પ્રભાવ ન અશ્રદ્ધાના સ્વરૂપમાં પરિણ
જનતામાં જોવામાં આવે છે. એ અશ્રદ્ધાને ટાળી સુશ્રદ્ધાને સ્થાપવા
માટે વિજ્ઞાનની મદદ લેવામાં આવે, તો તે ઉપયોગી થઈ પડે છે.
પૂર્વકાળમાં સામાન્ય જનતા આધુનિક સમયના જેટલી જડ-વિજ્ઞા
નમાં આગળ વધેલી નહિ હોય, એટલે કેવળી ભગવતે સૂત્રરૂપે સત્યો
કહી સંભળાવ્યા. એ સૂત્રો એજ સ્વરૂપમાં પછીની જનતાને ન પચે એમ
જણાયા, ત્યારે ટીકાકારોએ એ સૂત્રો ઉપર વિસ્તૃત ટીકાઓ ર
અને તેમાં વિજ્ઞાનની સહાય લીધી, પણ એ વિજ્ઞાન વર્તમાન જ
વિજ્ઞાન નહોતું. આત્મવિજ્ઞાન અને મનોવિજ્ઞાન એ ટીકાઓમ
સ્ફુરતું આપણે કેટલેક અંશે જોઈએ છીએ. આધુનિક સમય
જડવિજ્ઞાનની કસોટીએ એ સૂત્રકથિત સત્યોને કસી જોવાની જિજ્ઞા
વાળો છે, એટલે નવીન દૃષ્ટિએ એ સૂત્રો ઉપર ટીકાઓ રચા
અત્યંત આવશ્યક છે. આ અનુવાદને અંતે જોડેલાં ટિપ્પ
પંડિતજીએ અનેક સ્થળે શંકાસ્થાનો નિર્દિષ્ટ કરેલા છે, તેમાં
·ષ્ટિ અપેક્ષિત રહેલી છે; વિજ્ઞાનદૃષ્ટિએ લખેલી ટીકાઓન

ધુનિક કાળની ક્ષુધા તેમાંથી વ્યક્ત થાય છે. વર્તમાન વિદ્વાનો આ ક્ષુધા પ્રતિ લક્ષ આપશે ?

જેઓ આત્માની નિત્યતાને સ્વીકારે છે તેઓ—તે તે ધર્મશાસ્ત્રો પણ—દેવલોકના અસ્તિત્વને માન્ય રાખે છે. એ દેવલોકના દેવો પણ હવે જડવિજ્ઞાનની કસોટીએ ચડવા લાગ્યા છે ! દેહમાંથી આત્મા છૂટો પડે છે ત્યારે તેનો વાયુરૂપ દેહ કેવો હોય છે તે જોવા માટે પાશ્ચાત્ય દેશોમાં અખ્તરાઓ થઈ રહ્યા છે અને તે અખ્તરાઓ આત્માની નિત્યતાનો પુરાવો આપનારા નીવડી રહ્યા છે. પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણની સમીપે દેહ અને આત્મા એકજ હોવાના પક્ષમાં જે દૃષ્ટાંતો તથા દલીલો આપ્યાં હતાં તે કરતાં વધારે બારીકીવાળા પ્રયોગોદ્વારા દેહના મૃત્યુ પછીના આત્માના—સૂક્ષ્મ દેહના અસ્તિત્વને અવલોકવામાં આવે છે. પ્રેતાત્મવિજ્ઞાન—જેને અંગ્રેજીમાં સ્પિરિચ્યુએલિઝમ કહે છે—પણ પાશ્ચાત્ય દેશોમાં એટલું આગળ વધ્યું છે કે તેથી મૃત્યુ પછીના સૂક્ષ્મ દેહના અસ્તિત્વને દૃષ્ટિનો વિષય પણ બનાવી શકાય છે. થીઓસોફી અને પ્રેતાત્મવિજ્ઞાનની પારભાષામાં કહું તો આ સૂક્ષ્મ દેહ એ દેવત્વ, અને તેનો સ્થૂળ દૃષ્ટિથી કરાતો સાક્ષાત્કાર એ દેવનું વૈક્રિય સ્વરૂપ હોઇ શકે.

પરન્તુ જૈન શાસ્ત્રમાં અને ઇતર ધર્મશાસ્ત્રોમાં પણ એ દેવલોકના દેવોના જે પ્રકારો કહ્યા છે અને તેમનાં સ્થાન-નામ-સ્વરૂપ-ઋદ્ધિ-શક્તિ આદિના જે વર્ણનો કહેલાં છે તે આ વિજ્ઞાનયુગની પ્રેતાત્મવિજ્ઞાનની શોધોને બંધબેસતાં થતાં નથી, તેથી પણ શંકાશીલતાને જન્મ મળે છે અને કેટલાકોનાં મન અશ્રદ્ધાની દિશાએ વળે છે. ઇન્દ્રલોકનાં મનુષ્યોને—સાગરોપમ આયુની કાયાવાળા અને સાડાપાંચ ફીટની ઉંચાઇ ધરાવતાં સ્થૂળદેહધારી માનવોને—એ માનસ દેવળાના દેવોનાં અલૌકિક સ્વરૂપાદિ વર્તમાન વાણીમાં સમજાવવા માટે કેવી આલેખના કરી બતાવવી જોઇએ તેનો પૂર્ણ વિચાર ભગવને અને તેમની વાણીને ભાષામાં ગૂંથનારા ગણધરોએ કર્યો હોવોજ

જોઇએ. આ વર્ણનોમાં પણ ઘણે સ્થળે એવી ઉપમાઓ આવે છે કે જે ઉપમાઓ-સ્થૂળ પદાર્થોની અપેક્ષાઓ-એ દેવત્વને વાણીદ્વારા કહી બતાવવા માટે પણ ઊણી-અધૂરી લાગતી હોય, અને તે વખતે એવી ઉપમાઓ કરતા પણ વિશેષત્વ સૂચવીને સૂત્રકારને મૌનાવ માની લેવા પડે છે. જે પરિસ્થિતિ વર્ણનાતીત હોય, તે પરિસ્થિતિને વ્યક્ત કરવા માટે આ પ્રકારની ભાષા અને ઉક્તિ, સૂત્રાદ્દગમનો કાળ પણ ધ્યાનમા લેતા, મને તો અસ્વાભાવિક લાગતી નથી. ઈંદ્રિયાતીત વિષયો સંબંધી ખ્યાલ સેન્દ્રિય મનુષ્યોને આપવા માટે જે શૈલી સૂત્રકારને આવશ્યક લાગી હતી, તેજ શૈલીનો વારસો અભિનવ રૂપાંતરો સાથે આજના સાક્ષરો અને મહાત્માઓ ધરાવી રહ્યા છે એવું શું આપણે જોતા નથી ?

(૪)

મુમુક્ષુનું સાધ્ય મોક્ષ હોય છે. તેનું સાધન તેનું ઐહિક મનુષ્યત્વ છે. મનુષ્યત્વ મન ઉપર નિર્ભર રહેલું છે, તેથીજ મનુષ્યના બંધ અને મોક્ષના કારણરૂપ મન હોવાનું શાસ્ત્રકારોએ કહેલું છે.

શ્રીમાન આનંદઘનજી કહે છે :-

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહિ ખોટી;
ઇમ (કોઇ) કહે સાધ્યુ તે નવિ માનું,
એ કહિ વાત છે મ્હોટી.

એવા આ મનને જેમ બને તેમ વધુ સંસ્કારી અને પવિત્ર કરવાથી જ મનુષ્યનું પરમ સાધ્ય સિદ્ધ થઈ શકે તેમ હોવાથી જગતના મહાત્માઓએ અને જ્ઞાની પુરુષોએ મન ઉપર સીધી અસર કરે તેવા ઉપદેશો આપેલા છે.

ઇંદ્રાદિકના સુખમાહી મનડું રમે,
તેનુંજ મન રહે નરક સમા દુઃખમાંહ જો:

મનની એવી સમસ્થિતિ નીપજાવવા બીજાઓને શીખવવાનો ઉ... દેશનો પવિત્ર આશય હોય છે. મનની આવી સમસ્થિતિ પ્ર...

રાજાએ કેશી કુમારશ્રમણના ઉપદેશથી અને તપ-સંયમ વડે સાધી હતી તેનો પરિચય આ સૂત્રમાંથી થાય છે. રાણીએ ઐહિક સુખના સ્વાર્થમાં ભાન ભૂલીને રાજાને ઝેર આપ્યું, એ ઝેરની રાજાને જાણ થઈ ત્યારે પણ રાણી પ્રત્યે રાજાએ સ્હેજ પણ અભાવ ધારણ કર્યા વિના દેહ પરનો મમત્વભાવ છાંડ્યો, એ મનની અપૂર્વ સમસ્થિતિનું આપણને દર્શન કરાવે છે. મનની આવી સમસ્થિતિ પ્રાપ્ત કરનારજ ઝેર આપનાર પ્રતિ નિર્વૈર બુદ્ધિ ધરાવી શકે છે, આત્મરમણતા અનુભવી શકે છે, ઇંદ્રાદિકનાં સુખ તથા નરકનાં દુઃખને સમભાવે વેદી શકવા સમર્થ બને છે અને નવાં કર્મનાં બંધનને અવરોધી શકે છે. પાપી મનુષ્યો પણ મન ઉપર સીધી અસર કરનારા ઉપદેશોથી બહુધા સન્માર્ગે વળી શકે છે.

જનસમુદાયમાં વિશેષ ભાગ સામાન્ય બુદ્ધિશક્તિવાળો હોય છે, તેને એ ઉપદેશશૈલીના લક્ષ્યરૂપ લેખવામા આવે છે અને એ ઉપદેશ એવા સમુદાયનાં મન ઉપર અસર કરીને તેમના જીવનને ઇષ્ટ દિશાએ દોરવામાં સહાયક બને છે. એટલું ખરૂં છે કે જેમ જૂદાં જૂદાં દર્દીઓનાં દર્દ જૂદાં જૂદાં હોય છે અને તેમના વ્યક્તિગત ઉપચારો જૂદા જૂદા પ્રકારના કરવા જોઇએ છે, તેમ પ્રત્યેક વ્યક્તિના મન એકજ-સમાન ભૂમિકા ઉપર હોતાં નથી, તેથી તેમને માટે ઉપદેશકથાનક તેમજ ઉપદેશશૈલી પણ જૂદાં જૂદાં હોવાં જોઇએ છે; પરન્તુ જેવી રીતે નિષ્ણાત વૈદ્ય અનેક દર્દીઓના સમુદાયના દર્દનું એક સામાન્ય સ્વરૂપ નિરીક્ષીને તેને શક્તિનું ઔષધ આપે છે અને એથી શક્તિ પ્રાપ્ત થતાં જૂદા જૂદાં દર્દીઓના પૃથક્ પૃથક્ દર્દો એ શક્તિના આવિર્ભાવથી શમવા માંડે છે, તેવી રીતે એક જ્ઞાની ઉપદેષ્ટા જૂદી જૂદી કોટિના શ્રોતાઓના સમુદાયને એવો સર્વસામાન્ય ઉપદેશ આપવા યત્ન કરે છે કે જે ઉપદેશ પ્રત્યેકનાં જૂદાં જૂદાં માનસિક દર્દો ઉપર ઔષધરૂપ નીવડે. ઉપર જણાવ્યું તેમ સામાન્ય જનસમુદાયને લક્ષ્ય કરીને આપવામાં આવેલા ઉપદેશમાં જે વિશિષ્ટ

રીતી ઉપદેશનો આવશ્યક લાગ્યો હોય, તે રીતી કોઈ વિશિષ્ટ બુદ્ધિ-
શાળાના લોકોને અલ્પમતી કે અણુપટતી લાગતી હોય તો ભલે
લાગે; પરંતુ તેથી જે એમ કહેવું કે શાસ્ત્રકારોએ તો ભોળા લોકોને
ભમાવવા માટે નિર્ભય ઉપદેશો આપ્યા છે અને ન મનાય એવાં
કથાનકો જોડી કાઢ્યાં છે, તેવું કથન તો અજ્ઞાનતાભર્યું છે.

આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે અંતર હોય છે, અને હોવાનુંજ.
વાસ્તવિક સાધકનો આદર્શ એવો હોવો જોઈએ કે જે આદર્શરૂપ જ
રહે અને તેમાં જ સાધક આદર્શ પ્રતિ આગળ વધવાપણું રહેલું છે.
આ કારણથી વાસ્તવદર્શિઓને પણ આદર્શભવના કાલ્પનિક ભલે લાગે,
પરન્તુ તેમાંથી આદર્શપ્રતિ ક્રમશઃ કરવાનાં સોપાન-પગથીઆં
રહેલા છે, એ પગથીઆ પર ચડીને ઉચ્ચ-ઉચ્ચતર અવસ્થાને પહોંચ-
નારાના દૃષ્ટાન્તો આ વાસ્તવિક જગતમાંથી પણ મળે છે, ત્યાંસુધી એ
દરરોજ આદર્શને કેવળ કાલ્પનિક માની શકાય તેમ નથી. આ જ
પ્રકારનું અંતર ઉપદેશગ્રંથોમાં આવતી આદર્શભવના અને વાસ્તવિ
સૃષ્ટિના ગર્ભિત અનુભવો વચ્ચે પણ રહેલું હોય છે. એ અનુભવો
ઉક્ત આદર્શભવતા કાલ્પનિક કે વાસ્તવિકતાથી દૂર-અત્યંત દૂર
લાગે છે અને તેના અવલંબનથી વાસ્તવિક સૃષ્ટિનો મનુષ્ય કેવી રી
આગળ વધી શકે એમ તે પૃચ્છા કરે છે. આ પૃચ્છા-આ વિચાર
એક એવી કસોટી છે કે જે આદર્શ અને વાસ્તવિકતા [illegible]
વચ્ચેના અંતરનું માપ કાઢી આપે છે. આદર્શ તો તે
વાસ્તવિક સૃષ્ટિ બદલાય છે, તેજ વચ્ચેનું અંતર-[illegible]
આદર્શને સ્પષ્ટ કરતી રીતી નવીન [illegible] માંગે [illegible]
ગેરકાનુ જે વાસ્તવિક સૃષ્ટિને આદર્શ [illegible]
હતું, તે હવે પ્રગતિમાન કરવાને [illegible]
જન્મ આપે છે, આક [illegible]
દૃષ્ટાંતે સમજવું સ્પષ્ટ [illegible]
[illegible] પણ પ્રશ્ને કે [illegible]

માનવા છતાં આદર્શને રજૂ કરનારાં જૂનાં સંસ્કરણો કેવળ ભ્રામક, માયાવી કે ભોળાઓને ભ્રમાવનારાં હતાં એમ સમજવાનું નથી, તે પ્રતિપાદનારાઓનાં જ્ઞાન દર્શન અને ચારિત્રને અપ્રામાણિક માનવાનાં કશાં કારણો હોતાં નથી; વાસ્તવિક સૃષ્ટિનો પલટો અને આદર્શથી વિશેષ દૂર ગએલી તેની સ્થિતિ જ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને દર્શાવે છે કે જે નવીન સંસ્કરણ માંગી લે છે; અને તે જ દષ્ટિથી જૈન તત્ત્વજ્ઞાન ઉપર વિજ્ઞાન-દષ્ટિએ થએલાં વિવરણોની મેં આવશ્યકતા દર્શાવી છે.

(૫)

સૂત્રના તત્ત્વ વિષે પંડિતજીએ પ્રવેશકમાં સારી પેઠે સ્પષ્ટતા કરી છે એટલે તે વિષે વિશેષ કહેવાની જરૂર નથી એ તત્ત્વમાંથી ભવરોગો મટાડવાની ઔષધિઓ મુમુક્ષુઓ શોધી કાઢીને તેને પચાવશે તેટલા પ્રમાણમાં આવા સૂત્રગ્રંથોની, તેના અનુવાદોની અને તેના પ્રકાશનની સફળતા રહેલી છે.

આ અનુવાદગ્રંથનો સંકલ્પ બે વર્ષ ઉપર મારું ચાતુર્માસ અમદાવાદમાં હતું ત્યારે થયો હતો. તે સમયે મારું 'પ્રશ્ન વ્યાકરણ સૂત્ર' ગુજરાતીમાં પ્રસિદ્ધ થયું હતું; પં. શ્રી બેચરદાસજીના જોવામાં તે આવ્યું હતું. ત્યારબાદ તેમના અને મારા મેળાપસમયે મને લાગ્યું કે પંડિતજીનો એકાદ સૂત્રાનુવાદ પ્રસિદ્ધ કરવાની તક પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયને મળે તો ઠીક; શ્રી. સુનીલાલ વ. શાહે તે વિચારને અનુમોદન આપ્યું, મારા સહાયક મુનિ શ્રી લક્ષ્મીચંદ્રજી એ 'રાયપસેણઇય સૂત્ર'નું સૂચન કર્યું અને તત્કાળ પંડિતજીએ એ અનુવાદ કરી આપવાનું સ્વીકારી લીધું. ધાર્યા કરતા આ અનુવાદ મોડો પ્રસિદ્ધ થાય છે તેનું કારણ પંડિતજીની કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ આવે છે; પરન્તુ પંડિતજી પોતાના વિદ્યાભ્યાસ, સંશોધનશક્તિ અને પાંડિત્યનો લાભ સંપ્રદાયદૃષ્ટિથી મુક્ત રહી સૌ કોઇને સરખી રીતે આપે છે, તે માટે તો તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

ચાતુર્માસ: થાનગઢ
વીર સંવત ૨૪૬૧, આસો વદી ૧૩ } સદાનંદી
જૈન મુનિ છોટાલાલજી

પ્રવેશક

૧

[જિજ્ઞાસુનું જીવનવૃત્ત]

પાઠકોના હાથમાં આવતા આ અનુવાદરૂપ પુસ્તકનું મૂળ નામ "રાયપસેણુઇય" છે. તેના બે ભાગ પાડી શકાય: પૂર્વભાગ અને ઉત્તરભાગ.

આ સમગ્ર ગ્રંથમાં એક જિજ્ઞાસુની જીવનકથા આલેખાએલી છે. ગ્રંથકારે વાચકોની જિજ્ઞાસાને ઉત્તેજિત કરવા, જિજ્ઞાસુની જીવનીનો જે ઉત્તરભાગ* છે તે પૂર્વભાગમાં ઉત્તેજક ભાષાદ્વારા વર્ણવેલો છે અને તેનો જે પૂર્વભાગ છે તે ઉત્તરભાગમા સાંકળેલો છે.

આપણે અહીં ઉત્તરભાગમાં વર્ણવાએલી અનુકરણીય જીવની વિશેજ વિચાર કરવાનો છે. એ સંવાદકથા જેવી જીવનીદ્વારા પણ 'આપણા વર્તમાન જીવનમાં ક્યાં કેવો અને કઇ રીતે ફેરફાર કરીએ તો કલ્યાણમાર્ગની પ્રાપ્તિ માટેનો આપણો ચાલુ પ્રયાસ સફળ થઇ શકે' એ સ્પષ્ટ સમજી શકાય એમ છે.

જિજ્ઞાસુનુ નામ પએસી છે. અહીં તેને એક ક્રૂર રાજા તરીકે ઓળખાવેલો છે. તેનો એક મિત્ર કહો, અમાત્ય કહો, કે સારથિ કહો, તે ચિત્ત નામે કલ્યાણમિત્ર છે. એ રાજ્યકર્મકુશળ અને વિશેષ સમર્થ છે. ગ્રંથકારના કહેવા પ્રમાણે પએસીનો પિતા અને પિતામહ

---

* આ ઉત્તરભાગ વાંચનાર જિજ્ઞાસુ નીચેનાં પદ્યોનો ભાવ બરાબર લક્ષ્યગત કરે:

> "દેવાદિગતિભંગમાં જે સમજે શ્રુતજ્ઞાન
> માને નિજ મત વેષનો આગ્રહ મુક્તિનિદાન."
> "જે જિનદેહ પ્રમાણને સમવસરણાદિ સિદ્ધિ,
> વર્ણન સમજે જિનનું રોકિ રહે નિજ બુદ્ધિ."

પણ તેની જેવોજ ક્રૂર હતો અને માતામહી તો ધર્મનિષ્ઠ શ્રમણો- પાસિકા હતી અને જીવ અજીવ તત્ત્વોની જાણકાર હતી.

પએસીનું વર્ણન આપતાં મૂળકાર કહે છે કે તે અધાર્મિક ચંડ રૌદ્ર સાહસિક અને ઘાતક હતો, શ્રમણ બ્રાહ્મણ ગુરુજન કોઇનો વિનય ન કરતો, એટલુંજ નહિ પણ એ પોતાના દેશનો કારભાર સુદ્ધાં બરાબર ન ચલાવતો.

'શરીરથી જુદો એક આત્મા છે', 'મરણ પછી જન્માંતર છે', 'પુણ્યપાપની પ્રવૃત્તિદ્વારા જ સુખદુઃખનું નિર્માણ છે' એવા એવા ખ્યા- લોને તે સ્વીકારતો નહિ. તેને લીધેજ સંભવ છે કે તે એવો ક્રૂર અને અવિનયી થઇ ગયો હોય.

તેનો કલ્યાણમિત્ર ચિત્ત, પએસીના એ ખ્યાલો સંબંધે બહારથી તો ઉદાસીન-તટસ્થ જેવો રહેતો, પણ પોતાના મિત્ર રાજાને એ સંબંધે કહેવાનો-સમજાવવાનો—અવસર તો તે શોધ્યા જ કરતો.

એક પ્રસંગે ચિત્ત, રાજકીય કાર્ય માટે રાજધાની છોડી બીજે ગામ ગયો, ત્યાં તે કેશી નામના શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરા- મુનિનો ધર્મોપદેશ સાંભળી તેમનો અનુયાયી થયો-શ્રમણોપાસક થયો.

એ ચિત્તે પોતાના ગુરુભૂત મુનિને પોતાના રાજાની માન્યતાઓ વિશે વાત કરી અને રાજાની એ માન્યતાઓને લીધે પોતાના દેશની દુઃખમય કથની કહી સંભળાવી અને એ દુઃખમય સ્થિતિમાંથી દેશને અને રાજાને છોડવવા અને તે અર્થે પોતાની રાજધાનીમાં પધારવા તે મુનિરાજને તેણે આગ્રહભર્યું આમંત્રણ આપ્યું અને સાથે ઉમેર્યું કે, આપ આવશો તો રાજા જરૂર સુધરી જશે અને તે દ્વારા અમારો- અમારા આખા દેશનો-દેશની સમસ્ત જનતાનો ઉદ્ધાર કરવાનું શ્રેય આપને ભાગે.

રાજાનો ક્રૂર સ્વભાવ અને નાસ્તિકતાભરેલા ખ્યાલો જા- ણ્યા છતાં મુનિએ ચિત્તના તે આમંત્રણનો પ્રથમ તો સ્વીકાર

અને તેના સમર્થનમાં જણાવ્યું કે–ચિત્ત! જે વનમાં ઘણાં ક્રૂર શ્વાપદો રહેતાં હોય તે વનમાં વસતું સલામત કહેવાય? તેમ જે નગરમાં ક્રૂર રાજાનું શાસન પ્રવર્તતું હોય ત્યાં આવવું શું શ્રેયરૂપ છે?

પછી તો તે ચિત્તે કેશી મુનિને કહ્યું કે–સ્વામી! આપ દેવાનુપ્રિયને પએશી રાજાનું શું કામ છે? રાજધાનીમાં બીજા ઘણા ય સાર્થવાહો ઇભ્યો વસે છે, તેઓ આપનો આદર કરશે અને ખાનપાન વગેરેની વિપુલ સામગ્રીદ્વારા આપની સેવા કરશે.

ચિત્તનું એ જાતનું સુવ્યવસ્થિત આગ્રહભર્યું આમંત્રણ જાણી કેશી મુનિએ કહ્યું કે, એમ છે તો વળી પ્રસંગે વાત–ફરતાં ફરતાં ત્યાં આવી જશું.

પછી તો ચિત્ત રાજધાની સેયવિયામાં આવ્યો, પોતાના ગુરુસંબંધે તેને ભારે ખટકો હતો તેથી આવતાંજ તેણે બગીચાના માળીઓને બોલાવ્યા અને તેમને ભારપૂર્વક ભલામણ કરી કે, આપણી આ રાજધાનીમાં શ્રી કેશી નામના એક મોટા જ્ઞાની મુનિરાજ આવવાના છે, તેઓ આપણા બગીચામાં ઊતરશે, તો તેઓ જ્યારે પધારે ત્યારે તમો બધા તેમનો બહુ વિનયપૂર્વક આદર કરજો, તેમને વાંદજો–નમજો અને ખાનપાનની સામગ્રીદ્વારા તેમનો સત્કાર કરજો.

વખત જતાં કેશી મુનિ પણ ગામેગામ ફરતા ફરતા રાજા પએસીની રાજધાનીમાં આવી પહોંચ્યા.

ચિત્તે તેમનો ખૂબ આદર કર્યો અને કહ્યું કે હું આપની પાસે રાજા પએસીને કોઇ ને કોઇ બ્હાને લાવીશ તો ખરોજ, પછી આપ તેને ધર્મ અધર્મની સમજણ પાડશો, રાજાને સમજાવતાં જરા પણ મ્લાન ન થશો–કંટાળશો નહિ, તેમજ તેને જે સમજાવવું હોય તે નિડર થઇને સમજાવજો, એમાં લેશ પણ અચકાશો નહિ.

ચિત્તની તો પહેલેથીજ ઇચ્છા હતી કે શ્રી કેશી મુનિ અને રાજા પએસીનો સમાગમ થાય તો રાજાની વૃત્તિમાં કોમળતા આવે અને તેમ થાય તો કેકય દેશની પ્રજા પણ સુખી થાય.

હલાવે છે ? ઉડીને આપણા તરફ આવતી આ ધૂળ કોણ ઉડાડે છે
શું તું તે પાંદડાં હલાવનારને વા ધૂળ ઉડાડનારને જોઇ શકે છે!

પએસી બોલ્યોઃ મહારાજ! હલાવનાર તો પવન છે, પણ
તેને જોઇ શકતો નથી.

મુનિ બોલ્યાઃ પએસી! પવન તો રૂપ રસ ગંધ સ્પર્શ —
શબ્દવાળો છે છતાં આપણે તેને નરી આંખે જોઇ શકતા નથી, તો
રૂપ રસ ગંધ સ્પર્શ અને શબ્દથી પર રહેલા આકાર વિનાના એવ
અમૂર્ત આત્માને આપણે નરી આંખે શી રીતે નિહાળી શકીએ
આત્મા આંખનો વા બીજી કોઇ ઇંદ્રિયનો વિષય નથી, માટે તે
શોધવા તેં કરેલા ભૌતિક પ્રયોગો તદ્દન નકામા નીવડે એ બન
જોગ છે: એ તો એક માત્ર અનુભવનો જ વિષય છે.

હા, એ ખરું કે, તેં જે પ્રયોગો પેલા ચોરના શરીર
કર્યા તેજ પ્રયોગો તારા પોતાના શરીર ઉપર અજમાવ્યા હોત તો
કદાચ તને આત્માની પ્રતીતિ થાત ખરી. હજુ કાંઇ વખત વીત્યો
નથી. તું એજ પ્રયોગો તારી પોતાની જાત ઉપર-તારી ઇંદ્રિ
મન, શરીર અને સંકલ્પો ઉપર અજમાવીશ તો તને 'આત્મા છે
એવી ખાત્રી થયા વિના નહિ રહે.

પએસી : આત્માની પૂર્ણતયા પ્રતીતિ થાય એ માટે હું પ
મારી જાત ઉપર ઘણા ઘણા આકરા પ્રયોગો અજમાવી રહ્યો
તેથી મને આત્માની પ્રતીતિ તો છે, પણ હજુ તેની પૂર્ણતયા પ્રતી
આત્માનો પૂર્ણ સાક્ષાત્કાર—બીજા ઘણા આકરા પ્રયોગોની રાહ
છે. એ બધા આકરામાં આકરા પ્રયોગોની કસોટીમાંથી અ
રીતે પસાર થઇ શકીશ તો જ હું પૂર્ણ આત્માને અનુભવી શ

પએસી ! આત્માનો અનુભવ મેળવવા અને તેનો સર્વ
સાક્ષાત્કાર પામવા તારે અંતર્મુખ થવું પડશે. રૂપ રસ ગં
અને શબ્દજન્ય સુખોને મેળવવા મન અને ઇંદ્રિયો જે દોડા
કરે છે તેમને તારે સંયમમાં રાખવા પડશે; આ સ્થૂળ શ

ે કરમાઇ ન જાય, તે માટે તું જે હજારો પ્રયત્નો સેવી રહ્યો
। એ પ્રયત્નો માટે હજારો માનવોની શક્તિનો ઉપયોગ કરી
છે તે બધું તારે જતું કરવું પડશે.

આત્મસુખ આત્માદ્વારાજ વેદી શકાય છે. આત્મા પોતાના
ખથી સંતુષ્ટ છે. " आत्मन्येव आत्मना तुष्टः " એ સિદ્ધાંતને
જીવનવ્યવહારમાં સાવધાનીથી આચરવો જોઇશે.

ખરું કહું તો આપણે બધા શરીર, ઇંદ્રિય, મન અને સંક-
ી ઉપજતાં સુખમાં સંતોષ મેળવી અને તેજ સુખને પરમ સુખ
ી તેની પાછળ પડયા છીએ અને તે મિથ્યા પ્રયાસને લીધે જ
મસુખનો સ્વાદ ચાખી શકતા નથી.

જેમ એક વ્યાપારી વ્યાપાર અર્થે દેશાંતરમાં જાય, તે એવી મોટી
શા રાખે કે હું લક્ષાધિપતિ થાઉં, રસ્તામાં જતાં તેને એક નિધાન
ળી જાય અને તેમાંથી તે માત્ર હજાર મુદ્રા પામી પાછો વળે અને
હારાજ સંતુષ્ટ થઇ જેમતેમ જીવનનિર્વાહ કરે. તેને બીજો વ્યાપારી
મજાવ્યુ આપે કે, ભાઇ ! આ હજાર મુદ્રાને બીજા વ્યાપારમાં રોકી
માંથી દસગુણી કે શતગુણી બીજી મુદ્રા કમા, પણ તે સાહસ
વિનાનો એમ કરતાં ભય પામે છે અને મળેલી હજાર મુદ્રા કયાંક
ચાલી જાય તો પછી શું થાય ? એમ સમજી સાહસ કરવા સમર્થ
થતો નથી. પોતે અનેક સાહસિકોને એ રીતે લક્ષાધિપતિ થએલા
નજરે પ્રત્યક્ષ જુએ છે છતાં તેનો પૂર્વગ્રહ છૂટતો નથી, તેમ આપણે
પણ શરીર ઇંદ્રિય મન અને સંકલ્પોથી જ થતાં સુખોમાં સપડાયા
છીએ, તેથી એ સુખને છોડી વા એ સુખ ઉપર અંકુશ મુકી અંત-
ર્મુખ થઇ શકતા નથી. પૂર્વગ્રહજન્ય સુખો છોડતાં આપણે આપણી
જાતને અશરણ દુઃખી અને કષ્ટમય થઈ ગએલી કલ્પીએ છીએ.

પએસી ! જ્યાંસુધી આપણે આપણા પૂર્વગ્રહનો એ ગ્રંથિ
ભેદીને આગળ ન વધીએ ત્યાંસુધી આત્માના અનુભવ માટેના
આપણા સર્વ પ્રયાસો નર્યાં ફાંફાં છે. સાહસ કર્યા વિના છૂટકો જ

થી. અહીં તો " માયા સારૂ માગ છે. " " મહીં પડ્યા તે મહા-
સુખ માણે " એ જ ન્યાય છે. માટે તારે હવે આ જ પ્રયોગ
કરવાનો રહ્યો અને હું તારી જિજ્ઞાસા અને આત્માનુભવ સંબંધી
તાલાવેલીથી જાણી શકું છું કે એ પ્રયોગને અંતે વિજય તારોજ છે.

પએસી ! એ પ્રયોગ તો ઘણા લોકો કરે છે પણ તેમાંના કેટ-
લાક તો સાધનોમા જ અટકી પડે છે, કેટલાક બાહ્ય પ્રવૃત્તિમાં જ
ફસાઈ જાય છે, કેટલાક નરી પ્રતિજ્ઞામા જ પટકાઇ જાય છે, માટે
તારે એ પ્રયોગ કરતા બરાબર વિવેક—સાવધાની રાખવી જરૂરી છે.

સાભળ,

" કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ
બાહ્ય ક્રિયામા રાચતા અંતર્ભેદ ન કાંઈ. "
" બંધ મોક્ષ છે કલ્પના ભાખે વાણી માંહિ
વર્તે મોહાવેશમા શુષ્કજ્ઞાની તે આંહિ. "
" વૈરાગ્યાદિ સફળ તો જો સહ આતમજ્ઞાન
તેમજ આતમજ્ઞાનની પ્રાપ્તિતણા નિદાન. "
" ત્યાગ વિરાગ ન ચિત્તમા થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વિરાગમા તો ભૂલે નિજભાન. "
" જ્યા જ્યા જે જે યોગ્ય છે તહા સમજવૂં તેહ
ત્યાં ત્યા તે તે આચરે આત્માર્થી જન એહ. "
" હોય મુમુક્ષુ જીવ તે સમજે એહ વિચાર
હોય મતાર્થી જીવ તે અવળો લે નિર્ધાર. "
" બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહીં તે માને ગુરુ સત્ય
અથવા નિજકુળધર્મના તે ગુરુમા જ મમત્વ. "

તાન પએસી ! તારે એકડે એકથી શરૂ કરવાનું છે, મઝરાવાનું
કશું કારણ નથી. તેં અત્યારસુધીમા ઈંદ્રિયોના મનના અને સંકલ્પોના
ઘોડા પૂરપાટ દોડાવ્યા છે અને તે અર્થે કોઇના પણ સુખની

પરવા કરી નથી તે બરાબર નથી કર્યું. હવે તારે એ ઘોડાને અંકુશમાં લાવવા પડશે. સર્વથા ઇષ્ટ તો એ છે કે એ ઘોડાઓનો વેગ તદ્દન બંધ જ થઇ જાય; પણ એ એકદમ તો ન જ બને તે હું મારા અનુભવથી સમજું છું, માટે જ તને એ પ્રવૃત્તિ ક્રમપૂર્વક કરવાની સૂચના કરું છું:

પ્રથમ તો તારે તારા પૂર્વગ્રહો ધીરે ધીરે છોડવા, અહિંસા–સર્વપ્રાણિપ્રેમ–વૃત્તિ કેળવવી, એ માટે પ્રથમ તો તારે તારી નિકટ વસતા માનવીઓનાં સુખદુઃખ જાણવા પ્રયત્ન કરવો અને એમના જીવનવિકાસને રુંધનારાં એ દુઃખો મટાડવા માટે અખિન્નપણે ભરચક ઉદ્યમ સેવવો તથા એ માટે તારે તારી પોતાની જાતનો ભોગ આપવો પડે તોપણ જરૂર આપવો. એક જ વાર તું એ રીતે તારી જાતનો ભોગ આપીશ ત્યારે તને જરૂર આત્માની ઝાંખી થવાની એ ખાત્રીથી માન અને પછી જેમ જેમ એ તારો આપભોગ વધતો જશે તેમ તેમ તને તારા આત્માર્થને લગતા પ્રયાસમાં વધુ ને વધુ સફળતા મળશે.

શ્રી કેશી મુનિરાજે જે કાંઈ કહ્યું તે બધું રાજા પએસીએ *ધ્યાનપૂર્વક–ઘણી જ સાવધાનતાથી–સાંભળ્યું–અવધાર્યું* અને તેનું મનન કરી તે ધોરણે જીવનનો અખતરો કરવાનો તેને ઊમળકો પણ થઈ આવ્યો.

રાજાને તેની સરળ પ્રકૃતિ અને આત્માર્થ સંબંધી તાલાવેલીને લીધે એ બધું તદ્દન નવું છતાં અજમાવવા જેવું તો લાગ્યું જ.

પછી તો તેણે

" સેવે સદ્ગુરુ ચરણને ત્યાગી દઈ નિજપક્ષ
પામે તે પરમાર્થને નિજપદનો લે લક્ષ. "

" પ્રત્યક્ષ સદ્ગુરુયોગથી સ્વચ્છંદ તે રોકાય
અન્ય ઉપાય કર્યા થકી પ્રાયે બમણો થાય. "

" માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય
જાતાં સદ્ગુરુ શરણમાં અલ્પપ્રયાસે જાય. "

આ પરોક્ષ ભાવને લક્ષ્યમાં રાખી રાજાએ સાધના શરૂ કરી અને ગુરુરાજના કહેવા પ્રમાણે પોતાની જાત ઉપર જ અખતરો શરૂ કર્યો.

સાધનાને મંગલમય કરવા માટે પ્રથમ તો રાજા પએસીએ પોતાના ગુરુદેવ કેશી મુનિને ક્ષમા આપવા માટે પ્રાર્થ્યા. રાજાએ ભરસભામાં જણાવ્યું કે, આ પવિત્ર મુનિરાજનો મેં ઘણો અવિનય કર્યો છે તે બદલ તે મહાત્મા મને ક્ષમા કરવા કૃપા કરે એ મારી તેમને નમ્ર વિનંતિ છે.

પછી તો રાજાએ પોતાની સર્વ સંપત્તિના ચાર સરખા ભાગ કર્યાં, જેમાંનો એક ભાગ માત્ર તેણે દાન માટે જ રોક્યો અને દાનધર્મને-દાનપારમિતાને-કેળવતો રાજા પોતાની સાધનામાં ખૂબ લીન રહેવા લાગ્યો.

હવે તે એટલો બધો સાધનામય બનવા લાગ્યો કે, તેને પોતાની પ્રિય રાણીની પણ ભોગસાધન તરીકેની વિસ્મૃતિ થવા લાગી, એટલું જ નહિ પણ રાણીએ રાજાને વિષ આપ્યું અને તે રાજાની જાણમાં આવ્યું છતાં તેનું એક રૂંવાડું પણ ન ફરક્યું. તેને પોતાના દેહની એટલી બધી વિસ્મૃતિ થઈ ગઈ કે દેહનો નાશ કરનારી રાણી માટે તેને મનમાં કશું જ ન ઉગ્યું–તે તદ્દન સ્વસ્થ રહ્યો અને "આત્મન્યેવ આત્મના તુષ્ટઃ" ની પરિસ્થિતિ લગભગ પહોંચ્યું પહોંચ્યું થતાં સૂર્યાભ-સૂર્ય જેવી ઝગારા મારતી દિવ્ય-સ્થિતિને પામ્યો અને ઉપર* વિદેહ થઈ જ્યોતમાં જ્યોતની દશાને તે અનુભવશે.

ગતાનુગતિકતા, અંધશ્રદ્ધા, પરીક્ષણશક્તિનો વિરોધ વા અભાવ, નવા નવા પ્રયોગોને વિવેકપૂર્વક ખેડવાનું સાહસ ન હોવું, પૂર્વગ્રહનો અત્યધિક પક્ષપાત, કોઈએક જાતની વિવેક વિનાની સ્થિતિચુસ્તતા, મુમુ- જિજ્ઞાસા જ ન થવી, તર્કશક્તિનો દુરુપયોગ, આડંબરપ્રિયતા,

* શ્રી કેશી મુનિરાજ અને રાજા પએસીના સંવાદમાં મેં જે તર્ક
[illegible] છે તે અહીં જણાવેલું છે.

વણુને દબાવી દેવાની વૃત્તિ, શાંત કરવા માટે મુંઝવણુને પ્રકટ કરવાની અશક્તિ વા પ્રકટ કરતાં કોઇ જાતના ભયની આશંકા ઇત્યાદિ અનેક દુર્ગુણો મુમુક્ષુ જિજ્ઞાસુના જીવનવિકાસનો સંહાર કરે છે.

કથાનાયક પએસીમાં આ દુર્ગુણો ન હોવાથી જ તે વિદેહ સ્થિતિને પામે છે એ આપણે ધ્યાનમાં રાખવા જેવું છે.

આ કથામાંથી સંપ્રદાયબદ્ધ જિજ્ઞાસુઓ જે કાંઇ મેળવશે તેનાથી તેમનો વિકાસ જ થવાનો એ આશાથી વિરમું છું.

૨

[એક વિલક્ષણ સમાનતા]

બૌદ્ધ પરંપરા અને જૈન પરંપરા એ બન્નેનું એક નામ શ્રમણ-પરંપરા છે. તે બન્નેમાં અનેક પ્રકારની સમાનતાઓ રહેલી છે. શબ્દ-રચનાની, ભાવસંકલનાની, શ્રમણના આચારચંધારણની વા કેટલીક ખાસ ખાસ શબ્દોની સમાનતાઓ ઉપરાંત આખાં આખાં આખ્યાનોની સમાનતા પણ મળી આવે છે. જે આખ્યાન—આ પએસીનું આખ્યાન વાચકોની દષ્ટિસમક્ષ છે તે આખું આખ્યાન જેવું ને તેવું જ બૌદ્ધ પરંપરાના 'દીઘનિકાય' નામના સુત્તપિટક ગ્રંથમા પાયાસિસુત્તના મથાળા નીચે નોંધેલું છે.

પએસીના આ આખ્યાનમાં મુખ્ય નાયક પએસી છે ત્યારે બૌદ્ધ આખ્યાનમા નાયક પાયાસી છે.

ઉપદેષ્ટા ત્યાં કુમારકાસ્યપ છે ત્યારે અહીં કેશીકુમાર છે. બન્ને ઉપદેષ્ટા પાંચસો ભિક્ષુઓના અધિષ્ઠાતા છે અને ઉપદેશનું સ્થાન બન્ને સ્થળે સેતવિયા–સેતવ્યા નગરી છે.

કલ્યાણમિત્ર અહીં ચિત્ત છે ત્યારે ત્યા ખત્ત છે.

પ્રશ્નવ્ય સ્થાનો—પરલોક નથી, કોઇ ઔપપાતિક સત્ત્વ નથી અને સુકૃત દુષ્કૃતરૂપ કર્મોનું ફલ નથી—એ બધાં બન્નેમા સમાન છે.

આ પ્રશ્નવ્યો સંબંધે જે જે પ્રતિવચનો અને તેમને લગતી યુક્તિપ્રયુક્તિઓ આપી છે તે બધીય બન્નેમા લગભગ સમાન છે.

પેલા કંબોજ દેશના ઘોડાની હકીકત જે અહીંના આખ્યાનમાં છે તે પાયાસીની કથામાં નથી જણાતી અને પએસીનું જે ભાવિ વૃત્તાંત આ આખ્યાનમા પૂર્વમા નોંધેલું છે તે પાયાસીના આખ્યાનમાં ક્રમ પ્રમાણે છેવટે જણાવેલું છે. તદુપરાંત સૂર્યાભદેવે કરેલી નાટ્યરચના અને બીજી વિધિઓ તે પાયાસીના આખ્યાનમાથી નીકળી ગઇ છે.

આ રીતે થોડો ઘણો ફેરફાર છતા મૂળ વસ્તુ બન્ને આખ્યાનમા બરાબર સચવાએલી છે એ વિવાદ વિનાનું છે. આ ઉપરથી આ આખ્યાનની ઐતિહાસિક કિંમત ઘણી વધી જાય છે. આ અને ભિન્નભિન્ન પરંપરાઓ પણ કેવી રીતે સમાનતાના પ્રવાહમાં વહી રહી છે તે પણ જણાઇ આવે છે.

રાજા પસેનજિત અને પએસી વા પાયાસી એ બન્ને એક નથી એ વસ્તુ કોઈ ન ભૂલે.

બન્ને આખ્યાનના પાત્રો અને સ્થળ વિશેની સવિસ્તર ઐતિહાસિક માહિતી આપવી જરૂરી છે પણ અહીં તો જે કેટલાક મહત્વના મુદ્દાઓ સ્ફુરે છે તે વાચકોની જાણ માટે નોંધી દઉં છું.

૧. સૂત્રનું મૂળ નામ રાયપસેણઇય છે કે રાયપએસિય છે ! પ્રથમ નામ કબૂલ રાખીએ તો તેમા રાજા પ્રસેનજિતનો સંબંધ માલુમ પડે છે અને બીજું સ્વીકારીએ તો તેમા રાજા પએસી[illegible] સંબંધ જણાય છે અને હાલ જે સ્થિતિએ સૂત્ર ઉપલબ્ધ છે ત[illegible] છે પણ પએસીનો સંબંધ. ટીકાકાર (શ્રી મલયગિરિ—આચાર્ય [illegible] વદના સમયમાં) મૂળ નામ સાથે રાજા પએસીનો સંબંધ બત[illegible] છે, ત્યારે ટીકાકારની પૂર્વે થએલા આચાર્યો રાજા પ્રસેનજિ[illegible] સંબંધ જણાવે છે.

૨. અંગ—આગમોમા અનેક સ્થળે બાર અંગોનાં ના[illegible] જણાવેલા છે પણ બાર ઉપાંગના નામો કોઇ મૂળ-અંગ [illegible] જણાવેલા છે ખરા ! ઉપાંગોની યોજનાના ઇતિહાસ માટે [illegible] અત્યન્ત વિચારણીય છે.

૩. સંપ્રદાયની માન્યતા પ્રમાણે આ સૂત્ર બીજા અંગનું ઉપાંગ કહેવાય છે, પણ તેની ઉપપત્તિ ઘટી શકતી નથી અથવા જે ઉપપત્તિથી આ સૂત્રને બીજા અંગનું ઉપાંગ ઠરાવાય છે તે જ ઉપપત્તિ આ સૂત્રને પ્રથમ કે તૃતીય અંગના ઉપાગ તરીકે ગણાવવા પૂરતી છે; માટે આ બાબત પણ વિશેષ ગવેષવા યોગ્ય છે.

આ બધી બાબતો વિશે ભગવતી સૂત્રના બીજા ભાગના ટિપ્પણમાં મેં થોડી ઘણી ચર્ચા કરેલી છે તે જોઈ જવાની ભલામણ છે.

આ સૂત્ર સંબંધે આ ઉપરાંત બીજા પણ અનેક પ્રશ્નો ઉદ્દભવે છે પણ સ્થળ અને સમયના સંકોચથી તે બધાને સંકેલી લેવા જ યોગ્ય છે.

૩

આ અનુવાદ કરવામાં મેં આગમોદય સમિતિવાળી સટીક મુદ્રિત પ્રતિનો ઉપયોગ કર્યો છે. ઉપરાંત પાટણની ત્રણ પ્રતિઓ– એક મૂળની, એક ટીકાની અને એક ટબ્બાની તથા ભાવનગરની એક મૂળની અને એક ટબ્બાવાળી એમ બધી મળીને લખેલી પાંચ પ્રતિઓનો પણ આશ્રય લીધો છે. લખેલી પાંચે પ્રતિઓ લગભગ ૪૦૦–૫૦૦ વર્ષ જેટલી પ્રાચીન હતી એ, તે તે પ્રતિઓમાં આવેલા છેલ્લા ઉતારાઓ ઉપરથી જણાતું હતું. પાટણની પ્રતિઓ આપવા માટે સહૃદય મુનિરાજશ્રી પુણ્યવિજયજીનો અને ભાવનગરની પ્રતિઓ આપવા માટે ધર્મપરાયણ શેઠ કુંવરજીભાઈનો હું કૃતજ્ઞ છું.

સમિતિવાળી મુદ્રિત પ્રતિ માટે તેના સંપાદકનું ઋણ વ્યક્ત કરવા સાથે મારે એ સ્પષ્ટપણે જણાવવું જોઈએ કે એ મુદ્રિત પ્રતિ રીતસર શોધાએલી નથી. એમાં મૂળગત પાઠો અને ટીકાગત પ્રતીક પાઠોમાં પણ સંવાદ નથી. ટીકાકાર જેને પાઠાંતર ગણે છે તે પાઠ એ પ્રતિમાં મૂળમાં ભળી ગયો છે અને જે મૂળ પાઠ છે તે પાઠાંતરમાં ચડી ગયો છે. જે લોકો ઐતિહાસિક દૃષ્ટિએ અને જિજ્ઞાસાબુદ્ધિએ આગમોનું અવલોકન કરવા ઇચ્છે છે તેમને માટે આવા સંસ્કરણો નિષ્ફળ છે, એટલું જ નહિ, ઘણીવાર ભ્રમજનક પણ છે.

પરંતુ આપણે ત્યા આગમોનો અભ્યાસ તત્ત્વજિજ્ઞાસાની દૃષ્ટિએ વા ઐતિહાસિક દૃષ્ટિએ થાય છે જ ક્યાં ? એ તો માત્ર પૂર્ણ દૃષ્ટિએ વંચાય છે એટલે આવા સંસ્કરણો ચાલી શકે.

આગમોના શુદ્ધ સંસ્કરણો, મૂળ પાઠ, પાઠાંતરો, ટિપ્પણી, તુલના વગેરેની અદ્યતન પદ્ધતિદ્વારા થાય તો મારી ખાત્રી છે કે જૈન સમાજમાં સાંપ્રદાયિક કલહ ઘણો ઓછો થઇ જાય; પણ આ જ્ઞાનપૂજામાં રસ છે કોને ?

જૈન આગમો ભારતવર્ષના મૂળ ઇતિહાસમાં ઘણાં નવાં દૃષ્ટિબિંદુઓ ઉઘાડી શકે એમ છે, પણ એ મૂક આગમો શું કરી શકે !

ગુજરાત વિદ્યાપીઠદ્વારા જે રીતે સન્મતિતર્કનું સંપાદન સંશોધન થયું છે તે રીતેજ આગમોના સંસ્કરણો કાઢવા કોઈ આગમભક્તને, ભગવાન્ મહાવીરના પૂજકને અને તેમના અહિંસાતત્ત્વના પ્રશંસકને મારી નમ્ર વિનંતિ છે.

ટિપ્પણોમા અનેક સ્થળે બૌદ્ધ ગ્રંથ દીઘનિકાયનો ઉપયોગ કર્યો છે, એ પુસ્તક બીકાનેરવાળા શ્રી. અગરચંદ ભૈરવદાન શેઠિયા તરફથી મને વાપરવા મળેલો, તે માટે તેમનો હું આભારી થયો છું.

આ અનુવાદનો જન્મ મુનિ શ્રી છોટાલાલજીએ કરેલા પ્રશ્નવ્યાકરણના અનુવાદની ચર્ચામાંથી થયો છે. આ અનુવાદના આદ્ય પ્રેરક મુનિરાજ શ્રી છોટાલાલજીએ મને જે આ તક આપી છે તે માટે તેમનો હું ખાસ ઋણી છું અને અનુવાદગત દોષોને સહી લેવા જિજ્ઞાસુઓને નમ્રપણે સૂચવું છુ. અનુવાદ સાથે મેં યથામતિ કેટલાંક ટિપ્પણો પણ જોડેલા છે, તે પર વાચક વર્ગ જરૂર લક્ષ્ય કરશે. મુદ્રા વગેરેના સંશોધનનો ભાર રા.રા. ચુનીલાલ વ. શાહે ઉપાડ્યો છે તે માટે તેઓ પણ ધન્યવાદાર્હ છે. આગમોના શુદ્ધ પ્રકાશન માટે ફરીવાર પણ શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના તંત્રવાહકોનું ધ્યાન ખેંચું છું.

તીવરી
(જોધપુર-મારવાડ)
આસો વદિ ૭.

બેચરદાસ જીવરાજ દોશી

अर्हम्

શ્રી રાયપસેણઇય સુત્ત

૧ તે કાલે તે સમયે આમલકપ્પા[1] નામે નગરી હતી. એ આમલકપ્પા નગરીમાં ધન અને ધાન્ય વગેરેની વિભૂતિ પરિપૂર્ણ હતી, મૂળથી વસવાટ કરીને રહેનારા અને બહારથી આવીને વસેલા એવા બન્ને જાતના લોકો ત્યાં પ્રમોદથી રહેતા હતા, નગરીની ચારે બાજુ દૂર દૂર સુધીની સીમાડાની ભોંય[2] પ્રાજ્ઞ લોકોએ સંસ્કારેલી–કેળવેલી હતી, એ ભોંય ઉપર સેંકડો અને હજારો હળો ફરતાં રહેલાં હતાં, શેરડી, જવ અને શાળનું વાવેતર થતું હતું તથા એ ભોંયને પાણીની નીકો દ્વારા પાણ પાવામાં આવતું હતું,

જ્યાંના કૂકડા[3] અને સાંઢો એક ગામથી બીજે ગામ જઈ શકે એવાં પાસેપાસેનાં ઘણાં ગામો એ નગરીની આસપાસ હતાં, અનેક બળદો, પાડાઓ, ગાયો અને ઘેટાંઓ, એ નગરીનું પશુધન હતું, જ્યાંનાં કળામય આકારવાળાં અનેક ચૈત્યો અને એવા જ સુંદર–પણ્યતરુણીના[4]–અનેક સંનિવેશો પ્રેક્ષકોનાં મનને આકર્ષતાં હતાં,

આખીય નગરીમાં કોઈ નહિ લાંચિયો,[5] કોઈ નહિ ખૂની, કોઈ નહિ ગાંઠિયો, કોઈ નહિ ચોર અને કોઈ

નહિ દંડપાશિક–સોનેરી ટોળીવાળો; એથી એ નગરી સર્વ પ્રકારના ઉપદ્રવોથી રહિત હતી, નગરીમાં રહેનારા ભિક્ષુઓ ભિક્ષાને સારી રીતે મેળવી શકતા હતા, ત્યાં રહેનારા પ્રત્યેક મનુષ્યના જાનમાલને લેશ પણ હાણ થવાનો સંભવ ન હતો તેથી તે વિશ્વાસપૂર્વક સુખથી ત્યાં રહી શકતો, અનેક કોટિના[૬] કૌટુંબિક–કણબી લોકો ત્યાં સુખે સુખે રહેતા હતા,

અનેક નટો, નાચનારાઓ, રાજાનાં ગુણગાન ગાનારાઓ, મલ્લો, મુષ્ટિયુદ્ધ કરનારાઓ, હસાવનારા વિદૂષકો, કથા કરનારાઓ, કૂદનારાઓ કે તરનારાઓ, રાસ લેનારાઓ કે ભાંડ લોકો, શુભ અશુભ કહી બતાવનારા જ્યોતિષિકો, ઉંચા વાંસડાની ટોચ ઉપર ખેલ કરનારાઓ, ચિત્રનાં પાટિયાં હાથમાં રાખી જનમનરંજન કરનારાઓ, તૂણ વગાડનારાઓ અને તુંબની વીણા વગાડનારાઓ, એ બધા લોકો નગરીમાં સારો આશ્રય મેળવતા હતા,

દંપતીઓને ક્રીડા કરવાના રમણીય આરામો, મોટા મોટા ઉત્સવો અને મોટી મોટી ઉજાણીઓ ઉજવી શકાય એવા સુંદર ઉદ્યાનો, સરસ કૂવાઓ, આંખને ઠારે એવાં તળાવો, દીર્ઘિકાઓ–લાંબી લાંબી મનોહર વાવડીઓ અને ક્યારાઓ નગરીની શોભામાં વધારો કરતાં હતાં,

નગરીની રક્ષા કરનું નગરીની ફરતું ઉંડું, ઉપર પહોળું નીચે સાંકડું એવું ખાઈ[૮] હતું તથા નગરી ફરતી ચક્ર ... અને ઉપર નીચે સરખી ખોદેલી વિશાળ ... હતી, નગરીમાં કોઈ ઉપદ્રવકારી ન પેસી શકે માટે ...

મોટાં તીક્ષ્ણ ચક્રો, ગદાઓ, મુસંઢીઓ, સો જણાને કચરી નાખે એવી મોટી મોટી શિલાઓ વગેરે શસ્ત્રો[૯] દરવાજે દરવાજે ટાંગેલાં હતાં, નગરીની ફરતો ધનુપ જેવો વાંકડો કોટ ગોળ ગોળ કાંગરાઓથી શોભતો હતો, ચોકીદારોને બેસવાની અટારીઓ કોટમાં ખૂબ ઉંચી ઉંચી કરવામાં આવી હતી, કોટ તથા નગરીની વચ્ચેનો માર્ગ[૧૦] આઠ હાથ પહોળો રાખેલો હતો, કોટની પોળોના દરવાજાઓમાં નાના નાના ગઢો રચેલા હતા અને એ દરવાજાઓ મજબૂત રીતે જડેલા હતા,

નગરીના રાજમાર્ગો સારા સારા વિભાગવાળા હતા, ત્યાં વ્યવહારીઆઓની મોટી વસતી હતી અને વેલ્હાર-રોજગારનું તો એ નગરી મોટું મથક હતું, કુંભાર, સુતાર, લુહાર વગેરે શિલ્પકારી લોકોનો ત્યાં સુખે નિર્વાહ થતો હતો,

નગરીના કેટલાક માર્ગો સિંગોડા[૧૧] જેવા ત્રિકોણ હતા, જ્યાં ત્રણ કે ચાર શેરીઓ ભેગી થાય એવા કેટલાક ત્રિક માર્ગો અને ચતુષ્ક-ચોક માર્ગો હતા અને જ્યાં અનેક શેરીઓ ભેગી થાય એવાય કેટલાય ચાચર-ચત્વર માર્ગો હતા, રાજમાર્ગ ઉપર રાજાની અવરજવર ખૂબ રહેતી, નગરીના માર્ગોમાં ઉત્તમ ઘોડાઓ, ઝૂલતા હાથીઓ, શણગારેલા રથો, શિખરવાળી ઘુમ્મટદાર પાલખીઓ, ઝૂલતી પાલખીઓ અને બીજાં અનેક વાહનોની હરફર ઠીક રહેતી,

ત્યાંના જલાશયો ખીલેલાં કમળોથી ચમકતાં હતાં અને ધોળાં ધોળાં મોટાં મહાલયો જાણે આભના ટેકારૂપ હોય એવાં ભાગ જણાતાં હતાંઃ એવી એ આમલકપ્પા નગરી

દર્શનીય, મનોહર, પ્રાસાદિક અને અસાધારણ સૌંદર્ય-
વાળી[૧૨] હતી.[૧૩]

૨ એની એ આમલકલ્પા નગરીની બહાર ઈશાન ખૂ
જ્યાં અંબસાલવન નામનું એક ચૈત્ય[૧૪] હતું.

એ ચૈત્ય ઘણા લાંબા કાળનું પુરાણું, પૂર્વ પુરુષોએ
ગાએલું-વખાણેલું હતું, છત્ર, ધજા, ઘંટ, પતાકા, લોમ-
હસ્ત[૧૫]-મોરપીંછી અને વેદિકા વગેરેથી શોભિત હતું,
ચૈત્યનું ભોતળ છાણ વગેરેથી લીંપીને ચોકખું કરેલું અને
ભીંતો વગેરે ખડીથી ધોળીને ચકચકતી કરેલી, ઉત્તમ ર
ચંદનના થાપાવાળું, ચંદનના સુંદર કળશોથી મંડિત હ
એના દરેક દરવાજા ઉપર ચંદનના ઘડાવાળાં તોરણો
બાંધેલાં હતાં,

એમાં ઉપર નીચે સુગંધી પાણીનો છંટકાવ કરી
મોટી મોટી માળાઓ લટકાવેલી હતી, પાંચ વર્ણનાં સુગં
ફુલો, કાળો અગર, ઉત્તમ કુંદુરુ, તુરુષ્કનો[૧૬] ઉચ્ચા પ્ર
રનો ધૂપ વગેરે અનેક સુગંધી ધૂપોથી એ મહેંકી રં
હતું-જાણે કે સુગંધોનો ભરેલો ઓરડો જ ન હોય!

એ ચૈત્યમાં નટો,[૧૭] નાચનારાઓ, જલ્લો, મ
મૌષ્ટિકો, વિદૂષકો, કૂદનારાઓ, તરનારાઓ, જ્યોતિ
રાસ લેનારાઓ, ભાંડો, કથા કરનારાઓ, ચિત્રપટને
વનારાઓ, તૂણ અને તુંબવીણાને વગાડનારાઓ, ભુ-
જોગી-ચોખી-જનો અને મગધો-ભાટો વગેરે રહેતા હતા,

એ ચૈત્ય ઘણા લોકોમાં અને અનેક દેશોમાં
પ્રખ્યાત હતું, ઘણા આહોતા લોકો ત્યાં આહુતિ દેવા,

પૂજા કરવા,[૧૮] વંદન કરવા અને નમન કરવા આવતા, ઘણા લોકોનું એ સત્કારનું, સન્માનનું અને ઉપાસનાનું સ્થાન હતું, કલ્યાણ અને મંગલરૂપ એવા દેવતા સંબંધી ચૈત્યની પેઠે એ, વિનયપૂર્વક પર્યુપાસવાને યોગ્ય હતું,

દેવતાઇ શક્તિવાળું, સાચવાળું, સાચા ઉપાયોવાળું અને હજારો યાગોના ભાગો જ્યાં નૈવેદ્યરૂપે ધરવામાં આવે છે એવા એ ચત્યને ઘણા લોકો આવી આવીને પૂજતા-અર્ચતા.

વળી, એ ચૈત્ય, ચારે બાજુ એક મોટા વનખંડથી ઘેરાએલું હતું, એ વનખંડ લીલોછમ, ઠંડો હિમ, કયાંય હરી કાંતિવાળો, ક્યાંય નીલી કાંતિવાળો, સઘન છાયાવાળો અત્યંત રમણીય હતો–એ વનખંડ જોતાં જાણે કે મેઘનો સમૂહ જ ન હોય એવો ભાસ જોનારને થતો હતો.

૩ ચૈત્યની ચારે બાજુ પથરાએલા એ પહોળા વન-ખંડમાં વચ્ચોવચ્ચ એક મોટું ઉંચું અશોકનું વૃક્ષ હતું, એ પણ આંખને ઠારે એવું, પ્રસન્નતા પમાડનારું ઘણું સુશો-ભિત હતું.

એ અશોકવૃક્ષની આસપાસ કેટલાંય બીજાં તિલકનાં, લકુચનાં–લવકનાં, છત્રગોપનાં, શિરીષનાં, સાદડનાં, દધિ-પર્ણનાં, લોદરનાં, ધવનાં, ચંદનનાં, અર્જુનનાં, નીપનાં, કુડજનાં, કદંબનાં, ફનસનાં, દાડિમનાં, શાલનાં, તાડનાં, તમાલનાં, પ્રિયકનાં, પ્રિયંગુનાં, પુરોબક–કુરબકનાં, રાજ-વૃક્ષનાં અને નંદિવૃક્ષનાં ઉત્તમ વૃક્ષો[૧૯] આવેલાં છે.

એ બધાંય વૃક્ષો મૂળ, કંદ, સ્કંધ-થડ, છાલ, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજોથી યુક્ત છે; એ વૃક્ષોનાં મૂળો ભોંયમાં બહુ ઉંડે પહોંચેલાં, સીધાં અને એકસરખી રીતે ગોળ એ બધાં ઉગેલાં, પહેલું મૂળ, પછી કંદ, પછી થડ, પછી શાખા પ્રશાખા એ જાતની એકસરખી ઉગતી એ વૃક્ષાવળીમાં સચવાએલી, એમની શાખા પ્રશાખાઓ ચારે કોર ફેલાએલી, એમનાં મોટાં મોટાં ગોળ થડો વામ વામ જેટલાં ઘેરાવવાળાં, એ વૃક્ષોનાં પત્રો વાયુના દોષથી વા અન્ય પ્રકારની ઇતિ-ઉપદ્રવ-થી નહિ ખરેલાં અર્થાત્ એમનાં પાંદડાં એવાં ઘાટાં હતાં કે તેમાં ક્યાંય છિદ્ર જ ન જણાય, એ વૃક્ષોનાં પાકાં ઘરડાં પાંદડાં તો ખરી પડેલાં અને તાજાં નવાં કૂણાં પાંદડાંને લીધે એ, લીલા લીલા કાચ જેવા ઓપતા, વૃક્ષોની ટોચે આવેલા નવા કોમળ કિસલયો શિખરની જેમ હલ્યા કરતા, છએ ઋતુઓમાં એ બધાં કોળેલાં-કળીઓવાળાં, ફુલેલાં-ફુલોવાળાં, ફળેલાં-ફળોવાળાં, પલ્લવવાળાં, ગુચ્છાવાળાં અને ફળોના ભારથી નમેલાં રહેતાં.

એ ઉંચાં ઉંચાં તરુઓ ઉપર દંપતીરૂપ સૂડા, મોર, મેના, કોયલ, કોરક, કોભક, ભિંગાર, કોંડલક, જીવંજીવક, નંદીમુખ, કપિલ, કપિંજલ, કારંડ, ચકવા, કલહંસ અને સારસ વગેરે પક્ષીઓ આમતેમ ઉડતાં, કૂજતાં-મધુર કલકલ કર્યાં કરતા, ભમરા-ભમરીઓનું ઝુંડ (એમની ઉપર) ગુંજારવામાં મસ્ત રહેતું.

રોગ વિનાના, કાંટા વગરના અને મધુર રસભર એ

પાટની બધી બાજુની કોરોમાં મોતીઓ જડેલાં હતાં, ચામડાનું વસ્ત્ર, રૂ, માખણ અને આકડાનું રૂ એ બધાની જેમ એની સુંવાળપ હતીઃ એવી રત્નમય[૨૬] રમ્ય શિલાપાટ એ અશોકવૃક્ષની નીચે આવેલી હતી.

૫ આ તરફ—

એ નગરીમાં રાજા સેય[૨૭] અને રાણી ધારિણીનું રાજ્ય હતું.

રાજા સેય મહાન્ હિમાલય, મહાન્ મલયગિરિ, મંદરાચલ અને મહેન્દ્ર જેવો અડગ-અણનમ હતો. અત્યંત વિશુદ્ધ-ખાનદાન-રાજકુલ[૨૮] રાવલ-વંશનો એ રાજા બધાં રાજલક્ષણોથી વિભૂષિત હતો, એને બહુજનો બહુમાન આપતા-પૂજતા. સર્વગુણસંપન્ન ક્ષત્રિય લોહીનો એ રાજા સદા મુદિત રહેતો, એનો મૂર્ધાભિષેક થએલો હતો, એનાં માતાપિતા વિશુદ્ધ વંશનાં હતાં.

એ, મનુષ્યોનો ઇંદ્ર સેય રાજા સીમંકર સીમંધર ક્ષેમંકર ક્ષેમંધર હતો એ માટે જ જનપદનો પિતા જેવો હતો; જનપદનો પાલક અને પુરોહિત, જનપદમાં સેતુઓ[૨૯] અને કેતુઓ કરનાર એ રાજા, નરવર, પુરુષપ્રવર, પુરુષસિંહ, પુરુષવ્યાઘ્ર, પુરુષાશીવિષ, પુરુષવરપુંડરીક અને પુરુષવરગંધહસ્તી હતો.

સમૃદ્ધિવાળો કાંતિએ દીપતો એ સેય નૃપ પ્રસિદ્ધ હતો. ભવનો, શયનો, આસનો, યાનો અને વાહનો એની પાસે વિપુલ-વિસ્તીર્ણ હતાં, એના ભંડારમાં ઘણું ધન, સુવર્ણ અને રજત-રૂપુ ભરેલું હતું, અર્થલાભના[૩૦] ઉપાયોને ફરી જાણનાર એના રાજ્યમાં એઠવાડમાં પણ ઘણાં ભાત-

ખાધેપીધે પાણી ફેંકી દેવામાં આવતાં અર્થાત્ લોકો સુખી હતા.

ઘણા દાસો, દાસીઓ, બળદો, પાડાઓ, ગાયો અને ઘેટાંઓનો એ પ્રભુ[32] હતો, એનો યંત્રકોશ, અન્નકોશ, ધનકોશ અને આયુધકોશ ભરેલો રહેતો, બહુ દૂબળાઓનો એ મિત્ર હતો–એવો એ સેય રાજા આમલકપ્પા નગરીમાં અકંટક રાજ્ય ચલાવતો હતો–એના રાજ્યમાં ક્યાંય દુકાળ, મરકી વગેરે ઉપદ્રવો ન હતા, સદા સુભિક્ષ રહેતો એથી એનું રાજ્યશાસન શિવરૂપ અને ક્ષેમરૂપ લેખાતું.

૬ રાણી ધારિણી હાથેપગે સુકુમાળ હતી, તેની પાંચે ઇંદ્રિયોમાં કે અંગમાં કોઇ પ્રકારની ખોડ ન હતી, તેનાં અંગપ્રત્યંગો સામુદ્રિક લક્ષણો,[32] વ્યંજનો અને ગુણોથી યુક્ત હતાં, વજનમાં અને ઉંચાઈમાં તે બરાબર માપસર[33] હતી, દેખાવમાં ચંદ્ર જેવી પ્રિયકર જણાતી, મુઠીમાં આવી જાય એવી તેની પાતળી કડ[34] મજબૂત અને ત્રિવલીવાળી હતી.

પૂર્ણચંદ્રમુખી એ રાણી કાનોમાં કુંડળ પહેરતી, કપોલો ઉપર કસ્તૂરી લગાડતી, એની આકૃતિ, શૃંગાર અને વેશ બધું ચારુ–ચારુ હતું, બોલવે, ચાલવે અને હસવે એ કુશળ હતી, વિવિધ ચેષ્ટાઓ, વિવિધ વિલાસો, લલિત સલાપો અને યુક્ત ઉપચારો કરવામાં તે વિશેષ નિપુણ હતી.

એવી એ અંગે અંગે અનુપમ લાવણ્ય ધરતી ધારિણી રાણી સેય રાજા સાથે અનુરક્ત હતી અને તેની સાથે મનુષ્યના શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ એ પાંચ પ્રકારના કામભોગોનો[35] અનુભવતી રહેતી હતી.

૭ આ તરફ—

એ રાજા રાણીના રાજ્યકાળમાં ગામેગામ ફરતા અને સુખે સુખે વિહરતા શ્રમણુ ભગવાન મહાવીર[૩૬] આમલકપ્પા નગરી તરફ પધાર્યા, અને નગરીથી બહાર ઈશાનખૂણા તરફના અંબસાલવણુ ચૈત્યમાં પૂર્વવર્ણિત વનખંડથી વિરાજિત અશોક વૃક્ષની નીચે આવીને ઊતર્યા, ત્યાં તેઓ યથોચિત અવગ્રહ[૩૭] ધારણુ કરી પૂર્વાભિમુખ[૩૮] થઇ એ કાળી શિલાપાટ ઉપર પર્યંકાસને[૩૯] રહી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

એ શ્રમણુ ભગવાન મહાવીર આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તી, અભયદાતા, નેત્રદાતા, માર્ગદર્શક, શરણુદાતા, જીવિતદાતા,[૪૦] દ્વીપસમાન, ત્રાણુરૂપ, શરણુરૂપ, ગતિ–આશ્રય–રૂપ, આધારરૂપ, ધર્મચક્રને પ્રવર્તાવનાર, વિશુદ્ધ જ્ઞાન અને દર્શનથી યુક્ત, છદ્મરહિત, જિન–જય મેળવનાર, જિતાવનાર,[૪૧] તરનાર, તારનાર, મુક્ત, મુકાવનાર, બુદ્ધ, બોધ આપનાર, સર્વજ્ઞ, સર્વદર્શી અને અપુનરાવર્તનની શિવરૂપ, અચલ, અરોગ, અક્ષય અવ્યાબાધ સિદ્ધિને મેળવવાના અભિલાષી એવા હતા.

૮ એમના શરીરની ઉંચાઇ[૪૨] સાત હાથ, સંસ્થાન સમચોરસ અને સંહનન–શરીરનો બાંધો–વજ્ર જેવો મજબૂત હતો. શરીરની અંદરના વાયુઓ અનુકૂળ રહેતા, મલાશય કંક પક્ષીના મલાશય જેવો નીરોગ, જઠર પારેવાના જઠર જેવું તીવ્ર, મલવિસર્જનનાં સ્થાન પક્ષીનાં મલ-

તરફનાં વિસર્જનનાં સ્થાન જેવાં નિર્લેપ અને પીઠ, બન્ને પાંસળાં તથા ઉરુ સુઘટિત હતાં.

એમનો શ્વાસ સુગંધી,[૪૩] નીરોગી ઉત્તમ માંસ, છવી ઉદાત્ત અને પ્રશસ્ત, શરીર નિર્મળ અને અંગેઅંગમાંથી ઝરતું લાવણ્ય અસાધારણ હતું.

લોઢાના ઘણની જેવી સુબદ્ધ સ્નાયુવાળી અને શિખર જેવી ઉન્નત ખોપરી ઉપર શિરોભાગ, માથાના વાળ ઘન નિચિત–લગોલગ ઉગેલા–વાંકડિયા જમણા વાંકવાળા સુંવાળા અને ભમરા જેવા કાળા, વાળ ઉગવાની ચામડી–કેશાંતભૂ–સોના જેવી ચમકતી અને દાડિમના ફુલ જેવી સ્નિગ્ધ, છત્ર જેવું ઉંચું ઉત્તમ ઉત્તમાંગ–મસ્તક, વ્રણવિનાનો એકસરખો અર્ધચંદ્ર જેવો લલાટપટ્ટ અને પૂર્ણચંદ્ર સમાન સૌમ્યાકારમુખ,

સાંભળવામાં સરખા પ્રમાણયુક્ત બન્ને કાન, માંસથી ભરેલા પુષ્ટ બન્ને કપોલ, ધનુષ જેવી વાંકડી કાળી આછી ભમરો, ખીલેલાં કમળ જેવાં એકાદ ધોળા વાળવાળી[૪૪] પાંપણવાળાં બન્ને નયનો, ગરુડની નાસિકા જેવી ઉત્તુંગ લાંબી સરળ નાસિકા, પરવાળા જેવા બન્ને હોઠ,

ચંપાની કળી જેવા નિર્મળ[૪૫] એક શ્રેણીબદ્ધ બધા દાંત, અગ્નિથી ધમેલા સોનાના જેવું રાતું તાળવું અને જીભ, અવસ્થિત–અવસ્થાસૂચક અને સુવિભક્ત શ્મશ્રુ–દાઢી મૂંછ,[૪૬] શાર્દૂલની હડપચી જેવી માંસલ પ્રશસ્ત હડપચી,

પ્રમાણસર ચાર આંગળ ઉંચી ઉત્તમ શંખ જેવી સ્પષ્ટ ... ડોક, ઉત્તમ પાડો વરાહ સિંહ શાર્દૂલ બળ...

અને હાથીના ખભા જેવા ભરાવદાર મજબૂત ખભા,
સુગઠ઼ સાંધાવાળી સુશ્લિષ્ટ સ્થિર પુષ્ટ પોંચામાં સુસંસ્થિત
નગરના દરવાજા પાછળ રહેલા ભોગળ જેવી ગોળ અને
ધોંસરા જેવી લાંબી ભુજાઓ,

શેષનાગે વિસ્તારેલી ફેણા જેવા વિપુલ અને ઉંચા
ભોગળ જેવા દૃઢ બાહુઓ, રાતી કોમળ માંસલ
શુભ ચિહ્નોવાળી હથેળી, પાંચે આંગળીઓ સિધી
જેમાં એક પણ કાણું ન દેખાય તેવો નિશ્છિદ્ર પ્રશસ્ત
લોહીથી ભરેલી કોમળ પાંચ પાંચ આંગળીઓ, તાંબા
રાતા સ્નિગ્ધ ચમકતા નખો,

હથેળીમાં ચંદ્ર, શંખ, ચક્ર, સ્વસ્તિક અને સૂર્યની
રેખાઓ, પહોળી વિશાળ સોનાની પાટ જેવી ઉજ્જ્વલ
[illegible]તલ-ક્રોડ સરખી અને શ્રીવત્સના[17] ચિહ્નથી શોભતી
[illegible]તી, હાડકાં ન દેખાય તેવો માંસલ બરડો, કનકની
[illegible]ન્તિ જેવી કાન્તિવાળું રોગરહિત નિર્મળ સુજાત શરીર,

સંગત સંનત સુંદર અને સુજાત પડખાંઓ, કાખની
[illegible]ડીના બન્ને બાજુના ભાગો બરાબર પ્રમાણસર અને
પુષ્ટ, પાતળી ઋજુ સ્નિગ્ધ અને રમણીય રુંવાટી-રોમરાઈ,
માછલાં અને પક્ષીની કુક્ષિ જેવી સુજાત પુષ્ટ કુક્ષિ, માછલી-
ના ઉદર જેવું કશાનું ઉદર, ઇંદ્રિયો બધી નિર્મળ.

પદ્મ જેવી વિશાળ નાભિ, મુસલ દર્પણ અને વજ્ર-
[illegible] મધ્ય જેવો મધ્યભાગ,[18] ઉત્તમ ઘોડો અને સિંહની કટી
[illegible] ઘોડાના જેમ ગુહ્ય ભાગ જેવો શુભ
[illegible] અને નિરુપલેપ ગુહ્ય ભાગ,

ઉન્નત હાથી જેવી મસ્તાની ગતિ અને વિક્રમશાળી ગતિ, હાથીની સૂંઢ જેવા શોભન ઉરુઓ, હાંડળીમાં બરાબર બેઠેલા ભાગના બન્ને ઘૂંટણો, હરણી જેવી ગોળ પુષ્ટ જંઘાઓ, સુશ્લિષ્ટ સુસંસ્થિત અને બહાર ન જણાય તેવી ઘુંટીઓ,

કાચબાના ચરણ જેવા સુપ્રતિષ્ઠિત ઉન્નત ચારુ ચરણો, નાની મોટી છતાં પગની આંગળીઓ સુસંહત અને કોમળ, પગના નખો રાતા અને ચમકતા, તળિયાં રાતાં કમળના પત્ર જેવાં સુકોમળ અને મૃદુ, પગમાં પર્વત નગર મગર સાગર ચક્ર વગેરેની જેવી ઉત્તમ રેખાઓ,

વિશિષ્ટ રૂપ જાજ્વલ્યમાન અગ્નિ, ચમકતી વીજળી, અને તરુણ સૂર્યની જેવું ઉગ્ર તેજ તથા અંગમાં ઉત્તમ પુરુષનાં અંગમાં હોય એવાં એક હજાર આઠ સુલક્ષણો[૪૯] શ્રમણ ભગવાન મહાવીર શરીરે એવા પ્રકારના હતા.

૯ સ્વભાવે શ્રમણભગવાન મહાવીર અનાસ્રવ—આસ્રવ[૫૦] વિનાના—સામાજિક વા આધ્યાત્મિક દૂષણ જેથી ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ વિનાના, મમતારહિત, અકિંચન[૫૧]—ઐચ્છિક ગરીબીને વરેલા—અપરિગ્રહી, સંસારના સ્રોતે—પ્રવાહે—નહિ વહેનારા, આસક્તિ વિષયાનુરાગ દ્વેષ અને અજ્ઞાનથી પર રહેલા, નિર્ગ્રંથ પ્રવચનના ઉપદેશક, શ્રમણ શાસ્તાઓના નાયક—તેમના વ્યવસ્થાપક, શ્રમણોના અધિપતિ, શ્રમણવૃંદમાં પરિવર્તન કરનાર[૫૨] —ક્રાન્તિ કરનાર, બુદ્ધોને છાજે એવા ચોત્રીશ અતિશયોથી[૫૩] સંપન્ન હતા.

વચનના પાંત્રીશ ગુણોથી[૫૪] સંયુક્ત એવા શ્રમણ ભગવાન મહાવીર જે વખતે આમલકપ્પા નગરીમાં આવ્યા તે વખતે

તેમની સાથે આકાશગત ધર્મચક્ર આકાશગત છત્ર આકાશગત શ્વેત ચામરો, પાદપીઠ સહિત આકાશસ્ફટિકમય સ્વચ્છ-સિંહાસન અને આગળ ચાલતો ધર્મધ્વજ એ બધું હતું; તથા ચૌદ હજાર શ્રમણો-સાધુઓ અને છત્રીસ હજાર શ્રમણીઓ સાથે સંપરિવરેલા શ્રમણ ભગવાન મહાવીર ફરતા ફરતા ત્યાં આવ્યા હતા.

૧૦ જે વખતે શ્રમણ ભગવાન મહાવીર જ્યાં આવ્યા તે વખતે આમલકપ્પા નગરીમાં શૃંગાટક—ત્રિકોણમાં ત્રિકમાં ચોકમાં ચાચરમાં ચતુર્મુખોમાં-ચોરાઓમાં-રાજમાર્ગોમાં આમ શેરીઓમાં—જ્યાં સાંભળો ત્યાં ઘણા લોકો પરસ્પર એમ કહેતા હતા કે હે દેવાનુપ્રિયો! આકાશગત છત્ર વગેરે સાથે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીર અહીં આવ્યા છે તો તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં માત્ર નામગોત્ર પણ કાને પડે તોય મોટો લાભ છે, તો પછી તેમની સામે જવાનો તેમને વાંદવાનો નમવાનો તેમની પાસે જઈ કેટલાક ખુલાસા પૂછવાનો અને તેમની પર્યુપાસના—સેવા કરવાનો પ્રસંગ મળે તો તો જે લાભ થાય તે માટે કહેવું જ શું?

૧૧ આર્ય પુરુષનું એક પણ ધાર્મિક સુવચન કાને પડે તોપણ તે શ્રેયસ્કરૂપ છે તો પછી તેમની પાસે જઈ વિપુલ અર્થ-ઘણી હકીકતો જાણવાનો પ્રસંગ સાંપડે તો તેથી જે શ્રેય થાય તે માટે કહેવું જ શું?

૧૨ તો હે દેવાનુપ્રિયો! આપણે જઈએ અને શ્રમણ ભગવાન મહાવીરને વાંદીએ નમીએ સત્કારીએ સન્માનીએ

અને કલ્યાણરૂપ મંગળમય દિવ્ય ચૈત્યની પેઠે તેમની પર્યુપાસના કરીએ તો એ, આપણે માટે આ ભવ પરભવ અને જન્મ જન્માંતરમાં હિતરૂપ થશે, સુખરૂપ અને નિઃશ્રેયસરૂપ નીવડશે.

૧૩ આમ વિચારીને ઘણા ઉગ્રો ઉગ્રપુત્રો ભોગો ભોગપુત્રો રાજન્યો ક્ષત્રિયો બ્રાહ્મણો ભટો યોધો પ્રશાસ્તાઓ મલ્લકિઓ લિચ્છવિઓ લિચ્છવિપુત્રો અને બીજા ઘણા માંડલિક રાજાઓ યુવરાજો રાજમાન્ય પુરુષો માંડલિકો કૌટુંબિકો—કણબીઓ ઈભ્યો શ્રેષ્ઠિઓ સેનાપતિઓ સાર્થ-વાહો વગેરે અનેક લોકો જ્યાં ભગવાન ઊતર્યા હતા ત્યાં જવા નીકળ્યા.

૧૪ એમાંના કેટલાક[૧૦] શ્રમણ ભગવાન મહાવીરને વાંદવાની—નમવાની વૃત્તિવાળા હતા, કેટલાક માત્ર ભગવાનને જોવાના ઇચ્છુક હતા, કેટલાક તો 'ભગવાન કેવા હોય' એ જાતના કુતૂહલથી જવા પ્રેરાયા હતા, કેટલાકને અર્થવિનિશ્ચય—ખુલાસા મેળવવા હતા, કેટલાકને એમ હતું કે ત્યાં જઈશું તો અશ્રુતપૂર્વ સાંભળશું અને જે સાંભળેલું છે તે સંબંધી શંકાઓ દૂર કરશું, કેટલાકે એમ ધાર્યું કે આપણે તો ભગવાનની પાસે સર્વ પ્રકારે મુંડભાવ ધારણ કરી અગાર—ઘર છોડી અનગાર થશું, કેટલાકે એવો સંકલ્પ કરેલો કે આપણે પાંચ અણુવ્રતવાળો અને સાત શિક્ષાવ્રતવાળો એમ બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારશું, કેટલાક તો માત્ર જિનભક્તિના રાગથી પ્રેરાયા હતા અને કેટલાક ગતાનુગતિક હતા અર્થાત્ તેઓ એમ સમજેલા કે

બધા જાય છે ત્યારે આપણે પણ જવું એ શિષ્ટતા છે-યોગ્ય છે: એમ જુદી જુદી વૃત્તિવાળા તેઓ બધા ભગવાનની પાસે જવા નીકળ્યા.

૧૫ શ્રમણ ભગવાન મહાવીરની પાસે જનારા એ બધા ન્હાએલા, તેમણે બલિકર્મ[૧૧] કરેલું, તિલક વગેરે લગાડેલાં, માથે ડોકે માળાઓ નાખેલી, હાર અર્ધહાર ત્રણસેરો હાર લટકતાં ઝુંમણાં કટિસૂત્ર-કણદોરા વગેરે આભરણો પહેરેલાં અને સુંદર વસ્ત્રો સજેલાં તથા શરીરે ચંદન લગાડેલું,

એઓ કેટલાક ઘોડે ચડેલા, કેટલાક હાથી ઉપર બેઠેલા, રથ ઉપર ચડેલા, ઘુમ્મટવાળી પાલખીમાં બેઠેલા, અને ઝૂલતી પાલખીમાં આવેલા હતા; વળી મોટા જનસમુદાયથી વિંટાએલા કેટલાક માત્ર પગે ચાલીને જતા હતા. એ બધા જનારાઓનો અવાજ એટલો બધો થતો હતો કે જાણે કોઇ ખળભળેલો મહાસમુદ્ર ગાજતો ન હોય.

૧૬ આમલકપ્પા નગરીથી બહાર ઈશાન ખૂણામાં આવેલા અંબસાલવણ ચૈત્યમાં એઓ બધા જઈ પહોંચ્યા. ત્યાં છત્ર વગેરે તીર્થંકરના અતિશેષો જોતાં તેઓ પોતપોતાનાં યાન વાહન ઊભાં રાખી ઊતરી પડ્યા-યાનો છોડી નાખ્યાં, વાહનો ચરવા છુટાં મૂકી દીધાં અને એઓ ભગવાનની પાસે આવી પહોંચ્યા, તેમને ત્રણ પ્રદક્ષિણા દીધી, વંદના કરી નમસ્કાર કર્યો અને ભગવાનની શુશ્રૂષા કરતા તેઓ બહુ દૂર નહિ તેમ બહુ નજીક નહિ એ રીતે હાથ જોડીને તેમની સામે વિનયપૂર્વક બેઠા.

આમલકપ્પાનો રાજા સેય અને રાણી ધારિણી પણ એ બધાંની સાથે શ્રમણ ભગવાન મહાવીરની સેવામાં જોડાયાં હતાં.

૧૭ આમલકપ્પાના રાજા સેય, રાણી ધારિણી અને ત્યાંના જનસમુદાયને ઉદ્દેશીને શ્રમણગણમાં પરિવર્તન કરનાર શ્રમણ ભગવાન મહાવીરે પોતાની ધર્મસંશોધક વાણી સંભળાવી. તેમણે [૧૨]કહ્યું કે—

(૧) " જે મનુષ્યો દુર્બુદ્ધિથી પ્રેરાઇને પાપકર્મો કરી તે દ્વારા ધન પેદા કરે છે તેઓ આ વિરાટ વિશ્વને દુઃખના ઊંડા ખાડામાં ધકેલે છે અને પોતે પણ સતત તરફડિયાં મારતાં મારતાં ઝુરી ઝુરીને ઉપડી જાય છે–છેવટે લેશ પણ શાંતિ પામતા નથી આ સંસારમાં શાંતિ પણ છે અને અશાંતિ પણ છે. શાંતિ કે અશાંતિ મેળવવી માનવીના પોતાના હાથનીજ વાત છે. મનુષ્યમાં તૃષ્ણાવૃત્તિ વિશેષ બળવાન છે તેને લીધે એ સુખદુઃખનું ખરું સ્વરૂપ સમજી શકતો નથી, ઉલટું દુઃખને સુખ સમજે છે અને સુખને દુઃખ સમજે છે. એ તૃષ્ણાવૃત્તિની પ્રબળ બળવત્તાનેજ લીધે ક્રોધ વધે છે, મૂઢતા વ્યાપે છે અને મનુષ્ય પોતાનું–પોતાના સ્વરૂપનું–પોતાના કર્તવ્યનું ભાન ભૂલી જાય છે એટલે આખર તે માનવ મટી દાનવી વૃત્તિ ઉપર આવી જાય છે. આમ થવાથી મનુષ્યોની પરસ્પર હિતકારિણી બંધુતાની વૃત્તિ શિથિલ થાય છે, તેથી અન્યોઅન્ય વૈર-વૃત્તિ પેદા થઇ સર્વત્ર અશાંતિ ઉપજાવે છે. શું મનુષ્ય, પશુ કે પક્ષીઓ વા આ સ્થાવર જગત એ બધું એ ધખ-

ધખતી અશાંતિમાં હોમાય છે, માટેજ ધન પેદા કરનારા લોકોએ પરસ્પર બંધુતાની વૃત્તિનો નાશ ન થાય તેતરફ વિશેષ લક્ષ્ય રાખી પોતપોતાનો વ્યવહાર કરવો ઘટે. અન્યથા કોઈનું શ્રેય થવાનું નથી. માત્ર ધન પેદા કરનારો આ વિચાર ભાગ્યેજ કરે છે કે તેની ધનતૃષ્ણાની આગમાં આજસુધીમાં કેટલાં માનવી હોમાયાં, કેટલાં પશુઓ અને પક્ષી બળીને ખાખ થઈ ગયાં, કેટલાં કોટિ વૃક્ષો કપાયાં, કેટલાં બધાં સ્વચ્છ પાણીનો હોમ થઈ ગયો, કેટલી બધી સ્વચ્છ હવાને બગાડી નાખી તેનો વિનાશ થયો અને વિનાશ પામતી કેટલી આગે કેટકેટલાંને બાળી નાખ્યાં. ધન પેદા કરવાની આ રીતનુંજ નામ દુર્બુદ્ધિ છે–ઘોર હિંસા છે–પરસ્પર બંધુતાની વૃત્તિ શિથિલ થવી એ દાનવી વૃત્તિનું મુખ્ય લક્ષણ છે. એ ધર્મની, પુણ્યની, સુખની અને પ્રાણી માત્રની નાશક છે એ ભૂલવું ન જોઈએ. ક્રિયાકાંડનું હાડપિંજર એ વિશુદ્ધ ધર્મ નથી પણ તે હાડપિંજરમાં પરસ્પર બંધુતારૂપ અહિંસાવૃત્તિનો પ્રાણ સંચારવો એજ શુદ્ધ ધર્મનો પાયો છે, માટેજ આર્ય પુરુષોએ એક અહિંસાને પરમ ધર્મ કહેલો છે.

(૨) "વિલાસી મનુષ્ય એમ માનતો હોય કે મારું શરણ તો ધન છે, મારે પરસ્પર બંધુતાની વૃત્તિ કેળવવાની શી જરૂર છે? તો એમ માનતો એ મૂઢ ખાંડ ખાય છે. માત્ર ધન હોવાને લીધે આજસુધીમાં કોઈનું ત્રાણ થયું નથી અને હવે પછી થશે પણ નહિ. આ લોક કે પરલોકમાં તેજ સુખી થશે કે જેનામાં વ્યાપક ભ્રાતૃભાવની જ્યોતિ પ્રકટી હોય અને જેનો બધો વ્યવહાર એ વ્યાપક

ભ્રાતૃભાવ ઉપરજ ચાલતો હોય.

(૩) "તૃષ્ણાનું ચક્ર એટલું બધું પ્રબળ છે કે મનુષ્ય તેનાથી શીઘ્ર છૂટો થઈ શકતો નથી–ઇચ્છા છતાં પોતાના વ્યવહારોમાં વિવેકપૂર્વક રહી શકવામાં શિથિલતા અનુભવ કરે છે; આમ છતાં મુમુક્ષુ જનોએ ગભરાવાનું નથી જ, તેઓએ તો વારંવાર પ્રબળ પ્રયત્ન કર્યા કરવાનો છે અને તૃષ્ણાની પ્રવૃત્તિઓના પાશમાં ન ફસાતાં આત્મસંશોધનોના પ્રયત્નોમાં મચ્યાજ રહેવાનું છે.

(૪) "જુઓ—જે આ શ્રમણો અહીં બેઠેલા છે તેઓ તૃષ્ણાના ચક્રથી છૂટવા માટેજ શ્રમ કરી રહ્યા છે. તમે એમ ન સમજતા કે શ્રમણનો માત્ર વેશ પહેરવાથી શ્રમણ થઈ જવાય છે. આ તો એક પ્રકારની શાળા છે. જેમ તમે નિશાળમાં જઈને અંકજ્ઞાન વગેરે વિદ્યાઓ શિખો છો તેમ આ મારી શાળાના શ્રમણ વિદ્યાર્થીઓ તૃષ્ણાના ચક્રને છેદવાની વિદ્યાઓ શિખી રહ્યા છે, તેઓ એ માટે સબળ પ્રયત્ન કરે છે, છતાંય તૃષ્ણાનાં નવાં નવાં રૂપો તેમને વારંવાર સતાવે છે જેથી તેઓમાં પણ ભારે અસમંજસતા દેખાઈ રહે છે; આમ છતાંય તેમને કહું છું કે તેઓએ સંતુષ્ટાવૃત્તિનો એક છાંટો બાકી હોય ત્યાંસુધી જરાય ગભરાવાનું નથી, પણ આરંભેલા પ્રયત્નમાંજ દિનપ્રતિદિન શિથિલતા છોડી સવિશેષ ઉગ્ર બનવાનું છે. કોઈ તમે કહેશો કે શ્રમણ થયા પછી વળી તૃષ્ણા શાની? તો મારે જણાવવું જોઈએ કે તૃષ્ણા કાંઈ ધનની, સ્ત્રીની કે પુત્રની જ રહે છે એમ નથી, એ તો અનેક સ્વાંગો કરીને પ્રાણી-

આમલકપ્પાનો એ જનસમુદાય ભગવાનની ધર્મ દેશના સાંભળીને વિશેષ પ્રમુદિત થયો અને 'ભગવાને નિર્ગ્રંથ પ્રવચન ઠીક કહી બતાવ્યું છે' 'એવો કોઈ શ્રમણ કે બ્રાહ્મણ નથી જે આ પ્રકારની ધર્મદેશના કરી શકે' એમ કહેતો કહેતો એ સમુદાય પોતપોતાના સ્થાનકે જઈ પહોંચ્યો.

૧૮ રાજા સેય અને રાણી ધારિણી પણ ભગવાનની એ અપૂર્વ દેશના સાંભળીને પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં, તેમણે ભગવાનને વંદન–નમન કરી કેટલાક પ્રશ્નોના ખુલાસા પૂછી લીધા અને પછી તેઓ નિર્ગ્રંથ પ્રવચનની તેમજ ભગવાનની યશોગાથા ગાતાં ગાતાં પોતાને મહાલયે આવી પહોંચ્યાં.

૧૯ જે સમયે શ્રમણ ભગવાન મહાવીર આમલકપ્પા નગરીની બહાર આવેલા અંબસાલવણ ચૈત્યના [13]સમવસરણમાં બિરાજતા હતા તે કાલે તે સમયે [14]સૌધર્મકલ્પમાં સૂર્યાભ વિમાનમાં સુધર્મા નામની સભામાં સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલો સૂર્યાભદેવ પોતાના વિપુલ અવધિવડે સમગ્ર જંબૂદ્વીપ તરફ નજર નાંખી તેને બરાબર નિરખી રહ્યો હતો.

૨૦ એ સૂર્યાભદેવના પરિવારમાં ચાર હજાર સામાનિક દેવો, પોતપોતાના પરિવારથી વિંટળાએલી તેની ચાર પટ્ટરાણીઓ, ત્રણ સભાઓ, સાત સેનાઓ, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને સૂર્યાભવિમાનમાં રહેનારા બીજા પણ ઘણા દેવો અને દેવીઓ હતાં.

૨૧ સૂર્યાભસિંહાસન ઉપર બેઠેલો તે સપરિવાર સૂર્યાભદેવ–નાટ્ય, ગીત, વાદ્ય, તંત્રી, તલ, તાલ, બીજાં વિવિ ...ઓ અને વાદનકળામાં દક્ષ પુરુષ જેને વગાડે

૨૯ "આર્ય પુરુષનું માત્ર એક ધાર્મિક સુવચન કાને પડે તોપણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની પાસેથી વિપુલ અર્થ-ઉપદેશ-મેળવવાનો પ્રસંગ સાંપડે તો તો કહેવું જ શું ?

૩૦ "તો હું શ્રમણ ભગવાન મહાવીરને વાંદવા, નમવા, તેમનો સત્કાર કરવા, સન્માન કરવા તથા તે કલ્યાણરૂપ, મંગળરૂપ, ચૈત્યરૂપ અને દેવરૂપ શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા જાઉં.

૩૧ "શ્રમણ ભગવાન મહાવીરની એ પર્યુપાસના રે માટે-જન્મજન્માંતરમાં હિતકર, સુખકર, ક્ષમકર,૧૮ ાણુકર નીવડવાની છે અને નીવડશે": એમ તે સૂર્યાભદેવ ાર કરે છે. એ પ્રમાણે ગંભીરપણે વિચારીને તેણે ા આભિયોગિક દેવોને બોલાવી તેમને આ પ્રમાણે કહ્યું:

"હે દેવાનુપ્રિયો! એમ છે કે, યોગ્ય અવગ્રહને ા અને તપથી આત્મા [illegible]ાવિત કરતા [illegible]ીર જંબૂદ્વીપના [illegible] અંબસા [illegible] આમ- [illegible] ાવીને

કરી અને બેરખાંથી સ્તબ્ધ થએલી ભુજાઓને ભેગી કરી, દશે નખ એક બીજાને અડે એ રીતે બન્ને હથેળીઓ સાથે રાખી શિરસાવર્તપૂર્વક મસ્તકે અંજલિ જોડી તે આ પ્રમાણે બોલ્યો:

૨૫ યાવત્ અજરઅમર[૧૬] સ્થાનને પ્રાપ્ત થએલા અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ, અજરઅમર સ્થાનને મેળવવાની વૃત્તિવાળા શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર થાઓ, અહીં રહેલો હું ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીરને વાંદું છું, ત્યાં રહેલા શ્રમણ ભગવાન મહાવીર અહીં રહેલા મને જુએ છે: એમ કરીને તે સૂર્યાભદેવ ભગવાનને વાંદી નમી પાછો પૂર્વાભિમુખ થઇ સિંહાસન ઉપર બેસી ગયો.

૨૬ ત્યારપછી તે સૂર્યાભદેવના આત્મામાં [૧૭]ચિંતનરૂપ, અભિલાષરૂપ આ આ પ્રકારનો મનોગત સંકલ્પ-વિચાર-ઉત્પન્ન થયો:

૨૭ "યોગ્ય અવગ્રહપૂર્વક સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન્ મહાવીર જંબુદ્વીપના ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે તે મારે માટે શ્રેયરૂપ છે.

૨૮ "તેવા પ્રકારના અરહંત ભગવંતોનાં માત્ર નામ ગોત્ર કાને પડે તોપણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની સામે જવાનો, તેમને વાંદવાનો, નમસ્કાર કરવાનો, તેમની પાસેથી કેટલાક ખુલાસા પૂછવાનો અને તેમની ઉપાસના કરવાનો પ્રસંગ મળે તો તો કહેવું જ શું!

૨૯ "આર્ય પુરુષનું માત્ર એક ધાર્મિક સુવચન કાને પડે તોપણ તે મહાફલરૂપ છે, તો પછી તેમની પાસેથી વિપુલ અર્થ-ઉપદેશ-મેળવવાનો પ્રસંગ સાંપડે તો તો કહેવું જ શું ?

૩૦ "તો હું શ્રમણ ભગવાન મહાવીરને વાંદવા, નમવા, તેમનો સત્કાર કરવા, સન્માન કરવા તથા તે કલ્યાણરૂપ, મંગળરૂપ, ચૈત્યરૂપ અને દેવરૂપ શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા જાઉં.

૩૧ "શ્રમણ ભગવાન મહાવીરની એ પર્યુપાસના મારે માટે-જન્મજન્માંતરમાં હિતકર, સુખકર, ક્ષમકર,[18] કલ્યાણકર નીવડવાની છે અને નીવડશે" : એમ તે સૂર્યાભદેવ વિચાર કરે છે. એ પ્રમાણે ગંભીરપણે વિચારીને તેણે પોતાના આભિયોગિક દેવોને બોલાવી તેમને આ પ્રમાણે કહ્યુંઃ

૩૨ " હે દેવાનુપ્રિયો ! એમ છે કે, યોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપના ભારતવર્ષમાં આમલકપ્પા નગરીની બહાર અંબસાલવણ ચૈત્યમાં આવીને વિહરે છે. તો હે દેવાનુપ્રિયો ! તમે ત્યાં જાઓ અને અંબસાલવણ ચૈત્યમાં બિરાજતા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા કરી તેમને વાંદો, નમો અને પછી તમારાં નામ અને ગોત્રો તેમને કહી સંભળાવો,[19] તથા શ્રમણ ભગવાન મહાવીરના ઉતારાની આસપાસ ચારે બાજુ યોજન-પ્રમાણ જમીનમાં અપવિત્ર, સડેલાં, દુર્ગંધી તણખલાં, લાકડાં, પાંદડાં કે કચરો વગેરે જે કાંઈ રહ્યું હો

[illegible]

[illegible]

[illegible]

ગોત્રો કહી સંભળાવે છે. હે દેવો ! એ પુરાતન પદ્ધતિ છે અને તે સમ્મત થએલી છે.”

૩૬ ત્યારપછી, શ્રમણ ભગવાન મહાવીરે જેમને ઉક્ત રીતે કહેલું છે એવા તે આભિયોગિક દેવો હર્ષિત થયા અને યાવત્ પ્રફુલ્લ હૃદયવાળા થયા. તેમણે શ્રમણ ભગવાનને વાંદી નમી ઉત્તરપૂર્વના ખૂણા તરફ જઈ વૈક્રિયસમુદ્ઘાત કર્યો, તે દ્વારા સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો અર્થાત્ એ સમુદ્ઘાતદ્વારા તે દેવોએ મોટાં–જાડાં–પુદ્ગલોને દૂર કરી સૂક્ષ્મ પુદ્ગલો લીધાં. પછી ફરી પણ વૈક્રિયસમુદ્ઘાત કરી [૭૨]તે દેવોએ સંવર્તક વાયુની રચના કરી અને તે વાયુદ્વારા શ્રમણ ભગવાન મહાવીરનો જે સ્થળે ઉતારો હતો તે સ્થળની આસપાસ ચારે બાજુ એક યોજન સુધીમાં [illegible] અપવિત્ર–સડેલાં, દુર્ગંધી વણખલાં, લાકડાં, પાંદડાં [illegible]ગેરે પડ્યું હતું તે બધું ત્યાંથી ઉઠાવી દૂર કરી [illegible]ણ ભૂમંડલને સ્વચ્છ કર્યું.[૭૩]

૩૭ વળી, ફરીવાર વૈક્રિયસમુદ્ઘાત કરી તે દ્વારા તે [illegible] પાણીભરેલાં વાદળની[૭૪] રચના કરી. જેમ કોઈ કુશળ છંટારો પાણીભરેલા મોટા ઘડાદ્વારા કોઈ બગીચાને છાંટે અને [illegible] શીતળ કરે તેમ તે દેવોએ એ પાણી [illegible] એ સ્વચ્છ કરેલ ભૂમંડ[illegible] [illegible] ત્યાં ઉડતી [illegible] બનાવી દીધું. [illegible] વીજળીથી ચમકે [illegible]

એ પાણીભરેલું વાદળ પણ પાણીને વરસાવતું ગાજતું હતું અને વીજળીથી ચમકતું હતું.

૩૮ વળી, ત્રીજી વાર વૈક્રિયસમુદ્ઘાત કરી તે દ્વારા તે દેવોએ ફૂલભરેલાં વાદળની રચના કરી. જેમ કોઈ માળીનો કુશળ યુવાન પુત્ર ફૂલભરેલી ચંગેરીઓદ્વારા રાજસભાને પુષ્પોથી મઘમઘિત કરી દે તેમ તે દેવોએ મેઘની પેઠે ગાજતા અને વીજળીથી ઝબકતા એ ફૂલભરેલાં વાદળદ્વારા પાણીથી સુગંધિત કરેલી એ ભૂમિ ઉપર પાંચ પ્રકારનાં પુષ્પોને વરસાવી તેને ચારે બાજુથી મ્હેક મ્હેક કરી મૂકી અને જમીનથી ઉંચે એકએક જાનુ–હાથ સુધી ઉપરાઉપર પુષ્પોથી ખીચોખીચ ભરી દીધી. તે પુષ્પો પણ તેમણે એવી રીતે વરસાવ્યાં કે દરેક પુષ્પનું ડિંટિયું નીચું રહે અને કળીઓવાળો ભાગ ઉપર રહે.

૩૯ ત્યારપછી, પુષ્પોથી મઘમઘતા એ ભૂમંડળને કેમ જાણે સુગંધનો મહાસાગર ન બનાવવો હોય તેમ એ દેવોએ ત્યાં ચારે બાજુ ઉત્તમ કાળો અગર, ઉત્તમ કિનરૂ અને તુરુક્કનો સુગંધી ધૂપ મૂકી તેને ઘણુંજ સુગંધિત કરી મૂક્યું અને એવી રીતે કરી તે સ્થળે દેવો પણ આવી શકે એવું તેને આકર્ષક બનાવી દીધું.

૪૦ હવે આ બધું ભૂમિશુદ્ધિને લગતું કામ પતાવી તે દેવો શ્રમણ ભગવાન મહાવીર તરફ આવ્યા, ત્યાં આવી તેમને વાંદી નમી ત્યાંથી પોતાના સ્થાન ભણી જવા નીકળ્યા. જે જાતની વેગવતી પ્રચંડ ગતિથી તેઓ આવ્યા હતા તેજ ગતિદ્વારા જતા તેઓ સૌધર્મકલ્પને સત્વર પહોંચી

ગયા. ત્યાં જે તરફ સૂર્યાભનામનું વિમાન હતું અને સુધર્મા સભામાં જે તરફ સૂર્યાભદેવ બિરાજેલો હતો ત્યાં જઈ તેમણે સૂર્યાભદેવ તરફ વિનયપૂર્વક હાથ જોડી માથું નમાવી 'સૂર્યાભદેવનો જય થાઓ-વિજય થાઓ' એવો પ્રઘોષ કર્યો અને તેમણે તેને જણાવ્યું કે "હે મહારાજ! આપે અમને ભગવાન મહાવીરના ઊતારાની આસપાસના ભૂમંડળને શુદ્ધ અને સુગંધિત કરવાની જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે અમે બધું કરી આવ્યા છીએ અર્થાત્ આપે આપેલી આજ્ઞા અમે હવે આપને પાછી સોંપીએ છીએ."

૪૧ ત્યારપછી તે સૂર્યાભદેવ, એ આભિયોગિક દેવો પાસેથી તેમણે કહેલી ઉક્ત હકીકતને સાંભળીને-અવધારીને હર્ષિત થયો, તુષ્ટ થયો યાવત્ પ્રફુલ્લ હૃદયવાળો થયો.

૪૨ ત્યારબાદ તેણે પોતાના સેનાપતિ દેવને બોલાવીને આ પ્રમાણે કહ્યું: "હે દેવાનુપ્રિય! સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં એક મોટી સારા રણકારવાળી ઘંટા ટાંગેલી છે, જેનો ઘેરાવો યોજનપ્રમાણ છે અને જે મેઘની પેઠે ગભીર અને મધુર રણકો કરે છે તે ઘંટાને તું શીઘ્ર ઉછાળનો ઉછાળનો-ઉંચા ઉંચા ઘોષથી ઉદ્ઘોષણા કરતો [illegible] આ હકીકતને જાહેર કર: હે દેવો! સૂર્યાભવિમાનમાં [illegible] પ્રત્યેક દેવદેવીઓને સૂર્યાભદેવ આજ્ઞા કરે છે કે [illegible]! જમ્બૂદ્વીપના ભારતવર્ષમાં આવેલી આમલકપ્પા [illegible] આમ્રશાલવન ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર [illegible] ર્યા છે, તેને વાંદવા માટે સૂર્યાભદેવ જનાર છે તો

હે દેવાનુપ્રિયો ! તમે પણ તમારી સર્વ શોભા–ઋદ્ધિ–સ
સાથે અને પોતપોતાના પરિવાર સાથે સંપરિવૃત થઇ
પોતાનાં યાન વિમાન ઉપર ચઢી તેની સાથે જવા તૈ
થાઓ : આ માટે વિલંબ ન કરતાં વખતસર તમે
સૂર્યાભદેવની સમક્ષ હાજર થઈ જાઓ.”

૪૩ એ પ્રકારની આજ્ઞા કરવાની સૂર્યાભદેવની સૂચ
સાંભળીને તે સેનાપતિદેવ હર્ષિત થયો અને તે–આજ્ઞ
ફેરવાની સૂચનાને તેણે વિનયપૂર્વક સ્વીકારી. પછી તે સેના
પતિદેવ સૂર્યાભવિમાનમાં આવેલી સુધર્મા સભામાં આવ્યો
અને જ્યાં તે મોટી સારા રણકારવાળી અને વગાડતાંજ
મેઘની પેઠે ગાજતી એવી યોજનપ્રમાણ ઘેરાવાવાળી ઘંટા
ટાંગેલી છે ત્યાં જઈ તેણે તેને ત્રણ વાર ઉલાળી. એ ઘંટાને
ત્રણ વાર ઉલાળતાંજ સૂર્યાભવિમાનમાં એક મોટો જબર-
દસ્ત અવાજ થયો, તે અવાજ થતાંજ તે વિમાનમાં રહેલા
બધા મહેલો અવાજના પડછંદાથી ગાજી ઉઠ્યા.૭૫

૪૪ એ મહેલોમાં રહેનારા દેવો અને દેવીઓ પરસ્પર
ક્રીડામાં મશગુલ હતાં, રતિમાં આસક્ત હતાં અને અનેક
પ્રકારના વિલાસોમાં તલ્લીન હતાં; તે બધાં એ ઘંટાનો અવાજ
સાંભળી એકકાન થઈ ગયાં, ઘંટાનો અવાજ સાંભળી તે
બધાંને કુતૂહલ થયું. ઘંટાનો અવાજ શાંત થયા પછી તે
દેવો અને દેવીઓએ ‘સૌએ ભગવાન મહાવીરને વાંદવા માટે
જનારા સૂર્યાભદેવ સાથે જવા તૈયાર થવું અને બરાબર
વખતસર પોતપોતાનાં વાહન–યાનો સાથે સૂર્યાભદેવની

સમક્ષ હાજર થવું' એવી એ સેનાપતિદેવે સૂચવેલી સૂર્યાભ-
દેવની આજ્ઞાને ધ્યાનપૂર્વક સાંભળી.

૪૫ સેનાપતિદેવે સંભળાવેલી સૂર્યાભદેવની આજ્ઞાને
સાંભળીને એ બધાં દેવો અને દેવીઓ હર્ષિત થયાં. એમાંનાં
કેટલાંકને તો ભગવાન મહાવીરને વાંદવાની વૃત્તિ થઇ
આવી, કેટલાંક તો ભગવાન મહાવીરને પૂજવા માટે ઉત્સુક
થઇ ગયાં, કેટલાંકને ભગવાન તરફ સત્કારનો ભાવ ઉપ-
જ્યો, કેટલાંક ભગવંત તરફ સન્માનવૃત્તિવાળાં થયાં, કેટ-
લાંક માત્ર કુતૂહળવૃત્તિથી જ ભગવાનની પાસે જવા
તૈયાર થવા લાગ્યાં, કેટલાંકને એમ થયું કે ભગવાન પા
જશું તો જેવું આજસુધી નથી સાંભળ્યું તેવું નવું સાં
ળશું; કેટલાંક એવું વિચારવા લાગ્યાં કે ભગવાન પ
જશું તો અર્થોને, હેતુઓને, પ્રશ્નોને, કારણોને અને વ્ય
રણોને પૂછવાનો પ્રસંગ મળશે. બીજાં કેટલાંક માત્ર સ
ભદેવની આજ્ઞાની ખાતર જ તૈયાર થવા માંડયાં, કે
વળી પરસ્પરના અનુરાગથી ભગવાન પાસે જવાની તૈ
કરવા લાગ્યાં, કેટલાંક જિનભક્તિના રાગને લીધે અને
લાંક ભગવાન પાસે જવાનો પોતાનો ધર્મ છે, આચ
એમ સમજીને[૭૧] સજ્જ થવા લાગ્યાં. આ પ્રમાણે
પ્રકારની વૃત્તિથી ઉત્સાહિત થએલાં તે દેવો અને
પોતપોતાની ઋદ્ધિ સમૃદ્ધિ અને પરિવાર સાથે તે
પોતપોતાના યાન વિમાન સજ્જ કરી બરાબર
સૂર્યાભદેવની સમક્ષ હાજર થયાં.

૪૬ પોતે કરેલી સૂચના પ્રમાણે બરાબર

વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો અને તે દ્વારા સંખ્યેય યોજન લાંબો દંડ કાઢ્યો, જાડાં પુદ્‌ગલોને મૂકી સૂક્ષ્મ પુદ્‌ગલોને લીધાં, વળી, ફરીવાર પણ વૈક્રિયસમુદ્‌ઘાત કર્યો અને પછી તે આભિયોગિક દેવો દિવ્ય એવા તે વિમાન બનાવવાની પ્રવૃત્તિમાં લાગી પડ્યા.[૭૭]

૪૮ તે દેવોએ એ દિવ્ય યાન વિમાનની ત્રણ બાજુએ ત્રણ મોટાં સુંદર સોપાન ગોઠવ્યાં: એક સોપાન પૂર્વમાં, બીજું દક્ષિણમાં અને ત્રીજું ઉત્તરમાં. તે સોપાનોની નીંચ વજ્રમય બનાવી તેનાં પ્રતિષ્ઠાનો રિષ્ટરત્નોનાં બનાવ્યાં, ટેકા માટે મૂકેલા સ્તંભો વૈડુર્યરત્નમાંથી ઘડ્યા, સોપાનોનાં પાટિયાં સોનારૂપામય રચ્યાં, કઠેડામાં આવેલી સૂઇઓ (સળિયાઓ) લોહિતાક્ષરત્નોમાંથી નીપજાવી સાંધાના ભાગો વજ્રથી જડ્યા, અવલંબનોને અનેક પ્રકારનાં મણિઓમાંથી બનાવ્યાં, અવલંબન બાહુઓને—સોપાનોની બન્ને બાજુની કઠેડાવાળી ભીંતોને પણ મણિઓમાંથી જ રચ્યાં. આ પ્રકારે તે દેવોએ યાન વિમાની ત્રણ બાજુએ મૂકેલાં સોપાનો અતિ આકર્ષક, જોનારના ચિત્તને પ્રસાદ ઉપજાવે એવાં અને ઘણાં મનોહર બનાવ્યાં.

૪૯ તે ત્રણે સુંદર સોપાનોની આગળ સુંદર તોરણો બાંધ્યાં. તે તોરણો પણ ચંદ્રકાંત અને સૂર્યકાંત વગેરે અનેક મણિઓથી ભરેલાં હતાં, મણિમય સ્તંભો ઉપર ગોઠવેલાં હોવાથી નિશ્ચલ હતાં, તેમાં વિવિધ પ્રકારનાં મોતીઓ મૂકીને અનેક પ્રકારની ભાતો પાડેલી હતી, હાથી, ઘોડા, મગર, પક્ષી, વનવેલો અને કમળવેલો વગેરે અનેક

જેવા, કાળી કણેર જેવા અને કાળા બપોરીયા જેવા કાળા હતા.

પ્ર૦—શું તે કાળા મણિઓ એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર કાળા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ શ્રમણ! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે કાળા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર, અને મનોજ્ઞ કાળા વર્ણવાળા હતા.

૫૫ એ મણિઓમાં જે નીલા મણિ હતા તે ભૃંગ જેવા, ભૃંગની પાંખ જેવા, પોપટ જેવા, પોપટની પાંખ જેવા, ચાપ પક્ષી જેવા, ચાપના પીંછા જેવા, ગળી જેવા, ગળીના અંદરના ભાગ જેવા, ગળીની ગોળી જેવા, સાવા જેવા, ઉચ્ચંતક દંતરાગ જેવા, વનરાઇ જેવા, બળદેવે પહેરેલા લીલા કપડા જેવા, મોરની ડોક જેવા, અળસીના ...લ જેવા, બાણના ફૂલ જેવા, અંજનકેશીના ફૂલ જેવા, ...લા કમળ જેવા, લીલા અશોક જેવા, લીલા બપોરીયા ...ા, અને લીલી કણેર જેવા લીલા હતા.

પ્ર૦—શું તે મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવાજ ...ખર લીલા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ ...! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે લીલા મણિઓ ... બધી ઉપમાઓ કરતાં કયાંય વધારે ઇષ્ટતર, ... અને મનોજ્ઞ લીલા વર્ણવાળા હતા.

ગર્વ પ્રકારે ગરુનો હોય ત્રિ-સ્થાન જેવો નીચે: ... અંકનો ભૂભાગ સર્વ ... તેનો, એ પ્રકારે તે વિમાનની અંકનો ભૂભાગ, વરા-... ર સમ કરેલો હતો. વળી, જેમ ચેટાનું, બાળકનું, સરા... લિટનું, વાઘનું, હરણનું, બાકરાનું અને દીપડાનું ચામડું ... નું બાજુઓથી શંકુ શંકુ જેવા ખીલાઓ લગાવી ખેંચતાં ... નું એકસરખું થઈ જાય છે તેનો તે વિમાનનો અંદરનો ભૂભાગ સમ બનાવેલો હતો. તે ભૂભાગમાં, કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા એવા અનેક મણિઓ જડેલા હતા. તેમાના કેટલાક આવર્તવાળા, પ્રત્યાવર્તવાળા, શ્રેણિ અને પ્રશ્રેણિવાળા હતા, કેટલાક વળી સ્વસ્તિક જેવા, પુષ્પમાણવ જેવા, શરાવસંપુટ જેવા હતા. તે મણિઓમાં બીજા કેટલાક માછલાનાં ઇંડાં જેવા અને મગરનાં ઇંડાં જેવા જણાતા હતા. કેટલાક મણિઓમાં ફૂલવેલ, કમળપત્ર, સમુદ્રતરંગ, વાસંતીલતા, કમળવેલ વગેરે જેવાં ઘણાં બીજાં સુંદર ચિત્રો કોરેલાં હોય એમ દેખાતું હતું. તે ભૂભાગમાં જડેલા બધા મણિઓ ભારે ચકચકાટવાળા, અનેક કિરણોવાળા, ઉત્કટ પ્રભાવાળા અને તેજના અંબારથી ભરેલા હતા.

૫૪ એ મણિઓમાં જે કાળા મણિ હતા તે મેઘ જેવા, આંજણ જેવા, દીવાની મેશ જેવા, કાજળ જેવા, પાડાના શિંગડા જેવા, પાડાના શિંગડામાંથી બનાવેલી ગોળી જેવા, ભમરા જેવા, ભમરાની હાર જેવા, ભમરાની પાંખના સારભાગ જેવા, જાંબૂડા જેવા, કાગડાના નાના બચ્ચા જેવા, કોયલ જેવા, હાથીના બચ્ચા જેવા, કાળા સાપ જેવા, કાળા બકુલ જેવા, શરદ ઋતુના વાદળા જેવા, કાળા અશોક

ફૂલ જેવા, ચંપાના ફૂલ જેવા, કોળાના ફૂલ જેવા,
ફૂલ જેવા, ઘીસોડીના ફૂલ જેવા, કોરંટના ફૂલ જેવા, આ
સુહિરણ્યના ફૂલ જેવા, સોનેરી જૂઈના ફૂલ
બીયાના ફૂલ જેવા, કોરંટક ફૂલની ઉત્તમ માળા
અને પીળા બપોરીયા જેવા પીળા હતા.

પ્ર૦—શું તે પીળા મણિઓ, એ આપેલી ઉપમા
જેવાજ ખરેખર પીળા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મ
શ્રમણ! એ તો માત્ર ઉપમાઓ છે પણ તે પીળા મણિઓ
તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઈષ્ટતર, સરસ,
મનોહર અને મનોજ્ઞ પીળા વર્ણવાળા હતા.

૫૮ એ મણિઓમાં જે ધોળા મણિ હતા તે
અંક રત્ન જેવા, શંખ જેવા, ચંદ્ર જેવા, કુંદના ફૂલ જેવા,
શુદ્ધ દાંત જેવા, કમળ ઉપરના પાણીના મોતીયા જેવા,
શુદ્ધ પાણીના બિંદુ જેવા, દહીં જેવા, કપૂર જેવા, ગાયના
ધ જેવા, હંસોની શ્રેણિ જેવા, ક્રૌંચોની શ્રેણિ જેવા,
રોની શ્રેણિ જેવા, ચંદ્રોની શ્રેણિ જેવા, શરદ્ઋતુના
ર જેવા, ધમેલા અને ચોકખા કરેલા રૂપાના પતરા
ા, ચોખાના લોટના ઢગલા જેવા, કુંદના ફૂલના ઢગલા
ા, કુમુદના ઢગલા જેવા, વાલની સૂકી શિંગો જેવા, મોર-
ની વચ્ચે આવેલા ચંદ્રક જેવા, બિસતંતુ જેવા, મૃણા-
જેવા, હાથીદાંત જેવા, લવંગના ફૂલ જેવા, પુંડરીક કમળ
ધોળા અશોક જેવા, ધોળી કણેર જેવા અને ધોળા
બપારીયા જેવા ઉજળા હતા.

૫૬ એ મણિઓમાં જે રાતા મણિ હતા તે ઘેટાના લોહી જેવા, સસલાના લોહી જેવા, માણસના લોહી જેવા, વરાહના લોહી જેવા, પાડાના લોહી જેવા, નાના ઇન્દ્રગોપ જેવા, ઉગતા સૂર્ય જેવા, સંધ્યાના રાત રંગ જેવા, ચણોઠીના અડધા-રાતા ભાગ જેવા, જાસુદના ફૂલ જેવા, કેસુડાના ફૂલ જેવા, પારિજાતકના ફૂલ જેવા, ઉંચા હિંગળોક જેવા, પરવાળા જેવા, પરવાળાના અંકુર જેવા, લોહિતાક્ષ મણિ જેવા, લાખના રસ જેવા, કૃમિના રંગથી રંગેલા કામળા જેવા, ચીણાના લોટના ઢગલા જેવા, રાતા કમળ જેવા, રાતા અશોક જેવા, રાતી કણેર જેવા અને રાતા બપોરીયા જેવા રાતા હતા.

પ્ર૦—શું તે રાતા મણિઓ, એ આપેલી ઉપમાઓ જેવા જ ખરેખર રાતા હતા?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ શ્રમણ! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે રાતા મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ રાતા વર્ણવાળા હતા.

૫૭ એ મણિઓમાં જે પીળા મણિ હતા તે સોનાચંપા જેવા, સોનાચંપાની છાલ જેવા, સોનાચંપાના અંદરના ભાગ જેવા, હળદર જેવા, હળદરની અંદરના ભાગ જેવા, હળદરની ગોળી જેવા, હરતાળ જેવા, હરતાળની [illegible]ના ભાગ જેવા, હરતાળની ગોળી જેવા, ચિકુર જેવા, [illegible] રંગ જેવા, ઉત્તમ સોના જેવા, ઉત્તમ સોનાની [illegible] જેવા, વાસુદેવે પહેરેલા પીળા કપડા જેવા, અલ્લકીના

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ શ્રમણ ! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે સુગંધી મણિઓ તો તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, મનોહર અને મનોજ્ઞ સુગંધવાળા હતા.

૬૦ તે મણિઓનો રંગ અને ગંધ જેવો ઉત્તમ હતો તેવો જ તેમનો સ્પર્શ પણ ઉત્તમોત્તમ હતો. કેમ જાણે ત્યાં જમીન ઉપર કોમળ ચામડું જ ન પાથર્યું હોય, રૂ જ ન ભરેલું હોય, માખણ જ ન લગાડેલું હોય, હંસગર્ભના રૂથી ભરેલી એવી તળાઈઓ જ ન પાથરેલી હોય, સરસડાંનાં ફૂલોના જાણે ઢગલા જ ન કર્યા હોય અને કોમળ કમળોનાં પાંદડાં ન વેરેલાં હોય, એવો તે મણિઓનો કોમળ-મળતર[૮૦] સ્પર્શ હતો.

પ્ર૦—શું કોમળ સ્પર્શવાળા તે મણિઓ એ આપેલી પમાઓ જેવા જ ખરેખર કોમળ હતા ?

ઉ૦—એ અર્થ સમર્થ નથી અર્થાત્ હે આયુષ્મન્ મણ ! એ તો માત્ર ઉપમાઓ છે; પણ તે કોમળ મણિઓ ા તે બધી ઉપમાઓ કરતાં ક્યાંય વધારે ઇષ્ટતર, સરસ, નોહર અને મનોજ્ઞ કોમળ સ્પર્શવાળા હતા.

૬૧ ત્યારપછી તે આભિયોગિક દેવોએ પૂર્વવર્ણિત દિવ્ય યાન વિમાનની અંદર બરાબર વચ્ચેના ભાગમાં એક મોટા પ્રેક્ષાગૃહમંડળની રચના કરી. એ દેવોએ એ મં અનેક સ્તંભો ઉપર ઊભો કર્યો, ઉંચી વેદિ... અને સુંદર પૂતળીઓથી સુશોભિત બનાવ્યો, ... વાળાં વિમળ અને પ્રશસ્ત વૈડુર્ય...

પ્ર૦—[illegible] તે [illegible] મ[illegible] [illegible]
જેવા જ [illegible] [illegible] હતા ?

ઉ૦—એ [illegible] [illegible] નથી [illegible]
[illegible] ! [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible]
તો તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
મનોહર અને મનોજ્ઞ [illegible] [illegible] હતા.

પ્ર૦ એ દિવ્ય યાન વિમાનની અંદર
અનેક રંગવાળા નાના ચિત્ર જે મણિઓ જડેલા
દેખાવમાં સુંદર હતા એટલું જ નહિ પણ સુ-
ગંધ હતા. એ મણિઓમાંથી એવી સરસ સુગંધ
નીકળે એ ભૂભાગમાં કોષ્ઠોના, તગરનાં, એલાના
ચૂઆનાં, ચંપાના, દમણાનાં, કુંકુમનાં, ચંદનનાં, ૨
ળાનાં, મરવાનાં, જાઈનાં, જુઈનાં, મલ્લિકાનાં, સ્ન
કાનાં, કેતકીનાં, પાટલના, નવમાલિકાનાં, અગરન
ગનાં, કપૂરનાં, વાસકપૂરનાં પુડા—પડિઆઓ—અનુકૂળ
ચારે બાજુ ગંધ ફેલાય એ રીતે ખુલ્લાં પડેલાં ન
અથવા ત્યાં એ સુગંધી દ્રવ્યોમાંનાં ખાંડવા જેવાં
ખંડાતાં ન હોય, વેરાતાં ન હોય, એક વાસણમાંથી
બીજા વાસણમાં ભરાતા ન હોય, એ જાતની ઉદાર, મ
મનહર અને ઘ્રાણને તથા મનને શાંતિ આપનારી
એ ભૂભાગમાંથી ચારે બાજુ વરસ્યા કરે છે—

શું તે સુગંધી મણિઓ, એ આ
રેખર સુગંધી હતા ?

ગંધી, સરસ સ્પર્શવાળા અને રંગબેરંગી મણિઓ પણ જાજ જડેલા હતા, જેમાં પદ્મલતાઓ ભરેલી છે એવો એક મોટો સારામાં સારો ચંદરવો તે મંડપમાં બાંધેલો હતો.

૬૩ તે મંડપના એ લીસા ભૂભાગની વચ્ચોવચ્ચ તે દેવોએ એક મોટો વજ્રમય અખાડો બનાવ્યો, એ અખાડાની વચ્ચોવચ્ચ, આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી એક મોટી સ્વચ્છ, સુંવાળી, મણિમય મણિપીઠિકા બનાવી. તે મણિપીઠિકા ઉપર એક મોટું સિંહાસન સ્થાપિત કર્યું. સિંહાસન ઉપરના ચાકળા સુવર્ણમય તાર ઝીક અને સતારાથી ઝગઝગતા હતા; સિંહો રત્નના, પાયા સોનાના, પાયાના કાંગરા અનેક પ્રકારના મણિઓના, ગાત્રો જાંબૂનદનાં, સાંધાઓ વજ્રના અને સિંહાસનનું વાણ અનેક મણિઓથી ભરેલું હતું. વળી, તે સિંહાસનમાં ઘોડા, હાથી, મગર વગેરે પૂર્વોક્ત અનેક ચિત્રો કરેલાં હતાં. સિંહાસન આગળનું પાદપીઠ મણિમય અને રત્નમય હતું, તે પાદપીઠ ઉપરનું પગ રાખવાનું મસૂરિયું સુંવાળા અસ્તરથી ઢાંકેલું હતું અને તે મસૂરિયાની લટકતી ઝાલર કોમળ કેસરતંતુ જેવી જણાતી હતી. સિંહાસન ઉપર રજ ન પડે માટે તેને સારા શીવેલા રજસ્રાણથી ઢાંકેલું હતું, ચોકખા કપાસમાંથી બનેલું ચોકખું સૂતરાઉ કપડું તે રજસ્રાણ ઉપર ગોઠવેલું હતું અને તે આખા સિંહાસન ઉપર એક રાતું વસ્ત્ર ઢાંકેલું હતું: એ રીતે એ સિંહાસનને રમ્ય, સુંવાળું અને સર્વ પ્રકારે પ્રાસાદિક બનાવવામાં આવ્યું હતું.

૬૪ એ સુંદર સિંહાસનના ઉપરના ભાગમાં શં

ક, જલબિંદુ અને સમુદ્રનાં ફીણ જેવું ધોળું, તેમાં ભરેલાં
નોથી ઝગમગતું, ઝીણું અને સુંદર એક મોટું વિજય-
ધ્ય બાંધેલું હતું. એ વિજયદૂષ્યની બરાબર વચ્ચોવચ્ચ
એક મોટો વજ્રમય અંકુશ–વાંકો સળીયો ટાંગેલો હતો.
એ સળીયામાં ઘડા જેવડું એક મોટું મુક્તાદામ–
મોતીનું ઝુમખું–લટકાવેલું હતું અને તે મોતીના
ઝૂમખાની ચારે બાજુ અધઘડા જેવડાં બીજાં ચાર મોતી-
દામ પરોવેલાં હતાં. આ રીતે એ સિંહાસનના ઉપરના
ભાગમાં બાંધેલા વિજયદૂષ્યમાં એક મોટું મોતીનું ઝુમ્મર
શોભતું હતું. એ ઝુમ્મરનાં મોતીઓ સોનાની પાંદડીવાળાં
બીજાં અનેક લંબૂસગોથી શોભતાં હતાં તેમજ અનેકવિધ
મણિઓ, જાતજાતના હારો, અધહારો અને રત્નોથી ચમ-
કતાં હતાં. હવે જ્યારે પૂર્વનો, પશ્ચિમનો, દક્ષિણનો કે
ઉત્તરનો વાયુ ચાલતો ત્યારે એ મોતીઓ ધીરે ધીરે હલતાં
હતાં. હલતાં હલતાં તેઓ જ્યારે એક બીજા સાથે અફ-
ળાતાં ત્યારે તેમાંથી કાનને મધુર લાગે તેવું અને મન-
પરમ શાંતિ પમાડે તેવું ઉદાર–મનોહર ગુંજન નીકળતું
હતું. એ સુંદર દિવ્ય ગુંજનથી સિંહાસનની ચારે બાજુ
ગુંજાયમાન થઇ રહેતી હતી.

૬૫ તે સિંહાસનની આસપાસ વાયવ્ય ખૂણામાં, ઉત્તરમાં
ઈશાન ખૂણામાં સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવોને
બેસવા માટે એક એક હજાર–કુલ ચાર હજાર બીજાં સુંદર
ભદ્રાસનો એ આભિયોગિક દેવોએ માંડી દીધાં. સૂર્યાભદે-
વની ચાર પટરાણીઓ અને તેના પરિવારને બેસવા માટે

ન છે, તું આરાધક છો અને તું ચરમ

વાને આપેલો ઉત્તર સાંભળીને સૂર્યાભદેવ
ત થયું અને પરમ સૌમનસ્યયુક્ત થઈ
ત્તર સાંભળ્યા પછી એ સૂર્યાભદેવે ભગવાનને
આ પ્રમાણે વિનંતી કરીઃ "હે ભગવન્! તમે
છો અને જુઓ છો, જ્યાં જ્યાં જે છે
ણો છો અને જુઓ છો, સર્વ કાળના બના
છો અને જુઓ છો, સર્વ ભાવોને તમે જાણો
જુઓ છો; મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિને, મેં પ્રા
વ્ય દેવદ્યુતિને અને દિવ્ય દેવાનુભાવને પણ પહેલ
તમે જાણો છો અને જુઓ છો; તો હે ભગવન્
વાનુપ્રિય તરફની મારી ભક્તિને લીધે હું એ
કરું છું કે મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિ, દિવ્ય દેવદ્યુ
દિવ્ય દેવપ્રભાવ તથા બત્રીશ પ્રકારની દિવ્ય નાટ
આ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને દેખાડું.[90]"

૭૯ શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવની ઉપર્યુક્ત
તીને આદર[91] ન આપ્યો, અનુમતિ ન આપી અ
તરફ મૌન રાખ્યું. ત્યારપછી બીજીવાર, ત્રીજીવા
ણ સૂર્યાભદેવે એવીજ વિનંતી કરી અને તેના ઉત્તર
ભગવાન મહાવીરે તેનો આદર ન કરતાં માત્ર મૌન જ ધા
યું. છેવટે તે સૂર્યાભદેવ, શ્રમણ ભગવાન મહાવીરને વ
દઈ, વાંદી નમી ઉત્તર પૂર્વની દિશા તરફ ગ
જઈ તેણે વૈક્રિયસમુદ્ઘાત કર્યો, તે દ્વા

આનક, પાંચમું ભદ્રાસન, છઠ્ઠો કળશ, સાતમું મત્સ્યયુગલ અને આઠમું દર્પણ–એવી ગોઠવણી હતી. ત્યારપછી પૂર્ણ કલશ, દિવ્ય છત્ર અને ચામરો ચાલતાં હતાં. આ સાથે ગગન- ... કરતી, અતિશય સુંદર અને વાયુથી ફરફરતી વિજયવૈજયંતી નામની પતાકા ચાલતી ...ના ચકચકતા દાંડાવાળું, માળાઓથી ... ...યું ઉંચું છત્ર ચાલતું હતું. ...નડીઓની સુંદર જોડી અને પાદપીઠ ...થે અને રત્નની કારીગરીથી આશ્ચર્ય ...સિંહાસન અનેક દાસ દેવોના ખભા ઉપર ...બાદ વજ્રમાંથી બનાવેલો, ચકચકતો, ...રેલો, ગોળ આકારવાળો, પચરંગી ... ધજાઓથી શોભતો, છત્રાકારે ગોઠ-...તી પતાકાથી યુક્ત, અતિશય ઉંચો– માટેજ આકાશને અડકતો મોટામાં ...ચાલતો હતો. એની પછવાડે સુંદર ...જ થએલા, સર્વ પ્રકારના અલંકારોથી ...ગતા પાંચ સેનાધિપતિઓ તેમના મોટા ...બેઠેલા હતા. એમની પાછળ પોતપોતાનાં ...તપોતાના નેજા[૬૪] સાથે, પોતપોતાની વિશિષ્ટ ... એ આભિયોગિક દેવો અને તેમની દેવીઓ ... હતી. ત્યારબાદ–છેક છેલ્લે–તે સૂર્યાભવિમાનમાં ... બીજા દેવો અને દેવીઓ પોતપોતાની સર્વ ... સિદ્ધિ, દ્યુતિ, બળ, વેશભૂષા અને પરિવાર

યાન વિમાનની સવારીમાં જોડાએલા હતા: આ રીતે વિમાનના
નામી સૂર્યાભદેવની આગળ પાછળ અને બન્ને બાજુએ
નેક દેવ દેવીઓ ગોઠવાએલા હતા અને એ યાન વિમાન
એ બધાને ઉપાડી વેગવાળું ગમન ગતિ કરતું હતું.

૭૨ એ રીતે સજ્જ થએલો સૂર્યાભદેવ, પોતાના
એ દિવ્ય ઠાઠમાઠને બતાવતો બતાવતો સૌધર્મકલ્પની વચ્ચે
થઈને નીકળ્યો, અને સૌધર્મકલ્પથી ઉત્તરમાં આવેલા નીચે
આવવાના-[૮૫]નિર્યાણમાર્ગ તરફ તેણે પોતાના એ યાન
વિમાનને હંકાર્યું. તે, એ નિર્યાણમાર્ગને પહોંચતાં લાખ
યોજનની વેગવાળી[૮૬] ગતિથી ઝપાટાબંધ ભારતવર્ષ તરફ
આવવા લાગ્યો. આ તરફ આવતા આવતાં તેને અસંખ્ય
દ્વીપો અને સમુદ્રો ઉલ્લંઘવા પડ્યા. એ રીતે વેગબંધ
ગતિ કરતો એ સૂર્યાભદેવ નંદીશ્વર દ્વીપ[૮૭] સુધી આવી પહોંચ્યો
અને ત્યાં અગ્નિકોણમાં આવેલા રતિકર પર્વત પાસે આવી
લાગ્યો. આ રતિકર પર્વત પાસે આવીને એ સૂર્યાભદેવે પૂર્વે
વર્ણવેલી પોતાની દેવમાયા સંકેલી લીધી અને જંબૂદ્વીપના
ભારતવર્ષમાં પહોંચવા જેવી સાધારણ વ્યવસ્થા કરી લીધી.
હવે તે, રતિકર પર્વતથી જંબૂદ્વીપ ભણી આવવાના માર્ગે
પોતાના યાન વિમાનને હંકારવા લાગ્યો અને તુરતમાંજ
ભારતવર્ષમાં પહોંચ્યો. ત્યાં પહોંચી તેણે આમલકલ્પાનો
રસ્તો લીધો અને ઝપાટામાંજ આમલકલ્પાના અંબસાલવન
ચૈત્યમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર ઊતર્યા છે
આવી લાગ્યો. ત્યાં આવતાંજ તેણે એ દિવ્ય યા
સાથે શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ પ્રદક્ષિણા

ભગવાનથી ઉત્તર પૂર્વના ભાગમાં-ઈશાન ખૂણામાં તેણે એ યાનવિમાનને ધરતીથી ચાર આંગળ અધર રાખી ઊભું રાખ્યું.

૭૨ મોટા પરિવારવાળી પોતાની ચાર પટ્ટરાણીઓ, ગાંધર્વોનું અને નાટકીયાઓનું ટોળું એ બધા સાથે એ સૂર્યાભદેવ એ યાન વિમાન ઉપરથી ઊતરી નીચે આવ્યો. ત્યારબાદ સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો અને એ યાન વિમાનમાં આવેલા બીજા બધા દેવો અને દેવીઓ ક્રમશઃ નીચે આવ્યાં. એવા મોટા પરિવારથી વીંટાએલો સૂર્યાભદેવ, પોતાની સર્વ પ્રકારની દિવ્ય ઋદ્ધિ સાથે, દેવવાદ્યોના મધુર ઘોષ સાથે ચાલતો ચાલતો શ્રમણ ભગવાન મહાવીર તરફ આવ્યો, ત્રણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમી તેમને વિનયનમ્ર રીતે કહેવા લાગ્યોઃ

૭૩ " હે ભગવન્! હું સૂર્યાભદેવ મારા સકલ પરિવાર સમેત, આપ દેવાનુપ્રિયને વંદન કરું છું, નમન કરું છું અને આપની પર્યુપાસના કરું છું. "

૭૪ "હે સૂર્યાભ !" એમ કહી શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવને આ પ્રમાણે કહ્યુઃ " હે સૂર્યાભ ! એ પુરાતન છે, હે સૂર્યાભ ! એ ""જીત છે, હે સૂર્યાભ ! એ કૃત્ય છે, હે સૂર્યાભ ! એ કરણીય છે, હે સૂર્યાભ ! એ આચરાએલું છે અને હે સૂર્યાભ ! એ સંમત થએલું છે કે ' ભવનપતિના, વાનવ્યંતરના, જ્યોતિષિકના અને વૈમાનિક વર્ગના દેવો અરહંત ભગવંતોને વાંદે છે, નમે છે, અને પછી પોતપોતાનાં નામ ગોત્રો કહે છે,' તો હે સૂર્યાભદેવ! તું જે કરે છે તે પુરાતન છે અને સંમત થએલું છે."

૭૫ શ્રમણ ભગવાન મહાવીરનું કથન સાંભળી સૂર્યાભદેવ બહુ હર્ષિત થયો, પ્રફુલ્લ થયો અને ઘણોજ સંતુષ્ટ થયો; પછી તેમને વાંદી નમી તેમનાથી બહુ નજીક નહિ, તેમ બહુ દૂર નહિ, એવી રીતે બેસી તે સૂર્યાભદેવ તેમની શુશ્રૂષા કરતો સામો રહી વિનયપૂર્વક હાથ જોડી શ્રમણ ભગવાન મહાવીરની પર્યુપાસના કરવા લાગ્યો.

૭૬ તે વખતે શ્રમણ ભગવાન મહાવીરે પોતાના દર્શનાર્થે આવેલા સૂર્યાભદેવને, આમલકપ્પાના રાજા રાણીને તથા આમલકપ્પામાંથી આવેલી મોટી જનસભાને ધર્મદેશના સંભળાવી. દેશના સાંભળી જનતા તો પોતપોતાને ઠેકાણે ચાલી ગઇ.

૭૭ દેશના સાંભળીને પ્રસાદ પામેલા અને આહ્લાદિત હૃદયવાળા સૂર્યાભદેવે ઊભા થઇને પ્રણામપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને આ પ્રમાણે "પૂછ્યું:

પ્ર૦—હે ભગવન્! શું સૂર્યાભદેવ ભવસિદ્ધિક–ભવ્ય છે કે અભવસિદ્ધિક–અભવ્ય છે? સમ્યગ્દૃષ્ટિવાળો છે કે મિથ્યા દૃષ્ટિવાળો છે? સંસારમાં પરિમિતપણે ભ્રમનારો છે કે અનંત કાળ સુધી ભ્રમનારો છે? બોધિની પ્રાપ્તિ થવી તેને સારુ સુલભ છે કે દુર્લભ છે? શું તે આરાધક છે કે વિરાધક છે? તે ચરમ શરીરી છે કે અચરમ શરીરી છે?

'હે સૂર્યાભ!' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે તેને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો:

ઉ૦—હે સૂર્યાભ! તું ભવ્ય છે, સમ્યગ્દૃષ્ટિવાળો છો, સંસારમાં પરિમિતપણે ભ્રમનારો છો, તને બોધિની

પ્રાપ્તિ થવી સુલભ છે, તું આરાધક છો અને તું ચરમ શરીરી છો.

૭૮ ભગવાને આપેલો ઉત્તર સાંભળીને સૂર્યાભદેવનું ચિત્ત આનંદિત થયું અને પરમ સૌમનસ્યયુક્ત થયું. ભગવાનનો ઉત્તર સાંભળ્યા પછી એ સૂર્યાભદેવે ભગવાનને વાંદી નમી આ પ્રમાણે વિનંતી કરી: "હે ભગવન્! તમે બધું જાણો છો અને જુઓ છો, જ્યાં જ્યાં જે છે તે બધું તમે જાણો છો અને જુઓ છો, સર્વ કાળના બનાવોને જાણો છો અને જુઓ છો, સર્વ ભાવોને તમે જાણો છો અને જુઓ છો; મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિને, મેં પ્રાપ્ત કરેલી દિવ્ય દેવદ્યુતિને અને દિવ્ય દેવાનુભાવને પણ પહેલાં અને પછી તમે જાણો છો અને જુઓ છો; તો હે ભગવન્! આપ દેવાનુપ્રિય તરફની મારી ભક્તિને લીધે હું એવી ઇચ્છા કરું છું કે મારી દિવ્ય ઋદ્ધિસિદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવપ્રભાવ તથા બત્રીશ પ્રકારની દિવ્ય નાટ્યકળા આ ગોતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને દેખાડું.[૯૦]"

૭૯ શ્રમણ ભગવાન મહાવીરે સૂર્યાભદેવની ઉપર્યુક્ત વિનંતીને આદર[૯૧] ન આપ્યો, અનુમતિ ન આપી પણ તે તરફ મૌન રાખ્યું. ત્યારપછી બીજીવાર, ત્રીજીવાર પણ સૂર્યાભદેવે એવીજ વિનંતી કરી અને તેના ઉત્તરમાં ભગવાન મહાવીરે તેનો આદર ન કરતાં માત્ર મૌન જ ધરી રાખ્યું. છેવટે તે સૂર્યાભદેવ, શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઇ, વાંદી નમી ઉત્તર પૂર્વની દિશા તરફ ચાલ્યો. ઇશાન ખુણામાં જઈ તેણે વૈક્રિયસમુદ્ઘાત કર્યો, તે

દાર્યું; એ ભાગને યોજન સુધીના કાંટા કાઢીને બહાર ફેંકયા, ત્યાં મોટા પુદગલો તજી દીધા અને લેઈને તેનાં યથા-સૂક્ષ્મ પુદગલોનો ગ્રહણ કર્યો, વળી, બીજીવાર વૈક્રિયસમુદ્-ઘાત કરી તેણે નગારાના ઉપરના ભાગ જેવો સર્વ પ્રકારે સર્વ બાજુથી એકસરખો એવો એક ભૂભાગ સર્જ્યો, તેમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી સુશોભિત પૂર્વે વર્ણવેલા એવા અનેક મણિઓ જડી દીધા, સર્વ બાજુથી એકસરખા ભૂમંડળમાં વચ્ચોવચ્ચ તેણે એક પ્રેક્ષાગૃહ રચ્યું–નાટક-શાળા ખડી કરી. એ નાટકશાળા, તેમાં બાંધેલો ઉલ્લોચ–ચંદરવો, અખાડો અને મણિની પેઢલી એ બધાનું વર્ણન આગળ કહેવાઇ ગયુ છે તથા મણિની એ પેઢલી ઉપર સિંહા-સન, છત્ર વગેરે જે આગળ વર્ણવાઈ ગયું છે તે બધું બરા-બર ગોઠવી દીધું.

૮૦ ત્યારપછી એ સૂર્યાભદેવ શ્રમણ ભગવાન મહા-વીરના દેખતાં તેમને પ્રણામ કરે છે અને 'ભગવાન મને અનુજ્ઞા આપો ' એમ કહી પોતે બાંધેલી નાટકશાળામાં તેમની–તીર્થંકરની–સામે ઉત્તમ સિંહાસનમાં બેસે છે.

ત્યારબાદ બેસતાં વેંત તેણે અનેક પ્રકારનાં મણિમય કનકમય રત્નમય વિમલ અને ચકચકતાં કડાં પોંચી બેરખા વગેરે આભૂષણોથી દીપતો ભરાવદાર પુષ્ટ અને લાંબો એવો પોતાનો જમણો હાથ પસાર્યો.

એના એ જમણા હાથમાંથી સરખાં વય લાવણ્ય-રૂપ અને યૌવનવંતા, સરખાં નાટકીય ઉપકરણો અને વસ્ત્રા-ભૂષણોથી સજેલા, ખભાની બન્ને બાજુમાં ઉત્તરીય વસ્ત્રથી

મુક્ત ડોકમાં કોટિયું
અને છોગાં લગાવેલા,
ફરતાં જેના છેડા
મૂકેલી ઝાલરવાળાં
છાતી અને કંઠમાં પહેર
અને નાચ કરવાની
કુમારો નીકળ્યા.

૮૧ એજ પ્રમાણે
માંથી ચંદ્રમુખી,
તારાની જેમ ચમકતી
શોભતી, હસવે બોલવે
સંલાપે અને યોગ્ય ઉપચાર
કરવાની પૂરી તૈયારીવાળ
જોડીરૂપ એવી એકસો

૮૨ પછી એ
શંખલીઓ, ખરમુખી
પણવો—નાની પડઘમો,
કલીઓ, મોટી ઢક્કાઓ
લીઓ, સાંકડમુખીઓ,
મૃદંગો, આલિંગો,
માદળો, ત્રણ તારની
વાળી વીણાઓ, છ
વીણાઓ, બબ્બીસો,
ઘંટાઓ, સો તારની

ચિત્રવીણાઓ૩૨, આમોદો૩૩, ઝાંઝો૩૪, નકુલો૩૫, તૂણો૩૬, તુંબડાવાળી વીણાઓ૩૭, મુકુંદો૩૮, હુડુક્કો૩૯, વિચિક્કીઓ૪૦, કરટીઓ૪૧, ડિંડિમો૪૨, કિણિતો૪૩, કડવાંઓ૪૪, દર્દરો૪૫, દર્દરિકાઓ૪૬, કુસ્તુંબુરુઓ૪૭, કલશીઓ૪૮, કલશો૪૯, તાલો૫૦, કાંસાના તાલો૫૧, રિંગિરિસિકો૫૨, અંગરિકાઓ૫૩, શિશુમારિકાઓ૫૪, વાંસના પાવાઓ૫૫, બાલીઓ૫૬, વેણુઓ-વાંસળીઓ૫૭, પરિલ્લીઓ૫૮, અને બદ્ધકો૫૯, એમ ૯૩ઓ-ગણુપચાસે જાતનાં એકસો ને આઠ આઠ વાજાંઓ બનાવ્યાં અને એકસો ને આઠ આઠ તે દરેક વાજાંને વગાડનારા બનાવ્યા.

૮૩ પછી એ સૂર્યાભદેવે પોતાના હાથમાંથી સરજેલા તે દેવકુમારો અને દેવકુમારીઓને બોલાવીને કહ્યું કે–

“હે દેવાનુપ્રિયો ! તમે શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઓ અને તેમને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન–નમન કરી એ ગૌતમ વગેરે શ્રમણનિર્ગ્રંથોને તે દિવ્ય દેવઋદ્ધિ દિવ્ય દેવદ્યુતિ દિવ્ય દેવાનુભાવવાળું બત્રીશ પ્રકારનું નાટક ભજવી બતાવો.”

૮૪ સૂર્યાભદેવની આજ્ઞા થતાં જ તેને માથે ચઢાવી હૃષ્ટતુષ્ટ થએલાં એ દેવકુમારો અને દેવકુમારીઓ શ્રમણ ભગવાન મહાવીર તરફ જઇ તેમને વાંદી–નમી જે તરફ ગૌતમાદિક શ્રમણનિર્ગ્રંથો હતા તે તરફ વળ્યાં અને એક સાથેજ એક હારમાં એક-કતાર ઊભા રહ્યાં, સાથે જ નીચે નમ્યાં, વળી પાછું સાથેજ તેઓ પોતાનાં માથાં ઉંચાં કરી ટટ્ટાર ઊભા રહ્યાં. એજ પ્રમાણે સહિતપણે અને સંગતપણે નીચે નમ્યાં અને પાછાં ટટ્ટાર ઊભા રહ્યાં, પછી સાથે જ

ટદ્દાર ઊભા રહી દેવાઈ ગયાં અને પોતપોતાનાં નાચ-ગાનનાં ઉપકરણો હાથપગમાં બરાબર ગોઠવી રાખી એક સાથે જ વગાડવા લાગ્યાં, નાચવા લાગ્યાં અને ગાવા લાગ્યાં.

૮૫ તેમનું સંગીત ઉરથી શરૂ થતાં ઉઠાવમાં ધીરું-મંદ મંદ, મૂર્ધામાં આવતાં તારસ્વરવાળું અને પછી કંઠમાં આવતાં વિશેષ તારસ્વરવાળું, એમ ત્રિવિધ હતું. જ્યારે એ બધાં ગાતાં હતાં ત્યારે તેનો મધુર પડછંદો નાટકશાળામાં આખાય પ્રેક્ષાગૃહવાળા મંડપમાં પડતો હતો. જે જાતના રાગનું ગાણું હતું તેને જ અનુકૂળ એમનું સંગીત હતું. ગા-નારાઓનાં ઉર મૂર્ધા અને કંઠ એ ત્રણે સ્થાનો અને એ સ્થાનોનાં કરણો વિશુદ્ધ હતાં. વળી, ગુંજતો વાંસનો પાવો અને વીણાના સ્વર સાથે ભળતું, એક બીજાની વાગતી હથે-ળીના અવાજને અનુસરતું, સુરજ અને કાંસીઓના ઝણઝ-ણાટના તથા નાચનારાઓના પગના ઠમકાના તાલને બરા-બર મળતું, વીણાના લયને બરાબર બંધબેસતું અને શરૂ-આતથી જે તાનમાં પાવો વગેરે વાગતાં હતાં તેને અનુરૂપ એવું એમનું સંગીત કોયલના ટહુકાજેવું મધુરું હતું. વળી, એ સર્વ પ્રકારે સમ, સલલિત–કાનને કોમળ, મનોહર, મૃદુ-પદસંચારી, શ્રોતાઓને રતિકર, છેવટમાં પણ સુરસ એવું તે નાચનારાઓનું નાચસજ્જ વિશિષ્ટ પ્રકારનું ઉત્તમોત્તમ સંગીત હતું.

૮૬ જ્યારે એ મધુરું મધુરું સંગીત ચાલતું હતું ત્યારે શંખ રણશિંગું શંખલી ખરમુખી પેયા અને પીરી-પીરિકાને વગાડનારા તે દેવો તેમને ધમતા, પણવ

 ...મૃદંગાવના, ભેરી

આઘાત કરતા, ભંભા ગોદી કાંડોને આસ્ફાલના, મુરજ મૃદંગ નંદી-
...દુંદુભીઓ ઉપર તાડન કરતા, આલિંગ કુસ્તુંબ ગોમુખી માદંગ
...નો આલાપ લેતા, આલિંગ કુસ્તુંબ ગોમુખી નલકીઓને મૂર્છાવતા,
... ઉત્તાડન કરતા, વીણા વિપંચી વલકીઓને મૂર્છાવતા,
...તારની ગોદી વીણા કાચ્છી વીણા ચિત્ર વીણાને ફૂટતા,
...ઢીમ સુધોષા નંદીઘોષાનું ગારણ કરતા, ભ્રામરી પદ્‌ભ્રામરી
...રિવાદનીનું સ્ફોટન કરતા, તૂણ તુંબવીણાને છબછબતા
...આમોદ ઝાંઝ કુંભ નકુલોનું આમોટન કરતા-પરસ્પ
...અફળાવતા, મૃદંગ હુડુક્કી વિચિક્કીઓને છેડતા, કરટી ડિંમ
...કિણિત કડવાંને બજાવતા, દર્દરક દર્દરિકાઓ કુસ્તુંબરુ કલશીઓ
મડુંઓ ઉપર અતિશય તાડન કરતા, તલ તાલ કાંસાના
તાલો ઉપર થોડું થોડું તાડન કરતા-પરસ્પર ઘસતા, રિં-
ગિરિસિકા લત્તિકા મકરિકા શિશુમારિકાનું ઘટ્ટન કરતા
અને બંસી વેણુ વાલી પરિલ્લી તથા બદ્ધકોને ફૂંકતા હતા.

૮૭ એ રીતે એ ગીત નૃત્ય અને વાદ્ય દિવ્ય મનોજ્ઞ
મનહર અને શૃંગારરસથી તરબોળ બન્યાં હતાં, અદ્ભુ
થયાં હતાં, બધાનાં ચિત્તનાં આક્ષેપક નીવડ્યાં હતાં. ઉછળ
સંગીતને સાંભળનારા અને નૃત્યને જોનારા દ્વારા ગાજી રહી હ...
વાહવાહના કોલાહલથી એ નાટકશાળા ગાજી રહી હતી. એ
એમ એ દેવોની દિવ્ય રમત પ્રવૃત્ત થએલી હતી. એ
રમતમાં મસ્ત બનેલા તે દેવકુમારો અને દેવકુમારીઓએ
શ્રમણ ભગવાન મહાવીરની સામે સ્વસ્તિક શ્રીવત્સ નંદાવર્ત
વર્ધમાનક ભદ્રાસન કલશ મત્સ્ય અને દર્પણના દિવ્ય અભિ-
નયો[૯૪] કરી એ મંગળરૂપ પ્રથમ નાટક બજાવી દેખાડ્યું હતું.

૮૮ વળી, એ દેવકુમારો અને દેવકુમારીઓ બીજું નાટક ભજવી બતાવવા પૂર્વે જણાવેલી રીતે એકસાથે એક હારમાં ભેગાં થઇ ગાવા નાચવા અને વાજાં વગાડવા લાગ્યાં તથા એ અદ્‌ભુત દેવરમતમાં મશગુલ બની ગયાં.

૮૯ આ બીજા નાટકમાં તેમણે શ્રમણ ભગવાન મહાવીરની સામે આવર્ત પ્રત્યાવર્ત શ્રેણિ પ્રશ્રેણિ સ્વસ્તિક પૂસમાણુગ વર્ધમાનક મત્સ્યાંડક મકરાંડક જાર માર પુષ્પાવલી પદ્મપત્ર સાગરતરંગ વસંતીલતા અને પદ્મલતાના અભિનયો કરી દેખાડી બીજું નાટક પૂરું કર્યું.

૯૦ પછી ત્રીજું નાટક ભજવી બતાવવા ભેગાં થયેલાં તે દેવકુમારો અને દેવકુમારીઓએ શ્રમણ ભગવાન મહાવીર-ની સામે ઇહામૃગ બળદ ઘોડો માનવ મગર વિહગ-પક્ષી વ્યાલ કિન્નર રુરુ શરભ ચમર કુંજર વનલતા અને પદ્મ-લતાના અભિનયો કરી દેખાડ્યા.

૯૧ ચોથું નાટક દેખાડતાં તે દેવકુમારો અને દેવકુ-મારીઓએ શ્રમણ ભગવાન મહાવીરની સામે એકતશ્ચક્ર દ્વિધાચક્ર એકતશ્ચક્રવાલ દ્વિધાચક્રવાલ એમ ચક્રાર્ધ અને ચક્રવાલનો અભિનય ભજવી બતાવ્યો.

૯૨ પાંચમું નાટક ભજવતાં તેમણે આવલિકાઓનો અભિનય કર્યો. એમાં એમણે ચંદ્રાવલિકા વલયાવલિકા હંસાવલિકા સૂર્યાવલિકા એકાવલિકા તારાવલિકા મુક્તાવલિકા કનકાવલિકા અને રત્નાવલિકાઓના દેખાવો કરી બતાવ્યા.

૯૩ છઠ્ઠું નાટક શરૂ કરતાં તેમણે ઉદ્‌ગમનોના એ... ચંદ્ર ઊગવાનાં અને સૂર્ય ઊગવાનાં દરશ્યો ખડાં ...

૯૪ સાતમા નાટકમાં આગમનના અર્થાત્ ચંદ્રના આગમનના અને સૂર્યના આગમનના દેખાવો કરી બતાવવામાં આવ્યા.

૯૫ આઠમા નાટકમાં તેઓએ આવરણના—ચંદ્રના અને સૂર્યના આવરણના દેખાવો કરી દેખાડયા અર્થાત્ જ્યારે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય ત્યારે જગતમાં અને ગગનમાં જે જાતનું વાતાવરણ પ્રસરે છે તે એ નાટકમાં પ્રત્યક્ષ કરી બતાવવામાં આવ્યું.

૯૬ નવમા નાટકમાં અસ્તમનના દેખાવો આવ્યા એટલે જ્યારે ચંદ્ર અને સૂર્ય આથમી જાય છે ત્યારે જગતમાં અને આકાશમાં જે જે ઘટનાઓ બને છે તે બધી નજરોનજર ખડી કરવામાં આવી.

૯૭ દસમું નાટક ચંદ્રમંડલ સૂર્યમંડલ નાગમંડલ યક્ષમંડલ ભૂતમંડલ રાક્ષસમંડલ અને ગાંધર્વમંડલના અભિનયોમાં પૂરું થયું. એમાં ચંદ્ર સૂર્ય નાગ યક્ષ ભૂત રાક્ષસ અને ગાંધર્વ સંબંધી મંડલોના ભાવો ભજવી બતાવ્યા.

૯૮ અગ્યારમું નાટક દ્રુતવિલંબિત અભિનયને લગતું હતું, તેમાં વૃષભની અને સિંહની લલિત ગતિ, ઘોડાની અને ગજની વિલંબિત ગતિ, મત્ત ઘોડા અને મત્ત હાથીની વિલસિત ગતિ કરી બતાવવામાં આવી.

૯૯ બારમા નાટકમાં સાગર અને નગરના આકારો અભિનયમાં કરી બતાવ્યા.

૧૦૦ તેરમું દિવ્ય નાટક નંદા અને ચંપાના અભિ

વિજયથી વધાવી તેઓએ જણાવ્યું કે આપે કરેલી આજ્ઞા પ્રમાણે અમે શ્રમણ ભગવાન મહાવીર પાસે જઈ બત્રીશે પ્રકારનું એ દિવ્ય નાટક દેખાડી આવ્યાં.

૧૦૯ ત્યારબાદ એ સૂર્યાભદેવ પોતાની તે દિવ્ય દેવમાયાને સંકેલી લઇ એક ક્ષણમાં એકલો–હતો તેવો એકાકી બની ગયો. પછી તે શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દઈ વાંદી નમી પોતાના પૂર્વોક્ત પરિવાર સાથે એ દિવ્ય યાન વિમાન ઉપર ચઢી જ્યાંથી આવ્યો હતો ત્યાંજ પાછો ચાલ્યો ગયો.

૧૧૦ એના ગયા પછી 'ભગવન્' એમ કહીને ચૌદ પૂર્વને જાણનારા, ચાર જ્ઞાનથી યુક્ત, સર્વાક્ષરસંનિપાતી, મહાતપસ્વી, સૂર્યાભની એ દેવમાયાને જોઈને [૯૯]શંકાશીલ થયેલા અને કુતૂહલવાળા બનેલા ભગવાન ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને વાંદી નમીને નમ્રપણે આ પ્રમાણે બોલ્યાઃ

૧૧૧ પ્ર૦—હે ભગવન્ ! તે સૂર્યાભદેવની એ દિવ્ય દેવમાયા, એ દિવ્ય દેવદ્યુતિ, એ દિવ્ય દેવાનુભાવ ક્યાં ગયાં ? ક્યાં સમાઈ ગયાં ?

ઉ૦—હે ગૌતમ ! સૂર્યાભદેવે [illegible] તે દેવમાયા તેના શરીરમાં ગઈ, તેના શરીરમાં સમાઈ.

પ્ર૦—હે [illegible] ! તે ક્યા કારણથી એમ કહ્યું ?

ઉ૦ [illegible] ! [illegible]

[illegible]

[illegible]

[illegible]

મોટા બનાવો બન્યા હતા તે દરેકને અભિનયોમાં કરી
દેખાડ્યા—તેમાં તેમનું ચ્યવન, ગર્ભસંહરણ, જન્મમહોત્સવના
બનાવો, અભિષેકનો પ્રસંગ, બાલક્રીડા, યૌવનદશા, કામભો-
ગની લીલા, નિષ્ક્રમણનો પ્રસંગ, તપશ્ચરણની અવસ્થા, જ્ઞાની
થયાની પરિસ્થિતિ, તીર્થપ્રવર્તનની ઘટનાને લગતા અભિ-
નયો હતા અને પછી છેલ્લા અભિનયમાં ભગવાન મહા-
વીરના નિર્વાણનું ચિત્ર પણ ઉતારવામાં આવ્યું હતું. આમ
એ ચરમ-છેલ્લું-બત્રીશમું નાટક પૂરું થયું.

૧૦૭ એ નાટકોમાં તે દેવકુમારો અને દેવકુમારી-
ઓએ ઢોલ વગેરે પહોળાં, વીણા વગેરે તાંતવાળાં, ઝાંઝ
વગેરે નક્કર અને શંખ વગેરે પોલાં એમ ચાર જાતનાં
વાજાં વગાડેલાં.

ઉત્ક્ષિપ્ત પાદવૃદ્ધ[97] મંદ અને રોચિત એમ ચા
પ્રકારનું સંગીત ગાએલું.

અંચિત, રિભિત, આરભટ અને ભસોલ એમ ચ
પ્રકારે નૃત્ય કરેલું.

દાર્ષ્ટાંતિક પ્રાત્યંતિક સામાન્યતોપનિપાતનિક
લોકમધ્યાવસાનિક એમ ચાર જાતના અભિનયો[98] ભ
બતાવેલા.

૧૦૮ હવે તે દેવકુમાર અને દેવકુમારીઓ ગૌ
દિક શ્રમણ નિર્ગ્રંથોને એ બત્રીશે પ્રકારનું દિવ્ય નાટક
તથા શ્રમણ ભગવાન મહાવીરને ત્રણ પ્રદક્ષિણા દ
વાંદી નમી જે તરફ પોતાનો અધિપતિ સૂર્યાભદેવ
તરફ ગયાં અને હાથ જોડી પોતાના એ અધિપ

ર્વરત્નમય દર્શનીય અને અસાધારણ સુંદરતાવાળા છે.

તે વિમાનોની વચ્ચોવચ્ચ પાંચ અવતંસકો જણાવેલા છે: અશોક અવતંસક, સપ્તપર્ણ અવતંસક, ચંપક અવતંસક, ચૂતક અવતંસક અને વચ્ચે સૌધર્માવતંસક. એ પાંચે અવતંસકો પણ સર્વરત્નમય સુંદરતમ છે.

એમાંના તે સૌધર્માવતંસક મહાવિમાનથી પૂર્વે તીરછું અસંખ્ય લાખ યોજન આગળ વધીએ ત્યારે ત્યાં સૂર્યાભદેવનું સૂર્યાભ નામનું વિમાન જણાવેલું છે. એ વિમાનની લંબાઈ પહોળાઈ સાડાબાર લાખ યોજન છે અને ઘેરાવો ઓગણચાળીશ લાખ બાવન હજાર આઠ સો અડતાલીશ યોજન છે.

૧૧૩ સૂર્યાભદેવના એ વિમાનની ફરતો ચારે બાજુ એક મોટો પ્રાકાર–ગઢ છે. એ ગઢ ત્રણસેં યોજનની ઉંચાઈએ છે. મૂળમાં તેની પહોળાઈ સો યોજન, વચ્ચે પચાસ યોજન અને છેક ઉપર પચીસ યોજન છે અર્થાત્ એ ગઢ મૂળમાં પહોળો–પહોળો વચ્ચે સાંકડો અને છેક ઉપર વધારે પાતળો છે. ગઢનો આકાર ગાયના પૂંછડા જેવો છે અને તે આખોય ગઢ સર્વકનકમય અચ્છો મનોહર છે.

એ ગઢનાં કાંગરાં અનેક પ્રકારના કાળા નીલા લાલ પીળા અને ધોળા એમ પાંચે રંગોથી શોભિતાં છે. તે એક એક કાંગરું લંબાઈમાં એક યોજન, પહોળાઈમાં અરધું યોજન, અને થોડું ઓછેરું યોજન ઉંચાઈમાં છે. તે બધાં કાંગરાં સર્વ પ્રકારનાં રત્નોમાંથી બનાવેલાં છે–બહુ રમણીય છે.

૧૧૪ સૂર્ય ગ્રહોના [illegible] વિમાનની ચાર ચાર બજુએ ચાર ચાર બારણાં [illegible] ત્યાં તે વિમાનને પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ [illegible] આગળ મળીને ચાર ચાર બારણાં હોય છે.

તે એક એક બારણું [illegible] પાનો યોજન છે.

પહોળાં અને પ્રવેશ બીનો યોજન છે.

તે બધાં બારણાં ધોળાં છે, તેની ઉપરનાં શિખરો સોનાનાં છે, એ શિખરોના [illegible] હીરાનાં, એમના રત્નમય [illegible] વગેરેના [illegible], એમના શિખર ઉપરની વેદિકાઓ વજ્રમય–એ બધાં બારણાં શિખરવાળાં છે, એવાં એ બારણાં ઠારે એવાં સુખપ્રદ [illegible] છે

તે દરેક બારણાની નેમો વજ્રમય, મૂળ પાયા રિષ્ટરત્નના, થાંભલીઓ વૈડુર્યની અને તેનું તળ પંચરંગી ઉત્તમ મણિઓમાથી બનેલું છે. ટીલીઓ હંસગર્ભરત્નની, ઈંદ્રકીલો ગોમેદના, બારશાખો લોહિતાક્ષરત્નની, ઓતરંગો જ્યોતિરસરત્નના, સૂઈઓ–ખીલીઓ–લોહિતાક્ષરત્નની, સાંધાઓ વજ્રના, ખીલીઓની ટોપીઓ વિવિધ મણિમય, આગળિયો વજ્રનો, આવર્તનપીઠ–ઉલાળાનું ઠેકાણું અને તેનું અટકણ વજ્રનું, બારણાના ઉત્તર પડખાં અંક રત્નનાં: એવી સરસ રચનાવાળાં, બારણાંઓની શોભાવાળી રચના છે. તેનાં કમાડ લગાર પણ આંતરા વિનાનાં ચપોચપ ભીડાય તેવાં મજબૂત છે. બારણાંની ભીંતોમાં બન્ને પડખે એકસો અડસઠ અડસઠ ભીંતગોળીઓ છે અને તેટલીજ ગોમાણસીઓ એટલે બેઠકો છે. વિવિધ

મણિરત્નોથી રમતી પૂતળીઓ બારણાંઓમાં ખોરેલી છે. તેનો માઢ-માડભાગ-વજ્રનો અને માડભાગનું શિખર રૂપાનું છે.

બારણાના ઉપલા ભાગો સુવર્ણમય, તેમાં મણિમય જાળીવાળા ગોખલાઓ, પડખાં અને પડખાંની બાજુઓ અંકરત્નમય અને વાંસડાઓ ખપાટો તથા નળિયાં જ્યોતિરસરત્નમય છે. તેની પાટીઓ રૂપાની, નળિયાંનાં ઢાંકણ સુવર્ણમય અને ટાટીઓ વજ્રમય છે. એ જાતનાં તે બારણાં શંખના ઉપલા ભાગ જેવાં અને રૂપાના ઢગલા જેવાં ધોળાં લાગે છે. તે બારણાંઓ ઉપર અનેક પ્રકારનાં તિલકો–ટીલાં અને અર્ધચંદ્રો કોરેલાં છે, મણિની માળાઓ ટાંગેલી છે, બારણાં બહાર અને અંદર સુંવાળાં છે, તેના ઉપરની રંગની ભૂકી સોનાની વેળુમય છે: એવાં એ બારણાં સુંદર, સારા સ્પર્શવાળાં, રૂડી શોભાવાળાં, પ્રસન્નતા પમાડે તેવાં દર્શનીય અને અસાધારણ રમણીય છે.

એ બારણાંની બન્ને બાજુની બેઠકોમાં કમળ ઉપર કોરેલા એવા ચંદનના સોળ સોળ કળશોની હારો, તેઓમાં સુગંધી પાણી ભરેલાં, તેમના કાંઠાઓમાં રાતાં સૂતર નાંખેલાં, અને તેનાં ઢાંકણાં પદ્મોત્પલનાં–એવા એ સર્વરત્નમય ઘડાઓ, હે દીર્ઘજીવી શ્રમણ ! મોટામાં મોટા ઈન્દ્રકુંભની જેવા વિશેષ રમણીય જણાવેલા છે.

૧૧૫ વળી, તે બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ નાગદંતોની–આંકડિયાઓની–હારો આવેલી છે.

તે દરેક નાગદંતો ઉપર નાની નાની ઝણઝણતી ઘંટડીઓ લટકેલી, ઓઓ ભીંતમાં બરાબર બેઠેલા, એમનો આગલો ભાગ ભીંતથી સારી રીતે બહાર પડતો—એવા એ સાપના અડધા ભાગ જેવા દેખાતા વજ્રમય સીધા લાંબા નાગદંતો, હે આયુષ્મન્ શ્રમણ ! મોટા મોટા ગજદંતના આકાર જેવા સુંવાળા અને શોભાજનક છે.

વળી, એ નાગદંતોમાં કાળા, નીલા, રાતા, પીળા અને ધોળા સૂતરથી પરોવેલી લાંબી લાંબી માળાઓ લટકાવેલી, એ માળાઓના લંબૂસકો—ઉપરનાં ફુમતાં—સોનાનાં, એ ફુમતાંની આડખેપડખે જડેલી સોનાના પતરાની પાંદડીઓ છે; જ્યારે દક્ષિણનો ઉત્તરનો પૂર્વનો અને પશ્ચિમનો મંદ મંદ પવન વાય ત્યારે તે ધીરે ધીરે હલતી હલતી પાંદડીઓમાંથી કાન અને મનને શાંતિ આપે એવું મધુરું સંગીત નીકળે છે.

૧૧૬ વળી, હે આયુષ્યમન્ શ્રમણ ! એ નાગદંતોની ઉપર બીજા સોળ સોળ નાગદંતોની હારો આવેલી છે, તેઓ પણ ગજદંતના આકાર જેવા સુવાળા અતિરમણીય છે. ઉપરના આ નાગદંતોમાં રજતમય શિકાં ટાંગેલાં છે, એ દરેક શિકામાં વૈડુર્યની ધૂપઘડીઓ મૂકેલી છે, એ ધૂપઘડીઓમાં ઉત્તમ કાળો અગર કિનરુ અને તુરુક્કનો સુગંધી ધૂપ મઘમઘી રહ્યો છે, એવી એ સુગંધી વાટ જેવી ગધમઘતી ધૂપઘડીઓમાંથી નીકળતી મનોહારી સુગંધ ઘ્રાણ અને મનને શાંતિ આપતી પ્રદેશમાં ચારે કોર ફેલાતી રહે છે.

ની બન્ને પડખેની એકકો

ાવેલી છે. તે પૂતળી

૧

સોળ સો'

વિવિધ પ્રકારની લીલાઓવાળી, સુપ્રતિષ્ઠિત, સારી રીતે શણ-ગારેલી, રંગબેરંગી વસ્ત્રો પહેરેલી અને અનેક જાતની માળાઓવડે શોભાયમાન છે. એમનો કટિભાગ મૂઠીમાં આવી જાય એવો પાતળો, અંબોડા ઉંચા અને કઠણ પીવર —ભરાવદાર—છાતી, આંખના ખૂણા રાતા, વાળ કાળા ૧ અને શોભનિક છે. અશોક વૃક્ષ ઉપર તેની ડાળને હાથે પકડીને એ પૂતળીઓ ઊભેલી છે. આંખમીંચા-કરતી એ, જાણે દેવોનાં મનને હરી ન લેતી હોય, બીજા સામું જોતી એ, જાણે પરસ્પર ખીજતી ન હોય, ! જણાય છે. એ બધી બનેલી છે તો પૃથ્વીમાંથી—ડીમાંથી—પણ નિત્ય રહેનારી છે. એમનું મુખ ચંદ્ર જેવું ાટ ચંદ્રાર્ધ જેવું અને દેખાવ ચંદ્ર જેવો સૌમ્ય છે. ખરતા રાની જેમ એ બધી ઝગમગ્યા કરે છે, મેઘની વીજ-ાનો ઝળકારો અને પ્રખર સૂર્યનો ચમકાટ એ કરતાં ય ઓ વધુ ઝળકે છે—ચમકે છે. એવી એ પૂતળીઓ શૃંગારે ાકારે અને વેશે પ્રસાદ ઉપજાવે એવી દેખાવડી અને મનોહર છે.

૧૧૮ વળી, એ બારણાંઓની બન્ને બાજુની બેઠ-કોમાં સર્વરત્નમય સુંદર જાળીવાળાં સોળ સોળ રમણીય સ્થાનો છે. બન્ને પડખેની એ બેઠકોમાં સોળ સોળ ઘંટાની હારો ટાંગેલી જણાવેલી છે. એ ઘંટાઓ સુવર્ણમય, તેમના લોલકો વજ્રમય, ઘંટાનાં બન્ને પડખાં વિવિધ મણિમય, ઘંટાની સાંકળો સોનાની અને દોરીઓ રૂપાની છે. તેમનો રણકો મેઘના ગડગડાટ જેવો, સિંહની ગાડ જેવો, દુંદુભિ-

ના નાદ જેવો, હંસના સ્વર જેવો મધુર છે; એ નાદ કાનને અને મનને ઠારે-સુખ આપે-તેના રણકારે તે પંડા આસપાસનો પ્રદેશ પણ ગાજતો રહે છે.

૧૧૯ વળી, એ બારણાંઓની બન્ને બાજુની બેઠકોમાં સોળ સોળ વનરાઈઓ જણાવેલી છે. એ વનરાઈઓમાં ઊગેલાં વેલો ફૂલગા અને પાંદડાં મણિમય છે, એના ઉપર ભમરાઓ ગુંજતા રહે છે; આવી એ વનરાઈઓ ટાઢી હિમ જેવી શીતળ અને પ્રાસાદિક છે.

વળી, તે બન્ને પડખેની બેઠકોમાં વજ્રમય સોળ સોળ પ્રકંઠકો-ઓટલાઓ જણાવેલા છે. તે દરેકની લંબાઈ પહોળાઈ અઢીસો યોજન અને જાડાઈ સવાસો યોજન છે. તે તે એક એક પ્રકંઠક ઉપર એક એક મોટો ઉંચો મહેલ આવેલો જણાવેલો છે, તે દરેક મહેલ અઢીસો યોજન ઉંચો અને સવાસો યોજન પહોળો છે. જાણે પ્રભાના પુંજ ન હોય એવા એ મહેલો વિવિધ મણિઓ અને રત્નોથી ખીચોખીચ જડેલા છે. ઉપરાઉપર છત્રોથી શોભાયમાન વિજય વૈજયન્તી પતાકાઓ એ મહેલો ઉપર પવનથી ફરફરતી રહે છે. એનાં મણિકનકમય શિખરો ઉંચાં આભને અડતાં છે. મહેલોની ભીંતોમાં વચ્ચે વચ્ચે રત્નોવાળાં જાળિયાંઓ મૂકેલાં છે. બારણાંમાં પેસતાંજ વિકાસમાન પુંડરીક કમળો અને ભીંતોમાં વિધવિધ તિલકો તથા અર્ધચંદ્રકો કોરેલા છે. મહેલો અંદર અને બહાર લીસા સોનેરી વેળુથી લીંપેલા સુંદરતમ છે. જે પ્રકંઠકો ઉપર તે મહેલો છે તે પ્રકંઠકો પણ છત્રોથી શોભતી ધજાઓથી રમણીય છે.

૧૨૦ એ મહેલોનાં બારણાંની બન્ને બાજુ સોળ સોળ તોરણો જણાવેલાં છે. એ મણિમય તોરણો મણિમય થાંભલાઓ ઉપર બેસાડેલાં છે, તેમના ઉપર પદ્મ વગેરેના ગુચ્છાઓ ટાંગેલા છે. તે એક એક તોરણની આગળ પૂર્વે વર્ણવેલા એવા નાગદંતો તથા એવી જ બબ્બે પૂતળીઓ ઊભેલી છે. તેજ રીતે દરેક તોરણની આગળ એક એક બાજુ સર્વરત્નમય ઘોડા હાથી માનવ કિંનર કિંપુરુષ મહોરગ ગાંધર્વ અને વૃષભની હારો આવેલી છે, તેજ પ્રકારે નિત્ય પુષ્પવાળી સર્વરત્નમય પદ્મલતા વગેરેની શ્રેણિઓ આવેલી છે. એ રીતે, હે આયુષ્મન્ શ્રમણ! દિશાસ્વસ્તિક ચંદનકલશ અને મત્તગજના મુખની જેવા ભૃંગારની બે બે હારો ગોઠવેલી છે.

૧૨૧ વળી, તે તોરણની આગળ બબે બબે આરિસા હોવાનું જણાવેલું છે. એ આરિસાનાં ચોકઠાં સુવર્ણમય, મંડળો અંકરત્નમય અને એમાં પડતાં પ્રતિબિંબો નિર્મલાતિનિર્મળ છે. હે દીર્ઘજીવી શ્રમણ! ચંદ્રમંડળ જેવા એ નિર્મળ આરિસા અર્ધકાયપ્રમાણ જણાવેલા છે.

૧૨૨ વળી, એ તોરણોની આગળ વજ્રના બબે થાળો જણાવેલા છે. એ રથના પૈડા જેવા મોટા મોટા થાળો જાણે કે ત્રણવાર છડેલા આખા ચોખાથી ભરેલા જ હોય એવા ભાસે છે.

વળી, એ તોરણોની આગળ સ્વચ્છ પાણી અને તાજાં લીલાં ફળોથી ભરેલી બે બે પાત્રીઓ મૂકેલી જણાવેલી છે.

હે ચિરંજીવ શ્રમણ! એ બે બે પાત્રીઓ ગાયને ખાણુ આપવાના મોટા ગોળ મુંડલા જેવડી મોટી સર્વરત્નમય અને શોભનાતિશોભન છે.

વળી, એ તોરણોની આગળ નાનાવિધ ભાંડોથી ભરેલા સર્વરત્નમય બે બે સુપ્રતિષ્ઠકો છે–શરાવો છે, બે બે મનોગુલિકાઓ–પેઢલીઓ છે. એ પેઢલીઓમાં સોનાનાં અને રૂપાનાં અનેક પાટિયાંઓ જણાવેલાં છે. તે સોનારૂપાનાં પાટિયાઓમાં વજ્રમય નાગદંતો જડેલા છે, એ નાગદંતો ઉપર વજ્રમય શિકાં છે, એ શિકાં ઉપર કાળા નીલા રાતા પીળા અને ધોળા સૂતરના પડદાવાળા પવનથી ભરેલા ઘડાઓ છે; એ બધા પવનપૂર્ણ ઘડો વૈડુર્યમય સુંદર છે.

વળી, એ તોરણોની આગળ રત્નથી ભરેલા બબ્બે કરંડિયાઓ છે. ચક્રવર્તીના રત્નપૂર્ણ કરંડિયાની જેમ તે કરંડિયાઓ પોતાના પ્રકાશથી એ જગ્યાને ચારે બાજુથી ચકચકતી કરી મૂકે છે.

વળી, એ તોરણોની આગળ વજ્રમય બબ્બે હયકંઠા ગજકંઠા નરકંઠા કિન્નરકંઠા કિંપુરુષકંઠા મહોરગકંઠા ગાંધર્વકંઠા અને વૃષભકંઠા છે. તેઓમાં સર્વરત્નમય બબ્બે ચંગેરીઓ છે. તેમાં સર્વરત્નમય પુષ્પ માળા ચૂર્ણ વસ્ત્ર આભરણ સરસવ અને પીંછીઓ મૂકેલી છે.

વળી, એ તોરણોની આગળ બબ્બે સિંહાસનો અને બબ્બે છત્રો હોવાનું જણાવેલું છે. એ છત્રોના દાંડા વૈડુર્યના, કાની–મુલ સોનાની, સાંધા વજ્રના, મોતીથી પરોવેલી સોનાની આઠ હજાર સળીઓ અને ચંદન જેવી શીતળ

ની જોટ જોડેલી હોય, હાંકનારો સારથિ અતિ-
ે અનેક પ્રકારનાં હથીઆરો કવચો ભાથાંઓ
ાથી જે ભરેલો હોય, એવો એ રથ, મણિ-
ાના ભવ્ય આંગણામાં વારંવાર ચાલતો
જતો જતો હોય, ત્યારે તેનો જે મધુરધ્વનિ
જેવો તે તૃણોનો અને મણિઓનો ધ્વનિ છે?
ા, એના જેવો એમનો ધ્વનિ નથી પણ
ાધુર છે.

ર વા નારીદ્વારા રાત્રીના છેલ્લે પહોરે
ી મૂર્છનાવાળી એવી વૈકાલિક વીણાનો
ાય છે તેવો અવાજ, તે તૃણોનો

પણ નથી—એ કરતાં સવિશેષ

ે કે પાંડકવનમાં અથવા હિમા-
ાઓમાં રહેતા, ગાનતાનની
ો કિંપુરુષો મહોરગો અને
ગીતધ્વનિ ગુંજે છે, તેવો
મણિઓનો અને તૃણોનો છે?
ાનો અને તૃણોનો એવો

ામાં ઠેકઠેકાણે
ી એવી
વહેતી નદ.

એમનાં આઠ આઠ મંગળો આવેલાં છે: એ રીતે વિમાનની
ચારે બાજુનાં તે બધાં બારણાંઓ એવી ઉત્તમોત્તમ
શોભાવાળાં છે.

૧૨૫ એ સૂર્યાભવિમાનની આસપાસ પાંચસેં પાંચસેં
યોજન મૂકીને ચાર દિશામાં ચાર વનખંડો આવેલા છે.
પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સાતવન, પશ્ચિમમાં ચંપકવન
અને ઉત્તરમાં ચૂતકવન. એ વનખંડોની લંબાઈ સાડાબાર
લાખ યોજનથી કાંઈક વધારે અને પહોળાઈ પાંચસો યોજન
છે. તે દરેકની ફરતો એક એક કોટ છે. એમ એ ચારે
વનખંડો લીલાછમ જેવા, ટાઢા હિમ જેવા, જોનારની
આંખને ઠારે એવા શીતળ છે.

૧૨૬ તે વનખંડોનું ભોંતળ તદ્દન સમ-સપાટ છે,
તે ઉપર અનેક પ્રકારના મણિઓ અને તૃણો શોભી રહ્યાં છે,
તેમનો સ્પર્શ અને ગંધ મનગમતો આકર્ષક છે.

હે ભગવન્! પૂર્વ પશ્ચિમ દક્ષિણ અને ઉત્તરના વાયરા
વાય છે ત્યારે મંદ મંદ હલતા પરસ્પર અથડાતા એવા તે
તૃણોનો અને મણિઓનો કેવો અવાજ થાય છે?

હે ગૌતમ! એમનો અવાજ શ્રમહર શ્રુતિમધુર અ
શ્રુતિને અત્યંત તૃપ્તિ આપનારો થાય છે.

૧૨૭ છત્ર, ધ્વજ, ઘંટ, પતાકા અને ઉત્તમ તોર
સુશોભિત એક સુંદર રથ હોય, જેની ચારે બાજુ
નાની ટોકરીઓ જડેલી હોય, હિમાલયમાં ઉગેલા તિ
લાકડામાંથી બનાવેલો હોય, આરા અને ઘોંસરું
બેસાડેલાં હોય, પૈડા ઉપરનો લોઢાનો પાટો મજ

કુલીન ઘોડાની જોડ જોડેલી હોય, હાંકનારો સારથિ અતિ-કુશળ હોય અને અનેક પ્રકારનાં હથીઆરો કવચો ભાથાંઓ વગેરે યુદ્ધોપકરણોથી જે ભરેલો હોય, એવો એ રથ, મણિ-ઓથી બાંધેલા રાજાના ભવ્ય આંગણામાં વારંવાર ચાલતો હોય, વારંવાર આવતો જતો હોય, ત્યારે તેનો જે મધુરધ્વનિ સંભળાય છે, તેના જેવો તે તૃણોનો અને મણિઓનો ધ્વનિ છે?

ગૌતમ! ના, એના જેવો એમનો ધ્વનિ નથી પણ તે કરતાંય વિશેષ મધુર છે.

વાદનકુશળ નર વા નારીદ્વારા રાત્રીના છેલ્લે પહોરે વાગતી ચડતી ઉતરતી મૂર્છનાવાળી એવી વૈકાલિક વીણાનો જે મધુર અવાજ સંભળાય છે તેવો અવાજ, તે તૃણોનો અને મણિઓનો છે?

ગૌતમ! ના, એવો પણ નથી—એ કરતાં સવિશેષ મધુર છે.

ભદ્રશાળ નંદન સોમનસ કે પાંડકવનમાં અથવા હિમા-લય મલય કે મંદક ગિરિની ગુફાઓમાં રહેતા, ગાનતાનની સહેલ કરવા સાથે મળેલા કિન્નરો કિંપુરુષો મહોરગો અને ગાંધર્વોનો જેવો વિશુદ્ધ મધુર ગીતધ્વનિ ગુંજે છે, તેવો ધ્વનિ પરસ્પર અથડાતા એ મણિઓનો અને તૃણોનો છે?

ગૌતમ! હા, તે મણિઓનો અને તૃણોનો એવો મધુરાતિમધુર ધ્વનિ નીકળે છે.

૧૨૮ વળી, એ વનખ[illegible] [illegible]ની મોટી નાનામાં નાની અને મોટામાં [illegible]નેક ચોરસ વાવો, ગોળ પુષ્કરિણીઓ, [illegible] વાંકી ચુંકી

હે ભંતે! એ વેદિકાને પદ્મવરવેદિકા કહેવાનું શું કારણ?

ગૌતમ! એ વેદિકાના થાંભલા, પાટીયાં, ખીલીઓ, ખીલીઓની ટોપીઓ, મોભ અને જાળિયાં વગેરે દરેક ભાગમાં, ચોમાસાના પડતા પાણીને રોકી શકે એવાં છત્રાકાર અનેક પ્રકારનાં સર્વરત્નમય સુંદર ઉત્પલો, કુમુદો, નલિનો, પુંડરીકો વગેરે નાના પ્રકારનાં ખીલેલાં પદ્મો શોભી રહ્યાં છે, માટે હે ચિરંજીવ શ્રમણ! એ વેદિકાને પદ્મવરવેદિકા કહેલી છે.

હે ભગવન્! વર્ણવેલી એ પદ્મવરવેદિકા શું શાશ્વત છે કે અશાશ્વત છે?

ગૌતમ! દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ તો એ વેદિકા શાશ્વત છે, પણ હે ગૌતમ! તે વેદિકાના વર્ણો, ગંધો, રસો અને સ્પર્શોની દૃષ્ટિએ જોતાં અર્થાત્ વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ તો તે વેદિકા અશાશ્વત છે, માટે તેને શાશ્વત પણ કહી છે અને અશાશ્વત પણ કહી છે.

હે ભગવન્! ઉપર વર્ણવેલી વેદિકા, શું ત્યાં કાયમ રહેવાની છે?

હે ગૌતમ! એ વેદિકા, ત્યાં કોઇ દિવસ ન હતી, નથી કે નહિ હશે એમ તો ન કહેવાય; પણ એ, ત્યાં હમેશાંને માટે હતી, છે અને હશે એમ કહેવાય; માટે તે ત્યાં ધ્રુવ, શાશ્વત, અવ્યય, નિત્ય અને સદા અવસ્થિત છે એમ માનવું જોઇએ.

૧૩૭ ઉપકારિકાલયનની ફરતો જે વનખંડ વર્ણવ્યો છે તેનો ચક્રવાલવિષ્કંભ બે યોજનથી કાંઇક ઓછો

છે અને તેનો ઘેરાવો તો તે લયનના જેટલોજ છે. એ વનખંડમાં પણ અનેક દેવો અને દેવીઓ ફરે છે, હસે છે, બેસે છે, સૂએ છે અને રતિક્રીડા કરતાં વિહરે છે.

એ લયનની ફરતાં ચારે દિશામાં ચાર ચાર સોપાનો ગોઠવેલાં છે. એ સોપાનો ઉપર તોરણો ધ્વજો અને છત્રો વગેરે ઘણા મનહર પદાર્થો ઝૂલી રહ્યા છે.

લયનનું ભોંયતળ, મણિરત્ન અને વજ્ર વગેરે બહુમૂલ્ય ધાતુઓથી બાંધેલું છે અને વળી તે તદ્દન સપાટ અને ચારે બાજુ ઝગારા મારતું શોભી રહ્યું છે.

૧૩૮ લયનના તે સમતળ ભૂભાગની વચ્ચોવચ્ચ પાંચસેં યોજન ઉંચો અને અઢીસો યોજન પહોળો એવો એક મોટો મુખ્ય પ્રાસાદ આવેલો છે.

તે મુખ્ય પ્રાસાદની ફરતા અને તેના કરતાં ઉંચાઈ અને પહોળાઇમાં અડધા એવા બીજા ચાર પ્રાસાદો આવી રહેલા છે.

વળી, એ આજુબાજુ આવેલા ચાર પ્રાસાદોની આસપાસ તેમને વીંટળાઈને તેમના કરતાં ઉંચાઇએ અને પહોળાઈએ અડધા એવા બીજા ચાર મહાલયો સોહામણા આવેલા છે.

વળી, સોહામણા એ ચાર મહાલયોને ઘેરીને ઉભેલા પણ માપમાં તેના કરતાં અડધા એવા બીજા ચાર મહાલયો ત્યાં દીપી રહેલા છે. આ છેલ્લા ચાર મહા- ઉંચાઇ ૬૨II યોજન અને પહોળાઇ એકત્રીશ યો- એક હોય છે.

વળી, તે પ્રત્યેક મુખમંડપની સામે તેમની જેવાજ સુંદર પ્રેક્ષાગૃહમંડપો આવેલા છે અને તે એક એક પ્રેક્ષાગૃહમંડપના સમતળ ભૂભાગની વચ્ચે એક મોટો વજ્રમય અખાડો શોભી રહ્યો છે.

તે એક એક અખાડાની વચ્ચોવચ્ચ આઠ યોજન લાંબી પહોળી, ચાર યોજન જાડી અને નાના પ્રકારનાં મણિરત્નોથી બાંધેલી એવી એક મોટી મણિપીઠિકા સોહી રહી છે, એ મણિપીઠિકા ઉપર સિંહાસન વગેરે આરામની સામગ્રી ગોઠવી રાખેલી છે.

વળી, જ્યાં પ્રેક્ષાગૃહમંડપો વર્ણવેલા છે ત્યાં તે પ્રત્યેક મંડપની સામે પણ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સુંદર મણિપીઠિકાઓ ઢાળેલી છે.

તે દરેક પીઠિકાની ઉપર સોળ યોજન લાંબા પહોળા અને તે કરતાં ઊંચાઈમાં કાંઈક વધારે ઊંચા તથા સર્વ પ્રકારનાં રત્નોથી ચણેલા ધોળા શંખ જેવા ઊજળા એવા અનેક સ્તૂપો બાંધેલા છે. એ દરેક સ્તૂપો ઉપર ધજાઓ તોરણો અને આઠ આઠ મંગળો છાજી રહ્યાં છે.

૧૪૦ તથા, એ એક એક સ્તૂપની ફરતી ચારે દિશામાં વળી બીજી મણિપીઠિકાઓ આવેલી છે. તે પીઠિકાઓની લંબાઈ પહોળાઈ આઠ યોજન અને જાડાઈ ચાર યોજન છે. એ પીઠિકાઓ અનેક પ્રકારના મણિઓથી નિર્મેલી અતિશય રમણીય છે, એમની ઉપર અને એ સ્તૂપોની બરાબર સામે ચાર જિનપ્રતિમાઓ બિરાજેલી છે, એ પ્રતિમાઓ જિનની ઊંચાઈએ ઊંચી અને પર્યંકાસને બેઠેલી છે. તેમાંની

અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા આવેલી છે અને તેના ઉપર એક મોટું સિંહાસન ઢાળેલું છે.

વળી, તે ચૈત્યસ્તંભની પશ્ચિમે, પૂર્વે આવેલી એવી અને એવડી જ બીજી એક મણિપીઠિકા આવેલી છે, તેના ઉપર એક મોટું અતિશય રમણીય દેવશયનીય ગોઠવેલું છે.

એ દેવશયનીયના પડવાયા સોનાના, પાયા મણિના અને પાયાના કાંગરાં સોનાનાં છે. એની ઇસો અને ઉપળાં વજ્રનાં, વાણ વિવિધમણિમય, તળાઈ રૂપેરી અને ઓશીકાં સુવર્ણમય છે.

તે દેવશયનીય બન્ને બાજુથી ઊંચું અને વચ્ચેથી નમતું એવું ગંભીર છે, એ મેલું ન થાય એટલા માટે એના ઉપર રાતું વસ્ત્ર ઢાંકેલું છે અને એ માખણ જેવું સુંવાળું, કોમળ, અતિ સુવાસિત, મનોહર છે.

૧૪૭ એની ઉત્તર પૂર્વે એટલે ઈશાન ખૂણામાં આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વ-મણિમય એક મોટી મણિપીઠિકા છે. તેની ઉપર આઠ યોજન ઊંચો એક યોજન પહોળો એવો એક ક્ષુલ્લક[૧૦૦]-નાનો મહેંદ્રધ્વજ રોપેલો છે, એના ઉપર આઠ આઠ મંગળો અને ધ્વજો વગેરે શોભી રહ્યાં છે.

૧૪૮ એ નાના મહેંદ્રધ્વજથી પશ્ચિમે ચોપ્પાળ નામનો એક મોટો હથીયારોનો વજ્રમય ભંડાર છે, એમાં ની તરવારો ગદાઓ અને ધનુષ વગેરે અસ્ત્રશસ્ત્રો રાખ્યાં છે. એ ભંડારમાં સાચવી રાખેલાં સૂર્યાભદેવનાં

એક ઉષભની, બીજી વર્ધમાનની, ત્રીજી ચંદ્રાનનની અને ચોથી વારિષેણની પ્રતિમા છે.

વળી, તે સ્તૂપોની આગે સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી સર્વમણિમય બીજી મણિપીઠિકાઓ નિર્મેલી છે. તે દરેક પીઠિકા ઉપર એક એક ચૈત્યવૃક્ષ આવેલું છે.

૧૪૧ એ બધાં ચૈત્યવૃક્ષો આઠ યોજન ઊંચાં અને અડધું યોજન ૧૦૩ઊંડાં છે. બે યોજનનું તેમનું થડ અડધું યોજન પહોળું છે. થડથી નીકળી ઊંચી ગએલી વચલી શાખા છ યોજન ઊંચી છે. એમ એ ચૈત્યવૃક્ષોની સર્વાંગ લંબાઈ પહોળાઇ એકંદર આઠ યોજન ઝાઝેરી છે.

એ વૃક્ષોનાં મૂળ વજ્રમય, શાખા રૂપેરી, કંદો રિષ્ટરત્નમય, સ્કંધો વૈડુર્યના, નાની નાની શાખાઓ મણિમય રત્નમય, પાંદડાં વૈડુર્યનાં, ડીંટિયાં સુવર્ણમય, અંકુરાઓ જાંબુનદમય અને ફૂલફલભર વિચિત્ર મણિરત્નમય સુરભિ છે એ ફળોનો રસ અમૃતસમ મધુરો છે. એ રીતે સરસ છાયા, પ્રભા, શોભા અને પ્રકાશવાળાં એ ચૈત્યવૃક્ષો વિશેષમાં વિશેષ પ્રાસાદિક છે.

એ વૃક્ષો ઉપર આઠ આઠ મંગળો ધ્વજો અને છત્રો વગેરે શોભી રહેલાં છે અને એમની-એ વૃક્ષોની-ફરતા શિરીષ વગેરે બીજાં પણ અનેક વૃક્ષો આવેલા છે.

૧૪૨ એ ચૈત્યવૃક્ષોની આગળ આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વમણિમય વળી બીજી અનેક મણિપીઠિકાઓ આવેલી છે.

એ દરેક પીઠિકાઓ ઉપર આઠ યોજન ઊંચા એક યોજન ઊંડા અને એક યોજન પહોળા[૧૦૪] એવા વિશિષ્ટ પ્રકારના વજ્રમય અનેક મહેંદ્રધ્વજો ખોડેલા છે, તેમની ઉપર પવનથી હાલતી નાની નાની અનેક પતાકાઓ, આઠ આઠ મંગળો, ધ્વજો અને છત્રો વગેરે બધું લહેરી રહેલું છે.

તે દરેક મહેંદ્રધ્વજોની આગળ સો યોજન લાંબી પચાસ યોજન પહોળી અને દસ યોજન ઊંડી[૧૦૫] એવી નંદા નામની પુષ્કરિણીઓ આવેલી છે. એનાં પાણી સામાન્ય પાણી જેવાં મીઠા રસવાળાં છે.

એ પ્રત્યેક પુષ્કરિણીઓની ચારે કોર પૂર્વે વર્ણવેલાં પદ્મવરવેદિકાઓ અને વનખંડો આવેલાં છે અને પુષ્કરિણીઓમાં ત્રણ બાજુ સરસ સોપાનો ગોઠવેલાં છે તથા ઉપર બેસાડેલાં તોરણો, ધ્વજો, આઠ આઠ મંગળો અને છત્રો વગેરે તો ત્યાં ઠેકઠેકાણે દીપી રહેલાં છે.

૧૪૩ એ સુધર્માસભામાં પૂર્વ અને પશ્ચિમમાં સોળ સોળ હજાર તથા દક્ષિણ અને ઉત્તરમાં આઠ આઠ હજાર પેઢલીઓ બાંધેલી છે. એ પેઢલીઓ ઉપરનાં પાટીયાં સુવર્ણ રજતમય અને તે ઉપર જડેલા નાગદંતો વજ્રમય છે. તે નાગદંતોમાં કાળા સૂતરની માળાઓ લટકે છે.

વળી, એ સુધર્માસભામાં એ પેઢલીઓની જેવી જ અને જે ઉપર સુખે સૂઈ શકાય એવી સુકોમળ સુંદર શય્યાઓ બીછાએલી છે. એવી અડતાળીશ હજાર ગોમાનસીઓ આવેલી છે. તે ગોમાનસીઓની પાસે જ જડેલા નાગદંતોમાં ટાંગેલાં રજતમય શિંકાં ઉપર વૈડુર્યમય ધૂપઘડીઓ મૂકેલી

એ બધાં અલંકારો ભજવાં પાલીતાનાં અગ્નિકાર અને નિર્ઘોષમાં નિર્ઘોષ તેજવાળાં છે.

૧૪૯ ગુમ્મો ગમાની ઉપર આઠ આઠ મંગલો, છત્રો અને ધજાઓ વગેરે શોભાજનક પદાર્થો દીપી રહ્યાં છે. એ ગમાની ઉત્તરપૂર્વે એટલે ઈશાનખૂણામાં એ યોજન ઉંચું પચાસ યોજન પહોળું અને બહોંતેર યોજન ઊંચું એવું એક મોટું સિદ્ધાયતન આવેલું છે એ સિદ્ધાયતનની બધી શોભા સુધર્માસભાની જેવી સમજવાની છે.

૧૫૦ એ સિદ્ધાયતનની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી એક મોટી મણિપીઠિકા આવેલી છે. એ પીઠિકાની ઉપર સોળ યોજન લાંબો પહોળો અને તે કરતાં થોડો વધારે ઊંચો એવો સર્વરત્નમય એક મોટો દેવચ્છંદક ગોઠવેલો છે. તેના ઉપર જિનની ઊંચાઇએ ઊંચી એવી એકસો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે.

૧૫૧ એ ૧૦૮ પ્રતિમાઓના હાથપગનાં તળિયાં તપનીયમય, નખો વચ્ચે લોહિતાક્ષરત્ન જડેલ અંકરત્નના, જાંઘો, જાનુઓ, ઉરુઓ અને દેહલતા કનકમય, નાભી તપનીયમય, રોમરાઈ રિષ્ટરત્નમય, ચુચુકો અને શ્રીવૃક્ષ તપનીયમય, હોઠો પ્રવાલમય, દાંતો સ્ફટિકમય, જીભ અને તાળવું તપનીયમય. નાસિકા વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ કનકમય, આંખો વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ અંકરત્નમય, કીકીઓ આંખની પાંપણો અને ભવં ... કપોલો કાન અને ભાલ ... માથાના વાળ ઉગવાની

અને ચાર ચોજન જાડી એવી સર્વમણિમય એક મોટી મણિપીઠિકા આવેલી છે અને તેના ઉપર એક મોટું સિંહાસન ઢાળેલું છે.

વળી, તે ચૈત્યસ્તંભની પશ્ચિમે, પૂર્વે આવેલી એવી અને એવડી જ બીજી એક મણિપીઠિકા આવેલી છે, તેના ઉપર એક મોટું અતિશય રમણીય દેવશયનીય ગોઠવેલું છે.

એ દેવશયનીયના પડવાયા સોનાના, પાયા મણિના અને પાયાના કાંગરાં સોનાનાં છે. એની ઇસો અને ઉપળાં વજ્રનાં, વાણ વિવિધમણિમય, તળાઈ રૂપેરી અને ઓશીકાં સુવર્ણમય છે.

તે દેવશયનીય બન્ને બાજુથી ઊંચું અને વચ્ચેથી ઢળતું એવું ગંભીર છે, એ મેલું ન થાય એટલા માટે એના ઉપર રાતું વસ્ત્ર ઢાંકેલું છે અને એ માખણ જેવું સુંવાળું, કોમળ, અતિ સુવાસિત, મનોહર છે.

૧૪૭ એની ઉત્તર પૂર્વે એટલે ઈશાન ખૂણામાં આઠ યોજન લાંબી પહોળી અને ચાર યોજન જાડી એવી સર્વ-મણિમય એક મોટી મણિપીઠિકા છે. તેની ઉપર સાઠ યોજન ઉંચો એક યોજન પહોળો એવો એક ક્ષુલ્લક૧૦૭–નાનો મહેંદ્રધ્વજ રોપેલો છે, એના ઉપર આઠ આઠ મંગળો ને ધ્વજો વગેરે શોભી રહ્યાં છે.

૧૪૮ એ નાના મહેંદ્રધ્વજથી પશ્ચિમે ચોપ્પાળ નો એક મોટો હથીયારોનો વજ્રમય ભંડાર છે, એમાં ની તરવારો ગદાઓ અને ધનુષ વગેરે અસ્ત્રશસ્ત્રો ી રાખ્યાં છે. એ ભંડારમાં સાચવી રાખેલાં સૂય નાં

એ બધાં અસ્ત્રશસ્ત્રો ઊજળાં પાણીવાળાં અણીદાર અને વિશેષમાં વિશેષ તેજવાળાં છે.

૧૪૯ સુધર્મા સભાની ઉપર આઠ આઠ મંગળો છત્રો અને ધજાઓ વગેરે શોભાજનક પદાર્થો દીપી રહ્યાં છે. એ સભાની ઉત્તરપૂર્વે એટલે ઈશાનખૂણામાં સો યોજન લાંબું પચાસ યોજન પહોળું અને બહોંતેર યોજન ઊંચું એક મોટું સિદ્ધાયતન આવેલું છે એ સિદ્ધાયતનની બધી શોભા સુધર્માસભાની જેવી સમજવાની છે.

૧૫૦ એ સિદ્ધાયતનની વચ્ચોવચ્ચ સોળ યોજન લાંબી પહોળી અને આઠ યોજન જાડી એવી એક મોટી મણિપીઠિકા આવેલી છે. એ પીઠિકાની ઉપર સોળ યોજન લાંબો પહોળો અને તે કરતાં થોડો વધારે ઊંચો એવો સર્વરત્નમય એક મોટો દેવચ્છંદક ગોઠવેલો છે. તેના ઉપર જિનની ઊંચાઇએ ઊંચી એવી એકસો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે.

૧૫૧ એ ૧૦૮પ્રતિમાઓના હાથપગનાં તળિયાં તપનીયમય, નખો વચ્ચે લોહિતાક્ષરત્ન જડેલ અંકરત્નના, જાંઘો, જાનુઓ, ઉરુઓ અને દેહલતા કનકમય, નાભી તપનીયમય, રોમરાઈ રિષ્ટરત્નમય, ચુચુકો અને શ્રીવૃક્ષ તપનીયમય, બન્ને ઓષ્ઠો પ્રવાલમય, દાંતો સ્ફટિકમય, જીભ અને તાળવું તપનીયમય. નાસિકા વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ કનકમય, આંખો વચ્ચે લોહિતાક્ષરત્ને જડેલ અંકરત્નમય, કીકીઓ આંખની પાંપણો અને ભવાંઓ રિષ્ટરત્નમય, બન્ને કપોલો કાન અને ભાલપટ્ટ કનકમય, માથાની ઘડીઓ વજ્રમય, માથાના વાળ ઉગવાની

ચામડી તપનીયમય અને માથા ઉપરના વાળ રિષ્ટરત્નમય છે.

તે દરેક જિનપ્રતિમાઓની પાછળ, માળાવાળાં ધોળાં છત્રો ધરી રાખનારી છત્રધારક પ્રતિમાઓ છે, બન્ને બાજુએ મણિકનકમય ચામરને વીંઝતી ચામરધારક પ્રતિમાઓ છે.

૧૫૨ વળી તે દરેક જિનપ્રતિમાઓની આગળ સર્વ-રત્નમય એવી બે બે [૧૦૯]નાગપ્રતિમાઓ, ભૂતપ્રતિમાઓ, યક્ષપ્રતિમાઓ અને કુંડધારક પ્રતિમાઓ આવેલી છે.

એ ઉપરાંત એકસો આઠ એકસો આઠ ઘંટો, કળશો, ભૃંગારો, આરિસાઓ, થાળો, પાત્રીઓ, સુપ્રતિષ્ઠો, મનોગુલિકાઓ, રત્નકરંડીયાઓ, હયકંઠાઓ, ગજકંઠાઓ અને વૃષભકંઠાઓ વગેરે અનેક પદાર્થો ત્યાં એ પ્રત્યેક જિનપ્રતિમાની આગળ ગોઠવેલા છે.

વળી, ફૂલ, માળા, ચૂર્ણ, ગંધ, વસ્ત્ર, આભરણ, સરસવ[૧૧૦] અને મોરપીંછ વગેરે ઉપકરણોની એકસો આઠ એકસો આઠ ચંગેરીઓ, ત્યાં પ્રતિમાઓ આગળ મૂકી રાખેલી છે.

વળી, ફૂલ, માળા, ગંધ અને મોરપીંછ વગેરેનાં તેટલાં જ પટલકો ત્યાં સ્થાપી રાખેલાં છે. એ ઉપરાંત એકસો આઠ એકસો આઠ સિંહાસનો, છત્રો, ચામરો, તેલના ડબાઓ, કુંઠના ડબાઓ, સુગંધી પત્ર, સુગંધી ચૂવા, તગર, એલચી, હરતાળ, હિંગળોક, મણસિલ અને આંજણના ડબાઓ, એબધું ત્યાં યથાક્રમે ગોઠવી રાખેલું છે. એ ડબાઓમાં તેલ વગેરે જે પદાર્થો ભરેલા છે તે અત્યંત નિર્મળ સુગંધી અને ઉત્તમ જાતના છે.

વળી, એ સિદ્ધાયતનમાં સુગંધી ધૂપથી મઘમઘતાં

આગી વંદના અને પર્યુપાસના એ આપનું પ્રથમ કર્તવ્ય અને વળી વર્તમાન અને ભવિષ્યમાં રહવાને માટે શ્રેય એવું પણ એજ કામ છે.

૧૫૭ સૂર્યાભદેવ ઉક્ત સૂચન સાંભળી દેવશય્યામાં તુરતજ બેઠો થયો, ત્યાંથી ઉપપાતસભાના પૂર્વદ્વારે નીક પેલા સ્વચ્છ પાણીથી ભરેલા મોટા ધરા તરફ ગયો. ધરા અનુપ્રદક્ષિણા કરતો તે તેમાં પૂર્વ દ્વારે પેઠો અને ત ગોઠવેલ સોપાનદ્વારા તેમાં ઊતર્યો, ત્યાં તેણે જલક્રી અને જલનિમજ્જન સારી રીતે કર્યાં, પછી તે ચોક્ખો અ પરમશુચિભૂત થઇ ધરામાંથી બહાર આવ્યો અને જ્ય અભિષેકસભા હતી ત્યાં ગયો.

અભિષેકસભાને પ્રદક્ષિણા કરતો તે પૂર્વદ્વારે તેમાં પે અને ત્યાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર જઈ ચડી બેઠો.

પછી તેની સામાનિક સભાના દેવસભ્યોએ ત્યાંના કર્મકરરૂપ આભિયોગિક દેવોને બોલાવ્યા અને હુકમ આપ્યો કે :

હે દેવાનુપ્રિયો ! આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહાવિપુલ ઇંદ્રાભિષેકની તૈયારી કરો.

૧૫૮ ઉક્ત આજ્ઞા સાંભળતાંજ તે આભિયોગિક દેવોએ ત્યાંથી ઇશાન ખૂણામાં જઇ એક બે વાર વૈક્રિયસમુદ્ઘાત કરી લીધો અને તે દ્વારા અભિષેકની સામગ્રી માટે એક હજાર આઠ એક હજાર આઠ એવા ઘણા પદાર્થો બનાવી લીધા; જે- ?

[illegible] આવેલી છે. તેની [illegible]
[illegible] [illegible]
[illegible]
[illegible]
[illegible]

૧૫૫ તે કાલે તે સમયે [illegible]
દેવે [illegible]
પર્યાપ્તિઓ [illegible]
એ દેવ [illegible] વિચારમાં પડ્યાં કે-મારે [illegible]
પ્રથમ કર્તવ્ય શું છે? હવે પછી નિરંતર શું કરવાનું છે?
પહેલાં અને ભવિષ્યમાં હિતને માટે શ્રેયરૂપ શું શું
કામ મારે કરવાનું છે?૧૧૦

૧૫૬ સૂર્યાભદેવ એવો વિચાર કરે છે ત્યાં તુર-
ત જ તેની સામાનિક સભાના દેવો હાથ જોડીને સેવામાં
હાજર થયા અને 'જય થાઓ વિજય થાઓ' એમ બોલી
સ્વામીને વધાવતા તેની પાસે આવીને કહેવા લાગ્યા:

હે દેવાનુપ્રિય! આપના આ વિમાનમાં એક મોટું
સિદ્ધાયતન છે. તેમાં જિનની ઊંચાઈએ ઊંચી એવી એક
સો ને આઠ જિનપ્રતિમાઓ બિરાજેલી છે. આપની સુધર્મા-
સભામાં એક મોટો માણવક ચૈત્યસ્તંભ ઊભો કરેલો છે
માં ગોઠવી રાખેલા વજ્રમય ગોળ ડબામાં જિનનાં સ-
થઓ સ્થાપી રાખેલાં છે. એ, આપને અને અમને બધાને
ર્ચનીય વંદનીય ઉપાસનીય છે.

તો હે દેવાનુપ્રિય! એ પ્રતિમાઓની એ સક્થિઓની

અમારા જનના અને પહેલાંના એ આપનું પ્રશસ્ત કર્તવ્ય છે અને તથી વર્તમાન અને ભવિષ્યમાં ગમાને માટે શ્રેયરૂપ એવું પણ એજ કામ છે.

૧૫૭ સૂર્યાભદેવ ઉક્ત સૂચન સાંભળી દેવશય્યામાંથી તુરતજ બેઠો થયો, ત્યાંથી ઉપપાતસભાના પૂર્વદ્વારે નીકળી પેલા સ્વચ્છ પાણીથી ભરેલા મોટા ધરા તરફ ગયો. ધરાને અનુપ્રદક્ષિણા કરતો તે તેમાં પૂર્વ દ્વારે પેઠો અને ત્યાં ગોઠવેલ સોપાનદ્વારા તેમાં ઊતર્યો, ત્યાં તેણે જલક્રીડા અને જલનિમજ્જન સારી રીતે કર્યાં, પછી તે ચોકખો અને પરમશુચિભૂત થઇ ધરામાંથી બહાર આવ્યો અને જ્યાં અભિષેકસભા હતી ત્યાં ગયો.

અભિષેકસભાને પ્રદક્ષિણા કરતો તે પૂર્વદ્વારે તેમાં પેઠો અને ત્યાં ગોઠવેલા મુખ્ય સિંહાસન ઉપર જઇ ચડી બેઠો.

પછી તેની સામાનિક સભાના દેવસભ્યોએ ત્યાંના કર્મકરરૂપ આભિયોગિક દેવોને બોલાવ્યા અને હુકમ આપ્યો કે:

હે દેવાનુપ્રિયો ! આપણા સ્વામી આ સૂર્યાભદેવના મહાવિપુલ ઇંદ્રાભિષેકની તૈયારી કરો.

૧૫૮ ઉક્ત આજ્ઞા સાંભળતાંજ તે આભિયોગિક દેવોએ ત્યાંથી ઇશાન ખૂણામાં જઇ એક બે વાર વૈક્રિયસમુદ્ઘાત કરી લીધો અને તે દ્વારા અભિષેકની સામગ્રી માટે ~ હજાર આઠ એક હજાર આઠ એવા ઘણા પદાર્થો બનાવી લીધા; જેવા કે—

છે તેવું સ્ફટિક જેવું ઉજળું ધોળું દેવદૂષ્ય યુગલ૧૧૬ તેણે પહેર્યું. પછી હાર, અધહાર, એકાવળ, મોતીની માળા, રત્નાવળ, અંગદ, કેયૂર, કડાં, બેરખાં, કણદોરો, દસે આંગળીએ વેઢ વીંટીઓ, છાતી ઉપર દોરો, માદળિયું, કંઠી, સૂમણું, કાને કુંડળ અને માથે ચૂડામણિ મુગટ વગેરે આભરણો પહેરી પોતાના દેહને એ સૂર્યાભદેવે ઠીક ઠીક સજાવ્યો. વળી, ગુંથેલી વીંટેલી ભરેલી અને એક બીજાના નાળથી જોડેલી એવી ચારે પ્રકારની માળાઓથી પોતાની જાતને કલ્પવૃક્ષની પેઠે સુશોભિત કરતાં તેણે દિવ્ય પુષ્પમાળ પણ પહેરી.

૧૬૫ એ રીતે અલંકૃત થએલો તે સૂર્યાભદેવ, વ્યવસાયસભાને પ્રદક્ષિણા કરતો તેમાં આવ્યો અને ત્યાં સિંહાસનારૂઢ થયો. પછી તો તેના સામાનિક સભ્યોએ તેની સમક્ષ ત્યાંના પુસ્તકરત્નને મૂક્યું, તેણે તેને ઉઘાડી વાંચી તેમાંથી ધાર્મિક વ્યવસાયને લગતી સમજુતી મેળવી લીધી.

૧૬૬ એ ક્રમ પૂરો થયા બાદ તે, ત્યાંથી પૂર્વદ્વારે [illegible]ની નંદા પુષ્કરિણીએ ગયો. ત્યાં ગોઠવેલા સોપાનદ્વારા [illegible]ણીમાં ઉતરી તેણે પોતાના હાથપગ પખાળ્યા, પછી [illegible]શુચિભૂત થઈ હાથીની સુખાકૃતિની જેવી [illegible]ળી એક મોટી ધોળી રજતમય ઝારી અને [illegible] વગેરે લઈ ત્યાંથી તે સિદ્ધાયતન તરફ [illegible] જ્યાં દેવચ્છંદ છે અને જે [illegible] તે તરફ જઈ એ સૂર્યાભદેવે

ગયા. પછી ત્યાંથી મહાહિમવંત રુકિમ વગેરે પર્વતો ભણી
ઉપડ્યા અને ત્યાંથી મહાપદ્મદ્રહ મહાપુંડરીકદ્રહ તરફ જઈ
પછી તેઓ હરિવર્ષ અને રમ્યકક્ષેત્રની હરિકાંતા અને નારીકાંતા
નદીઓ ભણી વળ્યા. ત્યાંથી ગંધાવતી માલવંત અને વૃત્તવૈ-
તાઢ્ય તથા નિષધ નીલવંત તિગિચ્છ કેસરિદ્રહ અને મહાવિ-
દેહની સીતા સીતોદા નદીઓ ભણી તેઓ ગયા. પછી ત્યાંથી
ચક્રવર્તીના બધા વિજયોએ જઈ અને એ રીતે તે તે બધાં
સ્થળોનાં પાણી માટી પુષ્પાદિક લઈ છેક છેવટે તેઓ
મંદર પર્વતે જઇ પહોંચ્યા. મંદર પર્વતના ભદ્રશાલ નંદન
અને સોમનસ વનમાંથી સુંદર ગોશીર્ષચંદન વગેરે સામગ્રી
લઈ તેઓ અપાટાબંધ પાછા ફર્યા અને ત્વરાવાળી ચાલથી
પાછા સૂર્યાભવિમાનમાં–જ્યાં સિંહાસન ઉપર પોતાનો સ્વામી
સૂર્યાભદેવ બેઠેલો છે ત્યાં–જઇ પહોંચ્યા અને પેલા સામાનિક
સભાના સભ્યો સમક્ષ ઇંદ્રાભિષેકની સર્વ સામગ્રી જે તેમણે
વિવિધ સ્થળેથી આણી હતી તે હાજર કરી દીધી.

૧૬૦ અભિષેકની સર્વ સામગ્રી આવી પહોંચ્યા પછી
ર્યાભદેવની સામાનિક સભાના ચાર હજાર દેવસભ્યો,
ચાર પટરાણીઓ, બીજી ત્રણ સભાઓના પોતપો-
પરિવારવાળા દેવો, સાત સેનાધિપતિઓ, સોળ હજાર
રક્ષક દેવો અને બીજા પણ ઘણા દેવદેવીઓ–એ બધાંએ
અભિષેકસભામાં આવી તે તે સામગ્રીદ્વારા મોટી ધામ-
સૂર્યાભદેવનો ઇંદ્રાભિષેક કર્યો.

૧૬૧ એ મહાવિપુલ ઇંદ્રાભિષેક ચાલતો હતો ત્યારે
દેવોએ સૂર્યાભવિમાનમાં સુગંધી પાણીનો[૧૧૫]

કે તેવું સ્ફટિક જેવું ઉજળું પીળું દેવદૂષ્ય યુગલ[111] તેણે પહેર્યું. પછી હાર, અર્ધહાર, એકાવળ, મોતીની માળા, રત્નાવળ, અંગદ, કેયૂર, કડાં, બેરખાં, કણદોરો, દશે આંગળીએ વેઢ વીંટીઓ, છાતી ઉપર દોરો, માદળિયું, કંઠી, ઝૂમણું, કાને કુંડળ અને માથે ચૂડામણિ મુગટ વગેરે આભરણો પહેરી પોતાના દેહને એ સૂર્યાભદેવે ઠીક ઠીક સજાવ્યો.

વળી, ગુંથેલી વીંટેલી ભરેલી અને એક બીજાના નાળથી જોડેલી એવી ચાર પ્રકારની માળાઓથી પોતાની જાતને કલ્પવૃક્ષની પેઠે સુશોભિત કરતાં તેણે દિવ્ય પુષ્પમાળ પણ પહેરી.

૧૬૫ એ રીતે અલંકૃત થએલો તે સૂર્યાભદેવ, વ્યવસાયસભાને પ્રદક્ષિણા કરતો તેમાં આવ્યો અને ત્યાં સિંહાસનારૂઢ થયો. પછી તો તેના સામાનિક સભ્યોએ તેની સમક્ષ ત્યાંના પુસ્તકરત્નને મૂક્યું, તેણે તેને ઉઘાડી વાંચી તેમાંથી ધાર્મિક વ્યવસાયને લગતી સમજુતી મેળવી લીધી.

૧૬૬ એ ક્રમ પૂરો થયા બાદ તે, ત્યાંથી પૂર્વદ્વારે નીકળી નંદા પુષ્કરિણીએ ગયો. ત્યાં ગોઠવેલા સોપાનદ્વારા પુષ્કરિણીમાં ઉતરી તેણે પોતાના હાથપગ પખાળ્યા, પછી ચોકખો પરમશુચિભૂત થઈ હાથીની મુખાકૃતિની જેવી પાણીથી ભરેલી એક મોટી ધોળી રજતમય ઝારી અને પુષ્કરિણીનાં કમળો વગેરે લઇ ત્યાંથી તે સિદ્ધાયતન તરફ જવા નીકળ્યો.

૧૬૭ સિદ્ધાયતનમાં જ્યાં દેવચ્છંદ છે અને જે આજુએ જિનપ્રતિમાઓ છે તે તરફ જઈ એ સૂર્યાભદેવે

ઉદ્યાનો વનો વનરાજિઓ કાનનો અને વનખંડોમાં અર્થાત્ મારા આ વિમાનમાં વસતાં દેવો અને દેવીઓ એ નાને મોટે બધે સ્થળે અર્ચનિકા[૧૨૦] કરે એવું જાહેર કરો.

આભિયોગિક દેવોદ્વારા પોતાના સ્વામી સૂર્યાભદેવની ઉપર પ્રમાણેની ઘોષણા સાંભળી ત્યાં વસતાં પ્રત્યેક દેવો અને દેવીઓએ ઉક્ત ઘોષણામાં જણાવ્યા પ્રમાણેનાં તે તે પ્રત્યેક સ્થળની અર્ચનિકા કરી.

૧૭૧ આ બધું પતી ગયા પછી તે સૂર્યાભદેવ નંદા પુષ્કરિણીએ ગયો, ત્યાં તેણે હાથ પગ પખાળ્યા[૧૨૧] અને ત્યાંથી તે, ચાર હજાર સામાનિક દેવસભ્યો, ચાર પટ્ટરાણીઓ અને સોળ હજાર આત્મરક્ષક દેવો વગેરે અનેક દેવ દેવીઓ સાથે, મોટા ઠાઠમાઠથી વાજતે ગાજતે વરઘોડો ફરે તેમ ફરતો ફરતો સીધો પોતાની સુધર્માસભા તરફ આવ્યો, ત્યાં પૂર્વદ્વારે પેસી ત્યાંના મુખ્ય સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો

૧૭૨ એ સભામાં તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તરે અને ઉત્તરપૂર્વે ગોઠવેલાં ચાર હજાર ભદ્રાસનોમાં સૂર્યાભદેવનાં સામાનિક સભાના સભ્યદેવો બેઠા, પૂર્વમાં તેની ચાર પટ્ટરાણીઓ, દક્ષિણપૂર્વમાં આંતરસભાના આઠ હજાર દેવો, દક્ષિણમાં મધ્યમસભાના દશ હજાર દેવો, દક્ષિણપશ્ચિમમાં બાહ્યસભાના બાર હજાર દેવો અને પશ્ચિમે સાત સાત સેનાધિપતિઓ બેઠા.

૧૭૩ વળી, તે સૂર્યાભદેવની ફરતા ચારે દિશામાં ચાર ચાર હજાર આત્મરક્ષક દેવો બેઠા. એ આત્મરક્ષક દેવો બરાબર પહેરેલાં, બેસેલી કામઠીમાં

[illegible], અભિ[illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible]
અને [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible]
[illegible] પૂજ્યા, દિવ્ય [illegible] [illegible] [illegible] [illegible]
ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible], ધૂપ દીધો અને તે [illegible]
[illegible] અને બધાં [illegible] [illegible], [illegible] [illegible]
[illegible] તે પ્રત્યેક પદાર્થ તરફ એ [illegible] તે [illegible]
[illegible] સદ્ભાવ બતાવ્યો.૧૧૮

૧૬૯ એમ કરતો કરતો તે, છેક ઉત્તરે વ્યવસાય-
[illegible] આવી પહોંચ્યો. ત્યાં તેણે ત્યાંના પુસ્તકરત્નને
[illegible] પૂંજ્યું, દિવ્ય જળની ધારાથી સીંચ્યું અને ઉત્તમ
[illegible] માળા વગેરે વડે પૂર્વવત્ તેની અર્ચા કરી
તથા ત્યાંની પૂતળીઓ વગેરે તરફ પણ તેણે તેજ રીતે
પોતાનો સદ્ભાવ સૂચિત કર્યો.૧૧૯

૧૭૦ આ બધું કરીને જ્યારે તે બલિપીઠ પાસે
આવી બલિનું વિસર્જન કરે છે ત્યારે તેણે પોતાના આભિ-
યોગિક દેવોને બોલાવી નીચેનો હુકમ કહી સંભળાવ્યો:

હે દેવાનુપ્રિયો! તમે શીઘ્ર જાઓ અને આ સૂર્યાભ
વિમાનમાં આવેલા શિંગોડાના ઘાટના માર્ગોમાં ત્રિકોમાં
ચતુષ્કોમાં ચત્વરોમાં ચતુર્મુખોમાં અને મહાપથોમાં
તથા પ્રાકાર અટારીઓ દ્વારો ગોપુરો તોરણો આરામો

ઉદ્યાનો વનો વનરાજિઓ કાનનો અને વનખંડોમાં અર્થાત્ મારા આ વિમાનમાં વસતાં દેવો અને દેવીઓ એ નાને મોટે બધે સ્થળે અર્ચનિકા[૧૨૦] કરે એવું જાહેર કરો.

આભિયોગિક દેવોદ્વારા પોતાના સ્વામી સૂર્યાભદેવની ઉપર પ્રમાણેની ઘોષણા સાંભળી ત્યાં વસતાં પ્રત્યેક દેવો અને દેવીઓએ ઉક્ત ઘોષણામાં જણાવ્યા પ્રમાણેનાં તે તે પ્રત્યેક સ્થળની અર્ચનિકા કરી.

૧૭૧ આ બધું પતી ગયા પછી તે સૂર્યાભદેવ નંદા પુષ્કરિણીએ ગયો, ત્યાં તેણે હાથ પગ પખાળ્યા[૧૨૧] અને ત્યાંથી તે, ચાર હજાર સામાનિક દેવસભ્યો, ચાર પટ્ટરાણીઓ અને સોળ હજાર આત્મરક્ષક દેવો વગેરે અનેક દેવ દેવીઓ સાથે, મોટા ઠાઠમાઠથી વાજતે ગાજતે વરઘોડો કરે તેમ ફરતો ફરતો સીધો પોતાની સુધર્માસભા તરફ આવ્યો, ત્યાં પૂર્વદ્વારે પેસી ત્યાંના મુખ્ય સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો.

૧૭૨ એ સભામાં તે સૂર્યાભદેવની પશ્ચિમોત્તરે અને ઉત્તરપૂર્વે ઢાળેલાં ચાર હજાર ભદ્રાસનોમાં સૂર્યાભદેવની સામાનિક સભાના સભ્યદેવો બેઠા, પૂર્વમાં તેની ચાર પટ્ટરાણીઓ, દક્ષિણપૂર્વમાં આંતરસભાના આઠ હજાર દેવો, દક્ષિણમાં મધ્યમસભાના દસ હજાર દેવો, દક્ષિણપશ્ચિમમાં બાહ્યસભાના બાર હજાર દેવો અને પશ્ચિમે સાત સાત સેનાધિપતિઓ બેઠા.

૧૭૩ વળી, તે સૂર્યાભદેવની ફરતા ચારે દિશામાં ચાર ચાર હજાર આત્મરક્ષક દેવો બેઠા. એ આત્મરક્ષક દેવો એ બરાબર સજેલાં કવચો પહેરેલાં, બેચેલી કામઠીઓમાં

બેદો' એવીજ ભાષા નીકળતી. એ પ્રકૃતિએ પ્રચંડ ક્રોધી ભયાનક અને અધમ હતો. એના હાથ હમેશાં લોહીભર્યા-લોહીથી ખરડાએલા જ રહેતા. એ વિનાવિચાર્યે પ્રવૃત્તિ કરનારો, હલકાઓને ઉત્તેજન આપનારો, લાંચીયો, ઠગારો, કપટી, બગભગત અને અનેક પ્રકારના ફાંસલાઓ રચી સર્વ કોઇને દુઃખ દેનારો હતો. એનામાં કોઇ પ્રકારનું વ્રત શીલ ગુણ કે મર્યાદા ન હતાં, કદી પણ એ પ્રત્યાખ્યાન ઉપોસથ કે ઉપવાસ ન કરતો, અનેક મનુષ્યો મૃગ પશુ પક્ષી અને સર્પ વગેરેનો ઘાતક હતો. ટુંકામાં એ રાજા અધર્મનો કેતુ હતો. કદી તે ગુરુજનોનો આદર ન કરતો, વિનય ન કરતો, તેમ કોઈ શ્રમણ વા બ્રાહ્મણમાં તેને લેશ પણ વિશ્વાસ ન હતો. આવો તે ક્રૂર રાજા પોતાના આખા દેશની કરભર-વૃત્તિ બરાબર ચલાવી ન શકતો.

૧૭૭ એ રાજાને બોલવે ચાલવે હસવે કુશળ અને હાથેપગે સુંવાળી સૂરિયકંતા નામે રાણી હતી. પયેસી રાજામાં અનુરક્ત એ રાણી તેની સાથે અનેક પ્રકારનાં માનવી ભોગોને ભોગવતી રહેતી હતી.

૧૭૮ પયેસી રાજાનો મોટો દીકરો સૂરિયકંતા રાણીને પેટે અવતરેલો સૂરિયકંત નામે યુવરાજ કુમાર હતો. એ યુવરાજ, રાજા પયેસીનાં રાજ્ય રાષ્ટ્ર બળ વાહન કોશ કોઠાર અંતઃપુર અને સમગ્ર દેશની પોતાની મેળે સંભાળ કરતો રહેતો હતો.

૧૭૯ તે પયેસી રાજાને તેનાથી મોટો, ભાઇ અને મિત્ર જેવો, ચિત્ત[૧૨૫] નામે એક સારથિ હતો. સંપત્તિવાળો

મળ્યું ? તેણે એ બધું કેવી રીતે પ્રાપ્ત કર્યું ? અને કેવી રીતે એ અધીનો તે સ્વામી થયો ? એ સૂર્યાભદેવ એના પૂર્વજન્મમાં કોણ હતો ? એનું નામ ગોત્ર શું હતું ? એ કયા ગામ નગર કે સન્નિવેશનો નિવાસી હતો ? એણે એવું તે શું દીધું શું ખાધું શું કર્યું ને શું આચર્યું કે જેથી તે એવો મહાપ્રભાવશાળી દેવ થયો ? અથવા તથાપ્રકારના આર્ય શ્રમણ કે બ્રાહ્મણની પાસેથી તેણે એવું તે ધાર્મિક આર્ય સુવચન શું સાંભળ્યું કે જેથી તે એવો અનુત્તરવૈભવવાળો ઉત્તમ દેવ થયો ?

'હે ગૌતમ વગેરે શ્રમણો !' એમ કહીને શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આમંત્રીને આ પ્રમાણે કહ્યું:

૭૦—હે ગૌતમ ! એમ છે કે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં કેકયિઅર્ધ[૧૨૨] નામે જનપદ ધન અને ધાન્ય વગેરેની વિભૂતિથી પરિપૂર્ણ હતો. તે દેશમાં સર્વ પ્રકારનાં સુખનું ધામ એવી સેયવિયા[૧૨૩] નામની નગરી હતી. તે નગરીથી બહાર ઉત્તરપૂર્વના દિગ્ભાગમાં–ઈશાન ખૂણામાં બધી ઋતુઓમાં ફૂલોથી લચ્યુ રહેતું સુંદર સુગંધી શીતળ છાયાવાળું અને સર્વ પ્રકારે રમ્ય નંદનવન જેવું મિયવણ નામે ઉદ્યાન હતું.

૧૭૬ તે નગરીનો રાજા મહાહિમવંત જેવો પ્રભાવશાળી પયેસી[૧૨૪] રાજા હતો. એ રાજા અધાર્મિક, અધર્મિષ્ઠ, ધર્મને નહિ અનુસરનારો, અધર્મનેજ જોનારો, અધર્મને ફેલાવનારો હતો. એના શીલ તથા આચારમાં ક્યાંય ધર્મને નામનું પણ સ્થાન ન હતું. વળી, એ રાજા પોતાની આજીવિકા અધર્મથીજ ચલાવતો. એના મોઢામાંથી 'હણો' 'છેદો'

એ કોઇથી ન દબાય એવો હતો. વળી, એ ચિત્ત સારથિ અર્થશાસ્ત્રમાં સૂચવેલા સામ ભેદ દંડ વગેરે રાજકારણી ઉપાયોમાં કુશળ હતો, હાજર જવાબી, અનુભવી હતો. ઔત્પત્તિકી વૈનયિકી કર્મજ અને પારિણામિક એવી ચારે પ્રકારની બુદ્ધિ એનામાં હતી. રાજા પયેસી, તેનાં પોતાનાં અનેક કાર્યોના કારણોના કુટુંબોના મંત્રણાઓના છૂપાં કામોના રહસ્યભૂત બનાવોના અનેક જાતના નિર્ણયોના અને એવા બીજા ભેદભરેલા અનેક પ્રકારના રાજકારણોના વ્યવહારોનાં વિધાનોમાં તેની સલાહ લેતો. રાજાને મન એ સારથિ ખળાના વચલા સ્તંભ જેવો હતો અને રાજા એને પ્રમાણભૂત, પોતાનો આધાર, આલંબન અને પોતાની આંખ જેવો જ સમજતો હતો. એ સારથિમાં રાજા પયેસીનો ખૂબ વિશ્વાસ હતો, માટેજ એ અનેક પ્રકારની રાજખટપટોમાં અને બીજાં પણ વિવિધ પ્રકારનાં રાજકાર્યોમાં પોતાની સલાહ આપી શકતો. બીજી રીતે કહીએ તો એ સારથિ રાજા પયેસીના સમગ્ર રાજ્યની ધુરાને વહેતો હતો.

૧૮૦ જે વખતે રાજા પયેસી સેયવિયા નગરીમાં રાજ્ય કરતો હતો તે વખતે રાજા જિતશત્રુ કુણાલદેશની [૧૨૬]સાવત્થી નગરીનો રાજા હતો. કુણાલદેશ સમૃદ્ધિવાળો હતો અને સાવત્થી નગરી પણ ઋદ્ધિસિદ્ધિથી ભરેલી હતી. રાજા જિતશત્રુ પયેસી રાજાનો આજ્ઞાધારી ખંડિયો રાજા હતો.

૧૮૧ એક વખતે રાજા પયેસીએ વિશાળ મહામૂલ્ય એવું રાજાને દેવા જેવું એક મોટું ભેટણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને કહ્યું કે, ચિત્ત! તું સાવત્થી

નગરીએ જા અને ત્યાં જિતશત્રુ રાજાને આ મહાર્ઘ્ય ભેટ આપી આવ[૧૧૭] તથા ત્યાંનાં રાજકાર્યો, રાજનીતિઓ અને રાજવ્યવહારો તું જાણ અને પોતે જ જિતશત્રુ રાજાની સાથે રહીને જોતો-સંભાળતો થોડો વખત ત્યાં રહી પણ આવ.

૧૮૨ ચિત્ત સારથિ એ ભેટણું લઈ પોતાને ઘેર આવ્યો અને તેણે પોતાના કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું કે–હે દેવાનુપ્રિયો! મારે માટે છત્રીવાળો ચાર ઘંટાવાળો એવો ઘોડા જોડેલો રથ જલદી તૈયાર કરી હાજર કરો. કૌટુંબિક પુરુષો એ રથની તૈયારીમાં લાગ્યા એટલા સમયમાં ચિત્ત સારથિ નાહ્યો, બલિકર્મ કર્યું, બખ્તર પહેર્યું, બાજુ બાંધ્યું, ગળામાં હાર સાથે રાજચિહ્નવાળો પટ્ટો પહેર્યો અને જોઈતાં હથીઆર પડીઆરો પણ બાંધી લીધાં.

૧૮૩ પછી પેલું રાજાએ આપેલું ભેટણું લઈ, તૈયાર થઈને આવેલા રથ ઉપર ચિત્ત સારથિ બેઠો, તેને માથે એક જણે કોરંટકના ફૂલની માળાવાળું છત્ર ધર્યું અને રથની પાછળ હથીઆરબંધ બીજા અનેક માણસોને પણ તેણે સાથે લીધા. એ રીતે તે સેયવિયા નગરીથી નીકળી કેકયિઅર્ધ દેશની વચ્ચે થતો કુણાલ દેશની સાવત્થી નગરી તરફ જવા લાગ્યો.

વચ્ચે વચ્ચે બહુ લાંબા નહિ એવા સુખરૂપ શિરામણીવાળા પડાવ કરતો કરતો તે સાવત્થી નગરીએ જઈ પહોંચ્યો.

૧૮૪ ત્યાં જિતશત્રુ રાજાના ઘરની જે બાજુ બહારની ઉપસ્થાનશાળા હતી ત્યાં જઈ તેણે ઘોડા ઊભા રાખ્યા,

રથને સ્થિર કર્યો, પછી રથથી ઊતરી પોતાના રાજાએ આપેલું ભેટનું લઈ જિતશત્રુ રાજાના ઘરમાં અંદરની ઉપસ્થાનશાળામાં ગયો, ત્યાં પહોંચી રાજા જિતશત્રુને પ્રણામ કર્યા, તેને 'જય હો વિજય હો' એમ કહીને વધાવ્યો અને પછી રાજા પયેસીએ મોકલેલું ભેટું નજર કર્યું.

એ ભેટ સ્વીકારી જિતશત્રુ રાજાએ ચિત્ત સારથિનો સત્કાર કર્યો, સન્માન કર્યું અને તેને ઊતરવા માટે રાજમાર્ગ ઉપરનો એક મોટો આવાસ કાઢી આપ્યો. ચિત્ત સારથિ સાવત્થી નગરીની વચ્ચોવચ્ચ થનો તે આપેલે ઊતારે જઈ પહોંચ્યો, નાહ્યો, બલિકર્મ કર્યું, માંગલિક શુદ્ધ વસ્રો પહેર્યાં, નાનાં પણ મહામૂલ્ય ઘરેણાંથી શરીરને શણગાર્યું.

પછી જમી કરીને ચોકખો થઈ સુંદર રીતે શણગારેલા સિંહાસન ઉપર આવીને બેઠો એટલે બપોરને વખતે નમતે છાંયે એની સામે ગાંધર્વો મધુર ગીતો ગાવા લાગ્યા અને કુશળ નાચનારાઓ સુંદર નૃત્ય કરવા લાગ્યા. આ રીતે માનવ-ભોગ્ય યોગ્ય ઉત્તમ સુખોને ભોગવતો તે ત્યાં સાવત્થી નગરીમાં રહેવા લાગ્યો.

૧૮૫ તે વખતે ત્યાં-સાવત્થી નગરીમાં-પાર્શ્વાપત્ય કેશી નામે કુમારશ્રમણ પણ આવેલા હતા. એ કેશી કુમાર-શ્રમણ જાતવાન કુલીન બલિષ્ઠ વિનયી જ્ઞાની સમ્યગ્દ-ર્શની ચારિત્રશીલ લાજવાન નિરભિમાની ઓજસ્વી તેજસ્વી વર્ચસ્વી અને યશસ્વી હતા. એમણે ક્રોધ માન માયા અને લોભ દૂર જીત મેળવેલી હતી, નિદ્રા ઇંદ્રિયો અને પરીષહો

ઉપર કાબૂ કરેલો હતો. એમને જીવનની તૃષ્ણા કે મરણનો ભય નહોતાં. એમના જીવનમાં તપ, ચરણ, કરણ, નિગ્રહ, સરળતા, કોમળતા, ક્ષમા, નિર્લોભતા એ બધા ગુણો મુખ્યરૂપે હતા. વળી તે શ્રમણ વિદ્યાવાન માંત્રિક બ્રહ્મચારી અને વેદ તથા નયના જ્ઞાતા હતા. તેમને સત્ય શૌચ વગેરે સદાચારોના નિયમો પ્રિય હતા, તથા તેઓ ચૌદપૂર્વી અને ચાર જ્ઞાનવાળા હતા: એવા તે કેશી[૧૨૮] કુમારશ્રમણ પોતાના પાંચસેં ભિક્ષુશિષ્યો સાથે ક્રમે ક્રમે ગામે ગામ ફરતા ફરતા સુખે સુખે વિહરતા શ્રાવસ્તી નગરીની બહાર ઇશાન ખૂણામાં આવેલા કોઠય ચૈત્યમાં આવીને ઊતર્યા અને ત્યાં યોગ્ય અભિગ્રહ ધારણ કરીને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

૧૮૬ જે વખતે કેશી કુમારશ્રમણ સાવત્થી નગરીએ આવ્યા તે વખતે તે નગરીમાં ઠેર ઠેર–તરભેટામાં ત્રિકમાં ચોકમાં ચાચરમાં ચોકઠામાં રાજમાર્ગમાં અને શેરીએ શેરીએ જ્યાં સાંભળો ત્યાં ઘણા લોકો પરસ્પર એમ કહેતા હતા કે આજે તો પાર્શ્વાપત્ય કેશી કુમારશ્રમણ અહીં આવ્યા છે, તો હે દેવાનુપ્રિયો ! આપણે તેમની પાસે જઇએ, તેમને વાંદીએ, નમીએ, સત્કારીએ અને સન્માનીએ.

૧૮૭ આમ વિચારીને એ નગરીનો જનસમુદાય–મહાજન કોઠ્ઠયચૈત્યમાં જ્યાં કેશી કુમારશ્રમણ ઊતર્યા હતા ત્યાં તેમના દર્શનાર્થે પહોંચ્યું. કેશી કુમારશ્રમણે પોતાની પાસે આવેલા લોકોને તેમને યોગ્ય હિતશિક્ષાઓ કહી સંભળાવી.

૧૮૮ તે વખતે ત્યાંગી પાછા ફરતા લોકોનો ઘોંઘાટ સાંભળીને ચિત્ત સારથિના મનમાં એમ થયું કે-'શું આજે આ નગરીમાં ઇંદ્ર સ્કંદ રુદ્ર મુકુંદ નાગ ભૂત યક્ષ સ્તૂપ ચૈત્ય વૃક્ષ ગિરિ ગુફા કૂવો નદી સરોવર કે સમુદ્ર સંબંધી કોઇ ઉત્સવ છે કે જેને લઇને આ ઘણા ઉગ્રો ભોગો રાજન્યો ક્ષત્રિયો ઇક્ષ્વાકુઓ જ્ઞાતો કૌરવ્યો બ્રાહ્મણો ભટો યોધો લિચ્છવિઓ મલ્લકિઓ પ્રશાસ્તાઓ ઇભ્યો ઇભ્યપુત્રો અને સેનાપતિઓ વગેરે નાહી ધોઇને આવજા કરી રહ્યા છે, કેટલાક ઘોડે ચડેલા છે, કેટલાક હાથીએ બેઠેલા છે અને કેટલાક ટોળે વળીને પગે ચાલતા આવજા કરે છે?'

૧૮૯ લોકોની એ દોડધામવાળી આવજાનું કારણ જાણવા ચિત્ત સારથિએ પોતાના કંચુકી પુરુષને તપાસ કરવા મોકલ્યો, તેણે બરાબર તપાસ કરી ખરા સમાચાર મળતાં જ આવીને ચિત્ત સારથિને વિનયપૂર્વક જણાવ્યું કે- હે દેવાનુપ્રિય! આજે આ નગરીમાં કોઇ ઇંદ્ર કે સાગર વગેરેનો ઉત્સવ નથી પણ પાર્શ્વાપત્ય કેશી કુમારશ્રમણ આ નગરીના કોષ્ઠક નામના ચૈત્યમાં આવીને ઊતરેલા છે અને તેમના દર્શનાર્થે જવા માટે આ બધી દોડધામ ઘોંઘાટ થઇ રહ્યાં છે.

૧૯૦ પોતાના સંદેશવાહકે કહેલી એ હકીકત સાંભળીને ચિત્ત સારથિ ખુશ થયો અને તેને પણ કેશી શ્રમણ પાસે જવાનું મન થયું, એથી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવી અશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો.

૧૯૧ રથ આવી પહોંચતાં તો તે સારથિ નાહ્યો,

બલિકર્મ કર્યું, મંગલમય શુદ્ધ વસ્ત્રો પહેર્યાં, છેક જને એના ઉપર છત્ર ધર્યું અને એ રીતે તે, રથમાં બેસી મોટા સમુદાય સાથે કેશી કુમારશ્રમણના ઉતારા ભણી જવા નીકળ્યો. તેમની પાસે પહોંચતાં જ ઘોડાઓ ઊભા રાખ્યા, રથને થંભાવી દીધો અને પોતે રથથી ઉતરી કેશી કુમારશ્રમણની ત્રણ પ્રદક્ષિણા કરી, તેમને વાંદી નમી હાથ જોડી વિનયપૂર્વક સેવા કરતો તેમની સામે બેઠો.

૧૯૨ કેશી કુમારશ્રમણે ચિત્ત સારથિને અને તેની સાથેની મોટી જનતાને ચતુર્યામ ધર્મનો ઉપદેશ કર્યો એટલે કે સર્વ પ્રકારની હિંસાથી વિરામ કરવો, સર્વ પ્રકારના અસત્યથી વિરામ કરવો, સર્વ પ્રકારની ચોરીથી વિરામ કરવો અને સર્વ પ્રકારના બહિદ્ધાદાનથી[૧૨૯] વિરામ કરવો.

૧૯૩ કેશી કુમારશ્રમણે કહેલી આ હિતશિક્ષાઓ સાંભળીને ચિત્ત સારથિ પ્રમુદિત થયો અને શ્રમણને ત્રણ પ્રદક્ષિણા દઈ હાથ જોડી આ પ્રમાણે બોલ્યો:

હે ભગવન્! તમે કહેલા નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ ધરું છું, હે ભગવન્! તમોએ જણાવેલું નિર્ગ્રંથ પ્રવચન મને રુચે છે, તે પ્રમાણેના પાલન માટે ઉજમાળ થઉં છું અને હે ભગવન્! જેવું તમે કહેલું છે તેવું તે, મને સાચું લાગે છે.

તમારી પાસે આ ઘણા ઉગ્રો ભોગો અને ઇભ્યો વગેરેએ પોતાનું પુષ્કળ સોનું રૂપું ધન ધાન્ય બળ વાહન ભંડાર કોઠાર અને વિશાળ અંતઃપુર એ બધાંનો પરિત્યાગ કરીને અને એ બધું ધન જનતામાં વહેંચી દઈને મુંડ થઈ

ગૃહવાસ છોડી અણગારપણું સ્વીકાર્યું છે પણ હું તેમ કરવા
સમર્થ નથી. હું તો આપ દેવાનુપ્રિયની પાસે પાંચ અણુ-
વ્રતવાળો અને સાત શિક્ષાવ્રતવાળો[130] એમ બાર
પ્રકારનો ગૃહિધર્મ સ્વીકારવા શક્તિમાન છું.

૧૯૪ કેશી કુમારશ્રમણ બોલ્યાઃ હે દેવાનુપ્રિય!
તને સુખ થાય તેમ કર, તેમાં વિઘ્ન ન આવવા દે. પછી
કેશી કુમારશ્રમણ પાસે ચિત્ત સારથિએ પૂર્વે જણાવેલો
ગૃહિધર્મ સ્વીકાર્યો અને તેમને વાંદી નમીને પાછો એ સારથિ
પોતાને ઊતારે આવી પહોંચ્યો.

૧૯૫ હવે તે ચિત્ત સારથિ શ્રમણોપાસક થયો. જીવ
અજીવ પુણ્ય પાપ આસ્રવ સંવર નિર્જરા ક્રિયા અધિકરણ બંધ
અને મોક્ષના સ્વરૂપને તે બરાબર સમજવા લાગ્યો. નિર્ગ્રંથ
પ્રવચનમાં તેને હવે એવી દૃઢ શ્રદ્ધા થઈ કે તે પ્રવચનથી
કોઈ દેવ અસુર નાગ સુવર્ણ યક્ષ રાક્ષસ કિન્નર કિંપુરુષ ગરુડ
ગાંધર્વ કે મહોરગ વગેરે દેવગણો તેને ચળાવી શકે નહિ. નિર્ગ્રંથ
પ્રવચન તરફની તેની બધી શંકાઓ ટળી ગઈ, બધી કાંક્ષાઓ
શમી ગઇ અને બધી વિચિકિત્સાઓ ઓસરી ગઇ. તે એ
પ્રવચનના મર્મને બરાબર સમજ્યો અને જેમ અસ્થિ મજ્જા
પરસ્પર ઓતપ્રોત થઈ રહેલાં છે તેવીજ ઓતપ્રોતતા
એ પ્રવચનમાં તેને જામી ગઈ. હવે તે એમ માનવા
લાગ્યો કે આ નિર્ગ્રંથ પ્રવચન પરમાર્થરૂપ છે અને બાકી
બધું અનર્થરૂપ છે. પ્રવચનની આવી આસ્થાને લીધે હવે
તે[131] અતિશય દાનશાલી થયો એટલે હવે તેણે પોતાના

1 આગળિયા ઉંચા કરી લીધા અર્થાત્ મને કોઈને માટે

દરવાજાઓ ખુલ્લા કરી નાખ્યા. તેનું શીલ એટલું બધું પવિત્ર બન્યું કે હવે તે કોઈના ઘરમાં કે અંતઃપુરમાં પ્રવેશતો તોપણ લેશમાત્ર અપ્રીતિકર નહોતો લાગતો. ચૌદશ આઠમ અમાવાસ્યા[૧૨૪] અને પૂર્ણિમાના દિવસોમાં તે પૂરેપૂરો ઉપોસથ પાળતો, નિર્ગ્રંથ શ્રમણોને નિર્દોષ ખાનપાન ખાદિમ સ્વાદિમ પીઠ પાટીયાં શય્યા સંથારો વસ્ત્ર પાત્ર કામળ પગપૂંછણું અને ઓસડવેસડ આપતો હતો તથા શીલ-વ્રત ગુણ વિરમણ પ્રત્યાખ્યાન અને ઉપોસથોપવાસ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતો અને શ્રાવસ્તી નગરીમાં જે જે રાજકાર્યો અને રાજવ્યવહારો હતા તે બધાંને જિતશત્રુ રાજાને સાથે રાખીને તે પોતેજ સંભાળતો રહેવા લાગ્યો.

૧૯૬ આમ કેટલાક દિવસો વીત્યા પછી કોઈ એક દિવસે રાજા જિતશત્રુએ એક મહામૂલ્ય ભેટણું તૈયાર કરાવ્યું. પછી ચિત્ત સારથિને બોલાવીને રાજાએ કહ્યું કે–હે ચિત્ત! તું સેયવિયા નગરીએ જા અને હું આ જે નજરાણું આપું છું તે રાજા પયેસીને નજર કર તથા મારી વતી એમને વિનંતી કરજે કે તેમણે જે આશા યોગ્ય સંદેશો કહી મોકલાવ્યો છે તે મારે મન સાચો અને અસંદિગ્ધ છે. આમ સૂચના આપીને રાજાએ વિશેષ આદરપૂર્વક ચિત્ત સારથિને વિદાય આપી.

૧૯૭ ચિત્ત સારથિ પણ એ ભેટણું લઇ પોતાને ઊતારે આવી, જવાની તૈયાર કરવા લાગ્યો. જતાં પહેલાં તે નાહી ધોઇ શુદ્ધ વસ્ત્રો પહેરી કેશી કુમારશ્રમણ પાસે ગયો.

શ્રમણે સારથિને ધર્મોપદેશ કર્યો. ધર્મોપદેશ સાંભળી

સારથિ પ્રસન્ન થયો. ઉઠતાં તેણે શ્રમણને વિનતિ કરી કે હે ભગવન્! રાજા જિતશત્રુની વિદાય લઈ આજે હું સેયવિયા નગરી ભણી રવાના થઉં છું, તો હે ભગવન્! તમે કોઈ વાર સેયવિયા નગરી જરૂર પધારજો. સેયવિયા નગરી પ્રાસાદિક છે, દર્શનીય છે અને બધી રીતે રમણીય છે, માટે જરૂર તમે ત્યાં પધારવા કૃપા કરશો.

૧૯૮ ચિત્ત સારથિના આ કથનનો કેશી શ્રમણે આદર ન કર્યો, તે તરફ કાંઈ ધ્યાન ન આપ્યું, પણ માત્ર મૌનજ ધરી રાખ્યું. છતાં ચિત્ત સારથિએ તો બીજીવાર અને ત્રીજીવાર પણ સેયવિયા નગરી આવવાનો આગ્રહ કર્યા કર્યો.

૧૯૯ જ્યારે બે ત્રણવાર સારથિએ આગ્રહભરી વિનતિ કરી ત્યારે કેશી કુમારશ્રમણ સારથિ પ્રતિ બોલ્યા કે—હે ચિત્ત! જેમ કોઈ એક લીલોછમ ઠંડી છાયાવાળો મોટો વનખંડ હોય, તો હે ચિત્ત! તે વનખંડ, મનુષ્ય પશુ પક્ષી અને સર્પો વગેરેને રહેવાલાયક ખરો? ચિત્ત બોલ્યો—હા જરૂર—એ રહેવાલાયક ખરો.

શ્રમણ બોલ્યા—પણ હે ચિત્ત! એ વનખંડમાં અનેક પ્રાણીઓનુ લોહી પીનારા ભીલુંગા નામના પાપશકુનો રહેતા હોય તો એ વનખંડ શું રહેવાલાયક ખરો? ચિત્ત બોલ્યો—એમ હોય તો એ સારો વનખંડ પણ ઉપસર્ગ દેનારો હોવાથી રહેવાલાયક ન ગણાય.

શ્રમણ બોલ્યા—એજ પ્રમાણે, હે ચિત્ત! તારી સેયવિયા નગરી પણ ભલે ઘણી સારી હોય, છતાં તેનો અધાર્મિક રાજા પયેસી પ્રજાનો કારભાર સારી રીતે ન ચલાવનારો હોવાથી હું ત્યાં કેવી રીતે આવી શકું?

૨૦૦ પછી ચિત્ત સારથિએ કેશી કુમારશ્રમણને એમ કહ્યું કે–હે ભગવન્! તમારે રાજા પયેસી સાથે શું કરવું છે ? સેયવિયા નગરીમાં સાર્થવાહ વગેરે બીજા ઘણા લોકો છે, જેઓ આપ દેવાનુપ્રિયને વાંદશે નમશે અને આપની સેવામાં રહેશે. તેમ જ એ લોકો આપને ખાનપાન ખાદિમ સ્વાદિમ પ્રતિલાભશે તથા પીઠ ફલક શય્યા સંસ્તારક વગેરે દ્વારા પણ આપને ઉપનિમંત્રિત કરશે.

૨૦૧ સારથિનું આ કથન સાંભળી કેશી કુમાર બોલ્યા– ચિત્ત ! ત્યારે વળી કોઇ વખતે તારી સેયવિયા નગરીએ પણ આવીશું.

૨૦૨ પછી સારથિ કેશી શ્રમણને વાંદી નમી ત્યાંથી પોતાના ઊતારા તરફ જવા માટે પાછો ફર્યો. ઊતારે આવી ઘોડે જોડેલા ચાર ઘંટાવાળા રથમાં બેસી સેયવિયા નગરીથી જે રીતે આવ્યો હતો તે રીતે કુણાલદેશની વચમાં થતો પાછો ત્યાં જવા નીકળ્યો.

૨૦૩ કેકયિઅર્ધ દેશની સેયવિયા નગરીમાં આવતાંજ ચિત્ત સારથિએ ત્યાંના મિયવણ ઉદ્યાનના રખેવાળોને બોલાવી સૂચના કરી કે–હે દેવાનુપ્રિયો ! પાર્શ્વાપત્ય કેશી કુમાર-શ્રમણ ક્રમે ક્રમે ગામેગામ ફરતા ફરતા અહીં આવવાના છે, તો તેઓ અહીં આવે ત્યારે, દેવાનુપ્રિયો ! તમે તેમને વાંદજો, નમજો, તેમને રહેવાયોગ્ય સ્થળમાં રહેવાની અનુજ્ઞા આપજો અને પીઠ ફલક શય્યા સંસ્તારક લઈ જવા નિમં-ત્રણ કરજો.

તે રખેવાળોએ ચિત્ત સારથિનું ઉક્ત કથન માથે

સાવત્થી નગરીથી વિહાર કરી ફરતાં ફરતાં તેઓ કેકયિઅર્ધ દેશની સેયવિયા નગરીના મિયવણુ ઉદ્યાનમાં આવી પહોંચ્યા અને ત્યાં યથોચિત અવગ્રહ સ્વીકારી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા લાગ્યા.

૨૦૭ જ્યારે કેશી કુમારશ્રમણુ તે ઉદ્યાનમાં આવી પહોંચ્યા ત્યારે તેમનું આગમન થયું જાણી તે ઉદ્યાનપાલકો બહુ ખુશ થયા. તેમની પાસે આવીને તેઓએ કેશી શ્રમણુને વાંદ્યા, તેમને યોગ્ય રહેવાના સ્થળમાં રહેવાની અનુમતિ આપી, અને તેમને ઉપયોગમાં લેવા માટે પીઠ પાટીયાં સંથારો વગેરે લઇ જવાને નિમંત્રણુ આપ્યું.

૨૦૮ તે રખેવાળોએ કેશી કુમારશ્રમણુનાં નામ અને ગોત્ર પૂછીને યાદ પણુ કરી લીધાં. પછી તેઓ એકાંતમાં ભેગા થઈ પરસ્પર વાતચીત કરવા લાગ્યા કે, હે દેવાનુપ્રિયો ! આપણો ચિત્તસારથિ જેમની વાટ જોતો રહે છે, જેમનું દર્શન ઇચ્છે છે અને જેમનાં નામ ગોત્ર સાંભળતાં પણુ એ ખૂબ પ્રસન્ન થાય છે, તે જ આ કેશી કુમારશ્રમણુ ગામેગામ ફરતાં ફરતાં અહીં સેયવિયા નગરીમાં આવી ચડ્યા છે; તો હે દેવાનુપ્રિયો ! આપણે જઇએ અને ચિત્તસારથિને તેને અતિપ્રિય લાગે તેવી કેશી કુમારના આગમનની હકીકત જણાવીએ.

૨૦૯ એવો વિચાર કરી તે ઉદ્યાનપાલકો ચિત્તસારથિને ઘેર ગયા, તેને પ્રણામપૂર્વક જયવિજયથી વધાવી કહેવા લાગ્યા કે, હે દેવાનુપ્રિય ! તમે જેમની વાટ જોઇ રહ્યા છો તે કેશી કુમારશ્રમણુ આપણી સેયવિયા

નગરીના મિયવણ ઉદ્યાનમાં આવી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેતા લાગ્યા છે.

૨૧૦ ઉક્ત હકીકત સાંભળી ચિત્તસારથિ બહુ ખુશ થયો. પછી તે, આસનથી ઉઠી-ઊભો થઇ પાદપીઠથી નીચે ઊતરી પગમાંથી મોજડીઓ કાઢી નાંખી ખભે એસ રાખી હાથ જોડી જે દિશામાં કેશી કુમારશ્રમણ ઊતર્યા હતા તે દિશા તરફ સાત આઠ પગલાં ગયો અને પ્રણામપૂર્વક તેમની સ્તુતિ કરવા લાગ્યોઃ

નમોઽત્થુણં અરિહંતાણં ભગવંતાણં વગેરે.

આ શક્રસ્તવ પૂરું કરતાં છેવટે તે બોલ્યો કે-અહીંના મિયવણ ઉદ્યાનમાં પધારેલા એ મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમારશ્રમણ ભગવાનને હું વાંદું છું.

૨૧૧ એ રીતે પોતાના ધર્માચાર્યને નમસ્કાર કરી તેમનો આગમન સંદેશો કહેવા આવનાર તે ઉદ્યાનપાલકોનો સારથિએ સત્કાર કર્યો અને જીવતાંસુધી પહોંચે તેટલું વિશાળ પ્રીતિદાન આપી તેમને વિદાય કર્યા.

પછી તેણે કૌટુંબિક પુરુષોને બોલાવીને અશ્વરથ જલદી તૈયાર કરી લાવવાનો આદેશ કર્યો. રથ આવતાં આવતાં તો તે નાહી, બલિકર્મ કરી, શુદ્ધ વસ્ત્રો પહેરી અને શરીરને શોભાવી તૈયાર થઇ ગયો.

પછી રથમાં બેસી મોટા જનસમુદાય સાથે કેશી કુમારશ્રમણના દર્શનાર્થે તે ગયો.

૨૧૨ કેશી શ્રમણની ધર્મદેશના સાંભળી હરખાએલો અને તોષ પામેલો સારથિ બોલ્યો કે–હે ભગવન્! અમારો રાજા પએસી અધાર્મિક છે અને પોતાના દેશનો ય કારભાર બરાબર ચલાવતો નથી, તેમ કોઇ શ્રમણ બ્રાહ્મણ કે ભિક્ષુઓનો આદર કરતો નથી અને સર્વ કોઇને હેરાન હેરાન કરે છે. માટે હે દેવાનુપ્રિય! તમે એ રાજાને ધર્મોપદેશ આપો, તો તેનું ઘણું ભલું થાય, સાથે શ્રમણ બ્રાહ્મણ ભિક્ષુઓ, મનુષ્યો, પશુઓ અને પક્ષીઓનું પણ ઘણું ભલું થાય અને તેમ થતાં તેના આખાય દેશનું પણ ઘણું સારું થાય.

૨૧૩ ચિત્તસારથિનું આ કથન સાંભળી કેશી કુમારશ્રમણ બોલ્યા કે–હે ચિત્ત! જે મનુષ્યો આરામ કે ઉદ્યાનમાં આવેલા શ્રમણ બ્રાહ્મણની સામે જતા નથી, તેમને વાંદતા નમતા કે સત્કારતા નથી, તેમ જ તેમની પર્યુપાસના કરતા નથી અને તેમની પાસે જઈ પોતાના પ્રશ્નોના ખુલાસા પૂછતા નથી, તેઓ કેવળીએ કહેલા ધર્મને સાંભળવાનો લાભ મેળવી શકતા નથી.

જે મનુષ્યો ઉપાશ્રયમાં આવેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરતા નથી, તેમની પાસે જઇ કશો ખુલાસો પૂછતા નથી, તેઓ ધર્મ સાંભળવાનો લ્હાવો લઇ શકતા નથી.

જે મનુષ્યો ગોચરીએ નીકળેલા શ્રમણ બ્રાહ્મણની ભક્તિ કરતા નથી, તેમજ તેમને વિપુલ અશન પાન ખાદિમ અને સ્વાદિમ વડે પ્રતિલાભતા નથી તથા તેમને કોઈ પ્રકારનો ખુલાસો પૂછતા નથી, તેઓ ધર્મને સાંભળવા સમજવાના અધિકારી થઇ શકતા નથી.

તેમજ જે મનુષ્યો શ્રમણ બ્રાહ્મણની પાસે જતા છતાં પોતાની જાતને હાથ આડું કે છત્રીવડે ઢાંકી રાખે છે, મુખની આગે કે અથવા કોઈ ખૂણામાં જઈ ચુપચાપ બેસી રહે છે પણ કશો ખુલાસો પૂછવા આગળ આવતા નથી. તેઓ પણ ધર્મને સાંભળવાનો લાભ ખોઈ બેસે છે.

પણ હે ચિત્ત ! જે મનુષ્યો આરામ ઉદ્યાન કે ઉપાશ્રયમાં આવેલા શ્રમણ બ્રાહ્મણનો આદર કરે છે, ગોચરીએ આવેલા તેમને વિપુલ દાન આપે છે અને તેમની પાસે જતાં પોતાની જાતને ન છુપાવતાં જ્યાં ત્યાં પ્રસંગ મળે ત્યાં ત્યાં સર્વ ખુલાસા પૂછી લે છે, તેઓ જ ધર્મને સાંભળવાનો સમજવાનો કે મેળવવાનો લાભ મેળવી શકે છે.

૨૧૪ તો હે ચિત્ત ! તારા રાજા પએસીને અમે ધર્મ કેવી રીતે કહી શકીએ, કેમકે તે અમારી પાસે આવતો નથી તેમજ અમારી સામું પણ જોતો નથી.

૨૧૫ પછી સારથિ બોલ્યોઃ

હે ભગવન્ ! કોઈ એક વખતે મારી પાસે કંબોજ દેશમાંથી ચાર ઘોડાઓની ભેટ આવેલી છે, એ મેં ન રાખતાં પરબારી રાજાને ત્યાં મોકલી આપી છે, તો હે ભગવન્ ! એ ઘોડાઓના બ્હાનાથી રાજા પએસીને હું આપ દેવાનુપ્રિયની પાસે લાવી શકીશ; માટે હે દેવાનુપ્રિય ! તે સમયે તમે રાજા પએસીને ધર્મકથા કહેતાં લેશ પણ [134]ગ્લાન થશો નહિ. તમે તમારે રાજા પએસીને ખૂબ ટથી ધર્મ કહેજો–લેશ પણ અચકાશો નહિ.

૨૧૬ પછી કેશી કુમારશ્રમણ બોલ્યાઃ હે ચિત્ત! તે પ્રસંગે વાત.

ત્યારબાદ ચિત્તસારથિ પોતાના ધર્માચાર્ય કેશી કુમારશ્રમણને વાંદી નમી રથમાં બેસી પોતાને આવાસે જઇ પહોંચ્યો.

૨૧૭ હવે એક દિવસે પ્રભાતના પહોરે નિયમ ધારી અને આવશ્યક કરી સૂર્ય ઉગતાં જ ચિત્તસારથિ પોતાને ઘેરથી રાજા પએસીને ઘેર ગયો. રાજાને નમસ્કાર કરી જય-વિજયથી વધાવી તે બોલ્યોઃ

હે દેવાનુપ્રિય! આપને મેં કેળવેલા ચાર ઘોડાની ભેટ મોકલેલી છે, તો હે સ્વામી! ચાલો અને એ ઘોડાઓની ચેષ્ટા જુઓ, અર્થાત્ એમનાં ચાલ સ્વભાવ વગેરેની પરખ કરો.

૨૧૮ રાજાએ સારથિને કહ્યું: ચિત્ત! તું જા અને પારખવાના તે ચારે ઘોડાઓ જોડેલો અશ્વરથ જલદી તૈયાર કરી અહીં હંકારી લાવ.

અશ્વરથ આવી પહોંચતાં શરીરને સજધજ કરીને રાજા રથમાં બેસી સેયવિયા નગરીની વચ્ચોવચ્ચ થતોક ઘોડાને ખેલવતો ખેલવતો બહાર નીકળ્યો.

૨૧૯ એમ જતાં જતાં ચિત્તસારથિ તે રથને અનેક યોજનો[૧૩૫] સુધી ખેંચી ગયો. રાજા પએસી, ગરમી, તરસ, રથનો વાયરો-ઊની લૂ કે ઉડતી ધૂળથી કંટાળી થાકી ગયો અને બોલ્યોઃ

ચિત્ત! મારું શરીર થાકી ગયું છે માટે હવે રથને તું પાછો વાળ.

૨૨૦ સારથિ રથને પાછો વાળી મિયવણ ઉદ્યાન તરફ હંકારી ગયો. ઉદ્યાન પાસે પહોંચતાં તેણે રાજાને કહ્યું: સ્વામી! આ મિયવણ ઉદ્યાન છે. અહીં ઘોડાઓને સારી રીતે થાક ખવડાવીએ અને તેમનો બધો શ્રમ આપણે દૂર કરી નાખીએ.

રાજાએ 'હા' પાડતાં તે ઉદ્યાનમાં કેશી કુમારશ્રમણના ઉતારાની પાસે જઇ ચિત્તે ઘોડાઓને રોકી રાખ્યા, રથને સ્થિર કર્યો અને ઘોડાઓને છોડી નાખી તેમનો શ્રમ દૂર થાય તેવી પ્રવૃત્તિ શરૂ કરી.

રાજા પણ રથથી નીચે ઉતરી સારથિની એ પ્રવૃત્તિમાં જોડાયો અને ઘોડાઓને ધીમે ધીમે ફેરવવા લાગ્યો.

એમ કરતાં કરતાં, મિયવણમાં મળેલી મોટી સભામાં વચ્ચે બેસી મોટા અવાજે કહેતા કેશી કુમારશ્રમણને રાજાએ જોયા.

૨૨૧ જોતાંજ તેને વિચાર આવ્યો કે 'જડ લોકો જ જડની ઉપાસના કરે છે, મુંડ લોકોજ મુંડની પૂજા કરે છે, મૂઢ લોકોજ મૂઢનો આશ્રય ખોળે છે, અપંડિત લોકોજ અપંડિતનો આદર કરે છે અને અજ્ઞાની લોકોજ અજ્ઞાનીનું બહુ માન કરે છે,' તો આ વળી કોણ જડ મૂઢ મુંડ અપંડિત અને અજ્ઞાની પુરુષ છે જે શરમાળ અને શરીરે હૃષ્ટપુષ્ટ દેખાવડો લાગે છે? એ શું ખાય છે? શું પીયે છે? એવું તે શું ખાધા પીધાથી એનું શરીર આવું તગમગી રહ્યું - ? અને વળી એ શું દે છે જેને લીધે આવડી મોટી વમેદનીની વચ્ચે બેઠો બેઠો તે મોટા બરાડા પાડે છે?

૨૨૨ આમ વિચાર આવતાં જ રાજાએ સારથિને કહ્યું: ચિત્ત ! જો તો ખરો, આ લોકો કેવા જડ છે જે પેલા મોટા જડની સેવા કરે છે અને એ મોટો જડો જડ તેઓની સામે કેવા મોટા ખરાડા પાડીને કોણ જાણે શુંય સમજાવે છે! ગમ્મત તો એ છે કે આવા નફ્ફરા અને જામી ગએલા જડ લોકોને લીધે આપણે આપણી પોતાની પણ ઉદ્યાનભૂમિમાં સારી રીતે ફરી ફરી શકતા નથી. માત્ર વિસામો અને શાંતિ મેળવવા માટે તો અહીં આવ્યા અને અહીં તો માથાના વાળ ઉભા થઇ જાય એવા ખરાડા કાને અથડાયા કરે છે.

૨૨૩ ચિત્તે રાજાને કહ્યું:

હે સ્વામી ! એ કેશી નામે કુમારશ્રમણ પાર્શ્વાપત્ય છે, જાતિવંત છે, ચાર જ્ઞાનના ધારક છે, એમને પરમાવધિજ્ઞાન થએલું છે અને તેઓ અન્નજીવી[૧૩૧] છે.

રાજા બોલ્યો:

ચિત્ત ! તું શું કહે છે ? શું એ પુરુષને પરમાવધિ જ્ઞાન છે ? શું એ અન્નજીવી છે ?

સારથિ બોલ્યો:

હા, સ્વામી ! એમજ છે.

રાજા: ચિત્ત ! ત્યારે શું એ પુરુષ અભિગમનીય છે ?

ચિત્ત: હા, સ્વામી ! એ શ્રમણ અભિગમનીય છે.

રાજા: ત્યારે તો ચિત્ત ! આપણે તેની સામે જઇએ.

૨૨૪ આમ વાતચીત કરી એ બન્ને જણા સાથે, કેશી કુમારની સામે જઇને તેમની પાસે બેઠા.

રાજા: હે ભંતે! શું તમે પરમાવધિ જ્ઞાન ધરાવો છો? શું તમે મનઃપર્યવજ્ઞાની છો?

શ્રમણે રાજાને કહ્યું:

હે પએસી! ગામે ગામ ફરતા કોઈ અંકવાણિયા શંખવાણિયા કે દંતવાણિયા દાણમાંથી છટકી જવા માટે કોઈને ખરો રસ્તો પૂછતા નથી પણ આડે અવળે માર્ગે ચાલે છે, તેમ વિનયના માર્ગથી છટકી જવાને લીધે તને પણ સારી રીતે પૂછતાં આવડતું નથી.

પએસી! મને જોઈને તને એવો વિચાર થયેલો ખરો કે આ જડ લોકો પેલા મોટા જડની ઉપાસના કરે છે અને આ મારા ઉદ્યાનમાં પણ બરાડા પાડી મને ય સુખે રહેવા દેતા નથી?

રાજા: હા, એ વાત ખરી, પણ હે ભંતે! એ તમે જાણ્યું શાથી? તમને એવું તે કેવુંક જ્ઞાન કે દર્શન થએલું છે જેથી મારો મનનો સંકલ્પ પણ તમે જાણી લીધો?

૨૨૫ કેશી શ્રમણ બોલ્યા:

અમારા શ્રમણ નિર્ગ્રંથોના શાસ્ત્રોમાં કહેલું છે કે જ્ઞાનના પાંચ[૧૩૭] પ્રકાર છે: ૧ આભિનિબોધિકજ્ઞાન ૨ શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવળજ્ઞાન. તેમાં અવગ્રહ ઈહા અવાય અને ધારણા એમ ચાર પ્રકારનું પહેલું જ્ઞાન છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એવા બે પ્રકાર બીજા જ્ઞાનના છે. ત્રીજું જ્ઞાન, ભવપ્રત્યય અને ક્ષાયોપશમિક એમ બે ભેદવાળું છે અને ચોથા જ્ઞાનના ઋજુમતિ તથા વિપુલમતિ એવા બે ભેદ છે.

હે પએસી! જણાવેલાં પાંચ જ્ઞાનોમાં પહેલાંનાં ચારે જ્ઞાન તો મને થએલાં છે, ફક્ત એક પાંચમું કેવળજ્ઞાન છે તે મને થએલું નથી. એ પાંચમું જ્ઞાન તો અરિહંત ભગવંતોને હોય છે.

હે પએસી! હું છદ્મસ્થ છું અને એ ચાર જ્ઞાનોદ્વારા તારા મનના સંકલ્પને પણ જાણી શકું છું–જોઇ શકું છું.

૨૨૬ પછી રાજાએ કેશી શ્રમણને કહ્યું:

હે ભંતે! અહીં હું આપની પાસે બેસું?

કેશી કુમારશ્રમણ બોલ્યા:

આ ઉદ્યાનભૂમિ તારી પોતાની છે તેથી અહીં બેસવું કે ન બેસવું એ તારી વૃત્તિની વાત છે.

૨૨૭ પછી તો ચિત્તસારથિ અને રાજા પએસી એ બન્ને જણા કેશી કુમારશ્રમણની પાસે સાથે બેઠા. રાજાએ શ્રમણને પૂછયું:

હે ભંતે! તમારા શ્રમણ નિર્ગ્રંથોમાં એવી સમજ છે, એવી પ્રતિજ્ઞા છે, એવી દૃષ્ટિ છે, એવી રુચિ છે, એવો હેતુ છે, એવો ઉપદેશ છે, એવો સંકલ્પ છે, એવી તુલા છે, એવું માન છે, એવું પ્રમાણ છે અને એવું [૧૩૮]સમોસરણ છે કે–જીવ જુદો છે અને શરીર જુદું છે, પણ જે જીવ છે તેજ શરીર છે એવી સમજ નથી.

કુમારશ્રમણ બોલ્યા:

હા, પએસી! અમારી સમજમાં જીવ જુદો છે અને શરીર જુદું છે એમ છે પણ જે જીવ છે તેજ શરીર છે એવી અમારી સમજ નથી.

૨૨૮ રાજા બોલ્યો

જીવ અને શરીર બન્ને જુદાં જુદાં જ હોય અને જે જીવ તે જ શરીર છે એમ ન હોય તો, હે ભંતે! તમે માનજો કે

એક મારો જ દાદો હતો જે આ જ નગરીમાં મોટો અધાર્મિક રાજા હતો, તે પોતાના દેશની પણ ઠીક સાર સંભાળ ન કરતો અને ઘણાંય પાપકર્મોમાંજ રાચ્યો રહેતો. તમારા કહેવા પ્રમાણે તો એ પાપી મારો દાદો કાળ આવતાં મરણ પામી કોઈ એક નરકમાં નૈરયિક થયો હોવો જોઈએ. હે ભંતે! કેમ ખરું ને?

વળી, એ મારા દાદાનો હું વહાલો પૌત્ર છું, તેને મારા પર ઘણું હેત હતું, હું તેનો વિશેષ લાડીલો-માનીતો હતો, તેનું હૃદય મને જોઈને વિશેષ આનંદ પામતું. વધારે શું, પણ મારું નામ સાંભળીને પણ તેઓ પોતાનું અહો-ભાગ્ય માનતા.

હવે, હે ભંતે! તમારા કહેવા પ્રમાણે જીવ અને શરીર જુદાં જુદાં હોય તો મારા દાદા નરકમાં ગયા હોવા જોઈએ. વળી, મારા દાદાને મારા ઉપર ઘણું હેત હતું તેથી તેમણે અહીં મારી પાસે આવીને એમ જણાવવું જોઈએ કે " હે પૌત્ર! હું તારો દાદો હતો પણ અધાર્મિક હોવાને કારણે મેં ઘણાં પાપો આચરેલાં, તેથી હું નરકમાં પડ્યો છું. માટે, હે પૌત્ર! તું લેશ પણ પાપ ન આચરજે અને પ્રામાણિકપણે દેશનો કારભાર કરજે. પાપકર્મમાં પડીશ તો મારી પેઠે નરકમાં જઈશ-નરકની યાતનાઓ બહુ ભયંકર

છે, માટે ભૂલ્યે ચૂક્યે જરા પણ પાપાચરણ ન સેવીશ."

હે ભંતે! મારો દાદો મારી પાસે આવીને ઉક્ત રી
કહે, તો જીવ અને શરીર જુદાં જુદાં છે એવી મારી શ્ર
થાય, પણ અત્યારસુધીમાં મારે દાદે અહીં મારી પા
આવીને એવું કશુંય કહેલું નથી, તેથી હું એમ સમજું છું
કે તેમનો જીવ અને શરીર એ બન્ને સાથેજ નાશ પામ
ગયાં છે અર્થાત મારા દાદાના દેહને દેન દેતાંની સાથે તેમનો
જીવ પણ અહીં બળી ગયો છે તો પરલોકમાં જાયજ
કોણ? અને એમ છે માટે તે અહીં આવી પણ ક્યાંથી શકે!
અને આમ છે માટે જીવ અને શરીર બન્ને એકજ છે-જે
જીવ છે તેજ શરીર છે-એ મારી પ્રતિજ્ઞા સુપ્રતિષ્ઠિત છે.

૨૨૯ કેશી કુમારશ્રમણ બોલ્યા:

હે પએસી! તારે સૂર્યકાંતા નામે રાણી[૧૪૦] છે. હવે તું
એમ સમજ કે એ રૂડી રૂપાળી તારી રાણી કોઈ રૂડા
રૂપાળા પરપુરુષ સાથે માનવીય કામસુખોને અનુભવતી
હોય એમ તું જો, તો એ કામુક પુરુષનો તું શું દંડ કરે?

હે ભંતે! હું એ પુરુષનો હાથ કાપી નાખું, પગ
છેદી નાખું, એને શૂળીએ ચડાવી દઉં અથવા એકજ ઘાએ
તેનો પ્રાણ લઉં.

હે પએસી! તે કામુક પુરુષ કદાચ તને એમ કહે
કે-હે સ્વામી! તમે એક ઘડીક થોભી જાઓ, મારા મિત્રો
જ્ઞાતિજનો સંબંધીજનો અને પરિવારના લોકોને હું એમ
કહી આવું કે-હે દેવાનુપ્રિયો! કામવૃત્તિને વશ

સૂર્યકાંતાના સંગમાં પડ્યો તેથી મરણની આ સજા પ્રાપ્ત પામ્યો છું, માટે હે દેવાનુપ્રિયો ! તમે ભૂલેચૂકે પણ એવા પાપાચરણમાં ન પડશો, પડશો તો મારી પેઠે ફાંસીની સજા પામશો.

હે પએસી ! એ પુરુષનું કાકલુદીથી ભરેલું આવું ગળગળું વચન સાંભળીને તું તે કામુકને સજા કરતાં ઘડી પણ થોભી જઈશ ખરો ?

હે ભંતે ! એમ તો નજ બને. એ કામુક મારો અપરાધી છે માટે લેશ પણ ઢીલ કર્યા વિના હું તેને પાધરો ફાંસીએ ચડાવી દઉં.

એજ પ્રમાણે, હે પએસી ! નરકમાં પડેલો તારો દાદો પરતંત્રપણે જે દુઃખો ભોગવી રહ્યો છે તે તને-વહાલા પૌત્રને કહેવા ન આવી શકે.

મનુષ્યલોકમાં જઈને પાપકર્મનાં માઠાં ફળોની સૂચના કરી આવવાની એની તો ઘણીય ઈચ્છા હોય, પણ તે પેલા અપરાધી પુરુષની પેઠે ત્યાંથી છૂટોજ થઈ શકતો નથી

૨૩૦ નરકમાં તાજોજ આવેલો અપરાધી-નારકી મનુષ્યલોકમાં આવવાને તો ઈચ્છે છે, પણ નીચેનાં ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી.

ત્યાંની-નરકની ભયંકર વેદનાનો અનુભવ તેને અત્યંત વિહ્વલ કરી નાખે છે અને તેથી તે કિંકર્તવ્યમૂઢ બની જાય છે, એ પ્રથમ કારણ છે.

નરકના કઠોર સંત્રીઓ એ નારકીને ઘડીભર પણ

પએસી બોલ્યો:

હે ભંતે! હું એવું કશું કાને ન ધરું અર્થાત્ એક ક્ષણ માટે પણ પાયખાનામાં ન જઉં. હે ભંતે! પાયખાનું તો ભારે ગંદું છે, એવી ગંદી જગ્યામાં હું શી રીતે જઈ શકું?

કેશી કુમારશ્રમણ બોલ્યા:

એજ પ્રમાણે, હે પએસી! સ્વર્ગમાં દેવ થએલી તારી દાદી અહીં આવી તને પોતાનાં સુખો કહેવાને ઇચ્છે, તો-પણ આવી શકે નહિ.

૨૩૩ સ્વર્ગમાં તાજો ઉત્પન્ન થએલો દેવ, મનુષ્યલોકમાં આવવાને તો ઇચ્છે છે, પણ નીચેનાં ચાર કારણોને લીધે તે અહીં આવી શકતો નથી.

એ દેવ, સ્વર્ગના દિવ્ય કામભોગોમાં પૂણ મશગુલ બની જાય છે અને માનવીસુખોમાં તેની રુચિ રહેતી નથી, એ પહેલું કારણ છે.

એ દેવનો મનુષ્ય સાથેનો પ્રેમસંબંધ તૂટી ગએલો હોય છે અને સ્વર્ગનાં દેવદેવીઓ સાથેનો નવો પ્રેમસંબંધ તેમાં સંક્રમેલો હોય છે, એ બીજું કારણ છે.

દિવ્ય કામસુખો ભોગવવાની લાલચમાં પડેલો એ ... ઘડીએ જઉં, અબ ઘડીએ જઉં' એમ વિચારે ... તો મનુષ્યલોકનાં તેનાં ... ત્રાં હોય છે, કારણકે ... અર્થાત્ એની એક ... બદલાઈ જાય છે, ... લઈએ તોપણ

ગણી. જો મારી દાદીનો હું વહાલો પૌત્ર છું. ક
તો મારી દાદી, તમારા કહેવા પ્રમાણે દેવ થઈ હોય ત
તેણીએ અહીં મારી પાસે આવીને એવું કહેવું જોઈએ કે
હું તારી દાદી હતી અને ધાર્મિક હોવાને લીધે ઘણું પુણ્યો
પાર્જન કરી સ્વર્ગમાં દેવ થઈ છું, માટે હે પૌત્ર! તું
ધાર્મિક થજે અને દેશનો કારભાર પ્રામાણિકપણે કર
દાનાદિક વડે પુણ્ય ઉપાર્જન કરીશ તો મારી પેઠે સ્વ
સુખો અનુભવીશ.

હે ભંતે! મારી દાદી મારી પાસે આવીને એ પ્ર
કહે તો જીવ અને શરીર જુદાં જુદા છે એવી મારી ખા
થાય. પણ મર્યાને લાંબો વખત થયો છતાં અત્યારસુધીમાં
મારી દાદીએ અહીં મારી પાસે આવીને એવું કશું ય
સૂચવેલું નથી, તેથી જીવ અને શરીર એ બન્ને એક જ
છે પણ જુદાં જુદા નથી એ મારી ખાત્રી પાકી થાય છે.

૨૩૨ કેશી કુમારશ્રમણ બોલ્યાઃ

હે પએસી! તું એમ સમજ કે, ૧૪૨દેવમંદિરમાં
જવા માટે તું નાહેલો છે, ભીનાં કપડાં પહેરેલાં છે, તારા
હાથમાં કળશ અને ધૂપની કડછી રહી ગઇ છે અને દેવ-
મંદિરમાં પેસવાને તું પગલાં જ ઉપાડે છે, એવામાં પાય-
ખાનામાં બેઠેલો કોઇ પુરુષ તને એમ કહે કે–હે સ્વામી
તમે અહીં પાયખાનામાં આવો, બેસો, ઊભા રહો અને
થોડીવાર લાંબું ઢીલ કરો; તો હે પએસી! તું એ વાત
કાને ધર ખરો?

લોઢાનું ઢાંકણું સજ્જડ ઢાંકી દઉં, તેને લોઢા તથા સીસાના રસથી રેવરાવી દઉં અને તેના ઉપર મારા વિશ્વાસુ સૈનિકોની ચોકી મૂકી તે લોઢકુંભીની સાચવણ કરાવું.

પછી વખત જતાં હું પોતે જાતે તે કુંભીને ઉઘાડું તો તેમાં પેલા પૂરેલા પુરુષને મરેલો જોઉં છું. જીવ અને શરીર જુદાં જુદાં હોય તો એ પુરુષનો જીવ કુંભીમાંથી બહાર શી રીતે જાય? કુંભીને ક્યાંય રાઈ જેટલું પણ કાણું નથી, જેથી જીવને બહાર જવાનો માર્ગ મળી શકે. કુંભી ક્યાંય જરા પણ કાણી હોત તો એમ માની પણ શકાત કે જીવ બહાર નીકળી ગયો છે અને તેથી એમ પણ ઠરત કે શરીર અને જીવ જુદાં જુદાં છે, પણ આ કુંભી તો ક્યાંય કાણી જ નથી એટલે જીવ જુદો હોય તો એમાંથી નીકળી શી રીતે શકે? માટે જીવ અને શરીર બન્ને એક છે અને શરીર અક્રિય થતાં જીવ પણ અક્રિય થાય છે, એ મારું ધારવું બરાબર છે.

કેશી કુમારશ્રમણ બોલ્યાઃ—

હે પએસી! તું એમ સમજ કે શિખરના ઘાટની ઘુમ્મટવાળી એક મોટી ઓરડી હોય, જે ચારે કોર લીંપેલી હોય, જેનાં બારણાં સજ્જડ વાસેલાં હોય અને જેમાં જરાય હવા પણ ન પેસી શકે એવી તે ઉંડી હોય, તેમાં કોઈ પુરુષ ભેરી અને એને વગાડવાનો દંડો લઈને પેસે, પેસીને એનાં બારણાં સજ્જડ રીતે બંધ કરે, પછી તે, ઓરડીની વચ્ચોવચ્ચ બેસીને મોટા મોટા અવાજથી એ ભેરીને વગાડે, તો હે પએસી! ભેરીનો એ અવાજ બહાર નીકળે ખરો?

... મળી શકતો નથી. એ ત્રીજું
કે એના ખરા સગાંવહાલાંઓને મળી શકતો નથી. એ ત્રીજું
કારણ છે

ચોથું કારણ મનુષ્ય લોકની નાક ફાડી નાખે એવી
બદબૂ છે. એ ગંધ ઊંચે પણ ચારસો પાંચસો
યોજન વ્યાપી જાય છે અને એ એવી તીવ્ર હોય છે કે
દેવ એને સહી શકતો નથી.

દેવ આની પોતાની ઈચ્છા હોવા છતાં ઉપરનાં ચાર
કારણોને લીધે અહીં આવી શકતો નથી. માટે, હે પએસી!
'શરીર સાથે જ જીવ અહીં બળી જાય છે, એથી મરેલો
માણસ ફરી અહીં ક્યાંથી આવી શકે?' એવી તારી સમજ
બરાબર નથી.

મરીને સ્વર્ગમાં ગએલો પ્રાણી અહીં નથી આવી
શકતો, તેનું કારણ સ્વર્ગના મોજશોખો તરફ તેની વિશેષતમ
અભિરુચિ છે, નહિ કે તે નથી જ, તેથી હે પએસી! તું
એમ સમજ કે જીવ જુદો છે અને શરીર જુદું છે, પણ તે
બન્ને એક નથી.

૨૩૪ વળી ફરીને પએસી બોલ્યોઃ

હે ભંતે! જીવ અને શરીર જુદાં જુદાં નથી તે માટે
આ એક જુદો પુરાવો ધ્યાનપૂર્વક સાંભળોઃ

હે ભંતે! તમે એમ સમજો કે કોઈ એક દિવસે
મારી બહારની ઉપસ્થાનશાળામાં મારા મંત્રી વગેરે પરિ-
વારથી ઘેરાએલો હું રાજસિંહાસનમાં બેઠો હોઉં, તે વખતે
મારા કોટવાળો કોઈ એક ચોરને પકડી લાવે, હું તે ચોરને
જીવતો ને જીવતો લોઢાની કુંભીમાં પૂરી દઉં, તેના ઉપર

છે, માટે શરીરમાંથી જ એ બધા નીપજ્યા હોવા જોઈએ. શરીર અને જીવ જુદાં જુદાં હોય તો એ કુંભીમાં મેં જોએલા એ જીવો બહારથી શી રીતે આવી શકે?

કેશી કુમાર બોલ્યાઃ–

હે પએસી ! તેં પહેલાં કોઈવાર ધમેલું લોઢું જોએલું છે ખરું? વા તેં જાતે કોઈવાર લોઢું ધમાવેલું ખરું?

ભંતે ! હા, ધમેલું લોઢું મેં જોએલું છે અને તેને ધમાવેલું પણ છે.

પએસી ! એવું એ લોઢું અગ્નિમય લાલચોળ થઈ ગએલું હોય છે, એ વાત ખરીને?

હા, ભંતે ! એ વાત ખરી છે.

તો હે પએસી ! એ નક્કર લોઢામાં તે અગ્નિ શી રીતે પેઠો? શાઇ જેટલુંય કાણું લોઢાને નથી, છતાં તેમાં અગ્નિ પેસી શકે છે, તેમ જીવ પણ સર્વત્ર અનિરુદ્ધ ગતિ [illegible] વાળો છે. તે પૃથ્વીને અને શિલા વગેરેને [illegible] પણ ગમે ત્યાં પેસી શકે છે.

હે પએસી ! [illegible] કુંભીમાં પણ તેં જે જીવો જોયા છે તે બહારથી તેમાં [illegible] પેઠેલા છે, માટે તું એમ માન કે શરીર અને જીવ જુદાં જુદાં છે પણ એક નથી.

૬૩૬ રાજા પએસી બોલ્યોઃ–

હે ભંતે ! કોઈ એક [illegible] પુરુષ [illegible]

[illegible]

[illegible]

ત્યારે તેવી કુશળતા બતાવી શકતો હોત તો હું એમ
માનત કે જીવ જુદો છે અને શરીર જુદું છે. પરંતુ મંદ
જ્ઞાનવાળો એ બાળક તેવી કુશળતા બતાવી શકતો
નથી, માટે જીવ અને શરીર એક છે એ મારી કલ્પના
સુસંગત છે

કેશી કુમાર બોલ્યાઃ—

હે પએસી! કોઇ એક બાણાવળી તરુણ પુરુષ, નવું
ધનુષ નવી દોરી અને નવું બાણ એ વડે એક સાથે પાંચ
બાણોને ફેંકી શકવા જેટલી કુશળતા ધરાવી શકે છે, પણ
તે જ પુરુષ પાસે જૂનું ખવાઇ ગએલું ધનુષ તેવી જ દોરી
અને તેવુંજ બૂડું કર્યું હોય, તો તે એક સાથે પાંચ ફળોને
ફેંકી શકે ખરો?

ભંતે! ન ફેંકી શકે.

હે પએસી! તરુણ પુરુષ શક્તિશાળી તો છે, પર
ઉપકરણોની ન્યૂનતા-ખામી-ને લીધે તે પોતાની શ
બતાવી શકતો નથી, તેમ મંદ જ્ઞાનવાળા બાળકમાં આવ
રૂપ ઉપકરણની ખામી છે, માટે તે એ અવસ્થામાં
સાથે પાંચ બાણને ફેંકી શકતો નથી. હા, તે જ
જ્ઞાનવાળો બાળક જ્યારે તરુણ થઇ આવડતરૂપ ઉ
મેળવે છે, ત્યારે તેમાં એવી શક્તિ ખીલી ઉઠે છે,
તેથી તું એમ ન માન કે શરીર અને જીવ બન્ને એ
પએસી! એ બન્ને તો જુદાં જુદાં છે.

૨૩૭ પએસી બોલ્યોઃ—

હે ભંતે! જેમ કોઇ તરુણ પુરુષ, લોઢાના

તના મોટા ભારને ઉપાડવા સમર્થ છે, તેમ તે જ પુરુષ જ્યારે ડોસો થાય અર્થાત ચામડી બધી લબડી , ગાત્ર તમામ ઢીલાં, દાંતો બધા ખરી ગએલા અને ાં લાકડીનો ટેકો લીધેલો એવો ઘરડો થાય, ત્યારે મોટા ભારને ઉપાડી શકતો દેખાતો નથી.

હે ભંતે! તરુણ મટી એવો એ ડોસો થએલો પુરુષ, મોટા ભારને પણ ઉપાડી શકતો દેખાય, તો હું એમ કે જીવ જુદો છે અને શરીર જુદું છે, અન્યથા મારી ન્યતા જ બરાબર છે.

કેશી કુમાર બોલ્યાઃ—

હે પએસી! એવડો મોટો ભાર તો કોઇ હટ્ટોકટ્ટો રુષ જ ઉપાડી શકે. વળી, એવા હટ્ટાકટ્ટા તરુણ પુરુષ- ી પાસે ભાર ઉપાડવાનાં સાધનો બરાબર ન હોય તો મે પણ એવા ભારને ન ઉપાડી શકે. ધાર કે, કોઇ હટ્ટો- ટ્ટો તરુણ પુરુષ તો છે, પણ તેની પાસે ભાર ઉંચકવાની જે કાવડ છે, તે પાતળી અને ઘુણે ખાધેલી છે, કાવડનાં સિંકાં દોરડાં અને વાંસની સળીઓ એ બધુંય એવું સડેલું છે, આમ હોવાથી એવો બળવાન પુરુષ પણ એ ભારને ન ઉઠાવી શકે અર્થાત્ ભાર ઉપાડવામાં સુદૃઢ શરીર ઉપરાંત બીજી પણ કળવકળ હોવી જોઇએ અને ઉપકરણો પણ પૂરતાં હોવાં જોઇએ. તરુણ મટી પેલા ડોસા થએલા પુરુષ પાસે એ બધું હોત, તો એ પણ એવો ભાર જરૂર ઉપાડી શકત; માટે તારે એમ માનવું જોઇએ કે શરીર અને જીવ જુદાં જુદાં છે પણ તે બન્ને એક નથી.

૨૩૮ પએસી બોલ્યો:–

હે ભંતે! મેં એક જીવતો ચોર તોળ્યો, પછી તેને જીવથી મારી નાખી ફરીવાર તોળ્યો. જીવતાં તેનું જે વજન હતું તેજ વજન તેના મડાનું હતું—એ બન્ને વજનમાં લેશ પણ ફરક ન હતો. જીવ અને શરીર જુદાં જુદાં હોય અને જીવ શરીરમાંથી નીકળી જતો હોય, તો મડાનું વજન ઘટવું જોઇએ. હે ભંતે! એ બન્ને સ્થિતિમાં વજનનો જરાય ફરક જણાતો નથી, માટે હું એમ માનું છું કે જીવ અને શરીર એક જ છે પણ જુદાં જુદાં નથી.

કેશી કુમાર બોલ્યા:–

હે પએસી! પહેલાં કોઇવાર તેં ચામડાની મસકમાં[૧૪૮] પવન ભરેલો છે ખરો? વા ભરાવેલો છે ખરો? ચામડાની ખાલી મસક અને પવનભરેલી મસક એ બન્નેના વજનમાં કાંઇ ફેર પડે છે ખરો?

ના, ભંતે! ફેર તો નથી પડતો.

પએસી! ખાલી અને પવનભરેલી મસકના વજનમાં ફેર ન પડતો હોય તો જીવતાનું અને મુડદાનું વજન ફરક વિનાનું જ હોય ને? જીવ ભારે નથી તેમ હળવો ય નથી, તેથી જીવ નીકળી જતાં મુડદાનું વજન ઘટે એમ ન બને, એટલે એક સરખા વજનને લીધે તું એમ માનતો હો કે જીવ અને શરીર બન્ને એક જ છે, તે જરા સંગત નથી.

૨૩૯ પએસી બોલ્યો:–

હે ભંતે! કોઈ વાર એક ચોરને મારી પાસે હા

પછી એ દક્ષ પુરુષે કુહાડો લઇ લાકડામાંથી ઘસણિયું શર બનાવ્યું અને એ શરને અરણી સાથે ઘસી અગ્નિ ઉપજાવી અગ્નિને સંધૂકીને તે બધાઓની રસોઇ કરી નાંખી. એટલામાં નહાવા ધોવા ગએલા બધા સાથીઓ આવી પહોંચ્યા. સૌ સાથે જમી કરીને ચોકખા થઈ ભેળા મળીને વાતો કરવા બેઠા. રસોઇની વાત નીકળતાં પેલા દક્ષ પુરુષે પેલા ઉદાસ થયેલા સાથીને કહ્યું કે, હે દેવાનુપ્રિય! અગ્નિને શોધવા માટે તેં લાકડાં ફાડી ફાડીને જોવાનો પ્રયાસ કર્યો તેથી એમ જણાય છે કે, તું જડ છે, મૂઢ છે અને તદ્દન અજ્ઞાન છે.

હે પએસી! એ અગ્નિશોધક કઠીયારાની પેઠે તેં પણ જીવને શોધવા–જોવા–માટે શરીરને ચીરી ચીરીને જોવાનું પાણી વલોવ્યું, તેથી તું પણ એના કરતાં કાંઈ ઓછો મૂઢ નથી.

૨૪૦ પએસી બોલ્યો:–

હે ભંતે! તમારા જેવા જ્ઞાની બુદ્ધ મહામતિ વિજ્ઞાની અને વિનીત પુરુષ આવી મોટી સભા વચ્ચે મારા પર આક્રોશ કરે, ખીજાઇ જાય, અને મારી નિર્ભર્ત્સના કરે એ શું ઠીક કહેવાય?

કેશી શ્રમણ બોલ્યા:–

પએસી! તને ખબર છે કે ક્ષત્રિયપર્ષદા ગૃહપતિપર્ષદા બ્રાહ્મણપર્ષદા અને ઋષિપર્ષદા એમ ચાર પ્રકારની પર્ષદાઓ છે. એ ચારે પર્ષદાઓની દંડનીતિને પણ તું ક્યાં નથી જાણતો?

નથી. કેટલાકો કશુંય દેતા નથી તેમ વાણી પણ મીઠી નથી રાખતા. અને કેટલાકો દે છે અને સાથે વાણી પણ મધુરી બોલે છે. હે પએસી! આ ચાર વ્યવહારકોમાં જે દેતો નથી અને વાણીયે મીઠી નથી બોલતો, તે તદ્દન અવ્યવહારી છે અને બાકીના ત્રણે વ્યવહારના જાણકાર છે.

હે પએસી! એ રીતે તું પણ વ્યવહારી[૧૫૦] છે, કાંઇ અવ્યવહારી નથી.

૨૪૨ પએસી બોલ્યોઃ—

હે ભંતે! તમે દક્ષ છો, બુદ્ધ છો, વિજ્ઞાની છો, તો જેમ કોઇ આમળાને હથેળીમાં બતાવે, તેમ તમે મને જીવને ન બતાવી શકો?

રાજા પએસીએ એ પ્રશ્ન કર્યો તેટલામાં તેની પાસેજ જોરથી વાયુ વાવા લાગ્યો, તેથી તૃણ અને વનસ્પતિઓ બધું હાલવા લાગ્યું, કંપવા લાગ્યું, પરસ્પર અથડાવા લાગ્યું અને નવા નવા આકારે ઊડવા લાગ્યું.

તે વખતે લાગ જોઇને કેશી મુનિએ રાજા પએસીને કહ્યું કે-હે પએસી! જે આ તૃણો અને વનસ્પતિઓ કંપે છે તે તો તું જુએ છે ને? તો શું એને કોઈ દેવ હલાવે છે? દાનવ, નાગ, કિન્નર, કિંપુરુષ, મહોરગ કે ગાંધર્વ હલાવે છે?

પએસી બોલ્યોઃ—

હે ભંતે! એ તૃણ વગેરેને તો વાયુજ હલાવે છે, પણ કોઈ દેવ દાનવ કે કિન્નર હલાવતો નથી.

મુનિપર્ષદાનો અપરાધ કરનાર કાંતો પોતાના હાથ પગ ગુમાવે, માથું ગુમાવે અને કાંતો છુટી જાય.

ગૃહપતિપર્ષદાના અપરાધીને બાંધીને આગમાં સળગી જવું પડે.

બ્રાહ્મણપર્ષદાનો અપરાધી અનિષ્ટ ઉપાલંભપૂર્વક કુંડીના ગુનાના નિશાનથી અંકિત થાય કે નિર્વાસિત થાય-દેશપાર જાય.

ઋષિપર્ષદાનો અપરાધ કરનાર, અતિઅનિષ્ટ નહિ એવી વાણીવડે ઉપાલંભ પામે.

હે પએસી ! ઉક્ત દંડનીતિથી તું પરિચિત છે, છતાંય તું મારી પ્રતિકૂળ વર્ત્યા કરે છે, વિપરીત રહ્યા કરે છે, માટે જ તારે 'તું મૂઢતર છે' એવી હળવી પણ મારી આક્રોશ-વાણી સાંભળવી પડે છે.

૨૪૧ પએસી બોલ્યો:-

હે ભંતે ! મને એમ થએલું કે હું જેમ જેમ આપની પ્રતિકૂળ વર્તીશ-વિપરીત વર્તીશ, તેમ તેમ તત્ત્વને વિશે જાણીશ, જ્ઞાનને પામીશ, કરણ અને દર્શનને અધિક સમર્થ કરીશ, તેથીજ હું અત્યારસુધી આપની પ્રતિકૂળ વર્ત્યો છું અને વિપરીત બોલ્યો છું.

કેશી મુનિ બોલ્યા:-

હે પએસી ! તું જાણેજ છે કે વ્યવહારકોના ચાર પ્રકાર કહેલા છે.

કેટલાકો દે તો છે પણ મીઠી વાણી નથી બોલી શકતા. કેટલાકો ન દે પણ મીઠી રાખે છે પણ કશુંય દેતા

હે ભંતે! તમે એમ કેમ કહો છો કે હાથીના અને કુંથ-વાનો જીવ એક સરખો છે?

કેશી કુમાર બોલ્યા:–

હે પએસી! તું એમ ધાર કે ઘુમ્મટદાર અને શિખ-રદાર એક મોટી ઓરડી હોય, તેમાં કોઇ પુરુષ દીવો લઈને પેસે અને પછી એ તે ઓરડીનાં બધાં બારી બારણાં બરાબર બંધ કરી દે અને એનાં બધાં છિદ્રો છાંદી દે, તો એ દીપકનો પ્રકાશ, એ આખીયે ઓરડીને અજવાળશે પણ બહારના ભાગને નહિ અજવાળે; કેમ ખરુંને? એ રીતે, એ દીપક ઉપર કોઇ મોટો થાળ ઢાંકે અથવા મોટું હાલું ઢાંકે, તો તે દીપકનો પ્રકાશ તે તે ઢાંકણના અંદરના ભાગને પ્રકાશશે પણ બહાર નહિ પ્રકાશે, અર્થાત્ જોકે દીપક તો એકજ છે પણ તે મોટા ઢાંકણ નીચે હોય તો વધારે ભાગમાં પ્રકાશે છે અને નાના ઢાંકણ નીચે હોય તો ઓછા ભાગને પ્રકાશે છે. તેજ ન્યાયે, હે પએસી! આ જીવ પણ જેવડા–મોટા કે નાના–શરીરને મેળવે છે, તેવડા શરીરના બધા ભાગોને પોતાના અસંખ્ય આત્મપ્રદેશોદ્વારા સચિત્ત કરી શકે છે, પછી ભલેને શરીર મોટામાં મોટું હોય કે નાનામાં નાનું હોય; માટે હે પએસી! તું એમ સમજ કે હાથીનો અને કુંથવાનો જીવ એક સરખો છે અને તું એમ પણ માન કે જીવ અને 'શરીર જુદાં જુદાં છે પણ એક નથી.

૨૪૪ રાજા બોલ્યો:–

હે ભંતે! 'જીવ અને શરીર એક' હું કાંઇ

મોહ, વેદ, લેશ્યા

કેશી—હે પએસી! કામ, રાગ, વાયુને તું જોઈ શકે છે!

અને શરીરને ધારણ કરનારા એ જોઈ શકતો નથી.

પએસી—ના, ભંતે! હું તેને મોહી અને રાગી એવા

કેશી—રૂપધારી, દેહધારી, તો ઇંદ્રિયાતીત એવા

વાયુને પણ તું જોઈ શકતો નથી,

જીવને હું તને શી રીતે બતાવી શકું?

પએસી! ખરી વાત તો એમ છે કે, જે મનુષ્ય રાગ-

દ્વેષથી પર છે, તે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશા-

સ્તિકાય અશરીરીજીવ પરમાણુપુદ્ગલ શબ્દ ગંધ વાયુ

એ આઠ પદાર્થોને સારી રીતે જાણી શકે છે-સમજી શકે

છે અને 'આ જિન થશે કે નહિ' 'આ બધાં દુઃખોનો

નાશ કરશે કે નહિ?' એ બે હકીકતોને પણ તેજ જાણી

શકે છે. અર્થાત્ વીતરાગ મનુષ્ય એ દસ બાબતોને સારી

રીતે જાણી શકે છે; માટે હે પએસી! તું એમ સમજ કે

જીવ અને શરીર જુદાં જુદાં છે પણ એક નથી.

૨૪૩ પએસી બોલ્યોઃ-

હે ભંતે! હાથીનો અને કુંથવાનો જીવ એક સરખો છે!

હે પએસી! હા, તે બન્નેના જીવ એક સરખા છે.

હે ભંતે! હાથી કરતાં તો કુંથવો અલ્પ કર્મવાળો

અલ્પ ક્રિયાવાળો અને અલ્પ આસ્રવવાળો છે તથા કુંથવાના

આહાર, નિહાર, શ્વાસોચ્છ્વાસ, બળ, વીર્ય અને દ્યુતિ

વગેરે પણ અલ્પ છે, અને એવી ઉલટું, એ બધું કુંથવા

કરતાં હાથીમાં વધારે છે; આમ હાથીમાં અને કુંથવામાં

આસમાન જમીન જેટલો ચોકખો ભેદ જણાય છે, છતાંય

એક મોટી સીસાની ખાણ તેમના જોવામાં આવી. કોઈક પણ સીસાના બદલામાં લોઢું ઘણું મળે છે, માટે લોઢા કરતાં સીસાને બહુમૂલ્ય સમજી તેઓએ લોઢાના ભારાને પડતા મૂકી સીસાના ભારા બાંધવાનો વિચાર કર્યો અને એના ભારા બાંધ્યા પણ ખરા. પરંતુ તેઓમાંના એક સાથીએ સીસાને બહુમૂલ્ય સમજવા છતાં લોઢાના ભારાને પડતો મૂકી સીસાનો ભારો ન જ બાંધ્યો. એ બાબત તેને બીજા સાથીઓએ ઘણું ઘણું સમજાવ્યું તોય તે એકનો બે ન થયો. ઉલટું તેણે એમ કહ્યું કે, હે દેવાનુપ્રિયો! લોઢાનો આ ભારો હું ઘણા દૂરથી ઉપાડી લાવ્યો છું અને તેને ઘણો મજબૂત બાંધેલો છે, માટે એને મૂકીને સીસાનો ભારો બાંધવાનું મારું મન નથી.

પછી તો તેઓ બધા સીસાના ભારાને ઉંચકી એ અટવીમાં વળી આગળ વધ્યા. આગળ ચાલતાં ચાલતાં તેઓએ તાંબાની, રૂપાની, સોનાની, રત્નની અને વજ્રની મોટી મોટી ખાણો જોઇ. એઓએ તો જેમ જેમ બહુમૂલ્ય વસ્તુઓ મળતી ગઇ, તેમ તેમ ઓછી કીંમતવાળી વસ્તુઓ છોડી દીધી અને આખરે તેઓએ વજ્રના ભારા બાંધી તેમને ઉંચકી પોતાના દેશમાં પોતપોતાના નગર ભણી જવાને પ્રયાણ કર્યું. નગરમાં પહોંચી, ભારે ભારે આણેલાં વજ્રોને વેચી, તેઓ બધા ન્યાલ ન્યાલ થઇ ગયા. તેઓએ આઠ તળવાળા મોટા મોટા મહાલયો બંધાવ્યા, ઘણાં દાસ દાસીઓ ગાયો અને ઘેટાં વગેરેને આંગણે વસાવ્યાં અને એ મહાલયોમાં બિરાજી તેઓ તરુણીઓથી ભજવાતાં

એકરોજ માનતો નથી, પણ મારા દાદા અને મારા પિતા
પણ એમજ સમજતા આવ્યા છે, એટલે મારી એ સમજ
કુલપરંપરાની સમજ છે, બહુપુરુષપરંપરાથી ચાલી
આવેલી છે, તો હે ભંતે! મારા કુલની એ રુઢિને હું શી
રીતે છોડી શકું?

કેશી શ્રમણ બોલ્યા:-

હે પએસી! તારી એ સમજને તું નહિ બદલાવી
તો પેલા લોઢાનો ભારો નહિ છોડનારા કદાગ્રહી પુર
પેઠે તારે પસ્તાવું પડશે.

૨૪૫ રાજા બોલ્યો:-

ભંતે! લોઢાનો ભારો નહિ છોડનારો કદાગ્રહી પુરુષ
વળી કોણ હતો અને તેને પસ્તાવું કેમ પડયું?

કેશી કુમાર બોલ્યા:-

પએસી! કેટલાક ધનાર્થી લોકો વિપુલ કરીયાણાં
ભરીને અને સાથે ઘણું બધું ભાતું લઈને, જ્યાં કોઇ આવેલું
નહિ એવી એક મોટી લાંબી અટવીમાં જઈ ચડ્યા. ત્યાં
કોઈ એક સ્થળે પહોંચતાં તેમણે જેમાં ઘણું લોઢું દટા-
એલું છે એવી એક મોટી લોઢાની ખાણ જોઇ.

ખાણને જોતાંજ ખુશીમાં આવી જઈ તેઓ પરસ્પર
કહેવા લાગ્યા કે આ લોઢું આપણને વિશેષ ઉપયોગી છે,
માટે તેને ભારા બાંધી લઈ જવું સારું છે.

એમ વિચારી તેઓ લોઢાના ભારા બાંધી તેમને
ઉચકી એજ અટવીમાં આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં, જેમાં ઘણું સીસું ભરેલું છે એવ

સેયવિયા નગરી ભણી જવાનો મનસૂબો કર્યો. એટલામાં કેશી શ્રમણ બોલ્યા : પએસી ! કલાચાર્ય, શિલ્પાચાર્ય અને ત્રીજા ધર્માચાર્ય એ ત્રણ આચાર્યોના વિભાગને તું જાણે છે અને એ ત્રણેની વિનયપ્રતિપત્તિ કેવી કેવી કરવાની હોય છે, તેની પણ તને ખબર છે.

૨૪૬ પએસી બોલ્યોઃ-

હે ભંતે ! હા, એ બધું હું બરાબર જાણું છું. કલાચાર્ય અને શિલ્પાચાર્યનું તલાદિકથી મર્દન કરવું, તેમને ન્હવરાવવા, તેમની પાસે પુષ્પાદિકની સુવાસ ફેલાવવી, વસ્ત્રો અને ઘરેણાં ગાંઠાં આપી સારી રીતે શણગારવા, આદરપૂર્વક જમાડવા, મોટું પ્રીતિદાન આપવું અને તેમને એવી વૃત્તિ બાંધી આપવી કે જે તેમના પુત્રોના પુત્રો સુધી પહોંચ્યા કરે.

અને ધર્માચાર્યને જોતાં તેમને વંદન કરવું, સત્કાર કરવો, દેવતાના ચૈત્યની પેઠે તે મંગળમય આચાર્યની ઉપાસના કરવી તથા તેમને ખાનપાન ખાદિમ સ્વાદિમ વગેરે નિર્દોષ પદાર્થોદ્વારા પ્રતિલાભવા અને પીઠ પાટિયાં શય્યા સંથારો વગેરે લઈ જવા નિમંત્રિત કરવા.

હે પએસી! તું એમ સમજે છે ત્યારે અત્યારસુધી મારી સામે તેં જે પ્રતિકૂળ વર્તન ચલાવ્યું છે તેની માફી માગ્યા વિના નગરી ભણી જવાને આટલો બધો ઉતાવળો કેમ થયો છે ?

૨૪૭ રાજા બોલ્યોઃ-

હે ભંતે ! અત્યારસુધી હું આપની પ્રતિકૂળ વર્ત્યો છું એ ખરું, પણ એ વિષે મેં એવો વિચાર કર્યો છે કે

બત્રીસ પ્રકારનાં નાટકો. તેમનાં ગાન નાચ જોતાં જોતાં આનંદપૂર્વક રહેવા લાગ્યા. ત્યારે પેલો લોઢાના ભારને ઉપાડી લાવનાર ભાગી હોવું તેથી ઘણું ઓછું કમાયો અને તેમના એ ભાગીઓનો વૈભવ જોઇ પોતાની જાતને નિંદવા લાગ્યો: હું કેવો હીનપુણ્ય છું, કેવાં માઠાં લક્ષણ છે છું, મેં સાથીઓનું કહેલું ઉપેક્ષણી કાને નજ ધર્યું અને એક મારા દુરાગ્રહમાંજ તણાયો. તેમનું કહેલું માન્યું હોત તો આજે હું પણ એમના જેવોજ વૈભવ માણત. હે પએસી! તું પણ તારો દુરાગ્રહ ન છોડીશ, તો એ લોઢાના ભારાવાળા દુરાગ્રહીની પેઠે તારેય પસ્તાવું પડશે અને તેની પેઠે હીનદીન થવું પડશે.

કેશી કુમારનું એ કથન સાંભળી આખરે રાજા પએસીને ભાન આવ્યું અને તેણે કેશી કુમારને વંદન કરીને કહ્યું કે, હે ભંતે! મારે જરાય પસ્તાવું પડે એવું તો હું નહિ કરું. મારો પૂર્વગ્રહ છોડીને આપની પાસે હું કેવળી-ભાષિત ધર્મને સાંભળવાની–સમજવાની ઇચ્છા રાખું છું, માટે હવે મારે પેલા લોઢાવાળાની પેઠે પસ્તાવાનું ક્યાં રહ્યું!

કેશી શ્રમણ બોલ્યાઃ–

હે દેવાનુપ્રિય! સુખ થાય તેમ કર, પણ સારા કામમાં પ્રતિબંધ ન આવવા દે.

રાજાની જિજ્ઞાસાવૃત્તિ જોઇ કેશી શ્રમણે જેમ ચિત્ત સારથિને ધર્મકથા કહી સંભળાવી ગૃહિધર્મ સમજાવ્યો હતો, તેમ રાજા પએસીને પણ તેમણે ધર્મકથા કહી ગૃહિધર્મની સમજણ આપી અને રાજાએ ગૃહિધર્મ સ્વીકારી પોતાની

રમણીય લાગે છે અને જ્યારે તેનાં પાંદડાં ખરી પડે છે, ફૂલો કરમાઈ જાય છે, ફળો નથી હોતાં, તેમ તે સૂકો ખંખ થઈ જાય છે, ત્યારે બીહામણો લાગે છે.

નૃત્યશાળામાં જ્યારે નાચ ચાલતો હોય, ગાણાં ગવાતાં હોય, વાજાં વાગતાં હોય અને લોકો હસતા રમતા હોય ત્યારે તે રમણીય લાગે છે અને જ્યારે નાચ બંધ હોય, ગાણાં ન ચાલતાં હોય, વાજાં ન વાગતાં હોય અને તેમાં એક પણ માણસ ન ફરકતું હોય, ત્યારે તે સૂનકાર સ્થાન જેવી બીહામણી જણાય છે

શેરડીના વાઢમાં ચિચોડા ચાલતા હોય, શેરડી પીલાતી હોય, લોકો તેનો રસ પીતા હોય, કોઈ તેને લેતા હોય વા દેતા હોય, ત્યારે તે વાઢ ભર્યો ભર્યો-રમણીય લાગે છે, પણ જ્યારે તેમાં ચિચોડા બંધ હોય, શેરડી ન પીલાતી [illegible]ય, એક ચકલું ય ન ફરકતું હોય, ત્યારે તે ખાવા ધાય [illegible]મણો દીસે છે.

ખોળના વાડામાં જ્યારે ઘાણીઓ ચાલતી હોય, તલ [illegible] હોય, લોકો [illegible] સાની ખાતા હોય, એક [illegible] સા [illegible] હોય, ત્યારે તે રમણીય [illegible] પણ [illegible] બંધ હોય, કોઈની [illegible] ન હોય, [illegible]ણીય ભાસે છે. તેમ હે [illegible] પ[illegible] [illegible]ને પછી પાછળથી [illegible]

હે ભંતે ! તમે [illegible] [illegible]ની પેઠે હું પહેલાં
[illegible] [illegible] નહિ [illegible]. મેં તો એવો
[illegible] [illegible] [illegible] રાજ્યમાં દેવવિયા પ્રમુખ
[illegible] [illegible] [illegible] [illegible] પાડું: એક ભાગ
[illegible] [illegible] રક્ષણ માટે બલવાહનને સોંપું,
[illegible] [illegible] અને [illegible] એક ભાગ અંતઃપુરની રક્ષા
એક ભાગ [illegible] માટે રાખું, એક ભાગની પેદાશમાંથી એક
[illegible] [illegible] માટે [illegible] અને એક [illegible] તેમાં અનેક પુરુષોને પગારદાર,
[illegible] [illegible] [illegible] અશનપાન ખાદિમ સ્વાદિમ તૈયાર
[illegible] [illegible] અને તે બધું અનેક શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુ તથા
[illegible] વગેરેમાં વહેંચાવું, તથા હું શીલ-
વ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસદ્વારા
[illegible] કરતો રહું. હે ભંતે ! મારી આ ધારણા છે.

એમ કહી તે રાજા પોતાના પરિવાર સાથે કેર'
મુનિને વાંદી નમી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો.
નગરીમાં આવી રાજાએ જે ધારણા કેરી મુનિને
નિવેદી હતી, તે પ્રમાણે બધી વ્યવસ્થા કરી દીધી અને
પોતે પણ તે રીતે આચરવા લાગ્યો.

૨૫૦ હવે તો રાજા પએસી શ્રમણોપાસક થયો,
જીવ અજીવ વગેરે તત્ત્વોનું તેને ભાન થયું, એ પ્રવૃત્તિ
સાંની જેમ મોળી બને અને સંવરમાં જેમ અધિક રહેવાય
તેમ તે વર્તવા લાગ્યો. એટલે રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન,
અંતઃપુર તરફ તેનું ધ્યાન
ભંડાર, કે
ઓછું

૨૫૧ જ્યારથી રાજા પએસીનું ધ્યાન રાજ્યકારભાર ને વિષયોપભોગો તરફ ઓછું રહેવા લાગ્યું-ઓસરવા ાગ્યું, ત્યારથી તેની રસીલી રાણી સૂર્યકાંતાને એવો વિચાર યો કે હવે કોઈ શસ્ત્રપ્રયોગ, અગ્નિપ્રયોગ, મંત્રપ્રયોગ વિષપ્રયોગદ્વારા રાજા પએસીને ઠેકાણે કરવો જોઈએ, ાજકુમાર સૂર્યકાંતનો રાજ્યાભિષેક કરવો જોઇએ અને ારે વિવિધ વિષયોપભોગોમાં રસ લેતાં લેતાં રાજ્યશ્રીને ંભાળતા રહેવું જોઇએ.

તેણીએ આ પોતાનો સંકલ્પ રાજકુમાર સૂર્યકાંતને ૂચવ્યો અને રાજાને મારી નાખી તેને રાજ્યસિંહાસન આપવાનું જણાવ્યું.

રાજકુમાર સૂર્યકાંત પોતાની માતાના તેવા ક્રૂર વેચારમાં સંમત ન થયો અને તે બાબત કશો ઉત્તર ન આપતાં મૌન જ રહ્યો.

પોતાના એ વિચારમાં રાજકુમારની અસંમતિ જાણી તેણીને એમ થયું કે રખેને રાજકુમાર તેના આ રહસ્યનો ભેદ ફોડી નાખે અને રાજાને બધું કહી દે.

આમ વિચારી તેણી રાજા પએસીને મારવાનો લાગ શોધવા લાગી, તેનાં છિદ્રો જોવા લાગી અને હવે તેને શીઘ્ર મારી નાખવાની બાબતમાં સાવધાન રહેવા લાગી.

૨૫૨ એકવાર લાગ મળતાં જ તેણીએ રાજા પએસીના ખાનપાનમાં, તેને પહેરવાનાં વસ્ત્રોમાં, સુંઘવાની માળાઓમાં અને તેના શણગારનાં ઘરેણાંઓમાં [૧૫૩]વિષ ભેળવ્યું.

નાહી ધોઈ બલિકર્મ કરી જેવો રાજા રસવતી શાળામાં

જમવા આવ્યો, તેવું જ તેને તેણીએ એ વિષમય ભોજન પીરસ્યું, વિષમય વસ્ત્રો પહેરાવ્યાં, વિષમય માળાઓ અને વિષમય શણગાર સજાવ્યો.

એમ થતાં રાજા પએસીના શરીરમાં તીવ્ર વેદના ઉપજી અને વિષમ પિત્તજ્વરનું જોર વ્યાપતાં, નહિ સહી શકાય તેવી ભારે બળતરા થવા લાગી.

૨૫૩ રાજા તો સમજી ગયો કે પોતે રાણીના કાવતરાથી ઠગાયો છે, છતાં તેણે રાણી ઉપર લેશ પણ મનમાં દ્વેષ ન આણતાં પાધરો પોષધશાળા તરફ જવાનો મનસુબો કર્યો. ત્યાં જઇ તેને પૂંજી પ્રમાર્જી તથા શૌચની અને લઘુશંકાની જગ્યાને તપાસી પછી તે પૂર્વાભિમુખ થઇ દાભના સંથારામાં પર્યંકાસને સ્થિર બેઠો અને હાથ જોડી માથું નમાવી આ પ્રમાણે બોલ્યો:

અરહંત ભગવંતોને નમસ્કાર.

મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક કેશી કુમારશ્રમણને નમસ્કાર. અહીં રહી તેમને વંદન કરતા મને ભગવંત કેશી કુમારજી જુઓ, હું તેમને વારંવાર વાંદું છું—નમું છું.

મેં પહેલાં એ મારા ધર્માચાર્ય પાસેથી સ્થૂલ પ્રાણા- ... ના ... તી અને હમણાં

તિપાત વગેરેના ... ાત વગેરેના

પણ તેમની જ સા... હોમ

ત્યાગનો નિયમ લ... મ

વગેરે કષાયો છોડી

તજી દઉં છું અને

પણ પૂ... કરું છું.

વળી, આ શરીર જે મને અત્યંત વહાલું છે તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસ ચાલતાં સુધી વોસરાવી દઉં છું.

૨૫૪ એમ કરીને તે રાજાએ પોતાના ચારાં નરસાં બધાં કાર્યોની આલોચના કરી, પ્રતિક્રમણ કરી અને તેથી કાલમાસે મરણ આવતાં સમાધિપૂર્વક કાળ કરી સૌધર્મકલ્પના સૂર્યાભવિમાનમાં સૂર્યાભદેવરૂપે અવતાર મેળવ્યો. તે ત્યાં હમણાં તાજો ઉત્પન્ન થએલો સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓદ્વારા શરીરાદિકની પૂર્ણતા મેળવે છે, તો હે ગૌતમ! આ સૂર્યાભદેવે એ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવશક્તિ અને દિવ્ય દેવપ્રભાવ એ રીતે મેળવેલાં છે.

૨૫૫ હે ભગવન્! સૂર્યાભદેવની જીવનસ્થિતિ આયુષ્યમર્યાદા કેટલા કાળસુધીની જણાવેલી છે?[૧૫૫]

હે ગૌતમ! તેની આયુષ્યમર્યાદા ચાર પલ્યોપમની કહેલી છે.

હે ભગવન્! તે સૂર્યાભદેવ આયુષ્ય પૂરું થતાં ત્યાંથી ક્યાં જવાનો–ક્યાં જન્મ લેવાનો?

હે ગૌતમ! સૂર્યાભદેવ, તેનો દેવત્વકાળ પૂરો થતાં મહાવિદેહવર્ષમાં જન્મ લેવાનો. મહાવિદેહવર્ષમાં જે કુળો આઢ્ય છે, દીપ્ત છે, લેવડદેવડના વ્યાપારમાં કુશળ છે, જેમની પાસે ભવન, શયન, આસન, યાન, વાહન, ધન, સોનું અને રૂપું વિશેષ છે, ખાનપાનની સગવડ અધિકાધિક છે, દાસદાસીઓ ગાય અને ઘેટાં ઘણાં છે, એવા પ્રસિદ્ધ અને કોઈથી પરાભવ ન પામનારાં કુળોમાં તે સૂર્યાભદેવ પુત્રપણે અવતરશે.

[illegible]

[illegible] ભોજન કરશે.

પછી તે પુત્રના માતાપિતા, બન્ધુ વર્ગ માતા અને [illegible] આમન્ત્રિત જનોનો સત્કાર કરીને, સન્માન કરીને અને તેઓની નજર આગળ કહેશે કે આ બાળક તેની માતાની કુક્ષિમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞાવાળા થયા છીએ, માટે અમે તેનું 'દૃઢપ્રતિજ્ઞ' એવું યથાર્થ નામ પાડીશું.

એ પ્રકારે નામકરણ થયા બાદ સમય આવતાં બાળકના માતાપિતા તેના પ્રજેમનક પ્રતિવર્ધાપનક પ્રચંક્રમણ કર્ણવેધ સંવત્સરપ્રતિલેખ અને ચૂલોપનયન વગેરે બધા સંસ્કારો કરશે.

તેઓ પોતાના પુત્રના લાલનપાલન માટે પાંચ ધાત્રીઓની યોજના કરશેઃ એક બાળકને ધવરાવનારી, બીજી ન્હવરાવનારી, ત્રીજી શણગારનારી, ચોથી ખોળામાં લઇ ફરનારી અને પાંચમી રમાડનારી.

એ ઉપરાંત ત્યાં ઘરકામ માટે રોકવામાં આવેલી, પોતપોતાના દેશનો પોષાક પહેરનારી, ઇંગિત ચિંતિત અને પ્રાર્થિતને સમજનારી, એવી દેશવિદેશની બીજી પણ અનેક કુશળ દાસીઓ[૧૫૭] દ્વારા અને અંતઃપુરના રક્ષણ માટે યોજાએલા વર્ષધરો[૧૫૮] કંચુકીઓ તથા મહત્તરો દ્વારા એ બાળકનું ઘણી સારી રીતે લાલનપાલન થશે; કોઈ તે બાળકને હાથોહાથ ફેરવશે, કોઇ તેની પાસે નાચશે, કોઈ તેનાં ગીત ગાશે, કોઈ તેને બચી લેશે, એ પ્રકારે અનેક રીતે લાલિત પાલિત થતો તે બાળક ચંપાના છોડની જેમ સુખે સુખે દિનદિન વૃદ્ધિ પામશે.

૨૫૭ પુત્રને નવમું વરસ બેસતાં તેનાં માતાપિતા, ન્હવરાવી બલિકર્મ કરાવી સારી રીતે શણગારી શુભ મુહૂર્તમાં મોટા ઉત્સવ સાથે કલાચાર્ય પાસે કલાઓ શીખવા મોકલશે.

કલાચાર્ય બહોંતેર કળાઓને[૧૫૯] પ્રયોગ સાથે શીખવાડી માતાપિતા પાસે તે પુત્રનું ઉપનયન કરશે.

દૃઢપ્રતિજ્ઞનો કલાઓ સંબંધી અભ્યાસ જોઇ માતાપિતા કલાચાર્ય ઉપર ખુશ થશે અને વિશિષ્ટ ખાનપાન વસ્ત્ર ગંધ માલા અલંકારોવડે કલાચાર્યનો સત્કાર કરશે તથા જીવનપર્યંત ચાલે તેવું વિપુલ પ્રીતિદાન દઈ તેમને વિસર્જિત કરશે.

'પં० ભામ' ની પદ્ધતિ સુપ્રસિદ્ધ છે. તેમાંનો 'પં० 'મંડિત'
રૂપ છે અને 'ભામ' શબ્દ 'સ્થાપન'ના અર્થનો દ્યોતક છે
આ અર્થ ન સમજી શકવાને લીધે 'પ० ભામ' ના પ્રાકૃત રૂપ
'પં० નામ' માંથી 'પ્રનામ' ની કલ્પના કરવાના ગોટા જણાય :

ઔષધ-સંસ્કારવિદ્યા

૨ આપણો દેશ ખેતીપ્રધાન છે. ખેતી અને પશુઓ જ આપણી અહિંસક સંસ્કૃતિનું પ્રધાન ધન છે પ્રાચીન સમયમાં જેમ બીજા બીજા વિષયોના શાસ્ત્રો હતા તેમ કૃષિવિદ્યાને લગતા પણ હતા. એમાં ખેતીની સાથે સીધો સંબંધ ધરાવનારા–ભૂમિપરીક્ષા, ભૂમિને કેળવવાની પદ્ધતિ, પાણીકળાની વિદ્યા, બીજરક્ષણવિધિ, વૃક્ષોના રોગો અને તેનાં ઔષધો વગેરે–અનેક વિષયોની સ્ફુટ ચર્ચા રહેતી. માટે જ મૂળ સૂત્રકાર જણાવે છે કે 'પ્રાચીનો ભૂમિને સરકારતા–કેળવતા,' આજનો ખેડુત મૂઢ ગણાય છે તેમ તે સમયનો ખેડુત મૂઢ નહિ પણ 'પ્રાજ્ઞ' લેખાતો, એ જ, મૂળ સૂત્રનો ઉક્ત ઉલ્લેખ સૂચવે છે.

કૂકડા અને સાંઢો

૩ વ્યાકરણ મહાભાષ્યમાં ગામડાંઓની પરસ્પરની નિકટતાં સૂચવવા ગ્રામોના વિશેષણરૂપે 'कुक्कुटसंपात्याः ग्रामाः' ઉદાહર મૂકેલું છે. ઉપર્યુક્ત વર્ણન ઉપરથી ચોક્કસ જણાય છે કે તે વખત ગામો ખરેખર કુક્કુટસંપાત્ય જ હતા. 'કુક્કુટસંપાત્ય' એટલે 'કૂ પહોંચી શકે તેવું ગામ;' અર્થાત્ એક ગામનો કૂકડો ચાલતો ચા બીજે ગામ પહોંચી શકે તેટલું નજીકનું ગામ. ભીલોના પ્રદેશમાં સમયમાં કુક્કુટસંપાત્ય ગ્રામો નજરે જોએલા છે.

પણ્યતરુણી

૪ સૂત્રનો 'પણ્યતરુણી' શબ્દ વાંચીને કોઈ ભડકી ન જાય.
પણ્યતરુણીની સે
જમાં આદરપાત્ર હતી.
અને રૂપના

ટિપ્પણો

આમલકપ્પા

૧ ભગવાન મહાવીરે જે નગરીઓમાં ચોમાસાં કર્યાં છે તેમાં આ નગરીનું નામ નથી, તેમ સૂત્રોમાં જણાવેલી-આર્યદેશની-રાજધાનીઓમાં આ નગરીની ગણના નથી. ભગવાને પોતાની સાધનાના કાળમાં જ્યાં જ્યાં વિહાર કર્યો છે તેમાં પણ 'આમલકપ્પા' નો ઉલ્લેખ નથી, તેથી 'આમલકપ્પા' નગરી વિષે કાંઇ વિશેષ જાણવા જેવી નોંધ નથી મળતી. જિનપદ થયા પછી ભગવાને જે વિહાર કર્યો છે તેમાં આ નગરીની ગણના થઈ શકે એમ છે એ, આ 'રાય-પસેણઇય' ના ઉલ્લેખથી સૂચિત થાય છે. આ નગરી હાલમાં ક્યાં છે? તેનું વર્તમાન નામ શું છે? એ, મગધદેશમાં છે કે બીજા કોઇ દેશમાં છે? એ બધી બાબતો અદ્યાવધિ અંધારામાં જ છે.

ટીકાકાર મલયગિરિ 'આમલકપ્પા 'નો સંસ્કૃત પર્યાય 'આમ-લકલ્પા' જણાવે છે. આ સૂત્રમાં જે જે વિશેષ નામો આવે છે તે જેમનાં તેમ-પ્રાકૃત-રાખીને અનુવાદમાં પ્રયોજ્યાં છે. કોઈપણ પ્રામાણિક આધાર વિના મૂળ પ્રાકૃત નામોનું સંસ્કૃત રૂપાંતર કરવા જતાં અર્થાંતર થવાનો ભય રહે છે.

'રાયપસેણઇય' નું સંસ્કૃત રૂપ મલયગિરિ 'રાજપ્રશ્નીય' જણાવે છે ત્યારે તેમનાથી પ્રાચીન આચાર્ય સિદ્ધસેને (તત્ત્વાર્થ-ટીકાકાર) આ સૂત્રનું સંસ્કૃત નામ 'રાજપ્રસેનકીય' નોંધેલું છે અને વાદિદેવસૂરિના ગુરુ મુનિચંદ્રસૂરિએ દેવેંદ્રનરકેન્દ્રપ્રકરણમાં 'રાજ-પ્રસેનજિત' જણાવેલું છે.

આ બધામાં કોણ કઇ રીતે ખરું છે એ એક શોધનો વિષય છે, પરંતુ આવો વ્યર્થ વિવાદ ન ઊઠે માટે જ મૂળ નામોની પ્રથા સાચવી રાખવી જરૂરી છે.

'પં૦ ભામ' ની પદવી સુપ્રસિદ્ધ છે. તેમાનો 'પં૦' 'પંડિત' નું ટૂંકું રૂપ છે અને 'ભામ' શબ્દ 'સ્થાપન' ના ભાગનો દ્યોતક છે
આ ભાવ ન સમજી શકવાને લીધે 'પં૦ ભામ' ના પ્રાકૃત રૂપે
'પં૦ નામ' માંથી 'પ્રતાશ' ની મિથ્યા કલ્પના ઊભી જણાય

ઢોર-સંરક્ષણી

૨ આપણો દેશ ખેતીપ્રધાન છે, ખેતી અને પશુઓ જ આપણી અહિંસક સંસ્કૃતિનું પ્રધાન ધન છે. પ્રાચીન સમયમા જેમ બીજા બીજા વિષયોના શાસ્ત્રો હતા તેમ કૃષિવિદ્યાને લગતા પણ હતા. એમા ખેતીની સાથે સીધો સંબંધ ધરાવનારા–ભૂમિપરીક્ષા, ભૂમિને કેળવવાની પદ્ધતિ, પાણીકળાની વિદ્યા, બીજરક્ષણવિધિ, ઢોરોના રોગો અને તેનાં ઔષધો વગેરે–અનેક વિષયોની સ્ફુટ ચર્ચા રહેતી. માટે જ મૂળ સૂત્રકાર જણાવે છે કે 'પ્રાજ્ઞલોકો ભૂમિને સંસ્કારતા–કેળવતા,' આજનો ખેડુત મૂઢ ગણાય છે તેમ તે સમયનો ખેડુત મૂઢ નહિ પણ 'પ્રાજ્ઞ' લેખાતો, એ જ, મૂળ સૂત્રનો ઉક્ત ઉલ્લેખ સૂચવે છે.

કૂકડા અને સાંઢો

૩ વ્યાકરણ મહાભાષ્યમા ગામડાઓની પરસ્પરની નિકટતાને સૂચવવા ગ્રામોના વિશેષણરૂપે 'कुक्कुटसंपात्याः ग्रामाः' ઉદાહરણ મૂકેલું છે. ઉપર્યુક્ત વર્ણન ઉપરથી ચોક્કસ જણાય છે કે તે વખતનાં ગામો ખરેખર કુક્કુટસંપાત્ય જ હતા. 'કુક્કુટસંપાત્ય' એટલે 'કૂકડો પહોચી શકે તેવુ ગામ;' અર્થાત્ એક ગામનો કૂકડો ચાલતો ચાલતો બીજે ગામ પહોચી શકે તેટલું નજીકનું ગામ. બીજાના પ્રદેશમાં અને મગધમા કુક્કુટસંપાત્ય ગ્રામો નજરે જોએલા છે.

પણ્યતરુણી

૪ સૂત્રનો 'પણ્યતરુણી' શબ્દ વાચીને કોઈ ભડકી ન જાય. પણ્યતરુણીની એ સમયની સંસ્થા સમાજમાં આદરપાત્ર હતી ... : પોતાના કામસૂત્રમા જણાવે છે કે–"શીલ અને રૂપ

ગુણોથી યુક્ત એવી વેશ્યા જનસમાજમાં આસન મેળવે છે, રાજા તેને પૂજે છે અને ગુણવંત જનો પ્રશંસે છે, કલાના વિદ્યાર્થિઓ કળા મેળવવા તેને પ્રાર્થે છે અને તેનો આદર કરે છે." આજકાલ આ સંસ્થા વિશેષ વિકૃત થએલી દેખાય છે પણ તે વખતે પ્રાયઃ તેવું નહિ હોય એમ આ વર્ણનથી માની શકાય.

કોઈ નહિ લાંચિયો

૫ આ તો માત્ર વર્ણના છે. કોઈ સજીવ કે નિર્જીવનું વર્ણન કરતાં માત્ર તેની ઉજળી બાજુનું જ વર્ણન કરવાનો પ્રઘાત, કવિઓમાં આદિકવિ વાલ્મીકિથી ચાલ્યો આવે છે અને તેને લીધે તેઓ કેટલેક સ્થળે કેવળ ઉજળું ઉજળું જ બધું વર્ણવે છે. માનવસ્વભાવ જોતાં પણ આવું બનવું અસંભવિત જેવું જણાય છે. છતાં નગરીના આ વર્ણન ઉપરથી 'એમા રહેનારા એકંદર સારા હતા' એમ તો કલ્પી શકાય.

અનેકકોટિ

૬ મૂળમાં આ માટે 'અણેગકોડિ'–શબ્દ છે. ટીકાકાર મલયગિરિ, તેનો અર્થ કરતાં લખે છે કે "अनेककोटिभिः अनेककोटिसंख्याकैः" અર્થાત્ અનેકકોટિ એટલે અનેકક્રોડ સંખ્યા. પણ આ અર્થ અહીં ઘટમાન નથી માટે જ 'અનેક કોટિ' નો 'અનેક પ્રકાર' એવો અર્થ કર્યો છે. 'કોટિ' શબ્દનો 'પ્રકાર' અર્થ જૈન આગમોમાં સુપ્રતીત છે.

લંખો

૭ આ અર્થ માટે મૂળમાં 'લંખ' શબ્દ છે. જે લોકો ચોઘડિયાં વગાડે છે તેને 'લંઘા' કહેવામા આવે છે. મૂળનો 'લંખ' અને આ 'લંઘા' બન્ને સમાન શબ્દો છે એટલે 'લંખ' નો મૂળ અર્થ 'ચોઘડિયાં વગાડનારો' કદાચ હોઇ શકે.

ખાત

૮ શહેરની ફરતી ખાઇ હોય છે તેમ ખાઈની ફરતું બહારના ભાગમાં એક 'ખાત' પણ હોય છે, એમાં અંગાર કે ચીગ્રો ભરવામાં આવતો. ચીગ્ગો એટલો બધો લીસો હોય છે કે તેના ઉપર પગ મૂકતા જ માણસ તળિયે ઊતરી જાય છે. એ રીતે 'ખાત' શહેરની રક્ષાનું એક સાધન હતું.

શસ્ત્રો

૯ કેટલાક પ્રાચીન શસ્ત્રોનાં નામ, આચાર્ય હેમચંદ્ર આ પ્રમાણે જણાવે છે: "ચંદ્રહાસ છુરી પત્રપાલ દંડ ઈલી ભિંદિપાલ કુન્ત દુઘણ કુઠાર પરિઘ તોમર શંકુ ત્રિશીર્ષક શક્તિ પટ્ટિસ કુરંટક ચક્ર શતઘ્ની મહાશિલા મુસુંઢી ચિરિકા વરાહકર્ણક આરાફલ કણય વગેરે" આ બધાની વધારે વીગત માટે જુઓ–અભિધાનચિંતામણિ કાંડ ૩ શ્લો० ૪૪૬–૪૫૧

માર્ગ

૧૦ આ માર્ગનું ખાસ નામ મૂળમા 'ચરિઆ' છે. ભાષામાં એને જ મળતો 'ચર' શબ્દ જાણીતો છે. ટીકાકાર કહે છે કે "चरिका अष्टहस्तप्रमाणो मार्गः"

સિંગોડા જેવા

૧૧ નગરીના વિવિધ માર્ગોને સૂચવતા મૂળમા 'સિંઘાડગ' 'તિય' 'ચઉક્ક' અને 'ચચ્ચર' શબ્દો આવેલા છે. તે તે માર્ગોના આકારો ઉપરથી તેમના એવા જુદા જુદા નામો થએલા છે. જે માર્ગનો આકાર સિંગોડા જેવો તે 'સિંઘાડગ' બાકીના શબ્દો પ્રતીત છે. 'ચોક' અને 'ચાચર' શબ્દો તો ભાષામા પણ પ્રચલિત છે.

સૌંદર્યવાળી

૧૨ ઔપપાતિક–ઉવવાઇય–સૂત્રમા 'ચંપા' નગરીનું વર્ણન

છે. મૂળ સૂત્રોમાં સાવત્થી, કાકંદી, રાજગૃહ વગેરે જે જે નગરોના વર્ણનની ભલામણ કરવાની હોય છે ત્યાં સૂત્રકાર કહે છે કે ઔપપાતિકમાં વર્ણવેલી 'ચંપા' પ્રમાણે તે તે નગરનું વર્ણન સમજી લેવું. અહીં પણ મૂળકારે એવી જ ભલામણ કરેલી છે. ટીકાકારે તે ભલામણ પ્રમાણે ટીકામાં નગરીનો વર્ણક કાવ્યમય ભાષામાં નોંધેલો છે.

હતી

૧૩ 'હતી' માટે મૂળમાં 'હોત્થા' ક્રિયા બતાવેલી છે. 'હતી' અને 'હોત્થા' વચ્ચે ઘણું જ મળતાપણું છે. 'હતો, હતી, હતું' એ બધાં 'હોત્થા' નાં રૂપાંતરો છે અને 'હોત્થા,' 'અભવિષ્ટ' ક્રિયાપદનું સગા ભાઇ જેવું છે.

ચૈત્ય

૧૪ જૈનોના મૂળ સૂત્ર સાહિત્યમાં ઘણે સ્થળે 'ચૈત્ય' શબ્દનો ઉપયોગ થએલો છે. કેટલેક સ્થળે તે એકલો વપરાયો છે અને કેટલેક સ્થળે 'અરિહંત' શબ્દ સાથે પણ તે આવેલો છે. 'ચૈત્ય' શબ્દ રૂઢ નથી પણ યૌગિક એટલે વ્યુત્પત્તિવાળો છે. ચિતા, ચિતિ કે ચિત્યા ઉપરથી એ નીપજેલો છે. चितायाः चितेः चित्यायाः इदम् અથવા चितया चित्या चित्यया निर्वृत्तम् એમ અનેક રીતે 'ચૈત્ય'ની વ્યુત્પત્તિ વૈયાકરણોએ બતાવેલી છે. ચિતા ચિતિ કે ચિત્યાનો અર્થ 'ચેહ' થાય છે. એ 'ચેહ' સાથે સંબંધ ધરાવે તેનું નામ 'ચૈત્ય' અર્થાત્ જે સ્થળે મૃતકોનો અગ્નિસંસ્કાર કરવામાં આવે તે સ્થળની 'ચેહ' ની ભસ્મ વા તે ભસ્મ ઉપર કે પાસે, મૃત મહાપુરુષની સ્મૃતિ માટે સ્થાપવામાં આવતું ચિહ્ન-શિલાપટ્ટ, વૃક્ષ, કુંડ કે સ્તૂપ વગેરે-ચૈત્ય કહેવાય. બૌદ્ધોના પાલિસાહિત્યમાં વપરાએલો 'ચેતિય' અને વૈદિકોના ઉપનિષદાદિમા વપરાએલો ચૈત્ય શબ્દ, એ જ ભાવમાં પ્રતીત છે. જ્યારે એ ભસ્મ ઉપર ચોતરા, છત્રીઓ કે નાની નાની દેવલીઓ બંધાવા લાગી ત્યારે

વૃક્ષો

૧૯ અહીં જે વૃક્ષો ગણાવેલાં છે તેમાંનાં કેટલાંકનો અર્થ ગ
આગમ થતો નથી. ટીકાકાર અને ટબાકાર બન્ને એ બાબત મૌ
રાખે છે. કોશકારો 'વૃક્ષવિશેષ' સિવાય બીજો અર્થ આપી શક
નથી, માટે જ જેમના તેમ મૂળ નામો કાયમ રાખેલાં છે.

તરુઓની

૨૦ વૃક્ષોને લગતું આ બધું વર્ણન વાંચતા તે સમયના
પ્રેમીઓનો વૃક્ષો પ્રતિ પોતાના સંતાન જેવો પ્રેમ સહેજે
શકાય એમ છે. જે લોકોમા વૃક્ષની સાચવણી, વૃક્ષોને ઉગા
પદ્ધતિનું જ્ઞાન અને વૃક્ષો પ્રતિ કાળજી ન હોય તેઓ આવ
ન ઉગાડી શકે. આજકાલ આવા વૃક્ષપ્રેમીઓના અભાવને
દેશ સૂકો થવા લાગ્યો છે એ ખોટી વાત નથી.

ગંધઘ્રાણિ

૨૧ 'ગંધઘ્રાણિ' શબ્દ ગંધની તૃપ્તિનો સૂચક છે. અશોકવ
આસપાસનો વૃક્ષકુંજ એટલો બધો મહેકતો એટલે કે જે જે
સુગંધો સંભવી શકે છે તે બધાય તેમાથી ફોરતા અને તે
લોકોની નાસા તૃપ્ત તૃપ્ત અને તર થઈ જતી માટે એ
'ગંધઘ્રાણિ' કહેવાનો. સંસ્કૃતમા 'ઘ્રૈ' ધાતુ તૃપ્તિ અર્થને બત
'ગંધઘ્રાણિ'નો 'ઘ્રાણિ' શબ્દ એ 'ઘ્રૈ' ધાતુથી બનેલો છે અને ભ
ષામાં બોલાતું 'ધરાવું' ક્રિયાપદ એ 'ઘ્રૈ'માથી નીકળ્યું છે. 'રાયપ
સેણઇય'ની મુદ્રિત ટીકામા 'ગન્ધઘ્રાણિ'ને બદલે 'ગન્ધઘ્રાણિ' એવું
એવું બે ત્રણ વાર છપાએલું છે જે તદ્દન અશુદ્ધ છે.

આંબાવેલ

૨૨ આ માટે મૂળમાં 'ચૂયલયા' શબ્દ છે. ન્યાયના ગ્રંથો
કોઈક સ્થળે ઉદાહરણ નલતા' કે 'આમ્રલતા' શબ્દ
છે. ઉગેલાં ઘટાદાર

ધૂપ માટે પણ એ જ શબ્દનો ઉપયોગ મૂળકાર કરે છે. જ્યાં સ્વર્ગીય ધૂપોનું વર્ણન આવે છે ત્યાં પણ આ 'તુરુક્ક' તો ખરોજ. આ રીતે આપણો અને આપણા દેવોનો તુર્કસ્તાન સાથેનો સંબંધ કેટલો પ્રાચીન છે તે સમજી શકાય એમ છે. તુરુષ્ક–તુરુક્ક–તરક. "तुरुष्को यवनदेशकः" ૩ કાંડ, શ્લોક ૩૧૨. "तुरुष्कास्तु साखयः स्युः" ૪ કાંડ, શ્લોક ૨૫–અભિધાનચિંતામણિ–હેમચંદ્ર.

મુસલમાન બાદશાહો 'શાહિ'–'શાહ' તરીકે બહુ પ્રસિદ્ધ છે. આચાર્ય હેમચંદ્રે એ 'શાહ' શબ્દનું સંસ્કૃત 'સાખિ' બનાવ્યું છે અને તેની સંસ્કૃત વ્યુત્પત્તિ પણ આપેલી છે. ફારસી શબ્દોને વિના સંકોચે સંસ્કૃતમાં ઊતારવાની પ્રથા શિષ્ટ લોકોમાં આજથી કેટલાંય વર્ષો પૂર્વે પણ પ્રચલિત હતી એમ આ ઉપરથી સમજી શકાય એવું છે.

ચૈત્યમાં નટો

૧૭ ચૈત્યનું આ વર્ણન જોતા, તે ભારે ગમ્મતનું સ્થાન પણ હોય એમ લાગે છે. કેટલીક કથાઓમાં ચૈત્યને 'જુગારીઓનો અખાડો' 'યુવાન યુવતીઓનાં મીલનનું સ્થાન' 'અભિસારકાઓનું સંકેતસ્થાન' એ રીતે વર્ણવેલુ છે, તે ઉપર્યુક્ત વર્ણન જોતા બંધ બેસે એવું છે. આજકાલનાં-ભારતવર્ષમાં આવેલાં-સર્વ સંપ્રદાયનાં તીર્થો પણ આવી જ હાલતમા છે. એ શું તે ચૈત્યપરંપરાની અસર હશે ?

પૂજા કરવા

૧૮ ચૈત્ય, ઉક્ત રીતે મોજશોખનું સ્થાન હતું છતા ત્યાં પૂજાઆહુતિ વગેરે માટે ઘણા લોકો આવતા એમ આ વર્ણન સૂચવે છે. ચૈત્યમાં ભુજગ લોકો રહે અને ધર્મવિધિઓ પણ ચાલે એ પરિસ્થિતિથી, તે સમયના આપણા લોકોની મનોદશા ઠીક ઠીક વ્યક્ત થઇ શકે એમ છે.

વૃક્ષો

૧૯ અહીં જે વૃક્ષો ગણાવ્યાં છે તેમાંના કેટલાંકનો અર્થ આગળ ગયો નથી. [illegible] અને ટબાકાર બન્ને એ [illegible] શકે છે. [illegible] 'જાતિયો' સિવાય બીજો અર્થ આપી શકતા નથી, માટે જ જેમના તેમ મૂળ નામો કાયમ રાખેલાં છે.

તરુઓની

૨૦ વૃક્ષોને લગતું આ બધું વર્ણન વાંચતા તે સમયના વૃક્ષપ્રેમીઓનો વૃક્ષો પ્રતિ પોતાના સંતાન જેવો પ્રેમ મહેજે જાણી શકાય એમ છે. જે લોકોમા વૃક્ષની સાચવણી, વૃક્ષોને ઉગાડવાની પદ્ધતિનું જ્ઞાન અને વૃક્ષો પ્રતિ કાળજી ન હોય તેઓ આવાં વૃક્ષો ન ઉગાડી શકે. આજકાલ આવા વૃક્ષપ્રેમીઓના અભાવને લીધે જ દેશ સૂકો થવા લાગ્યો છે એ ખોટી વાત નથી.

ગંધઘ્રાણિ

૨૧ 'ગંધઘ્રાણિ' શબ્દ ગંધની તૃપ્તિનો સૂચક છે. અશોકવૃક્ષની આસપાસનો વૃક્ષકુંજ એટલો બધો મહેકતો એટલે કે જે જે જાતના સુગંધો સંભવી શકે છે તે બધાય તેમાથી ફેરતા અને તે વડે લોકોની નાસા તૃમ તૃમ અને તર થઇ જતી માટે એ વૃક્ષકુંજ 'ગંધઘ્રાણિ' કહેવાનો. સંસ્કૃતમા 'ઘ્રૈં' ધાતુ તૃપ્તિ અર્થને બતાવે છે. 'ગંધઘ્રાણિ'નો 'ઘ્રાણિ' શબ્દ એ 'ઘ્રૈં' ધાતુથી બનેલો છે અને ભાષામા બોલાતું 'ધરાવું' ક્રિયાપદ એ 'ઘ્રૈં'માંથી નીકળ્યું છે. 'રાયપસેણઇય'ની મુદ્રિત ટીકામા 'ગન્ધઘ્રાણિ'ને બદલે 'ગન્ધઘ્રાણિ' એવું એવું બે ત્રણ વાર છપાએલું છે જે તદ્દન અશુદ્ધ છે.

આંબાવેલ

૨૨ આ માટે મૂળમાં 'ચૂયલયા' શબ્દ છે. ન્યાયના ગ્રંથોમાં કેટલેક સ્થળે ઉદાહરણ માટે 'ચૂતલતા' કે 'આમ્રલતા' શબ્દનો ઉપયોગ થયેલો છે તેનો અર્થ 'આંબાવેલ' છે. ઉગેલાં ઘટાદાર વૃક્ષો

ર નાટ્યવિધિ ચોપદર્શયામાસ, યત્ર ચ પ્રદેશિરાજચરિતં મગવતા પ્રત્યપાદિ " અર્થાત્ જે આમલકપ્પા નગરીમાં સૂર્યાભદેવ ભગવાનને વાંદવા આવ્યો અને તેણે તેમની પાસે નૃત્ય કરી બતાવ્યું તથા જે નગરીમાં ભગવાને પ્રદેશીરાજાની કથા કહેલી તે આમલકપ્પા નગરીનો સ્વામી । 'સેય' છે. ટીકાકાર મલયગિરિ 'સેય'નું સંસ્કૃત રૂપાંતર 'શ્વેત' કરે છે પણ 'શ્વેત' છે કે 'શ્રેય' છે એ કોણ કહી શકે?

રાજકુલ

૨૮ મૂળમાં अच्चंतविसुद्धरायकुलवंसप्पसूए એવું રાજાનું વિશેષણ છે એમાં 'કુલ' અને 'વંશ' એ બે એક સાથે મૂકેલા પર્યાયવાચક શબ્દોનો ખાસ ઉપયોગ જણાતો નથી. 'અત્યંત વિશુદ્ધ એવો જે રાજકુલ-રાવળ-વંશ તેમાં જન્મેલો' એવો અર્થ લઈએ તો 'રાયકુલ' અને 'વંશ' બન્ને શબ્દોની ચરિતાર્થતા છે. જણાવેલો અર્થ બરાબર હોય તો એ વિશેષણનો 'રાયકુલ' શબ્દ આપણા રાવળના 'રાવળ' વંશનો સૂચક કહેવાય. રાજકુલ-રાજઉલ-રાઉલ-રાવળ આપણાનો એ વંશ સુપ્રસિદ્ધ છે પણ તે વંશનો ઉત્પાદક મૂળ પુરુષ કોણ અને ક્યારે થયો? એ નિશ્ચિત રીતે શોધી શકાય તો આગમોના ઇતિહાસ અને સમય વિશે વિશેષ અજવાળું પડે.

સેતુઓ

૨૯ સેતુઓ એટલે માર્ગો અર્થાત્ એ રાજા માર્ગોનો ઉત્પાદક છે, કેતુઓ એટલે આશ્ચર્ય ઉપજાવે તેવા બનાવો—એ રાજા આશ્ચર્યકારક બનાવોનો ઉત્પાદક છે. રાજાનો આ બધો વર્ણક કવિસમયની ભાષામાં લખેલો છે. એથી તેને તે રીતે સમજવો જોઈએ.

અર્થલાભ-એકવાર

૩૦ 'આજના રાજાની પેઠે પ્રાચીન સમયના રાજાઓ, અર્થલાભના ઉપાયોને કરી જાણતા' એ હકીકત ખાસ વિશેષણ દ્વારા

ઘોડિયાં કે ઢીંગલા બાંધે છે અને ધજા કે ત્રિશૂલ વગેરે ખોડે છે. વૈદિક લોકો પીપળાને અને તુલસીને પૂજે છે. બૌદ્ધ લોકો સમાના બોધિવૃક્ષને અને જૈન લોકોનો એક ભાગ રાયણના ઝાડને પૂજે છે. ક્ષત્રિયોનું શમીપૂજન તો સુપ્રસિદ્ધ છે જ. વૃક્ષપૂજનની આ પરંપરા બહુ વખતથી ચાલતી જણાય છે. એની પાછળ વૃક્ષોની ઉપયોગિતા, કોઈ પુણ્ય પુરુષની સ્મૃતિ કે વહેમના પટળ છે એ ખાસ શોધનો વિષય છે.

રત્નમય શિલાપાટ

૨૬ રત્નમય શિલાપાટ અને વળી એની કોરોમાં મોતીઓનું જડતર, આ અને આવા બીજા રત્નમય, વજ્રમય, મણિમય, વૈડૂર્યમય કે સુવર્ણમય પદાર્થના વર્ણન ઉપરથી તે સમયની સંપત્તિની બહુલતા જ કલ્પી શકાય પણ એ નર્યું ઐતિહાસિક સત્ય છે એમ તો કેમ કહેવાય ? ' લંકામાં સોનું પાકે છે,' 'જે જાય જાવે તે, પરિયાના પરિયા ચાવે એટલું ધન લાવે ' ઇત્યાદિ વાક્યોનો જે આશય છે તે જ આશય આ 'રત્નમય શિલાપાટ'નો છે. આ પ્રકારના વર્ણકો એક પ્રકારની અતિશયવાળી ભાષા છે, લોકમાનસને લક્ષ્યમાં રાખીને આવા વર્ણકો કરવા પડે છે. કથાગ્રંથોમાં આવા વર્ણકો હોય તોજ કથાકાર સફળ થયો ગણાય.

રાજા સેય

૨૭ રાજા 'સેય'નો વિશેષ વૃત્તાંત જાણવામાં નથી. સ્થાનાંગ સૂત્રના આઠમા ઠાણામાં શ્રમણ ભગવાન મહાવીરે પ્રવજિત કરેલા આઠ રાજાઓના નામો ગણાવતાં સૂત્રકારે તેમાં એક નામ 'સેય' પણ મૂકેલું છે. એ 'સેય' આ કે બીજો કોઈ તે વિશે નહીં કહી શકાતું નથી. ટીકાકાર અભયદેવ તો તે 'સેય' આ જ 'સેય' છે એમ જણાવે છે. તેઓ લખે છે કે " तथा सेये आमलकल्पानगर्याः स्वामी, यस्यां हि सूर्याभो देवः ... भगवतो महावीरस्य वन्दनार्थम-

પ્રભુ

૩૧ રાજાની પાસે અનેક બળદો ઘેટાંઓ વગેરે હોવાનું જણાવીને તેની સંપત્તિ વર્ણવી છે. દેશની દૃષ્ટિએ જોતાં રાજાની ખરી સંપત્તિ પણ તે જ છે. જ્યારથી રાજાઓએ એ સંપત્તિ તરફ દુર્લક્ષ્ય કર્યું ત્યારથી તેમની પોતાની અને દેશની અધોગતિ શરુ થઈ.

લક્ષણો-વ્યંજનો-ગુણો

૩૨ હાથ પગમાં સાથિયો ચક્ર વગેરેના જેવી રેખાઓ હોવી તે સુલક્ષણો કહેવાય. શરીર ઉપર શુભસૂચક મસા કે તલ વગેરે હોવાં તે વ્યંજનો અને સૌભાગ્ય લાવણ્ય વગેરેને ગુણો સમજવા.

માપસર

૩૩ પાણીથી છલકાતા ભરેલા કુંડમાં પુરુષ કે સ્ત્રીના પડવાથી જે પાણી છલકાઇને બહાર નીકળે તેનું વજન દ્રોણ જેટલું હોય તો તે પડનાર સ્ત્રી કે પુરુષ માપસર કહેવાય.

પોતાના આંગળથી એકસો ને આઠ આંગળ ઊંચાઇ હોય તો તે યોગ્ય ઊંચાઈ કહેવાય.

પાતળી કડ

૩૪ સ્ત્રીઓની કડ મૂઠીમાં આવી જાય એવી પાતળી હોય તો તે અધિક પ્રશસ્ત ગણાય છે. જન્મતાં તો પુરુષની જેમ સ્ત્રીની કેડમાં પાતળાપણું ઓછું હોય છે પણ પછીથી યુરોપની સ્ત્રીઓ પોતાની કેડને પાતળી કરવાના ઉપચારો કરે છે તેમ જૂના વખતમાં કેડને પાતળી કરવાના એવા ઉપચારો ચાલતા હશે ખરા.

કામ-ભોગોને

૩૫ જૈન પરિભાષા પ્રમાણે શબ્દ અને રૂપ એ બે કામમાં ગણાય છે; ગંધ, રસ, અને સ્પર્શ ભોગમાં ગણાય છે. ભોગો સ્થૂલ

ગુણગ્રામમાં આવી છે. એથી 'રાજા તરીકે જમીનની આવકરૂપે તેમને જે યોગ્ય ભાગનું જોઈએ તે તો ભાગનું જ કરી અને નિર્વાહ અર્થ- સામના ઉપાયોને તેઓ યોજના કરે' એવો આ ટિપ્પણીનો પ્રતિ નીકળી શકે. પણ આજના રાજાઓ, અર્થશાસ્ત્રના ઉપાયો કરતાં પ્રજાને ભારે રંજાડે છે તેમ એ પ્રાચીન રાજાઓ કરતા હશે કે કેમ? એ એક પ્રશ્ન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ખલુંકિજ્જ નામના સત્તાવીસમા અધ્યયનની ગાથા તેરમીમાં 'રાયવેટ્ટિ' શબ્દ 'રાજાની વેઠ' અર્થમાં વપરાયો છે તેથી જૂના વખતમાં 'વેઠ' હતી એમ તો કહી શકાય અને અર્થશાસ્ત્ર સાથે 'વેઠ' નો ગાઢ સંબંધ છે એ તો જાણીતું છે.

એઠવાડમાં ઘણું ખાવાનું ચાલ્યું જાય એને સંપત્તિની નિશાની રૂપે વર્ણવેલું છે, પણ એ સંપત્તિની નિશાની કરતાં બેદરકારીનું વ' નિશાન છે એમ લાગ્યા વિના રહેતું નથી. ચારસેં વર્ષ પૂર્વે લખેલ એક પ્રાચીન પ્રતિમાં "તથા વિચ્છર્દિતમ્–વપ્રાધિપવિશિષ્ટોપકારકારિતયા વિશિષ્ટમ્ વસુરિટકાદિષુ પ્રચુર ભક્તપાનમ્" ઇત્યાદિ પાઠ છે. તેનો અર્થ એમ થાય છે કે—" જે રાજના રાજ્ય વિશિષ્ટ ઉપકાર કરવાને કારણે પ્રચુર ખાનપાન ઉકરડા વગેરે ફેંકાય છે." આ ઉપરથી 'જેના એઠવાડમાં અધિક ખાવાનું ફેંકાય છે તે વિશેષ ઉપકારી છે' એવું ટીકાકારનું કથન નીકળે છે. પરંતુ અહિંસાની દૃષ્ટિએ વિચારીએ તો આ પદ્ધતિ પ્રશંસનીય નજ ગણાય. કદાચ ખરેખર એવું બનતું જ હોય તોપણ રાજાની વર્ણનામાં તેનું આ જાતનું વર્ણન અહિંસાની દૃષ્ટિએ ન શોભે. એઠવાડદ્વારા ઉપકાર કરવા કરતાં ચોકખા ભોજનદ્વારા ઉપકાર કરવાની પદ્ધતિને જ જૈન દૃષ્ટિ સ્વીકારે છે અને વિવેકીને તો એમ જ શોભે. એઠવાડથી તો ઉપકારને બદલે અપકાર જ થાય અને માનવબંધુઓ તથા અન્ય પ્રાણીઓ પ્રતિનો આપણો પ્રેમ-સમભાવ પણ ન જળવાય અને ગંદવાડ થઇ રોગચાળો વધે એ તો જુદું જ.

આ શબ્દ ગ્રહણની મર્યાદા સૂચવે છે. જૈન પરિભાષામાં જે અર્થ 'સામાન્ય જ્ઞાન' એવો પણ પ્રસિદ્ધ છે, પરંતુ આનો અર્થ 'ગ્રહણની મર્યાદા' ધારે એમ છે. ઘરધણીની [illegible] લઈને રહેવા માટે ઘરને ગ્રહણ કરવું, સંમતિ મળ્યે ઘરમાં ('ઘર' શબ્દ ફિલાન વાડી બગીચો ખેતર પહાડ ઝાડ વગેરેનો [illegible] છે) એ બાબતને અવગ્રહ શબ્દ સૂચવે છે. શાસ્ત્ર- [illegible] અવગ્રહના પાંચ પ્રકાર બતાવે છે: ઈન્દ્રાવગ્રહ રાજાવગ્રહ, ગૃહ- [illegible]ગ્રહ ગૃહસ્વામિઅવગ્રહ અને સાધર્મિકાવગ્રહ. અર્થાત્ કોઈ [illegible]સ્થાનમાં રહેવું હોય ત્યારે ઈન્દ્ર, રાજા, ગૃહપતિ–માંડલિક, ગૃહ- [illegible] અને પોતાનો સાધર્મિક એમની સંમતિ મેળવીને એમના [illegible]માં રહેવું ઉચિત છે. એઓની સંમતિ મળ્યા વિના એમના [illegible]માં રહેવું દોષજનક છે. આ પાંચ અવગ્રહમાં પૂર્વ પૂર્વ કરતાં [illegible] ઉત્તર અવગ્રહ બળવાન છે એમ પ્રવચનસારોદ્ધારની ટીકા [illegible] છે, પરંતુ જ્યાં રાજાની જ સંમતિ ન હોય ત્યાં ગૃહસ્વામીની [illegible] શું કરી શકે? સાધર્મિક તો પોતાની પાસે કે સાથે રાખવા [illegible] પણ ગૃહસ્વામી પોતે જ સંમતિ ન આપતો હોય ત્યાં [illegible] આવે? આ જોતાં પ્રવચનસારોદ્ધારની ટીકામાં બતાવેલી [illegible] ઉત્તર અવગ્રહની બળવત્તા કેવી રીતે અને કઇ અપેક્ષાએ [illegible] એ સમજવું મુશ્કેલ છે.

પ્રતિબિમ્બ

૩૧ [illegible] તીર્થંકરોની દેહરચનાનું વર્ણન આવે છે ત્યાં બધે તેઓ [illegible] હોવાનું કહેલું હોય છે. [illegible] [illegible] [illegible] [illegible]

જણાય છે, ત્યારે કામો ભોગો કરતાં વિશેષ સૂક્ષ્મ લાગે છે. એ દૃષ્ટિએ આ વિભાગ થયો જણાય છે.

મહાવીર

૩૬ જૈન ધર્મના ચોવીશ તીર્થંકરોમાંના છેલ્લા તીર્થંકર. તેમના પિતાનું નામ સિદ્ધાર્થ, માતાનું નામ ત્રિશલા, ભાઈનું નામ નંદિવર્ધન, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ અનવદ્યાંગી, અને જમાઈનું નામ જમાલી હતું. જમાલી મહાવીરની બેન પ્રિયદર્શનાનો પુત્ર હતો. મહાવીરના માતાપિતા પાર્શ્વનાથના શ્રમણોપાસક હતાં, તેમના પિતા જ્ઞાત કુળના ક્ષત્રિય હતા. (આવશ્યકચૂર્ણીમાં ઋષભદેવના જ પોતાના લોકોને જ્ઞાતો તરીકે જણાવેલા છે. તેઓનું કુળ તે જ્ઞ કુળ અને તેઓનો વંશ તે જ્ઞાત વંશ.) મહાવીરનો જન્મ વૈશાલી (અત્યારનું બસાર પટણાથી ૨૭ માઇલ ઉત્તરે) ક્ષત્રિયકુંડમાં થ હતો. તેમના માતાપિતાએ તેમનું નામ વર્ધમાન રાખ્યું હતું. ત્રીસ વર્ષના થતા તેમનાં માતાપિતા મૃત્યુ પામ્યાં. ત્યારબાદ મો ભાઇની રજા લઈ તેમણે પ્રવ્રજ્યા લીધી, અને બાર વર્ષ તપશ્ચ અને ધ્યાનમા ગાળ્યા બાદ સ્થિતપ્રજ્ઞપણું પ્રાપ્ત કર્યું. ત્યારપછ તેઓ ત્રીશ વર્ષ સુધી ઉપદેશ આપતા ફર્યા, અને બહોતેર વર્ષન ઉમરે ઇ. સ. પૂર્વે ચારસો એંસીની આસપાસમા તેઓ પાવાપુરીમ નિર્વાણ પામ્યા. શ્વેતામ્બરો તેમજ દિગમ્બરો બન્નેને મહાવીર સ્વામ તીર્થંકર તરીકે સરખાજ માન્ય હોવા છતા તેમના જન્મની અ વિવાહની હકીકત તથા સમયાદિ વિષે બન્નેમા મતભેદ છે.

તેમના બીજા નામ આ પ્રમાણે છેઃ—વીર, ચરમતીર્થંકર, દેવાર્ય, જ્ઞાતનંદન, વૈશાલિક, સન્મતિ, મહતીવીર, અંત્યકાશ્યપ, નાયાન્વય (જ્ઞાતાન્વય); બૌદ્ધ ગ્રંથોમા તેઓ દીર્ઘતપસ્વી નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર તરીકે પ્રસિદ્ધ છે.

'દીવો' વગેરે શબ્દો પ્રથમાવિભક્તિવાળા છે પણ તેમને બધાને છઠ્ઠી વિભક્તિવાળા કરીને પ્રસ્તુત સ્તુતિમાં યોજવાના છે.

જિતાવનાર

૪૧ શક્રસ્તવમાં વા ભગવાનનો પરિચય આપતા વર્ણકમાં ઘણા પાઠભેદો માલુમ પડે છે. કેટલેક સ્થળે 'જિણ' પછી 'જાવય' પદ આવે છે ત્યારે ક્યાંય ક્યાંય 'જાવય' ને બદલે 'જાણય' પદ થાય છે. વિશેષ વિચાર કરતાં 'જાણય' ને બદલે 'જાવય' પાઠ વધારે સુસંગત છે. 'તિન્નાણં તારયાણં' વગેરે વિશેષણો જોતાં 'જાવયાણં' પાઠ જ બરાબર છે.

આ ઉપરાંત એ શક્રસ્તવમાં બીજા અનેક પાઠભેદો છે.

શરીરની ઉંચાઈ

૪૨ ભગવાનના શરીરનું વર્ણન જોતાં એમ માલુમ પડે છે કે તેઓ ગૃહસ્થાશ્રમમાં વિશેષે કરીને વ્યાયામપ્રિય હશે. શરીરની મજબૂતાઈ અને સુડોળપણું લાવવામાં વ્યાયામ એ મુખ્ય કારણ છે. જૈન સૂત્રોમાં ઠેકઠેકાણે વ્યાયામની પદ્ધતિના વર્ણનો તો આવેજ છે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થનો અખાડો પ્રસિદ્ધ છે. ભગવાનના મલાશય અને જઠરનું જે વર્ણન કરેલું છે, તે તેમની મિતાહારિતા અને પથ્યચારિતાને સૂચવે છે. ખાનપાનના આચારો વર્ણવતાં જૈન સૂત્રોમાં ખાનપાનના પ્રમાણ વિશે ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

શ્વાસ સુગંધી

૪૩ યોગી જ્યારે યોગની સાધના પૂરી કરે છે, શરીર મન અને વચન ઉપર પૂરેપૂરો કાબૂ મેળવે છે ત્યારે તેનાં શરીરમાં લાવણ્ય, કાંતિ, અને તેજ વધુ ને વધુ પ્રમાણમાં પ્રકટે છે. ઉપરાંત કેટલીક ખાસ શક્તિઓનો પણ તેમાં આવિર્ભાવ થાય છે. પાતંજલ-યોગસૂત્રના વિભૂતિપાદમાં જે વિભૂતિઓ વર્ણવેલી છે, તે બધી

રહેતી [illegible] આ પરંપરાને અનુસરીને જોતાં આ સામાન્ય લોકો પણ મૂર્તિ [illegible] આવે છે. જૈન દૃષ્ટિએ તે કોઈ [illegible] ભાવ કશું મહત્ત્વ ધરાવે એવું જણાતું નથી. ભગવાન મહાવીરના સમયમાં એક એવો સંપ્રદાય હતો કે જે ચિત્રોની પૂજાઓમાં માનતો. જૈન સૂત્રોમાં એ સંપ્રદાયનું નામ 'ચિત્રપૂજકો' જણાવેલું છે. ભગવાને ચિત્રોની આ જડપૂજાના પ્રચારને રોકવા માટે અને ચિત્રના મહાત્મ્યની નિરર્થકતા બતાવવા માટે ભગવતી સૂત્રમાં ચિત્રોને જ્ઞાનાત્મક કહીને વર્ણવી છે. ચિત્રો ભાવ આકારરૂપ હોય જ્ઞાનાત્મક મહત્ત્વ પદાર્થના આધારરૂપ છે એ વાત ખરી છે, પણ એટલા માટે તેની જડપૂજા કરવી જરાય ઉપયોગી નથી.

પર્યંકાસન

૩૯ પર્યંકાસનનો અર્થ પદ્માસન કરેલો છે, પણ તેનો શબ્દાર્થ જોતાં તેનો અર્થ પલંગ જેવું આસન થાય છે. સૂતાં સૂતાં બે હાથ અને બે પગ જમીન ઉપર ટેકવી બાકીનો શરીરનો બધો ભાગ તેને આધારે અદ્ધર રાખવો, એ પર્યંકાસનની પદ્ધતિ છે. સંભવ છે કે કદાચ ભગવાન આવું આસન કરતા હોય; અથવા 'પર્યંક'નો એક બીજો અર્થ 'પલોઠી' પણ થાય છે તે રીતે જોતાં ભગવાન પલોઠી વાળીને બેસતા હોય, પણ ટીકાકાર તો તેનો પદ્માસન અર્થ કરે છેઃ " 'संपलियंकनिसन्ने'त्ति पद्मासने निषण्णः " ઔપપાતિક પૃ૦ ૨૬

દ્વીપસમાન

૪૦ ભગવાનનો પરિચય આપતાં સ્તુતિરૂપ વર્ણકમાં ભગવાનને દ્વીપસમાન, ત્રાણરૂપ, શરણરૂપ, આશ્રયરૂપ અને આધારરૂપ જણાવેલા છે તેને લગતો મૂળ પાઠ "દીવો, તાણં, સરણં ગઈ, પઈટ્ઠા" આ પ્રકારનો છે. મૂર્તિપૂજક સંપ્રદાયના લોકોમાં આ પાઠનો પ્રચાર નથી પણ સ્થાનકવાસી સંપ્રદાયના લોકોમાં આનો પ્રચાર છે.

વીસરી જતા લાગે છે. આ સૂત્રની ટીકાકારની વર્ણ-પણ કાંઈ આવો ભાવ જણાય છે. વાળોનો વારંવાર લોચ ઢી તેમની ઊગણી વ્યવસ્થિત રહે એ બનવા જેવું ખરું ! લીધા પછી બાર વર્ષ સુધી તો ભગવાને તપ જ કર્યો કહ્યું છે, ઢમિયાન તેમણે પોતાના વાળોનો લોચ તો કર્યો જ હશે ! બાર કે કદાચ તેથીય વધારે લોચ થયા પછી વાળોની શોભા ટકી ખરી ? એ જ પ્રમાણે તેમના નખો પણ વધી જતા હોઈ શોભા-થઈ જતા હશે. વાળો તો ચૂંટીને ઉખાડી શકાય પણ નખોનું થાય ? ભગવાનને મન કે કોઈ પણ આત્મલક્ષીને મન વાળ કે ની શોભા લેશ પણ મહત્ત્વની નથી પણ ભક્તજનોને તેમના અવ્યવસ્થિત વાળ કે વધી ગયેલા નખો જોવા ગમતા નથી. વ્યવ-સ્થિત વાળ કે નખોની શોભાને શોભા માનનારા અને તે જ રીતે વાળેલી સ્થૂલ દૃષ્ટિવાળા ભક્તજનો હવે કરે શું ? શરીરનો સ્વભાવ તો તેઓ બદલી શકતા નથી. શરીરના નિયમ પ્રમાણે નખો તો વ્યાજ કરવાના અને વાળો પણ વય પ્રમાણે શોભાહીન થવાના. પરંતુ ભક્તની ભક્તિભીની આંખ આ બધું સાંખી શકે ખરી ? નહિ. તેથી જ તેણે કરી દીધું કે ભગવાનના વાળ અને નખની શોભા દેવાધીન છે અર્થાત્ ભગવાનના વાળ અને નખની કાયમી શોભા દેવો ટકાવી રાખે છે—વાળો કે નખો અવ્યવસ્થિત ન થાય તે માટે દેવો બરાબર ધ્યાન રાખે છે. શરીર તો ભગવાનનું માનવી છે અને તેનો સ્વભાવ પણ માનવી છે; આ બધું હોવા છતાં ભક્ત-દૃષ્ટિ તેમા વચ્ચે દેવોને લાવી ભગવાનની ભક્તિ માટે ઊજમાળ થતી હોય તો ભલે થાય.

શ્રીવત્સ

૪૭ શ્રીવત્સનો અર્થ આપતાં આચાર્ય હેમચંદ્ર કહે છે કે "प्रिया युधो वत्सो वक्षोऽनेन श्रीवत्सः रोमावर्तविशेषः" કાંડ ૨,

ખરા યોગીને સુલભ હોય છે. ભગવાન મહાવીરના શરીરનું વર્ણન તેમની યોગલબ્ધિને અનુરૂપ છે. છતાં ભક્તિમંત પ્રશંસકો તો તે વર્ણનમાં ભક્તિને મેળવ્યા વિના રહી શકે નહિ.

ધોળા વાળવાળી

૪૪ પાંપણમાં એકાદ ધોળો વાળ વર્ણવવાનું કારણ સમજાતું નથી. કદાચ એ વિશેષ ગાંભીર્ય, સ્થિરતા અને વૃદ્ધત્વસૂચક હોય.

નિર્મળ દાંત

૪૫ ભગવાનના દાંતનું વર્ણન વાંચતાં આપણે તેમના દાંતોની શુદ્ધિનો ખ્યાલ મેળવી શકીએ છીએ. કેવળી થયા પછી ભગવાન નિયત આહારી રહ્યા છે. આહારને જે નિયત લેતો હોય તેના દાંતો આવા શુદ્ધ અને નિર્મળ ત્યારે જ રહી શકે જ્યારે તે દાંતો તરફ બેદરકાર ન રહે. કોઈ છૂમંતર કે અતિશય માત્ર કહેવાથી દાંતોની શુદ્ધિ થઈ જતી નથી. એ તો, સંયમસાધન, શરીરની વિશેષસંયમપૂર્વક કાળજી, આહારનું પ્રમાણ, સ્વાદેંદ્રિયનો જય, અજીર્ણનો અભાવ અને શરીરગત રક્તકણોની વિશુદ્ધિ ઉપર નિર્ભર છે.

ભગવાનના અનુયાયી આપણે, વધારે તો નહિ પણ તેમની દંતશુદ્ધિ જેટલુંય તેમનું અનુકરણ કરીએ તોય બસ છે.

દાઢી મૂંછ

૪૬ ગૃહસ્થાશ્રમમાં તો ભગવાન ક્ષૌર કરાવતા જ હશે, એથી તે સ્થિતિમાં તેમની દાઢીમૂંછ બરાબર વ્યવસ્થિત અને સુવિભક્ત રહે તે સ્વાભાવિક છે, પણ પછી ભગવાન સંયમી થઈ ક્ષુચિન્ત્ય થયા ત્યારથી તેમની દાઢીમૂંછ બરાબર વ્યવસ્થિત રહી હશે કે કેમ એ એક પ્રશ્ન છે. ભક્તિમંત લોકો એમની ટેવ પ્રમાણે પોતાના ભગવાનનું સર્વ કાંઈ સર્વ રીતે અને સર્વ કાળે સારું જ જોવા ઇચ્છે છે, એ ઇચ્છાને વશ થઈ તેઓ શરીરપ્રકૃતિનો અસલ

આસ્રવ

૫૦ વિશ્વ, રાષ્ટ્ર, સમાજ કે વ્યક્તિ–એ ચારેનાં શરીર કે મન-ને ડૂભવનારી પ્રવૃત્તિનું નામ આસ્રવ. જે પ્રવૃત્તિથી વિશ્વની શાંતિમાં ખલેલ પહોંચે, જે પ્રવૃત્તિથી રાષ્ટ્રની શાંતિ ભયમાં આવી પડે, જે પ્રવૃત્તિથી સમાજની શાંતિને જોખમ પહોંચે અને જે પ્રવૃત્તિથી વ્યક્તિ વ્યક્તિની શાંતિનો લોપ થાય તે પ્રવૃત્તિનું નામ આસ્રવ.

અકિંચન

૫૧ જેમની પાસે કિંચન–કાંઈ–નથી તે અકિંચન. આવા અકિં-ચનો બે પ્રકારના હોય છે. એક તો ઐચ્છિક અકિંચન અને બીજા ઓઘ અકિંચન. ઓઘ અકિંચનો પોતાની વૃત્તિને શોધ્યા વિના માત્ર આવેશ કે દેખાદેખીથી અકિંચનપણું માણે છે, એથી તેઓ અકિંચનો દેખાવા છતાં પોતાની અને પરની સમાધિમાં વિઘ્નરૂપ બને છે, તેમ-નામાં તૃષ્ણા કામ લોભ ઈર્ષ્યા અહંકાર વગેરે વૃત્તિઓ પડેલી હોય છે, તેમાંની એક વૃત્તિને પણ તે ઓઘ અકિંચનો વિવેક ન હોવાને કારણે દાબી શકતા નથી, ઊલટું તે વૃત્તિઓના તેઓ દાસ બનેલા હોય છે. એથી ઓઘ અકિંચનોનો મોટો ભાગ સમાજ, રાષ્ટ્ર, વિશ્વ કે વ્યક્તિની શાંતિને હાનિ પહોંચાડનારો થાય છે. જેઓ પોતાની વૃત્તિને તપાસી તાવીને અને પોતાનાં બળ સામર્થ્ય અને મર્યાદા વગેરેને બરાબર સમજીને ઇચ્છાપૂર્વક અકિંચનપણું સ્વીકારે છે, તેઓ ઐચ્છિક અકિંચનો છે. આવા જ અકિંચનો પોતાનો વિકાસ સાધી શકે છે અને વ્યક્તિ સમાજ રાષ્ટ્ર કે વિશ્વની શાંતિમાં પોતાનો ફાળો નોંધાવી શકે છે. ભગવાન મહાવીર આ જાતના અકિંચન હતા, પણ ઓઘ અકિંચન ન હતા. સંસારનો પ્રત્યેક પ્રાણી પોતાની અજ્ઞાનતાને લીધે દુઃખના પંકમાં ફસાએલો છે. સંસારમાં અજ્ઞાન અને દુઃખની માત્રા એટલી બધી વધારે છે કે તેનો એટલે સમસ્ત સંસારના સમગ્ર અજ્ઞાન અને સમગ્ર દુઃખનો સમૂળ નાશ, કોઈથી કોઈ પ્રકારે થઈ

વૈદિક પરંપરામાં અને બૌદ્ધ પરંપરામાં પણ તેવી તેવી રીતે તે તે પ્રવર્તકો માટે આવા આવા અલૌકિક વર્ણનો [illegible] અતિશયો નોંધેલા છે, એ ભૂલવું ન જોઈએ.

આ અતિશયોની ગણનામાં સમવાયાંગ એકવાક્યતા જણાતી નથી, તેથી પ્રવચનસારોદ્ધારમાં અને અભિધાનચિંતામણિમાં જે આ અતિશયો વ્યવસ્થિત કરીને જુદી રીતે બતાવેલા છે. તેમાં જે કેટલાક છે તે આ પ્રમાણે છે: યોજનપ્રમાણ ભૂભાગમાં ક્રોડાક્રોડી જનસમુદાય માઈ શકે. ભગવાન એકમુખી છતાં ચતુર્મુખ જેવા ભાસે. ભક્તિપૂર્વક નવ કમળોની રચના થાય. વૃક્ષો પ્રણામ કરે અને દુંદુભિઓ વાગે (પ્રવચનસા૦). ભગવાનની આજુબાજુ ચારે પ્રકારના દેવો કોટીની સંખ્યામાં રહે. ત્રણ ગઢની રચના થાય (અભિધાનચિં૦). આ બધામાં કેટલાક અતિશયો જન્મથી હોય છે, કેટલાક કર્મક્ષયથી ઉપજેલા હોય છે અને કેટલાક દેવોએ બનાવેલા હોય છે, એવો વિભાગ ટીકાકારે બતાવેલો છે. ભગવાન અને ગોશાલકનો પ્રસંગ, ભગવાન અને જમાલિનો પ્રસંગ, ભગવાન અને ગાંગેયનો પ્રસંગ, ભગવાન અને સોમિલનો પ્રસંગ, ભગવાનના સમસમયી અને પાર્શ્વવર્તી કોણિક [illegible] હલ્લવિહલ્લ વચ્ચે યુદ્ધનો પ્રસંગ, ભગવાનના શરીરમાં રોગનું થવું વગેરે વગેરે, ભગવાનના જીવનપ્રસંગો જોતાં આ બધું ભક્તિપ્રદર્શન ભાસે છે. ભગવાનનો પુણ્યપ્રકર્ષ અપરિમિત હતો એ ખરું, પણ તેનું આ રીતે માપ કેમ નીકળી શકે? ખરું કહીએ તો એમના પુણ્યપ્રકર્ષનું માપ કાઢવાની ભાષા જ આપણી પાસે નથી. ભક્તોએ ઉપર જે માપ કાઢી બતાવ્યું છે તે તો કવિની ભાષા છે. એવી ભાષાથી ભક્તોની ભક્તિ વધે અને ભગવાનના ગુણાનુરાગ તરફ ઢળે, પણ એવી ભાષાથી કોઈ વિવેકી જન ભગવાનના સ્વરૂપ [illegible] સંબંધી [illegible]

[illegible] જ આચાર્ય સમંતભદ્ર જણાવે છે—

ન જોઈ શકે તે રીતે આહાર અને નિહાર પ્રચ્છન્ન રહે. ૬ પ્રકાશવાળું ચક્ર. ૭ પ્રકાશવાળું છત્ર. ૮ પ્રકાશવાળાં ધોળાં ચામરો. ૯ આકાશ જેવું સ્વચ્છ સ્ફટિકમય અને પાદપીઠ સહિત સિંહાસન. ૧૦ ઘણો ઉંચો ઈંદ્રધ્વજ (આ ચક્ર વગેરે બધું ભગવાનની આગળ આગળ ચાલે). ૧૧ જ્યાં જ્યાં અરિહંત ભગવંતો ઊભા રહે કે બેસે ત્યાં યક્ષદેવો અશોકવૃક્ષને તત્કાળ નીપજાવે. ૧૨ મસ્તકના પાછળના ભાગમાં તેજોમંડળ–ભામંડળ. ૧૩ ભગવાન જ્યાં ચાલે તે ભૂભાગ સરખો સપાટ બની જાય. ૧૪ રસ્તામાં આવતા કાંટા ઊંધા વળી જાય. ૧૫ ઋતુઓ બધી નિયમિત અવિપરીત–રહે. ૧૬ સુગંધી શીતળ અને ઠંડા વાયુ વડે યોજનપરિમિત ભૂભાગ સાફ થઈ જાય. ૧૭ તે ભૂભાગની ધૂળ બેસી જાય તે પ્રકારે તેના ઉપર મેઘનો છંટકાવ થાય. ૧૮ પાંચે રંગના સુગંધી ફૂલોની ઢીંચણ ઢીંચણ જેટલી ભરચક વૃષ્ટિ થાય. ૧૯ નહિ ગમતા શબ્દો સ્પર્શો અને રસો રૂપો અને ગંધો દૂર થઈ જાય. ૨૦ મનગમતા શબ્દો સ્પર્શો રસો રૂપો અને ગંધોનો પ્રાદુર્ભાવ થાય. ૨૧ યોજન સુધી સંભળાય તે રીતે ભગવાનનો સ્વર નીકળે. ૨૨ ભગવાનની દેશના અર્ધમાગધી ભાષામાં થાય. ૨૩ ભગવાન દેશના તો અર્ધમાગધી ભાષામા કરે છતાં તેમને સાંભળવા આવેલા બધા આર્યો અનાર્યો વગેરે તેમને સમજી શકે. ૨૪ પરસ્પર વૈરવાળા દેવો અસુરો રાક્ષસો વગેરે ભગવાનની પાસે ઉપશાંત થાય. ૨૫ અન્યતીર્થિકો પણ ભગવાનને નમસ્કાર કરે. ૨૬ તેઓ ભગવાનની પાસે આવતા નિરુત્તર થઈ જાય. ૨૭ જે બાજુ ભગવાન વિહાર કરે તે તરફમાં આજુબાજુ પચ્ચીશ પચ્ચીશ યોજન સુધી ઈતિ ન થાય. ૨૮ મરકી ન થાય. ૨૯ સ્વચક્રનો ભય ન રહે. ૩૦ પરચક્રનો ભય ન રહે. ૩૧ અતિવૃષ્ટિ ન થાય. ૩૨ અનાવૃષ્ટિ ન થાય. ૩૩ દુકાળ ન પડે અને ૩૪ જે રોગો ચાલતા હોય તે પણ જલદીજ શમી જાય.

વૈદિક પરંપરાએ અને બૌદ્ધ પરંપરાએ પણ પોતપોતાના તે તે પ્રવર્તકો માટે આવા આવા જ આલંકારિક અદ્ભુતતાના અતિશયો નોંધ્યા છે, એ ભૂલવું ન જોઈએ.

આ અતિશયોની ગણનામાં શાસ્ત્રીય એકવાક્યતા જણાતી નથી. તેથી પ્રવચનસારોદ્ધારમાં અને અભિધાનચિંતામણિમાં વળી આ અતિશયો વધારે કરીને બીજી રીતે બતાવેલા છે. તેમાં જે ભેદ છે તે આ પ્રમાણે છે: યોજનપ્રમાણ ભૂભાગમાં ત્રણ જગતનો જનસમુદાય માઈ શકે. ભગવાન એકમુખી છતાં ચતુર્મુખ જેવા લાગે. મણિકંચનમય નવ કમળોની રચના થાય. શુભ શકુનો થાય. વૃક્ષો પ્રણામ કરે અને દુંદુભીઓ વાગે (પ્રવચનસા૦). ભગવાનની આજુબાજુ ચાર પ્રકારના દેવો કોટીની સંખ્યામાં રહ્યા કરે. ત્રણ ગઢની રચના થાય (અભિધાનચિંતા૦). આમાંના કેટલાક અતિશયો જન્મથી હોય છે, કેટલાક કર્મક્ષયથી ઉપજેલા હોય છે અને કેટલાક દેવોએ બનાવેલા હોય છે, એવો વિભાગ ટીકાકારોએ બતાવેલો છે. ભગવાન અને ગોશાલકનો પ્રસંગ, ભગવાન અને જમાલિનો પ્રસંગ, ભગવાન અને ગાંગેયનો પ્રસંગ, ભગવાન અને સોમિલનો પ્રસંગ, ભગવાનના સમસમયી અને પાર્શ્વવર્તી કોણિક તથા હલ્લવિહલ્લ વચ્ચે યુદ્ધનો પ્રસંગ, ભગવાનના શરીરમાં રોગનું થવું વગેરે વગેરે, ભગવાનના જીવનપ્રસંગો જોતાં આ બધું ભક્તજનોનું ભક્તિપ્રદર્શન ભાસે છે. ભગવાનનો પુણ્યપ્રકર્ષ અપરિમિત હતો એ ખરું, પણ તેનું આ રીતે માપ કેમ નીકળી શકે? ખરું કહીએ તો એમના પુણ્યપ્રકર્ષનું માપ કાઢવાની ભાષા જ આપણી પાસે નથી. ઉપર જે માપ કાઢી બતાવ્યું છે તે તો કવિની ભાષા છે. ભલે કદાચ એવી ભાષાથી ભક્તોની ભક્તિ વધે અને ભગવાનના ગુણાનુરાગ તરફ ઢળે, પણ એવી ભાષાથી કોઈ વિવેકી જન ભગવાનના સ્વરૂપ બાબતમાં ભુલાવામાં ન પડે, માટે જ આચાર્ય સમંતભદ્ર જણાવે છે કે—

સુત્રમાં છે. " धम्मज्झएणं पुरओ पकड्ढिज्जमाणेणं । 'पकड्ढिज्जमाणेणं' ति देवैः प्रकृष्यमाणेन इति " — (पृ० २१-२९) ધર્મધ્વજની પેઠે છત્ર ચામર વગેરે પણ દેવો ધરી રાખતા હશે એટલે એ બધું વહન અદ્ધર-નિરાધાર-ચાલે છે એમ તો કેમ કહેવાય ? આચાર્ય હેમચંદ્ર તો કહે છે કે રત્નમય ધ્વજ વગેરે બધું અદ્ધર ચાલે છે.

> खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
> छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रिन्यासे च चामीकरपङ्कजानि ॥
> (અભિધાનચિંતામણિ કાંડ ૧ લું શ્લો૦ ૬૧)

ચૌદ હજાર શ્રમણો

પ્ર૦ ભગવાનના વિહારનો આ બધો વર્ણક ટીકાકારની બતા-મણ પ્રમાણે ઉવવાઈય સુત્રમાંથી લીધેલો છે. ઉવવાઈય સુત્રના મૂળમાં "चउदसहिं समणसाहस्सीहिं छत्तीसाए अज्जियासाहस्सीहिं" એ પાઠ તો છે, પરંતુ ટીકાકારે એ સંબંધે કશી હકીકત લખી નથી એ જરૂર વિચારવા જેવું તો ખરું જ. અને એમ છે માટે ઉવવાઈય સૂત્રના સંપાદકે મૂળના એ પાઠને (   ) આવા નિશાનમાં મૂકેલો છે અને તે ઉપર " એ વચન વ્યાખ્યાનુગામી નથી " એવું ટિપ્પણ કરેલું છે. ટીકાકાર અને ટિપ્પણકારનું વલણ એ મૂળ પાઠ સંબંધે સંદેહ ઉપજાવે એવું જણાય છે અર્થાત્ ભગવાન વિહાર કરતા હશે ત્યારે દરેક ઠેકાણે તેમની સાથે ચૌદ હજાર સાધુઓ અને છત્રીસ હજાર સાધ્વીઓ હમેશા રહેતા જ હશે એ નક્કી ન કહી શકાય પણ એ વચન ઉપરથી તેમના શ્રમણ શ્રમણીના પરિવારનું માપ તો જાણી શકાય.

પગાં સોહે

[illegible]   પરિવર્તનકારી કે અ[illegible] વાળા [illegible]
[illegible]

અમાન, ૨૪ પ્રશસ્યતા, ૨૫ આકરણનો અવિરોધ, ૨૬ સત્ત્વ પ્રકાશ જનકતા, ૨૭ અદ્ભુતતા, ૨૮ અતિવિલંબરહિતતા, ૨૯ વિભ્રમ વિક્ષેપ વગેરે દૂષણનું ન હોવું, ૩૦ કારકોની નવીનતા, ૩૧ ખાસ પ્રકારની વિશેષતા, ૩૨ વર્ણ પદ અને વાક્યોની પૃથક્તા, ૩૩ સાહસયુક્તતા, ૩૪ અખેદ અને ૩૫ વિવક્ષિત અર્થની સિદ્ધિ.

આકાશગત છત્ર વગેરે

૫૫ સમવાયાંગના મૂળમાં ' આકાશગત ' અર્થનો સૂચક ' આગાસગ ' શબ્દ આપેલો છે. તેનો અર્થ કરતાં ટીકાકાર લખે છે કે—" तथा ' आगासगं 'ति आकाशगतं व्योमवर्ति आकाशके वा प्रकाशकम् इत्यर्थः × × × एवम् आकाशगं छत्रं छत्रत्रयम् × × × आकाशके प्रकाशके श्वेतवरचामरे × आगासफालियामयं ति आकाशमिव यद् अत्यन्तम् अच्छम् स्फटिकम् तन्मयं सिंहासनम् × ' आगासगओ 'ति आकाशगतोऽत्यर्थं तुङ्ग इत्यर्थः " — (પૃ. ૬૧). ટીકાકારના કહેવા પ્રમાણે ' આગાસગ ' શબ્દના ત્રણ અર્થો થયા. એક તો પ્રકાશક–પ્રકાશ આપતું–ચમકતું, બીજો ઘણું ઊંચું અને ત્રીજો વ્યોમમાં રહેતું–અદ્ધર રહેતું. આ ત્રણ અર્થોમાંથી અહીં જે અર્થ સંગત થઈ શકે તેમ હોય અને સ્વાભાવિક જેવો લાગતો હોય તે લેવો વધારે વ્યાજબી છે. એકલો 'અદ્ધર' અર્થ જ લેવાનો હોત તો ટીકાકાર એ એક જ અર્થનું સમર્થન ન કરતા ત્રણ અર્થો શા માટે બતાવત ? વળી, મૂળમાં 'छत्त' એવું એકવચન છે છતાં ટીકાકાર તેનો અર્થ ' ત્રણ છત્ર ' કરે છે. ' ત્રણ છત્ર ' જ અર્થ હોત તો 'ચામરાઓ' (ચામરો)ની પેઠે મૂળકાર જ 'छत्त' ને બદલે 'छत्ताइं' લખી શકત, પણ મૂળમાં 'छत्तं' એ એકવચન છે માટે ટીકાકારનો અર્થ સ્વીકારતા જરૂર વિચાર કરવો ઘટે.

આગળ ખેંચાતો

૫૬ 'ધર્મધ્વજ'ને દેવો ખેંચે છે એનો ઉલ્લેખ ઉવવાઇય

સૂત્રમાં છે. " धम्मज्झएणं पुरओ पकड्ढिज्जमाणेणं । 'पकड्ढिज्जमाणेन' ति देवैः प्रकृष्यमाणेन इति " — (पृ० २१-२२) ધર્મધ્વજની પેઠે છત્ર ચામર વગેરે પણ દેવો ધરી રાખતા હશે એટલે એ બધું તદ્દન અદ્ધર-નિરાધાર-ચાલે છે એમ તો કેમ કહેવાય ? આચાર્ય હેમચંદ્ર તો કહે છે કે રત્નમય ધ્વજ વગેરે બધું અદ્ધર ચાલે છે.

> खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रासनमुज्ज्वलं च ।
> छत्रत्रयं रत्नमयध्वजोऽङ्घ्रिन्यासे च चामीकरपङ्कजानि ॥
> (અભિધાનચિંતામણિ કાંડ ૧ લું શ્લો૦ ૬૧)

ચૌદ હજાર શ્રમણો

૫૭ ભગવાનના વિહારનો આ બધો વર્ણક ટીકાકારની ભલામણ પ્રમાણે ઉવવાઇય સૂત્રમાંથી લીધેલો છે. ઉવવાઇય સૂત્રના મૂળમાં "चउद्दसहिं समणसाहस्सीहिं छत्तीसाए अज्जिआसाहस्सीहिं" એ પાઠ તો છે, પરંતુ ટીકાકારે એ સંબંધે કશી હકીકત લખી નથી એ જરૂર વિચારવા જેવું તો ખરું જ. અને એમ છે માટે ઉવવાઇય સૂત્રના સંપાદકે મૂળના એ પાઠને (   ) આવા નિશાનમાં મૂકેલો છે અને તે ઉપર "એ વચન વ્યાખ્યાનુગામી નથી" એવું ટિપ્પણ કરેલું છે. ટીકાકાર અને ટિપ્પણકારનું વલણ એ મૂળ પાઠ સંબંધે સંદેહ ઉપજાવે એવું જણાય છે અર્થાત્ ભગવાન વિહાર કરતા હશે ત્યારે દરેક ઠેકાણે તેમની સાથે ચૌદ હજાર સાધુઓ અને છત્રીશ હજાર સાધ્વીઓ હમેશાં રહેતાં જ હશે એ નક્કી ન કહી શકાય પણ એ વચન ઉપરથી તેમના શ્રમણ શ્રમણીના પરિવારનું માપ તો જાણી શકાય.

ઘણા લોકો

૫૮ કોઇ પરિવર્તનકારી કે સંશોધક વક્તા આવે ત્યારે સંપ્રદાયના ભેદભાવ વિના દરેક પ્રજા તેને સાંભળવા ઇચ્છે છે એવું

લોકમાનસ આજે પણ છે, તો પહેલાં પણ એવું જ હોય એમાં શી નવાઇ ?

ઉગ્રા

૫૯ ઉગ્ર ભોગ રાજન્ય ક્ષત્રિય ભટ યોધ મલ્લકિ લિચ્છવિ વગેરે, તે સમયના પ્રસિદ્ધ પ્રસિદ્ધ રાજવંશોના ખાસ વિશેષ નામો છે એ ધ્યાનમા રાખવાનું છે, અર્થાત્ ભટો એટલે સુભટો, યોધો એટલે યુદ્ધ કરનારાઓ, એવો તે નામોનો અર્થ બરાબર નથી.

કેટલાક

૬૦ સભા સમિતિઓમા જનારાના માનસનું આબેહૂબ ચિત્રણ આ કંડિકામા છે.

બલિકર્મ

૬૧ કોઇ ગૃહસ્થ જ્ઞાની પાસે ધર્મ સાંભળવા જાય કે રાજદરબારમાં જાય ત્યારે 'બલિકર્મ', કરીને જાય–એવા અનેક ઉલ્લેખો જૈન આગમોમા વિદ્યમાન છે. પણ એ 'બલિકર્મ' શું છે ? તેની સ્પષ્ટ માહિતી મળતી નથી. 'પોતપોતાના ગૃહદેવો પાસે બલિ ચડાવવી–નિવેદ ધરવું–ભેટ ધરવી' એવો બલિકર્મનો અર્થ ટીકાકારે આપેલો છે. ("कृतं बलिकर्म स्वगृहदेवतानां यैः ते तथा"–ઉવવાઇય પૃ. ૫૯) આમા 'ગૃહદેવતા' કોણ અને તેનું શું સ્વરૂપ–એ પ્રશ્ન ઊભો રહે છે.

કહ્યું કે

૬૨ ભગવાનની ધર્મસંબોધક દેશના જે અહીં જણાવેલી છે તેનું મૂળ ઉત્તરાધ્યયન સૂત્રના નીચેના પદ્યોમા છે.

(૧) जे पावकम्मेहि धणं मणुस्सा समाययंती अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे वेराणुबद्धा नरयं उवेंति ॥२॥

(२) वित्तेण ताणं न लभे पमत्ते इमम्मि लोए अदुवा परत्थ ॥५॥

(૧) [illegible]

(૨) [illegible] ॥ ૬૦ ॥

[illegible] ॥ ૯૬ ॥

—[illegible]

(૩) [illegible]

[illegible] ॥ ૬૦ ॥

—[illegible]

સમવસરણ

૬૬ 'સમ્' અને 'અવ' ઉપસર્ગપૂર્વક '[illegible]' ધાતુમાંથી 'સમવસરણ' શબ્દ નીપજેલો છે. [illegible] શિષ્યોના આગમનને સૂચવવા સૂત્રોમાં અનેક [illegible] '[illegible]' ક્રિયાપદ વપરાએલું છે. આજની ભાષામાં 'પધારવું' [illegible] ભાવને સૂચવે છે તે ભાવ એ 'સમોસરઇ' ક્રિયાપદનો [illegible] છે. આ ઉપરથી 'સમવસરણ' નો પ્રથમ અર્થ 'પધારવું' થાય. [illegible] અર્થ 'જુદા જુદા મતવાળાઓનો મેળો' થાય. '[illegible] સરણ' એ વાક્યમાં તે બીજો અર્થ વપરાએલો છે: ("[illegible] વાદસમોસરણા"—"વાદિનઃ તીર્થિકાઃ સમવસરણાનિ [illegible] સમવસરણાનિ–વિવિધમતમેલકાઃ"—(સ્થાનાંગ પૃ. ૨૧૭–૨૧૮)

'સમવસરણ' નો ત્રીજો અર્થ રહેઠાણ–રહેવાનું સ્થાન–થાય છે. ('સમોસરણાઇ'ત્તિ–સમવસરણાનિ [illegible]: × યત્ર ભગવાન્ અવસ્થિતઃ ઇતિ જાનીત–ભગવાન્ ક્યાં–ક્યા મકાનમાં–ઊતર્યા છે તે જાણો–ઉત્તરાધ્ય પૃ. ૬૧) અને ચોથો અર્થ ત્રિગડું–સમવસરણની રચના–થાય છે. ઉક્ત ત્રણે અર્થો તદ્દન સાદા સ્વાભાવિક છે ત્યારે આ ચોથો અર્થ વિશેષ અલંકારવાળો છે. અહીં તો ત્રીજો 'રહેઠાણ' અર્થ બંધ બેસે એમ છે.

ધરાવતો સૂર્યાભ વિબુધ પોતાના આભિયોગિકોને એવી ભલામણ કરે છે કે તમો ભગવાનને તમારાં નામ ગોત્રો કહી સંભળાવો, તો તે વંદનવિધિનો એક તત્કાલિન પ્રકાર હશે.

પુષ્પો

૭૦ ભક્તોનું અતિશય ભક્તિથી આવેગવાળું હૃદય એકવાર તો કંઇ કંઇ કલ્પનાઓ કરી બેસે છે અને પછી સ્વસ્થ થતાં તે કરેલી કલ્પનાઓમાં પોતાનીજ બુદ્ધિ જ્યારે વિસંવાદ ઊભો કરે છે ત્યારે તેનું નિરાકરણ કરવા વળી બીજી કેવી વિચિત્ર કલ્પનાઓ કરવી પડે છે, તેનો આ એક સારરૂપ નમૂનો નીચે પ્રવચનસારોદ્ધાર પૃ. ૧૦૭ માંથી અહીં ઊતારેલો છે:

"ભગવાનની સમવસરણભૂમિમાં દેવો પુષ્પોની વૃષ્ટિ કરે છે એ તો ખરું, પણ ત્યારે એ પુષ્પવાળી ભૂમિમાં જીવદયાપ્રધાન જીવન ગાળનારા સાધુઓ બેસે શી રીતે? પુષ્પો ઉપર સાધુઓ બેસે તો તે બિચારાં મૂગાં પુષ્પો કચરાય-દુઃખ પામે અને કોઇ પણ પ્રાણીને દુઃખ ન દેવાના વ્રતવાળા સાધુઓ એ ગરીબ પુષ્પોને દૂભવે ખરા? આના જવાબમાં કેટલાક કહે છે કે સમવસરણભૂમિમાં વરસેલાં પુષ્પો સજીવ જ હોય છે એમ નથી, નિર્જીવ પણ હોય છે એટલે તેમના ઉપર બેસવાથી તેમને દુઃખ થવાનો સંભવ નથી. કેટલાકોએ આપેલો આ ઉત્તર ખરો છે એમ પ્રવચનસારોદ્ધારના ટીકાકાર નથી માનતા. તેઓ તો કહે છે કે ત્યા વરસેલાં બધાય પુષ્પો નિર્જીવ નથી હોતા, સજીવ પણ હોય છે, ત્યારે હવે ત્યા સાધુઓને બેસવાનું કેમ થાય? આ માટે વળી કોઈ બીજા બીજાજ જવાબ શોધી કાઢે છે કે જ્યાં જ્યાં સાધુઓ બેસવાના હોય છે ત્યાં સજીવ પુષ્પોની વૃષ્ટિ નથી થતી પણ નિર્જીવની થાય છે. પ્રસ્તુત ટીકાકારની નજરમાં તેમનો આ ઉત્તર પણ બરાબર નથી. ટીકાકાર કહે છે કે સમવસરણભૂમિમાં બેસવા આવનાર સાધુઓ કાંઇ

સ.કમાની પેઠે હત્યા આવ્યા વિના એની જ રહે છે એમ નથી. તેનો તો ત્યાં અનુભવ પણ કરે છે, જેમાં [illegible] પુરુષ કમરાતના અને દુઃખી થવાનાં ત્યં શું ! આ જાતી તરીકે આવમા સર્વ પ્રસન્નમાહોદરના ટીકાકાર એક નવીન વિચાર જણાવ પછી કરે છે અને તે આ છે: સમવસરણભૂમિમાં પ્રવેશતા પુરુષ મરણ હોય છે. એ વાત ખરી કિંતુ પરમકારુણિક તીર્થંકર ભગવાનનો એવો પ્રભાવ છે કે જેને લીધે તે પુરુષો કમરાના જ્યાં ય મેલ ભાવ જન અનુભવતા નથી. ઉલટું ભાગે તે પુરુષો અમૃતરસથી સિંચાતા હોય એવો આનંદ અનુભવે છે. અંતમાં ટીકાકાર કહે છે કે આમ તો આ ઉત્તર બહાર ગીતાર્થ પુરુષોને સંમત છે." આ વિષે અનુમાનો વિશેષ કહેવાનો અધિકાર નથી, પણ મરણમાં કામ આવનો મૃત્યુ થઈ ભગવાના પ્રભાવને લીધે લેશ પણ દુઃખી થતો નથી, એવી ટીકાકારની પરં- પરાની દલીલ અહીં યાદ આવે છે. બધા સંપ્રદાયોમાં આવી આવી અમર્યાદ અદ્‌ભુત કલ્પનાઓની ભક્તિમાર્ગે કેટલો બધો વિકાસ થયો છે એ કોની જાણમાં નથી !

વૈક્રિય સમુદ્‌ઘાત

૭૪ આ ક્રિયાનું વાસ્તવિક સ્વરૂપ સમજાતું નથી. સૂત્રોમાં આ વિષે માહિતી તો ઘણી મળે છે પણ આ અનુભવ બહારની વાત હોવાથી એ માહિતી શબ્દસ્પર્શી બીજું કશું બનાવી શકતી નથી. યોગીઓ પોતાના શરીર એવો ફેરફાર કરી શકે છે એમ સંભળાય છે, તેમ દેવો જ્યાં જ્યાં જવું હોય તે તે સ્થાનને યોગ્ય પોતાના શરીરો આ ક્રિયાનો ઉપયોગ કરે છે એમ આગમવચન કહે છે યોગશાસ્ત્ર પ્રસિદ્ધ 'નિર્માણકાય'ની ક્રિયા જેવી આ સમુદ્ લાગે છે અને તે એક પ્રકારની શક્તિરૂપ છે. આગમ

... પણ તેને કેમ મેળવવી સિદ્ધ
... ગરમ પ્રદેશનો માનવ
...રીર ઉપર ગરમ કપડાં
...નારા લોકો જ્યારે માનવસૃષ્ટિમાં
...રની રચના બદલવી પડતી હશે
લાગે છે. આ વિશે વિશેષ તર્ક ...
. કરવાના અર્થાત્ શરીરપરિવર્તનના કારણ
...લ થતાનું નથી.

...વર્તક વાયુની

. મૂળમાં આ સ્થળે વાળીચૂડીને સાફ કરવા બાબત નીચેનું
... મૂકેલું છે.

જેમ એક કોઈ ગાડુવાળાનો છોકરો હોય—જુવાન બળવાન
... સ્થિર બાંધાનો આફતની કળામાં સિદ્ધહસ્ત હાથ અને
... હાથવાળો હોય, કૂદવું ટપી જવું વગેરે ક્રિયામાં કુશળ હોય,
અને વળી મેધાવી દક્ષ તથા બાગ્મી હોય, એવો તે છોકરો પોતાના
... એક મોટી દંડસંપુંજની, શલાકાહસ્તક કે વેણુશલાકામયી
... મોટી સાવરણી લઈ રાજ ગગનના આંગણને કે અંતઃ-
... સાફ કરે વા દેવળને સભાને પરબને આરામને કે
... તેમ એ આભિયોગિક દેવોએ તે સંવર્તક વાયુ-
... વાળી ચૂડીને સાફ કર્યો. (મોટા દાંડાવાળી
... ... પુંજની. જેના હાથમાં સળીઓ જડેલી છે તે
શલાકાહસ્તક અને વાંસડાની સળીઓથી બનેલી સાવરણી તે વેણુ-
શલાકામયી — આ બધા જુદી જુદી સાવરણીનાં નામો છે).

વૃષ્ટિ કરું

... ૨૨ મી ટિપ્પણ જુઓ.

… [illegible] વિશેષ જણાય પ…
… સમવસરણભૂમિમાં વરસેલા પુષ્પો સચ્ચ…
… ખરી કિંતુ પરમકારુણિક તીર્થંકર ભગવાનનો એવો
છે કે જેને લીધે તે પુષ્પો કચરાતાં છતાં પણ લેશ માત્ર ત્રાસ
પામતાં નથી, ઊલટું જાણે તે પુષ્પો અમૃતરસથી સિંચાતાં હોય
એવો આનંદ અનુભવે છે. અંતમાં ટીકાકાર કહે છે કે આગમો આ
ઉત્તર બહુશ્રુત ગીતાર્થ પુરુષોને સંમત છે." આ વિશે અનુવાદકનો
વિશેષ કહેવાનો અધિકાર નથી, પણ મગજમાં રામ આવતો પણ ઉત્ત-
મ તેના પ્રભાવને લીધે લેશ પણ દુઃખી થતો નથી, એવી વૈદિક પરં-
પરાની દલીલ અહીં યાદ આવે છે. બધા સંપ્રદાયોમાં આવી આવી
અમર્યાદ અદ્ભુત કલ્પનાઓથી ભક્તિમાર્ગ કેટલો બધો વિકૃત થયો
છે એ કહેવાની જરૂર નથી!

વૈક્રિય સમુદ્ઘાત

૭૨ આ ક્રિયાનું વાસ્તવિક સ્વરૂપ સમજાતું નથી. જૈન સૂત્રોમાં આ વિશે માહિતી તો ઘણી મળે છે પણ આ ક્રિયા અનુભવ બહારની થઈ જવાથી એ માહિતી શબ્દસ્પર્શ ઉપરાંત બીજું કશું બતાવી શકતી નથી. યોગીઓ પોતાનાં શરીરમાં ઘરે એવો ફેરફાર કરી શકે છે એમ સમજાય છે, તેમ દેવો પણ તેમને જ્યાં જ્યાં જવું હોય તે તે સ્થાનને યોગ્ય પોતાનાં શરીરો બનાવવામાં આ ક્રિયાનો ઉપયોગ કરે છે એમ આગમવચન કહે છે. પાતંજલ યોગશાસ્ત્રપ્રસિદ્ધ 'નિર્માણકાય'ની ક્રિયા જેવી આ સમુદ્ઘાતની ક્રિયા લાગે છે અને તે એક પ્રકારની શક્તિરૂપ છે. આગમ તો કહે છે કે

ગમન પ્રમાણ વર્ણવેલ છે અને બીજી તરફ ચાલુ માનવીના કદ પ્રમાણે ને દેવોના વિમાનના પ્રમાણની પ્રકૃતિ વર્ણવેલી છે. તો આ બધું વર્ણન, વર્ણનની ખાતર કવિકલ્પની દૃષ્ટિએ લક્ષમાં લઈને કરેલું છે કે તેમાંથી આપણું કાંઇ સમજવાનું છે તે સમજી શકાતું નથી.

હંગરાગ-હિંગલોક

૭૮ આનો અર્થ સમજાતો નથી, પણ તેના જેવા રંગનો તે કોઇ પદાર્થ હોવો જોઈએ એમ એના પ્રસંગ ઉપરથી જણાય છે.

સુગંધી

૭૯ હીરા પન્ના મોતી કે મણિ વગેરે ઝવેરાતના ઉપયોગમાં આવતા પદાર્થો સૌ કોઈને પ્રત્યક્ષ છે. તેમાં પ્રકાશ તેજ ચળકાટ કે અમુક ખાસ પ્રકારનો રંગ વગેરે તો દેખાય છે, પરંતુ તેમાંના કોઈમાં કોઇ પ્રકારનો ઉત્કટ ગંધ હોવાનું જાણ્યું નથી. ત્યારે દેવસૃષ્ટિના એ મણિઓ વધુમાં વધુ સુગંધી હોય છે એ એક નવું જાણવા જેવું છે. પૃથ્વી ગંધવતી છે એ ખરી વાત, પણ મણિઓનો જેવો ગંધ અહીં વર્ણવેલો છે તેવો ઉત્કટતમ ગંધ, માનવીસૃષ્ટિના કોઇ પણ સ્થળમાં નીપજેલા કે નીપજતા મણિઓમાં જણાતો નથી, એ ધ્યાનમાં રાખવા જેવું છે.

કોમળતર

૮૦ મણિઓ જેવો પાષાણમય પદાર્થ સુંવાળામાં સુંવાળો—વધારેમાં વધારે લીસો હોઇ શકે ખરો, પણ તે, રૂ માખણ કે શિરીષ જેવો નરમ હોવાનું કહેવામાં એ દિવ્ય મણિઓની અતિશય સુંવાળપ બતાવવા મુખ્યકારે ઉપરની કંડિકામાં એ વર્ણન આપેલું હશે.

ઘડા જેવડું

૮૧ મોતીને ઘડા જેવડું કહેવામાં મોતીની વધુ મોટાઈ બતાવવા પૂરતું આ વર્ણન હોઈ શકે.

વાદળ રચના

ઉપર? ણી વરસાવવા માટે કૃત્રિમ

ના કરી. આ યુગના વૈજ્ઞાનિકો

ી ાં પાછળ ભરા.

ા

દૂર ભ આપોઆપ

છે શબ્દ કોઇ બીજા

પણ શકતો નથી. એવો

યમ જૈનશાસ્ત્રમાં છે. અહીં

નુ બનાવેલું છે, તેમાની સુઘોષા ઘંટા

ઘંટા વગાડ્યા પછી તેના શબ્દનો

એ આખાય વિમાનમાં પહોંચી

પણ એવું બને

પ્રમા

ો

લાખ

શકયો હશે!

તેનું સમાધાન આપતાં

બધું દેવના પ્રભાવથી બની શકે છે,

તર્ક કે શંકાને અવકાશ નથી.

૭૬ જુઓ ટિપ્પણ ૬૦ મુ. પૃથ્વીપરના લોકો અને પૃથ્વીથી વિશેષ ઊંચે રહેના દેવો એ બન્નેના માનસમાં ઝાઝો ફેર જણાતો નથી.

લાગી પડયા

દેવો એક ફૂંક મારે ત્યાં એક તો શું પણ એક સામટાં ખડા થઈ જાય એવો દેવોની દિવ્યશક્તિનો અજબ-

હોય. પણ એ જ્ઞાન તો સૂર્યાભદેવ પોતાના અવધિજ્ઞાનથી જ મેળવી શકે છે ને ?

નેજા

૮૪ મૂળમાં આ માટે 'सएहिं सएहिं णेज्जाएहिं' એવો પાઠ છે. ટીકાકાર આ પાઠ માટે કશું લખતા નથી. સંપાદકે આ પાઠ [ ] આવા નિશાનમાં મૂકેલો છે તેથી એ પાઠ પાઠાંતરરૂપ છે અને જે વાચનાની ટીકાકારે ટીકા કરી છે તે વાચનાનો નથી એમ જણાય છે. શબ્દની સમાનતા જોઇને અમે અહીં તેનો 'નેજા' અર્થ બતાવ્યો છે પણ તેનો સાચો અર્થ તો હોય તે ખરો.

નિર્યાણમાર્ગ

૮૫ આપણે જેમ કયાય પ્રવાસે જઈએ છીએ ત્યારે ભૂગોળ-વિદ્યાને આધારે ચોક્કસ કરેલા અમુક એક માર્ગ ઉપર પ્રવાસ કરીને ઇષ્ટ સ્થાને પહોંચીએ છીએ, તેમ દેવો પણ તે જ રીતે પ્રવાસ કરતા જણાય છે. સૂર્યાભદેવ પોતાના નિવાસરૂપ સૌધર્મકલ્પથી જંબૂદ્વી-પમાં આવવા માટે એ કલ્પથી ઉત્તર દિશાએ આવેલા નિર્યાણમા-ર્ગનો આશ્રય લે છે. મૂળ સૂત્રની એ હકીકત જ એમ બતાવી આપે છે કે સ્વર્ગલોક અને માનવલોક વચ્ચે જાવઆવ કરવાનો નિયત માર્ગ હોવો જોઇએ. મહાભારતમાં તો અર્જુનને પ્રવાસ કરતો કરતો નિયત માર્ગે ઇદ્રને ત્યાં પહોચેલો વર્ણવેલો છે. આ વિશે વિશેષ શોધખોળ થાય તો જરૂર અપૂર્વ હકીકત મળી શકે. આ માટે વધુ જાણવા સારૂ 'માનવેર આદિભૂમિ' અને મહાભારતમાં વર્ણવેલો અર્જુનનો પ્રવાસ વગેરે પુસ્તકો ધ્યાનપૂર્વક વાંચી જવાં જોઇએ.

વેગવાળી

૮૬ દેવની ગતિનો વેગ લાખ યોજનનો છે. રેલ્વે મોટર કે વિમાનનો વેગ કલાકે અમુક માઇલનો હોય છે તેમ દેવની ગ

૬૩ ભવનના લાખ યોજનની સંખ્યા બતાવેલી છે, એ પ્રકારે સમય બતાવવા મૂળકાર 'વિગ્ગહ' શબ્દનો ઉપયોગ કરે છે. "एवमाइ वेरोहिं विग्गहेहिं ओवयमाणे वीईवयमाणे तत्थ उवेइ" એ મૂળપાઠનું વિવરણ કરતાં ટીકાકાર જણાવે છે કે "विग्रह देशान्तर योजनलक्षप्रमाणैः योजनलक्षप्रमाणैर्विग्रहैः क्रमैः अवपतन् अवतरन् अन्तरम्" ઇત્યાદિ (– પૃ૦ ૪૩) અર્થાત્ "એ સૂર્યાભદેવ પોતાની દિવ્ય દેવગતિના પ્રયોગદ્વારા લાખ યોજન પ્રમાણ વિગ્રહો વડે નીચે ઉતરતો ચાલ્યો આવે છે." ટીકાકારે વિગ્રહનો અર્થ 'ક્રમ' બતાવ્યો છે. 'ક્રમ'નો અર્થ 'પગલું' અથવા 'અનન્તરતા–અવ્યવધાન' થાય છે "क्रमः–पादक्षेप–आनन्तर्य–पराक्रमेषु अपि मतः" અહીં અવ્યવધાન અર્થ વિશેષ સંગત છે. દેવ પોતે વિમાનમાં બેઠેલો છે માટે પગથી તો ચાલતો જ નથી, એટલે એક લાખ યોજનની ગતિ જ્યારે એણે શરૂ કરી ત્યારથી અવ્યવધાનપણે એ જ ઝડપે ચાલી રહ્યો છે. જ્યાંથી પોતે નીકળ્યો છે ત્યાંથી જ તેનો એ વેગ છે. અર્થાત્ આપણી ભાષામાં ક્ષણ કે પળ વા વિપળ જે શબ્દ કહીએ તે શબ્દ, લાખ યોજનની ગતિના કાળ માટે બંધ બેસે એમ છે. જે વિપળે એ, લાખ યોજન ચાલ્યો ત્યારપછીના તુરતના વિપળે પણ તે એટલું જ ચાલ્યો અને એમ નિરંતર ચાલતો ચાલતો તે ઉતરતો આવે છે અર્થાત્ એ દેવની ગતિની ઝડપ એક વિપળે એક લાખ યોજનની કહેવાય એમ આપણે આપણા શબ્દમાં કહી શકીએ. શાસ્ત્રીય ભાષામાં 'વિગ્રહ' શબ્દનો 'વાંક વળવું' પણ અર્થ પ્રસિદ્ધ છે. જ્યારે જીવ જન્માંતર માટે પ્રયાણ કરે છે ત્યારે તેને ઘણીવાર વાંક વળવો પડે છે સીધો ચાલતા ચાલતાં જ્યારે તે વાંક વળે છે–વાંક લે છે ત્યારે વાંક વળતા એક સમય જેટલો વખત જીવને લાગે છે એટલે 'વિગ્રહ'નો અર્થ એક સમય પણ કહી શકાય. આ ઉપરથી એમ પણ કહી શકાય કે સૂર્યાભદેવની ગતિની ઝડપ એક સમયે લાખ યોજનની હતી. પળ કે વિપળ કરતાં 'સમય' ઘણો સૂક્ષ્મ છે

ચૈત્યસ્થાનો કહે છે એમ જણાય છે. 'ચૈત્ય' શબ્દ ચૈત્ય અંગે પારિભાષિક શબ્દ છે.

નંદીશ્વર દ્વીપ-અંજનક પર્વત

૮૭ માર્ગમાં આવતા આ અંજનક પર્વત અને નંદીશ્વરદ્વીપનો ઉલ્લેખ પણ સ્વર્ગલોક અને માનવલોકની વચ્ચે સ્વર્ગમાં જવાના માર્ગની માહિતી આપે છે. ૮૫ મું ટિપ્પણ જુઓ. નંદિ, મહાદેવના પ્રતીહારનું સુપ્રસિદ્ધ નામ છે તેનો (નંદિનો) ઈશ્વર તે નંદીશ્વર અર્થાત્ મહાદેવ-શંકર, તેનો દ્વીપ-નિવાસસ્થાન તે નંદીશ્વરદ્વીપ એટલે હિમાલય એવો તો નંદીશ્વરદ્વીપનો અર્થ નહિ હોય?

જીત

૮૮ આ માટે મૂળમાં 'જીઅ' શબ્દ છે. ટીકાકાર તેનું સંસ્કૃત રૂપાંતર 'जीत' આપે છે. જૈન પરિભાષામાં 'જીત'નો અર્થ વિચાર—પરંપરાથી ચાલી આવેલી શિષ્ટસંમત રીત—ચાલ છે. એ શબ્દની મૂળ વ્યુત્પત્તિ જરૂર શોધવી જોઈએ; એ શોધાય તો જ એનો એ અર્થ અને તેની વ્યુત્પત્તિ વચ્ચેનો ખરો સંબંધ જાણી શકાય.

પૂછ્યું

૮૯ ટીકાકાર કહે છે કે ભગવાનની ધર્મદેશના સાંભળ્યા પછી સૂર્યાભદેવને સંસાર ઉપરથી વિરાગ થયો અને તેથી જ તે તેમને પોતાની હકીકત પૂછવા લાગ્યો. ("सम्प्रति सूर्याभो देवः धर्मदेशना-श्रवणतो जातप्रभूततरसंसारविरागः स्वविषयं भव्यत्वादिकं पिपृच्छिषुर्यत् करोति तद् आह" —રાયપસેણઇય ટીકા પૃ० ૪૭)

દેખાડું

૯૦ ગૌતમ ગણધર ભગવાનના પ્રમુખ ગણધર, દ્વાદશાંગીના ઉત્પાદક, ચૌદપૂર્વી, સર્વાક્ષરસંનિપાતી, શ્રુતકેવલી અને વળી ઉગ્રતપસ્વી—ઘોરતપસ્વી—તેમની આ જાતની શાસ્ત્રીય પ્રતિષ્ઠા માત્ર વર્ણક ન હોય અને સૂર્યાભદેવની સામે પણ તેઓ એ જ પ્રતિષ્ઠા ધરાવતા

જેમ ભાગતા લાખ યોજનની ગમના જણાવેલી છે એ ઝડપને સમજ [illegible] 'વિગ્રહ' શબ્દનો ઉપયોગ કરે છે "એક [illegible] [illegible] ઉદ્દિષ્ટ" એ મૂળપાઠનું વિવરણ કરતા ટીકાકાર જણાવે છે કે "[illegible] [illegible] [illegible]" ઇત્યાદિ (- પૃ૦ ૪૩) અર્થાત્ " એ સૂર્યાભદેવ [illegible] [illegible] [illegible] પ્રમાણ [illegible] [illegible] આવ્યો આવે છે." ટીકાકારે વિગ્રહનો અર્થ 'ક્રમ' જણાવ્યો છે. 'ક્રમનો અર્થ' 'પગલું' અથવા 'અનન્તરતા–અવ્યવધાન' થાય છે " [illegible]–[illegible]–[illegible]–[illegible] [illegible]" અહીં અવ્યવધાન અર્થ વિશેષ સંગત છે. દેવ પોતે વિમાનમાં બેઠેલો છે માટે પગથી તો ચાલતો જ નથી. એટલે એક લાખ યોજનની ગતિ જ્યારે એણે શરુ કરી ત્યારથી અવ્યવધાનપણે એ જ ઝડપે ચાલી રહ્યો છે. જ્યાંથી પોતે નીકળ્યો છે ત્યાંથી જ તેનો એ વેગ છે. અર્થાત્ આપણી ભાષામાં ક્ષણ કે પળ વા વિપળ જે શબ્દ કહીએ તે શબ્દ, લાખ યોજનની ગતિના કાળ માટે બંધ બેસે એમ છે. જે વિપળ એ, લાખ યોજન ચાલ્યો ત્યારપછીના તુરતના વિપળે પણ તે એટલું જ ચાલ્યો અને એમ નિરંતર ચાલતો ચાલતો તે ઊતરતો આવે છે અર્થાત્ એ દેવની ગતિની ઝડપ એક વિપળે એક લાખ યોજનની કહેવાય એમ આપણે આપણા શબ્દમાં કહી શકીએ. શાસ્ત્રીય ભાષામાં 'વિગ્રહ' શબ્દનો 'વાંક વળવું' પણ અર્થ પ્રસિદ્ધ છે. જ્યારે જીવ જન્માંતર માટે પ્રયાણ કરે છે ત્યારે તેને ઘણીવાર વાંક વળવો પડે છે સીધો ચાલતા ચાલતા જ્યારે તે વાંક વળે છે–વાંક લે છે ત્યારે વાંક વળતા એક સમય જેટલો વખત જીવને લાગે છે એટલે 'નો અર્થ એક સમય પણ કહી શકાય. આ ઉપરથી એમ શકાય કે સૂર્યાભદેવની ગતિની ઝડપ એક સમયે લાખ ની હતી. પળ કે વિપળ કરતા 'સમય' ઘણો સૂક્ષ્મ છે એમ

શંખો

૯૨ વાદ્યોનાં જે જે નામો અહીં આપેલાં છે તેમાંના કેટલાંક સ્પષ્ટ સમજાતાં નથી. લોકગમ્ય કહીને ટીકાકારે તેમની વ્યાખ્યા જતી કરી છે. જિજ્ઞાસુઓએ તે તે વાદ્યોની માહિતી ઉસ્તાદ વગાડનારાઓ પાસેથી જાણી લેવી ઘટે.

ઓગણપચાસે જાતનાં

૯૩ મૂળમાં વાજાંઓના ભેદની સંખ્યા ઓગણપચાસ જણાવેલી છે પણ એજ મૂળ પાઠ પ્રમાણે વાજાંઓની સંખ્યા ઓગણસાઠ થાય છે. આ વિસંવાદનું સમાધાન કરવા ટીકાકાર કહે છે કે એ ઓગણપચાસ તો મૂળભેદો સમજવાના છે અને વધારાના તેના પેટા ભેદો છે. (" एवमाइआइं एगूणपण्णं [४९] आतोज्जविहाणाइं विउव्वइ–मूलभेदापेक्षया आतोद्यभेदा एकोनपञ्चाशत् शेषास्तु एतेषु एव अन्तर्भवन्ति यथा वंशातोद्यविधाने वाली–वेणु–परिली–बव्व (द्ध ?) गा इति–पृ० ५०)

અભિનયો

૯૪ ભરતનું નાટ્યશાસ્ત્ર, નાટ્ય સંગીત વગેરેને લગતી અનેકવિધ માહિતીઓથી ભર્યું પડ્યું છે. અહીં નાટ્યના જે બત્રીશ પ્રકાર કરી દેખાડ્યા છે તેમાંના કેટલાક તો એ નાટ્યશાસ્ત્રમાં બતાવેલા છે. જેવા કે—સંકુચિત, પ્રસારિત, દ્રુત, વિલંબિત, અંચિત વગેરે. ૮૭મી કંડિકાથી ૧૦૬ મી કંડિકા સુધીમાં એ બધા અભિનયોનો વિચાર આપેલો છે. ઘણાખરા અભિનયોનો ભાવ સમજાય એવો છે એમાંના કેટલાંક પશુપક્ષીને લગતા, વનસ્પતિને લગતા, જગતના અન્ય પદાર્થોને લગતા, પ્રાકૃતિક પ્રસંગોને લગતા અને ઉત્પાતોને લગતા છે. વળી કેટલાક લિપિને લગતા છે—જે અભિનયો 'ક' વગેરે અક્ષરોની આકૃતિને લગતા છે તે બધા લિપિસંબંધી અભિનયો છે. બ્રાહ્મી લિપિમાં + આવી આકૃતિ 'ક' ની છે એટલે એ આકૃતિ ગોઠવાઇને જે અભિનય કરી બતાવવો તે 'ક'ની આ

નય જણાય. એ જ પ્રમાણે લિપિમંગની બીજા બધા અભિનયો વિશે સમજી લેવું. છેલ્લો બત્રીશમો અભિનય ભગવાન મહાવીરની જીવન ઘટનાના મુખ્ય મુખ્ય પ્રસંગોને લગતો છે. આ બધું જોતા તે સમયની અભિનયકળાના પરમપ્રકર્ષનો ખ્યાલ આવે છે અને તે પ્રત્યેક અભિનયની ઉપયોગિતા પણ સમજાય એવું છે. ભગવતી-સૂત્રમા પણ સૂર્યાભદેવે કરી બતાવેલા અહીં જણાવેલા અભિનયોનો ઉલ્લેખ છે તે માટે જુઓ ભગવતીસૂત્રનો મારો અનુવાદ–ખંડ ૨, પૃ. ૪૩ ટિપ્પણ.

ક ખ ગ ઘ ઙ

